પૂર્ણ યોગનો

# જ્ઞાન યોગ

[ભાગ - પહેલો]

卐

શ્રીઅરવિંદ

1115

8·1

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. B
133
.G5P8-1
BK-3115

પૂર્ણયોગનો

# જ્ઞાનયોગ

[ ભાગ - પહેલો ]

શ્રીઅરવિંદ

અનુવાદક

અંબાલાલ પુરાણી

પ્રકાશક
શ્રીઅરવિંદ કાર્યાલય · આણંદ

Gift
BK-3115

B
133
·G5P8-1

સુધારેલી બીજી આવૃત્તિ
સપ્ટેમ્બર ૧૯૩૮

કિંમત · સવા રૂપિયો

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. B
132.U3
·G5-1
BK-3115

મુદ્રક · ચિમનભાઇ કી. પટેલ · દેશબન્ધુ પ્રિન્ટિંગ પ્રેસ · આણંદ
પ્રકાશક · મૂળજીભાઇ તલાટી · શ્રીઅરવિંદ કાર્યાલય · આણંદ

UNIVERSITY LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA

શ્રી અરવિંદ
ચરણારવિંદે

•

# પ્રથમ આવૃત્તિના નિવેદનમાંથી

•

"ભાષા, છપાઇ વગેરેની ભૂલો બીજી આવૃત્તિમાં સુધારી લેવામાં આવશે. બીજી આવૃત્તિ! વ્યાપારી ગુજરાતમાં મૂળ તો વાચનનો અભાવ, તેમાં વળી યોગનો ગ્રંથ! એટલે બીજી આવૃત્તિ નીકળવાની આશા કેટલાંક આશાવાદી પ્રકૃતિનાં માણસો જ રાખી શકે."

"ગુજરાતને એક જ સૂચના કરવાની રજા લઉં છું. હિંદની સંસ્કૃતિના જુદા જુદા પ્રતિનિધિઓને તેં જોયા નથી. તેં માત્ર એને જ જોયા છે. હિંદની રાષ્ટ્રિય જાગ્રતિનું પ્રભાતિયું ગાનાર કવિ રવીન્દ્રનાથને તું જાણે છે; વેદધર્મનો પુનરુદ્ધાર કરનાર સ્વામી દયાનંદને કદાચ તેં જાણ્યા હશે; હિંદને ખાતર અથાગ શ્રમ સાથે તપશ્ચર્યા કરનાર મહાત્મા ગાંધીનાં તેં દર્શન કર્યાં છે. તો, આર્યાવર્તને માટે સહન કરી બંગાળાના વિચારને દોરવા માટે જેલમાં વસી આવેલા તથા પોંડીચેરીમાં કરેલી તપસ્યાને પરિણામે મધુર સ્વરે આર્યાવર્તને અને આખી માનવજાતિને પોતાનું સંગીત સુણાવી રહેલા રાજહંસ જેવા શ્રીઅરવિંદનો સંદેશો પણ તું સાંભળ. શું સ્વીકારવું અને શેનો ત્યાગ કરવો એ તારી પોતાની મુન્સફી પર છે."

૨૦ : ૧ : '૨૩

# પ્રથમ આવૃત્તિની ભૂમિકામાંથી ઉદ્ધૃત

•

**પૂર્ણયોગની** દૃષ્ટિએ જ્ઞાનયોગનો અભ્યાસ આ ખંડમાં આપવામાં આવ્યો છે. આ ભૂમિકામાં એ જ્ઞાનયોગનો પ્રાચીન, પ્રચલિત જ્ઞાનમાર્ગ સાથે સંબંધ, જ્ઞાનયોગનો ઉદ્દેશ, જ્ઞાનાવસ્થા તથા જ્ઞેયનું સ્વરૂપ, જ્ઞાનપ્રાપ્તિનાં કરણો, તેની પદ્ધતિ તથા તેદ્વારા મળતી મુક્તિ, જ્ઞાનયોગમાં પ્રાપ્ત થતી પૂર્ણતા યાને સિદ્ધિ વિષે કાંઈક ચર્ચા કરીશું.

એ વિષય શરૂ કરતાં પહેલાં કેટલાક સામાન્ય ટીકાકારોને સંતોષવા આપણે પ્રયત્ન કરીશું. જેમ મહાભારતના યુદ્ધમાં બંને બાજુ સજ્જ થઈ રહ્યા પછી પ્રત્યેક મહારથીએ "शंखं दध्मौ पृथक् पृथक् પોતપોતાનો જુદો વિજય-શંખ ફૂંક્યો" તેમ વળી આટલી બધી તત્ત્વજ્ઞાનની નવી પદ્ધતિઓના, નવી શોધખોળોના, તથા જીવનકલહના આ પ્રગતિમાન જમાનામાં વળી નવો જ્ઞાનયોગ કાઢીને તે શું કામ હતું એવો પ્રશ્ન કેટલાક બુદ્ધિશાળી લોકોને થાય એ સ્વાભાવિક છે. આવા ગ્રંથમાં નવીન શું છે? બધું જ આપણા વેદ, ઉપનિષદ વગેરે ગ્રંથોમાં આપવામાં આવેલું જ છે: નકામું નવું નવું કાઢીને વાંચવાનું વધારી મૂકવામાં આવે છે. આવી પ્રશ્નપરંપરા રૂઢિરક્ષક વૃત્તિવાળા લોકો પણ કરે તો આશ્ચર્ય નહિ.



નવીનતા આ જ્ઞાનયોગમાં કદાચ મળી પણ આવે; પરંતુ તેને માટે નિષ્પક્ષપાત દૃષ્ટિથી અવલોકન કરવાની સમવૃત્તિની પ્રથમ જરૂર છે. "જૂનું એટલુંજ સારૂં" એવો એક સર્વમાન્ય સિદ્ધાંત રૂઢિરક્ષક માનવોના મનમાં બંધાઇ ગયેલો હોય છે. પરંતુ તેથી ઉલટો "નવું એટલું બધું જ ખરાબ અથવા બિનજરૂરી" એવો મત પણ તેનામાં પ્રચલિત હોય છે. પરંતુ એવા પ્રશ્નોની પરંપરાથી જીવનનો કોયડો આપણે કદી પણ નહિ ઉકેલી શકીએ. એકના એક પુસ્તક ઉપર કેટલી બધી પરસ્પર વિરોધી ટીકાઓ લખાઇ છે, તથા પ્રાચીન ધર્મશાસ્ત્રોના નામ તળે કેવા આગ્રહી મતભેદો, એક-દેશીય મીમાંસાઓ તથા સંપ્રદાયના વાડાઓ આવી રહ્યા છે. તે જોતાં એ સર્વેમાં રહેલાં ઉપયોગી સત્યોને સ્ફૂટ કરવાની તથા આધુનિક માનવની બુદ્ધિમાં તે સત્યો બરાબર ઉતરે એવી રીતે તેમને ગોઠવવાની ઘણી જ જરૂર હતી અને હજી પણ છે. શ્રીઅરવિંદના વિચારમિનારની આ વ્યવસ્થામાં વાંચનારને **નવીનતા** જણાયા વિના રહેશે નહિ એવી અમારી તો ખાત્રી છે. અર્જુનનું મન જેમ યુદ્ધ સમયે શ્રુતિ विप्रतीपन्न યાને શાસ્ત્રોના પરસ્પર વિરોધી મતોને લઇને ગૂંચવાઇ ગયેલું હતું, તેમ હમણાં પણ કેળવાયલા વર્ગના મનમાં પૂર્વ અને પશ્ચિમના આદર્શો, વિચારો અને મતમતાંતરોને લઇને ગડભાંગમાં પડી જાય એ બનવાજોગ છે. આવે સમયે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના સિદ્ધાંતોનું શ્રીઅરવિંદનું એકીકરણ ખાસ કરીને માર્ગદર્શક થઇ

પડવાનો સંભવ છે, એવું અમારૂં માનવું છે. અને એવું માનીને જ અનેક શંખો ફૂંકાઇ રહ્યા છે તેમાં શ્રીઅરવિંદના ગ્રંથોનો શંખધ્વનિ ઉમેરવાની અમે હિંમત કરી છે. તેમાં કોઈને અર્જુનના દેવદત્ત શંખનો, તો કોઈને શ્રીકૃષ્ણના પાંચજન્યનો ધ્વનિ સંભળાય એ પણ બનવાજોગ છે. ગમે તેમ હોય, પરંતુ એટલું તો નક્કી જ છે કે શ્રીઅરવિંદના વિચારમિનારમાં કેવળ વ્યવસ્થાની જ નહિ પરંતુ સાક્ષાત્કારોની વિશાળતાની, સિદ્ધાંતોના સર્વગ્રાહીપણાની નવીનતા તો રહેલી જ છે. યોગાભ્યાસના નહિ ખેડાયલા, નહિ વર્ણવાયલા પ્રદેશોનું આવું સ્પષ્ટીકરણ, અને બુદ્ધિમાં ઉતરી જાય એવું તર્કસિદ્ધ પ્રતિપાદન સંસ્કૃત કે પ્રાકૃતમાં મળી આવવું મુશ્કેલ છે.

વળી, અત્યારે માનવજાતિને જોઇએ છીએ તે શાસ્ત્રો, સંપ્રદાયો કે એકદેશીય મીમાંસાની પદ્ધતિઓ નહિ પરંતુ સર્વ શાસ્ત્રોની શુષ્ક વિધિઓનાં, સર્વ ધર્મોના આગ્રહી અને પરિમિત મંતવ્યોનાં, તથા સર્વ સંપ્રદાયોના વાડાઓનાં તથા સર્વ પ્રકારની એકદેશીયતાનાં બંધનોને વટાવીને સમન્વયયુક્ત અને અનુભવસિદ્ધ જ્ઞાન માનવજાતિને આપી શકે એવી વિશાળ આધ્યાત્મિકતાની જરૂર છે. એ જરૂર કદાચ શ્રીઅરવિંદનાં પુસ્તકોના પ્રચારથી પૂરી પડે એ શકય લાગે છે.

૨૦ : ૧ : ૧૯૨૩

# નિવેદન

## · આવૃત્તિ બીજી ·

●

સન ૧૯૨૩માં જ્યારે પહેલી આવૃત્તિના નિવેદનમાં "ભાષા, છપાઇ વગેરેની ભૂલો બીજી આવૃત્તિમાં સુધારવાનું" મેં વચન આપ્યું, ત્યારે પણ બીજી આવૃત્તિ નીકળવા વિષે મેં સાશ્ચર્ય શંકા દર્શાવેલી. પરંતુ એક જિજ્ઞાસુ વેપારી ગૃહસ્થની અયાચિત, સાત્ત્વિક સહાયથી તે શંકાનું નિવારણ થઇ શકયું, ત્યારે મને જણાયું કે પ્રથમ આવૃત્તિ સુધારવાનું કામ કેટલું અગત્યનું હતું! પૂર્ણયોગના પહેલા ખંડની પ્રસ્તાવનામાં પૂર્ણયોગનો અનુવાદ કરવાની મારી શક્તિમાં મેં સને ૧૯૨૨માં શંકા દર્શાવેલી; અને તેનો જ પડઘો જ્ઞાનયોગના ઉપર ટાંકેલા નિવેદનમાં જણાય છે.

અને જ્ઞાનયોગની સુધારણા કરવાનું કામ હાથમાં લેતાં મને સખેદ એમ થયું છે કે "આવી ભૂલોવાળા અનુવાદને મેં પાસ થવા જેટલા દોકડા શી રીતે આપ્યા હતા?" મારી એ ભૂલને માટે સબળ કારણ હોય તો તે હું માનું છું કે આ પ્રમાણે હતું: શબ્દે શબ્દનો અનુવાદ કરવા કરતાં મૂળના ભાવને વળગી રહેવા ઉપર તે વખતે મારૂં ધ્યાન વધારે હતું. એટલે મૂળનો કોઈ વિચાર અનુવાદમાં રહી ન ગયો હોય એ ભલે, પરંતુ વાક્યરચનામાં થતા અને કરેલા ફેરફારો અનુવાદમાં મને અસંતોષકારક લાગ્યા, એ મારે કબૂલ કરવું જ જોઈએ. મૂળમાં વિચારની રજુઆતમાં વધારેઓછી જે અર્થભારની વહેંચણી છે તેને અનુવાદમાં ઉતારવા માટે આ આવૃત્તિમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ જ્ઞાનયોગ ખરૂં જોતાં બીજી આવૃત્તિ નથી પરંતુ તદ્દન ફરીને લખેલો, લગભગ નવો જ, અનુવાદ છે એમ કહેવું વધારે યોગ્ય છે. પંદર વર્ષ પછી એના એ અનુવાદમાં ફેરફાર કરવાનું ન સૂઝે એમ તો ક્યાંથી બને? અનુવાદ કરનારની તથા ભાષાની શક્તિ પણ કાંઈક ખીલે, મૂળમાં અર્થભારની વહેંચણી કાંઈક વધારે સમજાય અને તે પ્રમાણે સ્વભાષામાં તેને રજુ કરવાનો પ્રયત્ન પણ કાંઈક અંશે વધારે સફળ થાય એ સ્વાભાવિક છે. પરંતુ એમ કહીને પ્રથમ અનુવાદની અપૂર્ણતાનું હું માર્જન કરવા મુદ્દલે વાંછતો નથી.

જવાબદાર અનુવાદકનું કામ મુશ્કેલીભરેલું છે. તેમાં ય શ્રીઅરવિંદના વિચારોને બીજી ભાષામાં રજુ કરવાનું કામ



વધારે મુશ્કેલ છે. મૂળ તો લેખકની સમર્થ, વેધક, આર્ષ દૃષ્ટિ, અંગ્રેજી જેવી સુસમૃદ્ધ ભાષા, તેના ઉપર શ્રીઅરવિંદનો અસાધારણ કાબુ: એ બધાં કારણોને લઈને તેમનાં લખાણમાં સ્ફટિકના જેવી વિશદ ઓજસ્વિતા છે, એક પછી એક, હારબંધ, વ્યવસ્થિત કૂચ કરતી કોઈ મહાન સૈન્યની ટુકડીઓ જેમ રીતસર હુમલા કરી સામા મોરચાઓ સર કરતી જાય, તેવી તર્કપરંપરાની વિજયી શ્રેણીઓ વાંચનારના મનમાં પોતાનું આધિપત્ય જમાવતી જાય છે. ભાષા ઉપરના અસાધારણ પ્રભુત્વને લઈને તેઓશ્રી એ પરભાષાને પણ પોતાના ઉપયોગને ખાતર ઘડે છે, વાળે છે અને વધારે સમૃદ્ધ અને અલંકૃત બનાવે છે. હીરાના અનેક પહેલોની પેઠે એક કેન્દ્રસ્થ વિચારની જુદી જુદી બાજુઓ એમનાં લખાણમાં પ્રમાણસર ગોઠવાઈ ગયેલી જણાય છે. અને એ કાર્ય બુદ્ધિપુરઃસર ગોઠવણ કરનાર સંયોજક એક પ્રદર્શન ગોઠવે તેવી રીતે નહિ, પરંતુ પૂર્ણસિક્ત–(સંપૃક્ત) દ્રાવણમાં આપોઆપ બંધાતા સ્ફટિકની સાહજિકતાથી સધાતું આપણને જણાય છે.

અનુવાદકને આ સૌ વાનાં યથાશક્તિ મેળવવાં પડે છે; અને જેટલાં મેળવાય તેટલું એનું ધન્યભાગ્ય! એ બધાંમાં માતબર કહેવડાવવા જેટલી ધૃષ્ટતા મારામાં નથી. મારો અધિકાર છે, મૂળ લખાણોની કદરમાં, તેમના નાવિન્યને વધાવનાર ઉત્સાહમાં, સ્વપ્રયત્નમાં, અભ્યાસમાં અને સતત સુધારણાની જાગ્રત તત્પરતામાં. વળી, આપણી અલ્પ વિક-

સિત ભાષાનો પણ દોષ કાઢવો નિરર્થક લાગે છે. અણઘડ કારીગર જેમ ઓજારનો દોષ કાઢે તેવું પણ તે કેટલાકને લાગે છતાં સામુદાયિક પ્રગતિને પરિણામે જ ભાષા જેવું સાર્વ-જનિક સાધન તૈયાર થાય એનો અસ્વીકાર થઇ શકે તેમ નથી.

ખરું છે, શ્રીઅરવિંદનાં લખાણો સહેલાં નથી; પરંતુ તેનું મુખ્ય કારણ એ નથી કે તેમની ભાષા અઘરી છે. જે પ્રશ્નો તેઓ ચર્ચે છે તે માનવજાતિના મૌલિક, ઊંડામાં ઊંડા અને જૂનામાં જૂના જટિલ પ્રશ્નો છે. વળી, જનસકળને પોતાના વિચારો **સુલભ** કરવાના હેતુથી શ્રીઅરવિંદ લખતા નથી. એ પણ ધ્યાનમાં રાખવાનું છે. હાલમાં પ્રસિદ્ધ થયેલાં તેમનાં કેટલાંક પુસ્તકો તો પુસ્તકો તરીકે લખાયાં પણ નથી. આશ્રમમાં અને બહાર રહેનારા શિષ્યમંડળને તેમણે પ્રશ્નોના જે ઉત્તરો આપેલા તે એ પુસ્તકોમાં સંગ્રહિત કરવામાં આવ્યા છે. આમ તેઓ જિજ્ઞાસુઓના મનના સમાધાન માટે લખે છે, પ્રચાર માટે નહિ. એટલે જેમનામાં જિજ્ઞાસા ન હોય તેમને એ લખાણો સમજવાં મુશ્કેલ પડે એ સંભવિત છે. બધા જ જિજ્ઞાસુ છે એમ માની લેવું એ તો ભોળપણ છે.

પંખીની માદા પોતાનાં બચ્ચાં માટે ખોરાકને ચાવીને હલકો અને સુપાચ્ય બનાવે છે, તેમ આધ્યાત્મિક સત્યોની બાબતમાં થવું જોઇએ એમ ઘણી વાર કહેવામાં આવે છે.



આ એક અર્ધ સત્ય છે. જગતના આરંભથી આજ સુધી એવાં ઘણાં તાત્ત્વિક વિચારો, સિદ્ધાંતો, અને સત્યો માનવજાતિ આગળ પડ્યાં છે. સામાન્ય માનવે તેમનો વ્યવહારૂ લાભ લીધો છે કે કેમ એ એક પ્રશ્ન છે. તેની આધ્યાત્મિક સત્યોને પાચન કરવાની શક્તિ ખીલી છે કે કેમ એ પણ જોવાનું છે. એટલે, જે ખોરાક મજબૂત જઠરવાળાઓ માટે તૈયાર કરવામાં આવ્યો હોય તેને હલકો બનાવવા માટે તેમાં પાણી ઉમેરવાથી તે સુપાચ્ય બને કે કેમ એ તો એક પ્રશ્ન રહે છે, પણ તેનો સ્વાદ તો જરૂર બગડે એ લગભગ ખાત્રી-પૂર્વક કહી શકાય. પરિણામ માત્ર એટલું જ આવવાનો સંભવ છે કે ખોરાક નિરર્થક જાય છે, અને સ્વાદ તો છેક જ માર્યો જાય છે. અનુવાદ કરનાર અસલ લખાણમાં પાણી રેડીને તે રજુ કરે એવી આશા રાખવી વ્યાજબી લાગતી નથી. કારણ કે અસલના ભાવ, વિચાર, અર્થ ઉપરાંત અસલના રૂપને પણ જેટલું વફાદારીથી સ્વભાષામાં, તેનું ખૂન કર્યા વિના, રજુ કરી શકાય તેટલું કરવું, એ પણ અનુવાદકની ફરજ છે એમ મને લાગે છે.

માનવજ્ઞાનનો સમન્વય કરવાના હેતુથી શ્રીઅરવિંદે 'આર્ય' નામનું માસિક કાઢયું હતું. યોગમાર્ગનો સમન્વય – પૂર્ણયોગ – તેમાં દર માસે એક પ્રકરણ રૂપે પ્રગટ થયેલો. પ્રાચીન માનસશાસ્ત્રની પ્રયોગાત્મક અનુભૂતિઓનો સ્વીકાર કરીને તેમાં શ્રીઅરવિંદ આધુનિક માનવ સંસ્કૃતિને જરૂરી

જીવનતત્ત્વો કેવી રીતે વણી લે છે, તથા એ આખીએ મીમાંસાને સ્વાનુભવનો અનેરો રંગ કેવી સફળતાથી લગાવે છે, અને છેવટે એ આખો વિચારમિનાર કેવળ શુષ્ક જડ મિનાર નહિ પરંતુ કેવું કલાસભર, સુંદર અને જીવંત સર્જન બની રહે છે, તેનો યથાર્થ ખ્યાલ તો શ્રીઅરવિંદનાં મૂળ અંગ્રેજીમાં હજુ સુધી અપ્રગટ રહેલાં અનેક પુસ્તકો વાંચવામાં આવે ત્યારે જ, અને વાંચે તેને જ, આવી શકે. **'લાઈફ ડીવાઇન'** 'દિવ્ય જીવન' નામના એમના એક પુસ્તકના એકે એક પ્રકરણમાં જે જ્યોતિર્મયી વિચારણાની વિદ્યુત છે, તેનો અલ્પાંશ પણ બુદ્ધિના પીંજણવાળા મીમાંસાના આખા પુસ્તકમાં પણ ભાગ્યે જોવામાં આવે છે. આ જ્ઞાનયોગદ્વારા પણ તેઓશ્રીના વિચારમિનારનો યત્કિંચિત ખ્યાલ વાંચનારને આવશે, તો પણ આ કથનની વાસ્તવિકતા તેને સમજાશે એવી આશા છે.

શ્રીઅરવિંદ આશ્રમ,
પાંડીચેરી,
તા. ૬ : ૮ : ૧૯૩૮

**અંબાલાલ પુરાણી**

---

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧લું | જ્ઞાનનો ઉદ્દેશ – જ્ઞેય | ૧ |
| ૨જું | જ્ઞાનાવસ્થા | ૨૫ |
| ૩જું | વિશુદ્ધ બુદ્ધિ | ૪૩ |
| ૪થું | એકાગ્રતા | ૬૩ |
| ૫મું | ત્યાગ | ૮૨ |
| ૬ઠ્ઠું | જ્ઞાનયોગની સાધનાનો સમન્વય | ૧૦૩ |
| ૭મું | શરીરના બંધનમાંથી મુક્તિ | ૧૨૨ |
| ૮મું | ચિત્ત અને મનનાં બંધનોમાંથી મુક્તિ | ૧૩૬ |
| ૯મું | અહંતામાંથી છૂટકારો | ૧૫૧ |
| ૧૦મું | વિરાટનો સાક્ષાત્કાર | ૧૭૨ |
| ૧૧મું | આત્માની અભિવ્યક્તિના પ્રકારો | ૧૮૬ |
| ૧૨મું | સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર | ૨૦૬ |
| ૧૩મું | મનોમય સત્ – તાની મુશ્કેલીઓ | ૨૨૪ |

## પ્રકરણ ૧ લું

# જ્ઞાનનો ઉદ્દેશ – જ્ઞેય

### જ્ઞાન અને ભક્તિની અગત્ય

**કર્મયોગનું** પૃથક્કરણ કરીને તેના મુખ્ય સિદ્ધાંતોનું અને સાધન પ્રણાલીનું આપણે જ્ઞાન મેળવ્યું. એમાં કામનાઓનો અને અહંનો ત્યાગ કરીને પ્રભુની ચેતનામાં મુક્તિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે તે પણ કહેવાઇ ગયું. કર્મયોગના અભ્યાસવડે અંતે પરાત્પર પુરુષોત્તમનો સાક્ષાત્કાર થાય છે, તેના સતત સાન્નિધ્યનો આનંદ મળે છે, અને સાધક અહંતામાં નહિ પરંતુ પ્રભુમાં જ પોતાનું જીવન ધારણ કરે છે. વળી, એ જ સાધનમાર્ગથી જ્ઞાન અને ભક્તિનાં પરિણામો પણ કર્મયોગીને મળે છે તે પણ આપણે જોઇ ગયા. કર્મયોગમાં આપણને પ્રથમ પરાત્પર વિરાટ–પુરુષનું જ્ઞાન થાય છે. એટલે કે, વ્યક્તિનાં તથા પ્રકૃતિનાં સર્વે કાર્યો તેમાં સમાયલાં છે એવો અનુભવ થાય છે. વળી, કર્મયોગ વાટે જે ભક્તિ

કરવામાં આવે છે તેમાં પ્રભુને વિશ્વસકલનો સ્વામી અને કર્મ માત્રનો અધિષ્ઠાતા ગણીને સાધક તેને સમર્પણ કરે છે. — પોતાનું અંતઃકરણ, પોતાનાં કર્મો સઘળું તેને ચરણે ધરે છે. જ્ઞાન અને ભક્તિની સંપૂર્ણ લહેજત તો એક વાર સાક્ષાત્કાર થયા પછી જ આવે છે. પરંતુ એવી અનુભૂતિઓને બરાબર ઝીલવા માટે તથા તેમની સમગ્રતા પ્રાપ્ત કરવા માટે, જ્ઞાન અને ભક્તિનો સ્વતંત્ર અભ્યાસ કરવો આવશ્યક છે. એટલે એ બન્ને માર્ગની સાધના આપણે અનુક્રમે વિચારીશું.

## કર્મયોગ પ્રથમ શા માટે? જ્ઞાનમાર્ગની આવશ્યકતા

આપણે કર્મયોગને સૌથી પ્રથમ હાથમાં ધર્યો કારણ કે આજકાલ ઘણા માણસો સહેજસાજ સચેતન થતાં કર્મ તરફ જ સ્વાભાવિકપણે ઢળે છે. આજના માનવને સૂક્ષ્મ ચિંતનશક્તિ યા તો ભાવપૂર્ણ શ્રદ્ધાના કરતાં કર્મમાં, અને જીવનમાં ભાગ લેવો વધારે પસંદ પડે છે. વળી, સમાજના માનસિક જીવનમાં એ ચિંતનની અને ભાવની – શક્તિઓ ઘણી અગત્યની ગણાય છે તે છતાં માનવજાતિના માનસમાં કર્મ અને જીવન ઘણો વિશાળ પ્રદેશ રોકે છે. પોતાના આદર્શોને લીધે, યા તો આજુબાજુના વાતાવરણને લઇને, પ્રભુ પ્રીત્યર્થે યા તો માનવજાતિના કલ્યાણ માટે કરવામાં આવતાં કાર્યોનું મૂલ્ય ઊંચામાં ઊંચું આંકનારાં ઘણાં માણસોની





પ્રકૃતિમાં જ્ઞાન અને ભક્તિનું પાસું, ખરી રીતે, સૌથી આગળ પડતું – પ્રધાન – હોય છે. એવા માણસોએ તો જ્ઞાન અથવા ભક્તિ, — નહિ કે કર્મ, — વડે જ યોગસાધનાનો આરંભ કરવો ઇષ્ટ છે. યોગના ત્રણ માર્ગોમાંથી કયાની સાધના શરૂ કરવી એ પ્રશ્નનો નિકાલ કરવામાં આપણી કેળવણી યા તો આપણા સ્વીકૃત આદર્શો કરતાં આપણી પ્રકૃતિ યાને સ્વભાવ જ વધારે સાચો માર્ગદર્શક મનાવો જોઇએ. કારણ કે પ્રકૃતિએ બતાવેલે માર્ગે જવાથી અંતિમ આદર્શને આપણે વધારે જલદી અને વધારે ખાત્રીપૂર્વક પ્રાપ્ત કરી શકીશું.

## જ્ઞાનયોગ — પૂર્ણયોગની દૃષ્ટિએ

આગળ આપણે કર્મયોગના સિદ્ધાંતોનો, તેની મુખ્ય પ્રક્રિયાઓનો અને વિશાળ પરિણામોનો અભ્યાસ કર્યો તે જ પ્રમાણે હવે જ્ઞાનયોગનો કરીશું, – અલબત્ત, તેનાં સુવિદિત સ્વરૂપોનો, અને રૂઢ, પ્રચલિત પદ્ધતિનો નહિ પરંતુ તેના મૂલમાં રહેલાં સક્રિય તત્ત્વોનો. આપણે તો પૂર્ણયોગની દૃષ્ટિએ જ્ઞાનયોગનો અભ્યાસ કરીશું. આપણે ત્યાં કેટલાંએ વર્ષોથી પ્રચલિત જ્ઞાનયોગમાં સંસારમાં વ્યક્ત થતા જીવનનો ત્યાગ કરવો એ જ તેનો એક માત્ર, અંતિમ ઉદ્દેશ મનાય છે. પરંતુ પૂર્ણયોગમાં શુદ્ધ નિષ્ક્રિય આત્માના સાક્ષાત્કારની સાથે પરાત્પરનો સાક્ષાત્કાર કરવાનો ઉદ્દેશ પણ સ્વીકારાયો છે. વળી, અનિર્વચનીય પરાત્પરનો સાક્ષાત્કાર કરવો, વિશ્વથી

પર એવા પરબ્રહ્મને જાણવો એટલું જ નહિ પરંતુ વિશ્વમાં તથા જીવનમાં પણ તેને જ જોવો એ ઉદ્દેશ પણ પૂર્ણયોગમાં સ્વીકારાયો છે. અર્થાત્ ભગવાનની દિવ્ય નિવૃત્તિના ઉપર પ્રતિષ્ઠિત તેની દિવ્ય લીલાનો, તેની દિવ્ય નિષ્ક્રિયતાને આધારે થતાં તેનાં દિવ્ય કર્મોનો તથા તેની નિશ્ચલ નીરવતાને વ્યક્ત કરનાર વાચાનો પૂર્ણયોગમાં સ્વીકાર કરવામાં આવે છે.

## જ્ઞેય :

એટલે, આપણે શરૂઆતમાં જ આખા પ્રશ્નના મૂળમાં જવાનો પ્રયત્ન કરવો જોઇએ. જ્યારે આપણે "જ્ઞાનયોગ" એ શબ્દનો પ્રયોગ કરીએ છીએ ત્યારે જ્ઞાનનો કોઈ વિષય–જ્ઞેય–છે એટલું તો આપણે સ્વીકારી લઈએ છીએ. વળી, સામાન્ય માનવો એ જ્ઞેયને પોતાની માનસિક શક્તિઓની પ્રવૃત્તિવડે ખોળવા પ્રયત્ન કરતા નથી પરંતુ આપણે તેને ખોળી રહ્યા છીએ એ વિચાર પણ અધ્યાહાર હોય છે. જ્ઞાનનો એ વિષય–જ્ઞેય–પ્રાપ્ત થતાં માનસિક વિચારોના, સ્વરૂપોના યા તો માનસિક ઘડતરોના તથા સ્થૂલ પદાર્થોના જ્ઞાનવાળી સામાન્ય ચેતના કરતાં તદ્દન નિરાળી જ ચેતના-વાળી જ્ઞાનાવસ્થા અનુભવાય છે. વળી, માનવમાં એ જ્ઞાન પ્રાપ્ત કરવાની, શક્તિઓ, અને કરણો તથા તેના ઉપાયો આવી રહેલા છે જેમનો ઉપયોગ કરીને માનવ એ જ્ઞાના-વસ્થાને પહોંચી શકે છે,—એટલે કે એ જ્ઞેયને પ્રાપ્ત કરી





શકે તેમ છે. એ શક્તિઓ અને કરણો પણ જ્ઞાનપ્રાપ્તિનાં બીજાં જે સામાન્ય કરણો–કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો–છે તેમનો આશ્રય લઇને શરૂઆત કરે છે. પરંતુ ઇન્દ્રિયોથી અગોચર અને મનસાતીત જે જ્ઞેયને આપણે શોધી રહ્યા છીએ તેની પ્રાપ્તિ થવા માટે એ ઇન્દ્રિયો અને કરણો પણ પોતાની સામાન્ય ક્રિયાઓ વટાવી જાય એ જરૂરનું છે. એ જ્ઞેય શું છે તે, સંપૂર્ણ જ્ઞાનાવસ્થા યાને જ્ઞાનપ્રાપ્તિની પરાકાષ્ઠા કઈ ગણાય, તથા એ જ્ઞાન મેળવવાની શક્તિઓ અને કરણો કયાં છે તે પણ નક્કી કરવું જોઇએ. કારણ કે એ નિશ્ચય ઉપર જ આપણા અંતિમ આદર્શનો અને સાધનાના પ્રકારનો આધાર છે.

## જૂના મત પ્રમાણે જ્ઞાનયોગ

પ્રથમ તો આપણા દેશમાં અત્યારે પ્રચલિત જ્ઞાનમાર્ગ અનુસાર જ્ઞેય, જ્ઞાનાવસ્થા અને જ્ઞાનનાં કરણો કયાં છે તે આપણે સંક્ષેપમાં જાણી લેવું જરૂરનું છે. કારણ કે એની એ પરિભાષા વાપરવા છતાં આપણે તેને જુદા અર્થમાં વાપરવાના છીએ. એટલે અધવચ ગૂંચવાડો ન ઉત્પન્ન થાય તેટલા માટે એ બે વચ્ચેનો ભેદ આપણે સ્પષ્ટ કરીશું. જ્ઞાનમાર્ગની જે જુદી જુદી પદ્ધતિઓ પ્રચલિત છે તે સર્વમાં બીજા ભેદો ગમે તેટલા હોય પરંતુ વિશ્વનો–વિરાટજીવનનો–જ્યાં અભાવ છે એવી, શુદ્ધ, પરાત્પર પરબ્રહ્મની ચેતનાની

યા તો કેવળ અસત્‌ની — એટલે કે સત્ માત્રના અત્યંતાભાવવાળી — એક અવસ્થા છે તે જ કેવલ જ્ઞાનનો એક માત્ર વિષય છે — જ્ઞેય છે — એ મતના સ્વીકારમાં એ સર્વે સંમત છે. વળી, આપણે જેને જીવન – અસ્તિત્વ – કહીએ છીએ તે, અથવા તો, સમસ્ત વિરાટજીવન પણ, કેવળ અજ્ઞાનની જ અવસ્થા હોવાથી એ જીવનની વધારેમાં વધારે આનંદદાયક અને ઊંચામાં ઊંચી અવસ્થાઓ પણ પરમ અજ્ઞાનની જ દશાઓ છે. એટલે, નિરપેક્ષ સત્યના સાધકે તો એ સર્વેનો સંપૂર્ણ ત્યાગ કર્યે જ છૂટકો છે. આ પ્રમાણે શાંત, નિષ્ક્રિય આત્મા, યાને, શૂન્યાત્મક અસત્ એ જ જ્ઞાનનો વિષય છે. જ્ઞાનપ્રાપ્તિની સ્થિતિને "નિર્વાણ" કહેવામાં આવે છે. જેમાં અહંતાનો નાશ, અને મન, પ્રાણ તથા શરીર એ સર્વે કરણોની પ્રવૃત્તિઓનો સંપૂર્ણ વિલય કરવામાં આવે છે. જ્ઞાનની એ પરમાવસ્થામાં જ્યોતિર્મય અક્રિયતાનો અને અપૌરુષેય શાંતિનો વિશુદ્ધ આનંદ પ્રાપ્ત થાય છે. એ જ્ઞેયને પ્રાપ્ત કરવાના ઉપાયોમાં ધ્યાન, એકાગ્રતા અને પોતાના વિષયમાં મનનો લય એ ત્રણેનો સમાવેશ થાય છે. જ્ઞાનયોગની સાધનામાં કર્મ કરવાની છૂટ હોય છે પરંતુ કેવળ શરૂઆતમાં જ અને સાધકની ચિત્તશુદ્ધિ થાય તેટલા પૂરતી જ. — એટલે કે નીતિની નજરે યા તો પોતાને સ્વભાવે કરીને, સાધક એ પરમ જ્ઞાનને ધારણ કરવાને લાયક થાય તેટલા પૂરતી. વળી, તે કર્મો પણ કાં તો શાસ્ત્રની આજ્ઞા





પ્રમાણે નિયત થયલાં (હોવાં જોઇએ), કે પછી બાદ્ધ ધર્મના પ્રખ્યાત આઠ નિયમોને અનુસરીને દયા, અનુકંપા વગેરેથી પ્રેરિત હોવાં જોઇએ. એવાં કર્મોવડે બીજાઓનું કલ્યાણ કરતાં કરતાં માનવની અહંતા ઘસાઇ જાય છે. પરંતુ શુદ્ધ અને નિર્ભેળ જ્ઞાનયોગમાં અંતે તો કર્મનો સંપૂર્ણ ત્યાગ કરીને સાધકે નિષ્ક્રિય થવું જ જોઇએ એવો આગ્રહ હોય છે. કર્મયોગવડે સાધક પ્રાથમિક તૈયારી કરી શકે, જ્ઞાનને માટે લાયક બને, — પરંતુ તેનાથી મુક્તિ મળે નહિ. અર્થાત્ કર્મમાં સતત મંડ્યા રહેવું એ જ્ઞાનયોગના લક્ષની સાથે બંધબેસતું નથી અને તેની પ્રાપ્તિમાં કર્મો ભારે અંતરાયરૂપ પણ થઇ શકે, કેમ જે જ્ઞાનને પરિણામે તો સંપૂર્ણ નિષ્ક્રિયતા જ પ્રાપ્ત થવી જોઇએ. જે માણસો નિષ્ક્રિય સ્થિતિના વિરોધી કર્મને જ સદોદિત વળગી રહે તેમને એ સ્થિતિ પ્રાપ્ત પણ ક્યાંથી થાય? તે જ પ્રમાણે ભક્તિ, પ્રેમ, પૂજા વગેરે ભાવો પણ, જ્ઞાનયોગની દૃષ્ટિએ, અપક્વ આત્માઓ માટે છે, તથા ભક્તિયોગની પદ્ધતિ અજ્ઞાનની છે કેમ જે ભક્તિ, પૂજા વગેરે આપણા કરતાં અન્ય અને ભિન્ન એવી કોઇ ઉચ્ચ સત્-તાને અર્પણ કરવામાં આવે છે. પરંતુ પરમ જ્ઞાનાવસ્થામાં તો એવી કોઇ ઉચ્ચતમ વસ્તુ જ રહેતી નથી! ત્યાં તો ફક્ત એક, અખંડ આત્માનો, યા તો આત્માના અભાવનો, સાક્ષાત્કાર થાય છે. એટલે પછી ભક્તિ અર્પણ કરનાર અને ભક્તિનો સ્વીકાર કરનાર – બન્ને – નો ત્યાં

અભાવ હોય છે. જ્ઞાનમાર્ગના સાધકમાં છેવટ વિચાર કેવળ બાકી રહે છે અને તે પણ જ્ઞાનપ્રાપ્તિથી સંપૂર્ણપણે શાંત થઈ જતાં સમગ્ર અંતઃકરણમાં શાંતિ અને નિષ્ક્રિયતા વ્યાપે છે.

## જૂના મતની એકદેશીયતા

શુદ્ધ જ્ઞાનયોગના દૃષ્ટિબિંદુથી તેના મુખ્ય સિદ્ધાંતો આપણે આગળ જોઇ ગયા. માનવમાં જે બુદ્ધિ છે, તેનામાં જે મનીષી છે તે અંતઃકરણનાં બીજાં કરણોથી અલગ થઇને પોતાનાથી પર એવી સ્થિતિને પ્રાપ્ત કરવા માટે એકલવાયો પ્રયત્ન કરે છે તેને પરિણામે એ પ્રાચીન જ્ઞાન-યોગ અસ્તિત્વમાં આવ્યો છે. એટલે કે, હૃદય, પ્રાણ, શરીર, ઇન્દ્રિયો વગેરેને છોડી દઇને માનવની વિચારશક્તિ કેવળ પોતાની જ સાર્થકતા સાધવામાં મચી જાય છે, તથા પોતાનાથી પર ચેતનાની ઊર્ધ્વ અવસ્થાઓમાં નાશી છૂટવા મથે છે ત્યારે એવો એકતરફી જ્ઞાનમાર્ગ ઉદ્‌ભવે છે. ઉપર જે સિદ્ધાંતો આપવામાં આવ્યા છે તેમાં રહેલો સત્યનો અંશ એ છે કે આપણી બધી ક્રિયાઓ, આપણે જે જે ઘાટ-ઘડતરો – ઘડીએ છીએ તે સઘળા કોઇ મૌલિક સત્‌ – તાના સજ્ઞાન વિકાસરૂપ છે, – પરંતુ તે મૌલિક સત્‌ – તા એનાં પોતાનાં સ્વરૂપોથી અને આવિર્ભાવોથી પર છે. પોતાના અસલ સ્વરૂપે તે અવિકારી છે એટલે સર્વે કર્મોથી તે પર





છે. માનવની ચિંતનશક્તિ, અર્થાત્ મનીષા, તેની (માનવની) સર્વે પ્રવૃત્તિઓનો દ્રષ્ટા છે છતાં તે સર્વેથી પર છે. તેથી જ્ઞાતા તરીકે એ શક્તિ આત્માની સૌથી વધારે સમીપ છે. અને માનવના ચિત્તંત્રનાં કરણોના અનુક્રમમાં તે સૌથી ઊંચે સ્થાને આવે છે. હૃદય અને અંતઃકરણનાં બીજાં સૂક્ષ્મ કરણો હમેશાં ક્રિયાત્મક હોવાથી તેઓ સ્વાભાવિક રીતે જ કર્મ કરવા તરફ દોરાઈ જાય છે. પરંતુ તેઓ પણ કાં તો, સંપૂર્ણ ભોગને અંતે તૃપ્ત થઇને, કે પછી અસંતોષને લીધે થાકી જઇને, છેવટે શાંત થાય છે. માનવની વિચારશકિત પણ એક ક્રિયાત્મક શકિત છે; તે છતાં તે બુદ્ધિપૂર્વક નિશ્ચય કરે તો, અને જ્ઞાનજ્યોતિથી પ્રકાશિત બુદ્ધિની દૃષ્ટિવડે સર્વ કર્મોથી પર એવા આત્માનો પોતે સાક્ષાત્કાર કરી શકે છે તેથી, તદ્દન શાંત – અક્રિય – થઇ જવાની શકિત અંતઃકરણનાં અન્ય કરણો કરતાં તેનામાં ઘણી વધારે છે. માનવની વિશિષ્ટતા એ છે કે તે મનોમય પ્રાણી છે; અને સમગ્ર અંતઃકરણને જ્યોતિર્મય બનાવવાનું સદા જાગ્રત, સ્વાભાવિક અને સચોટ કરણ વિચારશકિત છે. એટલે જ્ઞાનના વિષય – જ્ઞેય – ને પ્રાપ્ત કરવા માટે વિચારશક્તિના સ્વાભાવિક ધર્મો જેવા કે ધ્યાન, એકાગ્રતા, લય વગેરે ઉપાયો અપરિહાર્ય છે. અને સાધનમાર્ગની યાત્રામાં તે વિચારશકિત નેતાનું સ્થાન લે એ પણ યોગ્ય લાગે છે.

## વિચાર અને તપઃશક્તિ

ઉપર જણાવેલા વિચાર આખા પ્રશ્નની એક બાજુ રજુ કરે છે. ખરૂં જોતાં, વિચાર એ તો આગળ જઇને રસ્તો શોધી તેને સાફ કરનાર ગુપ્તચર છે. આધ્યાત્મિક યાત્રામાં આપણો ખરેખરો નેતા, આપણો સાચો સેનાપતિ, આપણા યજ્ઞનો આદિ અને સનાતન પૂરોહિત તો તપઃશક્તિ છે. સામાન્ય રીતે હૃદયની ઇચ્છાને અથવા તો મનની પસંદગીને જ તપઃશક્તિનું નામ આપવામાં આવે છે. પરંતુ ખરી રીતે તપઃશક્તિ તે નથી. તપઃશક્તિ એટલે આપણી ચેતનામાં રહેલ – ઘણી વાર પ્રચ્છન્ન – એવી સર્વોપરી શક્તિ જે આપણી સ્થિતિને નિયત કરે છે અને બુદ્ધિ તથા હૃદય, ઓછા કે વત્તા પ્રમાણમાં, જેના અંધ અને યંત્રવત્ સેવકો અને કરણો છે. આત્મા સર્વ કર્મોથી પર છે એ ખરૂં, તેમ તે કર્મોથી બંધાતો નથી એ પણ સાચું છે. તથાપિ, સર્વ કર્મો આત્મામાંથી જ ઉદ્દભવે છે, અને તેનાથી જ નિયત થાય છે એ પણ એટલું જ સાચું છે. અર્થાત્, સર્વે ક્રિયાઓ આત્માની ચેતનાશક્તિનું પરિણામ છે અને આત્મા સિવાયની બીજી કોઇ શક્તિને તે આભારી નથી. સર્વ પ્રવૃત્તિઓમાં આત્મા પોતાની સચેતન તપઃશક્તિને વ્યક્ત કરે છે, અને એ તપઃશક્તિ પોતાના સત્‌ને પૂર્ણપણે સાર્થક કરે છે. એ તપઃશક્તિ આત્મજ્ઞાનથી તથા પોતે જે વસ્તુને વ્યક્ત કરે છે તેનાથી અભિન્ન છે, કારણ કે આપણામાં જે તપઃશક્તિ





છે તે આત્માની અનંત તપઃશક્તિનો જ વૈયક્તિક અંશ છે. આપણી એ તપઃશક્તિ શુદ્ધ પરમાત્મસ્વરૂપની વધારે સમીપ છે કારણ કે આપણા માનસિક વિચારોની ઉપરછલ્લી પ્રવૃત્તિના કરતાં તે વધારે ગહન છે. આમ હોવાથી, વિશુદ્ધ જ્ઞાનમાર્ગની પરાકાષ્ઠાને એકમાત્ર, અથવા તો સૌથી ઉચ્ચ, માર્ગ તથા લક્ષ તરીકે પણ સ્વીકારતાં પહેલાં આપણામાં અને વિશ્વમાં કાર્ય કરી રહેલી એ તપઃશક્તિ શી વસ્તુ છે તે આપણે જાણવું જોઇએ.

## સર્વ કરણોની સાર્થકતા અને પૂર્ણતા જરૂરી છે.

વિચારશક્તિએ એકલપેટા થઇને પોતાનો સ્વાર્થી સંતોષ શોધવો જોઇએ નહિ, કારણ કે તે પોતે આપણા હૃદય, પ્રાણ અને બીજાં કરણોનો અમુક મર્યાદા સુધી જ નેતા હોય છે. અને નેતાથી તો પોતાના અનુયાયીઓને છોડીને પોતાનું એકલાનું હિત સધાય જ નહિ. મતલબ કે, અંતઃકરણનાં બીજાં કરણોને યાને વિભાગોને માટે પણ કોઇક સાર્થકતા નિર્માણ થયેલી છે કે નહિ તે વિચારશક્તિએ શોધી કાઢવું જોઇએ. વિશ્વમાં કાર્ય કરી રહેલી વિરાટ તપઃશક્તિનો ઉદ્દેશ પ્રથમ મનનો ઉપયોગ કરીને ઇન્દ્રિયો તથા બાહ્યસ્પર્શોદ્વારા અજ્ઞાનની પ્રવૃત્તિમાં ઉતરવાનો અને પછી ત્યાંથી પાછા ફરીને પુનઃ મનની જ એક શક્તિ – બુદ્ધિ – દ્વારા આરોહણ કરીને જ્ઞાનની નિષ્ક્રિય શાંતિ પ્રાપ્ત કરવાનો હોત તો તો કેવળ

અમૂર્ત વિચારપ્રધાન જ્ઞાનયોગ સકારણ લાગત. પરંતુ વિરાટ તપઃશક્તિનો એવો નિરુદ્દેશ ઉદ્દેશ હોય એમ લાગતું નથી. વળી, ઉપર જણાવેલી તદ્દન સંકુચિત અને સાદી વ્યવસ્થા કરતાં તેનો ઉદ્દેશ વધારે વિશાળ અને વધારે સંકુલ હોય એમ લાગે છે. અમૂર્ત સત્યોમાં રાચવાની પોતાની વૃત્તિને આપણી વિચારશક્તિ, યાને મનીષા, બાજુએ મૂકીને જરા જુવે તો તેને જણાયા વગર નહિ રહે કે હૃદય, પ્રાણ અને શરીર પણ પ્રભુની દિવ્ય ચેતનાનાં જ સ્વરૂપો છે તથા તેમની-વાટે પણ આત્મસાક્ષાત્કાર કરી શકાય છે, યા તો, કાંઈ નહિ તો, પોતાને થયેલા આત્મસાક્ષાત્કારનો આનંદ એ કરણોદ્વારા લઈ શકાય છે. આ પ્રમાણે વિચારતાં જણાય છે કે વિરાટ તપઃશક્તિનો ખરો ઉદ્દેશ તો ચેતનાનાં સર્વે કરણોને સંપૂર્ણ દિવ્ય તૃપ્તિ આપવાનો, તથા પ્રત્યેકને તેની દિવ્ય સાર્થકતા, પ્રાપ્ત કરાવવાનો છે.

## પૂર્ણયોગના જ્ઞાનમાર્ગની પદ્ધતિ

હવે પ્રશ્ન એ છે કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે એક પછી એક કરણોનો છેદ ઉડાવી દેવાની પદ્ધતિ સ્વીકારવી કે પછી સમગ્રતાવાળી સાર્થકતાને કોઈ પણ ઉપાયે સર કરવી? અર્થાત્, શરીર, પ્રાણ, ઇન્દ્રિયો, મન, હૃદય વગેરે સૂક્ષ્મ તથા સ્થૂલ કરણોનો, એક પછી એક, ત્યાગ કરતાં કરતાં આગળ વધી છેવટે અક્ષર, નિષ્ક્રિય આત્મામાં લય પામવાનો માર્ગ સ્વી-





કારવો, કે સમગ્ર અંતઃકરણની સાર્થકતા માટે પ્રયાસ કરવો એ વધારે ઇષ્ટ છે.? પૂર્ણયોગમાં પણ છેદ તો ઊડે છે પરંતુ કેવળ અજ્ઞાની અને અસત્ય અહંતાનો. વળી, દેહમાં આપણે બંધાયલા છીએ એ પરિમિત ચેતનાનો, પ્રાણમાં જે અસત્ય આતુરતા અને આવેશો છે તેમનો, પદાર્થના સ્પર્શોની ઇન્દ્રિયોની ગુલામીનો, તથા મિથ્યા દ્વંદ્વોનો, હૃદયમાં ઊઠતા ઇચ્છાઓના અને લાગણીઓના દ્વંદ્વના પૂરનો તથા વિચાર-શક્તિમાં રહેલા અસત્ય અંશોનો, પરિમિત સત્યોના આગ્રહનો અને સંકુચિત એકાગ્રતાનો છેદ પૂર્ણયોગમાં ઊડી જાય છે. આ પ્રમાણે મિથ્યાનો યાને અસત્યોનો ત્યાગ થતાં તે તે કરણનું રૂપાંતર સાધવામાં આવે તથા સમગ્રપૂર્ણતા સિદ્ધ થાય એ ઇષ્ટ છે કે કેમ તેનો પણ આપણે નિર્ણય કરવાનો છે. એ પ્રમાણે પૂર્ણયોગની શકયતા — એટલે કે સમગ્ર અંતઃકરણની સાર્થકતાનો ઉદ્દેશ — સ્વીકારીએ તો આપણા હૃદયમાં જે પ્રેમ, આનંદ, અને ભક્તિની લાગણીઓ છે તેની ચરમ અવસ્થાને પણ તેમાં સ્થાન હોવું જોઇએ. તેજ પ્રમાણે ઇન્દ્રિયોમાં દિવ્ય સૌંદર્યની શોધ કરવાની વૃત્તિ તથા સરસતા હોય છે તેનું પણ સાર્થક્ય હોવું જોઇએ. વળી, પ્રાણમાં કર્મ કરવાની જે પ્રેરણા છે તેનું, તથા વિચારશક્તિમાં જે અમૂર્ત જ્ઞાનપ્રાપ્તિની વૃત્તિ છે તેનું પણ અંતિમ સાફલ્ય હોવું જોઇએ. પરમ પરાત્પર એવું કોઈ સત્ય ઊર્ધ્વમાં આવી રહેલું છે જેમાં એ બધી શક્તિઓ પોતાનાથી પર થઇ

જઈને એકત્ર થાય છે તથા તેમાં પોતપોતાની નિરપેક્ષતાને પ્રાપ્ત કરે છે તે સત્ય એમનાથી કેવળ વિજાતીય અને ભિન્ન નથી જેમાંથી તે કરણો દૂર ફેંકાઇ ગયાં હોય.

પૂર્ણયોગમાં તો આપણે છેવટ જણાવેલું દૃષ્ટિબિંદુ સ્વીકારીએ છીએ: પૂર્ણયોગનો અર્થ જ એ છે. એટલે પૂર્ણયોગની દૃષ્ટિથી જ્ઞાનયોગનો સમન્વય કરીને પ્રાચીન જ્ઞાનમાર્ગ કરતાં જુદી રીતે જ્ઞાનનો વિષય, – જ્ઞેય, – જે જ્ઞાનાવસ્થા આપણે પ્રાપ્ત કરવા માગીએ છીએ તે, તથા એ જ્ઞાન મેળવવા માટે કયાં સાધનો અને પદ્ધતિ આપણે વાપરવા માગીએ છીએ તેનો અહિં ફરીને ઉલ્લેખ કરવો જરૂરનો છે.

**જ્ઞેય અને જ્ઞાનપ્રાપ્તિ**

જ્ઞાનનો વિષય યાને જ્ઞેય તો એક છે, ભગવાન છે. આપણા વ્યકિતત્વમાં અને વિશ્વમાં તેમજ એ બન્નેથી પર એવી પરાત્પર સ્થિતિમાં યે આપણે તેને જાણવાનો છે. વ્યકિત અને જગત, બાહ્ય દૃષ્ટિએ આપણને જેવાં જણાય છે તેવાં ખરૂં જોતાં નથી એટલું તો આપણે સ્વીકારેલી જ્ઞાનની વ્યાખ્યામાં ઉહ્ય – અધ્યાહાર – છે. વળી, પોતાનાથી ઊંચી કોઇ શકિતવડે આલોકિત થયા વિના આપણી ઇન્દ્રિયો તથા મન આપણને બાહ્ય જગતનો જે અહેવાલ આપે છે તે સાચો નથી. છતાં, સાથે સાથે એ પણ ખરૂં છે કે વ્યક્તિ





અને વિશ્વ બન્ને જેવાં દેખાય છે તે તેમનાં વાસ્તવિક સ્વરૂપનાં માત્ર સૂચક – પ્રતીક – છે અને નામરૂપાત્મક એ સૂચકદ્વારા જ આપણે તેમના અંતિમ સત્યને પ્રાપ્ત કરવાનું છે. આ રીતે આપણી ઇન્દ્રિયો અને મન ગમે તેવો ભૂલભરેલો પણ જે અહેવાલ આપે છે તે જ આપણા જ્ઞાનની શરૂઆત છે. છતાં મન અને ઇન્દ્રિયો પોતાની અનુભૂતિઓને જે મૂલ્ય આપે છે તે આપણે સુધારી લેવાનું છે. એને માટે બે ઉપાયો છે, પ્રથમ તો શુદ્ધ વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને આપણું ઇન્દ્રિયાધિષ્ઠિત મન તથા સ્થૂલથી પરિમિત બુદ્ધિ જે નિર્ણયો આપે તેને સુધારી લેવા. પછી બુદ્ધિથી સર્વથા પર, તેનાથી અગોચર, એવું જ્ઞાન પ્રાપ્ત કરવું. એ જ્ઞાન સત્યની એવી જ્યોતિ સાધકમાં પ્રગટાવે છે કે એને પ્રતાપે શુદ્ધ બુદ્ધિનાં અમૂર્ત તત્ત્વોનું આધ્યાત્મિક અનુભૂતિમાં અને આત્માના સઘન દર્શનમાં રૂપાંતર થઇ જાય છે. જ્યારે આ અનુભૂતિ થાય છે ત્યારે જણાય છે કે મન, ઇન્દ્રિયો વગેરેનું અજ્ઞાન કેવળ ભૂલોનો સમૂહ અગર આત્માની નિરર્થક રઝળપાટ ન હતી, પરંતુ આત્માની અભિવ્યકિત કરવા માટેની જ તે એક ખરબચડી સડક હતી. વિશ્વમાં આત્માની ઉત્ક્રાંતિ અને તેનો સાક્ષાત્કાર થવા માટે આવશ્યક એવી પાર્થિવ તત્ત્વમાં રહેલી તેની પ્રતિષ્ઠા એ અજ્ઞાન છે.

## વ્યક્તિની પૂર્ણતા યાને સાર્થકતા

તે પરાત્પર વાસ્તવિકતાનો વ્યક્તિની જોડેનો સંબંધ તપાસતાં જણાય છે કે તે પરાત્પર સત્ય વ્યક્તિનું પોતાનું જ સત્ય અને પરમ સ્વરૂપ છે. એ સત્યસ્વરૂપને પ્રાપ્ત કરવું એ જ્ઞાનનો ઉદ્દેશ છે, એટલે તેનાથી આડે રસ્તે દોરનાર મિથ્યા નામરૂપાત્મક સર્વ વસ્તુનો ત્યાગ કરવો પ્રાપ્ત થાય છે. જ્ઞાન માનવને શીખવે છે કે દેહ એ આત્મા નથી પણ તેનું એક સ્વરૂપ છે— કરણ છે. જડવાદની ભિત્તિરૂપ માન્યતા કે જડ તત્ત્વનો અનુભવ, તથા સ્થૂલ નાડીતંત્ર અને મગજ વગેરેની પ્રવૃત્તિ સર્વ પદાર્થનું સત્ય જાણવાનો પાયો છે એ એક ભ્રમ છે. કારણ કે ચૈતન્યના એક સ્વરૂપને તે અસ્તિત્વનું અંતિમ રહસ્ય માની બેસે છે. પદાર્થ, નાડીઓ, મગજ વગેરે તો પ્રાણશક્તિને કાર્ય કરવાનો ફક્ત પાયો છે; એ પ્રાણ આત્મા અને તેનાં કાર્યની વચ્ચે સંબંધ સ્થાપન કરે છે વળી જે સ્થૂલ ક્રિયાઓ આપણે કરીએ છીએ તે બાહ્ય જગતના સ્પર્શોની અસર દર્શાવનારી આત્માની પ્રત્યક્ષ પરિભાષા છે, વાણી છે. તેને યોગે જ આત્મા પોતાના જ્ઞાનનો જડ તત્ત્વમાં અસરકારકરીતે પ્રયોગ કરી શકે છે. એટલે શારીરિક ક્રિયા માત્ર એક પ્રકારનું ઇંગિત છે, ચિત્રલિપિ છે, પ્રતીકોની યોજના માત્ર છે. તે કાંઇ પદાર્થનું ગભીર અને અંતિમ સત્ય આપણને આપી શકતી નથી. શરીર આત્મા નથી તે પ્રમાણે નાડી, મગજ, જ્ઞાનતંતુઓ વગેરેમાં કાર્ય





કરી રહેલ પ્રાણ પણ આત્મા નથી; તે પણ આત્માનું એક સ્વરૂપ છે, કરણ છે. જડતત્ત્વને પોતાના પાયા તરીકે ઉપયોગમાં લેનાર તથા વાઇટલીઝમમાં – પ્રાણશક્તિની સર્વોપરિતામાં – માનનારા મીમાંસકો સર્વ પદાર્થના મૂળ તરીકે અને તેમના સમુચ્ચય તરીકે પ્રાણશક્તિનો જે અનુભવ કરે છે તે પણ એક ભ્રમ છે. કારણ કે એ મીમાંસા એક બાહ્ય વસ્તુને મૌલિક તત્ત્વ તરીકે સ્વીકારી લેવાની ભૂલ કરે છે.

## વ્યક્તિની સાર્થકતાની મીમાંસાઓ અને તેમનું મૂલ્યાંકન

પ્રાણશક્તિ એટલે પ્રાણશક્તિથી પર એવી ચેતનાનું ક્રિયાત્મક – સ્વરૂપ. જ્યારે આપણે મનોમય ચેતનામાં વિકાસ પામીએ છીએ ત્યારે જ ચેતના આપણને વાસ્તવિક લાગે છે. મન જાણે પ્રાણશક્તિનું પરિણામ હોય એમ લાગે છે. પરંતુ ખરૂં જોતાં, પ્રાણશક્તિના પ્રયત્નનો ઉદ્દેશ અને તેની ઉત્ક્રાંતિનું રહસ્ય મન છે. મન કાંઈ પ્રાણનો આવિર્ભાવ નથી, પરંતુ પ્રાણ પણ જેનો ઓછો જ્યોતિર્મય આવિર્ભાવ છે એવી પ્રાણ તથા મન બન્નેથી પર કોઇ વસ્તુનો તે આવિર્ભાવ છે. અને છતાં આપણું મન આત્મા નથી, તે પણ આત્માનું એક સ્વરૂપ છે. સુંદર રૂપોના અને વસ્તુઓના સૃષ્ટા તરીકે મનને જે અનુભવ થાય છે તે, તથા એ રૂપો અને વસ્તુઓ ફક્ત મનોમય લોકમાં જ વસે છે એવી

આદર્શવાદની જે માન્યતા છે તે પણ, એક ભ્રમ છે. કારણ કે તેનાથી જીવનનું અંતિમ રહસ્ય નહિ પરંતુ તેનું એક સ્વરૂપ જ પ્રાપ્ત થાય છે. માનવનું મન એ મનોમયતાનાં બંધનોથી પર એવી ચેતનાની લીલા છે આ જ્ઞાનદૃષ્ટિએ જોતાં આપણને શુદ્ધ સત્, ચિન્મય, આત્માનંદમય, મન, પ્રાણ તથા શરીરથી પર, એવી શુદ્ધ "સત્-તા" તેજ આપણું અસ્ખુસૂલ અને મૌલિક આત્મતત્ત્વ છે એવો સાક્ષાત્કાર થાય છે: એ જ આપણો આત્મા.

### વ્યક્તિ અને વિરાટ

એ પરાત્પર પરમ વાસ્તવિકતાનો વિશ્વ સાથે સંબંધ વિચારતાં આપણે તેને બ્રહ્મ કહીએ છીએ. વિશ્વનું પૃથક્કરણ કરીને જે સામાન્ય તત્ત્વો આપણે તારવી કાઢીએ છીએ, જેવાં કે શક્તિ અને પદાર્થ, નામ અને રૂપ, પુરુષ અને પ્રકૃતિ વગેરે—તે સઘળામાં વિશ્વની સાચી વાસ્તવિકતાનો સમાવેશ થઈ જતો નથી. જેમ આપણું સમગ્ર સ્વરૂપ મન, પ્રાણ અને શરીરથી અબાધિત – મુક્ત – એવા પરમ આત્માનું જ સ્વરૂપ અને તેની જ લીલા છે તેજ પ્રમાણે વિશ્વ પણ પરમ બ્રહ્મનું સ્વરૂપ છે, તેની લીલા છે. એ વિરાટ આત્મા પણ શક્તિથી કે પદાર્થથી, નામથી કે રૂપથી, પુરુષ અને પ્રકૃતિના મૌલિક ભેદથી બંધાતો નથી. ત્યાર પછી આપણને જ્ઞાન થાય છે કે આપણો આત્મા અને વિશ્વમાં





લીલા કરનાર પરમ બ્રહ્મ બન્ને વચ્ચે અભેદ છે, બન્ને એક – સત્ છે. વ્યક્તિ તો એ વિરાટ આત્માના આવિર્ભાવનું એક સ્વરૂપ છે. જ્યારે વ્યક્તિને તેના પોતાના પરમ આત્મ-સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તેને માલૂમ પડે છે કે તેનું વાસ્તવિક પોતાપણું તેની વ્યક્તિતા નથી, પરંતુ વિરાટ – વિશ્વાત્મા – છે.

### વિરાટવ્યાપી બ્રહ્મ

તથાપિ એ પરમ સત્-તા – એ પરમ ચૈતન્ય તો વ્યક્તિત્વ કે વિશ્વાત્મા કોઈનાથી યે પરિમિત થતું નથી. એટલે સંપૂર્ણ જ્ઞાનાવસ્થા એ બન્નેનો છેદ ઉડાવી દઈને એમનાથી પર, સંપૂર્ણપણે પરાત્પરનો, સ્વીકાર કરે છે. તે વ્યાખ્યાતીત —વાચા અને મનથી અગોચર છે, મનથી પર છે, તે કેવળ નિરપેક્ષ છે. એ નિરપેક્ષ પરાત્પરને આપણે ક્ષર અથવા અક્ષર — વ્યક્તિત્વમુક્ત સગુણ કે વ્યક્તિતાવિહોણા નિર્ગુણ એવું નામ નહિ આપીએ, કારણ કે વ્યક્તિતાથી અને વ્યક્તિ-ના અભાવ – બન્નેથી તે પર છે. તેને આપણાથી 'એક' અથવા 'અનેક' પણ નહિ કહી શકાય. કારણ કે અદ્વૈત અને દ્વૈતના ભેદથી પણ તે પર છે. તેનામાં સગુણતાનું યા તો નિર્ગુણતાનું આરોપણ આપણે નહિ કરી શકીએ, કારણ કે તે ગુણોનાં સઘળાં બંધનોથી પર છે, – છતાં ગુણરહિત શૂન્યતાથી પણ તે મુક્ત છે. તે અનંત ગુણમય છે. વ્યક્તિની

અંદર "જીવાત્મા" સ્વરૂપે, અક્ષર સ્વરૂપે, નિર્ગુણ નિરાકાર બ્રહ્મ સ્વરૂપે તથા વિરાટ વિશ્વ તરીકે તે પરાત્પર પોતાનો આવિર્ભાવ કરી રહ્યો છે. તે પ્રભુ છે, પરમાત્મા છે, પુરુષોત્તમ છે, સર્વ સ્વરૂપ છે, સર્વ છે. સાચું જ્ઞાન કેવળ બૌદ્ધિક–બુદ્ધિના–વિચારના રૂપમાં મર્યાદિત થઇ અટકી પડતું નથી. આપણા મનને માટે તે પરાત્પર અજ્ઞેય છે તો પણ આપણા વૈયક્તિક–પોતાના–સ્વરૂપ વાટે, તથા વિશ્વના નામરૂપ મારફત જેમ આત્મ સ્વરૂપ–બ્રહ્મ–નો સાક્ષાત્કાર કરી શકીએ છીએ તેજ પ્રમાણે આત્માનો સાક્ષાત્કાર કરવાથી આપણે તે અનંત, કેવળ નિરપેક્ષ પરાત્પરનો પણ, એક પ્રકારનો, સાક્ષાત્કાર કરી શકીએ છીએ. આપણો જીવાત્મા આપણી અંગત વૈયક્તિક ચેતનાનું મૌલિક સ્વરૂપ છે.

## પરાત્પરની પરાત્પરતા

એ સાક્ષાત્કારમાં જ જ્ઞાનની પરિસીમા રહેલી છે. તેનાથી પર માનવનું મન જઇ શકે તેમ નથી. આપણું મન તે પરાત્પરના ઉપર પોતાનો બુદ્ધિવાદ અજમાવીને જુદી જુદી રીતે તેની સાથે વ્યવહાર ચલાવી શકે છે, તેના જ ઉપર આપણને મન પસંદ એવી મીમાંસાઓ–દર્શનો–આપણું મન ભલે રચે, તેને વ્યાખ્યામાં ભલે મર્યાદિત કરવામાં આવે, તેમાં ફેરફાર કરવામાં આવે યા તો તેના સત્યની એક બાજુ





ઉપર વધારે અને બીજી બાજુ પર ઓછો, ભાર મૂકવામાં આવે, તેના ઉપરથી ભૂલ ભરેલાં અનુમાનો અને પક્ષપાતી સંકુચિત ઉપસિદ્ધાંતો આપણું મન ભલે તારવી કાઢે–પરંતુ આપણી બુદ્ધિના વિકારી નિર્ણયોથી યા તો અપૂર્ણ વિધાનોથી આ અંતિમ હકીકતમાં જરા યે ફેર પડતો નથી કે વિચારનો તથા અનુભૂતિનો છેડો આવે ત્યાં સુધી જઇ શકીએ તો આપણે એ પરાત્પરના જ્ઞાન સુધી આવી પહોંચીશું એ અનુભવનો ઇન્કાર કરીને, અથવા તો તેને દાબી દઇને, યા તો તેને સંકુચિતપણામાં બાંધી લઇને જ આપણે એ સનાતન સત્યને દૂર મૂકી શકીશું. તેના પોતાનામાંથી આપણે કાંઇ પણ બાદ કરી શકતા નથી તેમ તેનામાં મૌલિક કશું ઉમેરી પણ શકતા નથી. એમ કરવાનો પ્રયત્ન કરતાં ભેદ યા તો વિકૃતિ પેદા થાય છે.

## જ્ઞાનમાનીર્ગ ત્રણ શક્યતાઓ :

જ્ઞાનયોગનો ઉદ્દેશ એ સનાતન પરાત્પરને પ્રાપ્ત કરવાનો છે. અર્થાત્ કે એ સર્વથી પર છતાં સર્વમાં વ્યાપી રહેલ આત્માનો, બ્રહ્મનો અને પરાત્પરનો સાક્ષાત્કાર કરવો એ જ્ઞાનપ્રાપ્તિનો હેતુ છે. વ્યક્તિમાં અને વિશ્વમાં તે પરાત્પર જ આવિર્ભાવ પામે છે. જ્ઞાનપ્રાપ્તિને માટે આપણે પોતાના આત્માના જ્ઞાનથી કે વિશ્વના જ્ઞાનથી–ગમે ત્યાંથી–શરૂઆત કરીએ એ બાબત મહત્વની નથી. પરંતુ જો અધવચ

અટકી પડીએ નહિ તો છેવટ આ પરાત્પર સુધી પહોંચ્યા વગર રહીશું નહિ. આવા જ્ઞાનયોગનું છેવટ સુધી અનુશીલન કરવાનું વ્યવહારૂ પરિણામ શું એ પ્રશ્ન ફક્ત બાકી રહે છે. એમાં ત્રણ શકયતાઓ છે: પ્રથમ તો આપણા વ્યક્તિત્વનો અને વિશ્વના અસ્તિત્વનો સંપૂર્ણ લય સાધી એ અજ્ઞાત અને અજ્ઞેયમાં સંપૂર્ણપણે એક થઇ જઇએ. બૌદ્ધમતના આગ્રહી અનુયાયીઓ એ સ્થિતિને 'નિર્વાણ' કહે છે. બીજી, અક્ષર નિર્વિકાર અપૌરુષેયમાં વ્યક્તિતાનો લોપ કરી નાંખીએ અને વિશ્વજીવનથી પર થઇ જઇએ. ત્રીજી, એ કે આત્મા, બ્રહ્મ અને પરાત્પર જે પ્રમાણે વિશ્વજીવનનો સ્વીકાર કરે છે તે પ્રમાણે જ્ઞાની પણ તેનો સ્વીકાર કરે. અર્થાત્, બ્રહ્મની પેઠે જ્ઞાનીમાં પણ દિવ્ય તપઃશકિત જાગ્રત થાય, પોતાના મૌલિક – દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરે અને વિશ્વમાં તથા વ્યકિતમાં થતી દિવ્ય ઊર્ધ્વ ગતિને મુકત રહીને ભેટી શકે,—સ્વીકારી શકે,—અને સંપૂર્ણ પ્રભુત્વ સહિત તેને સહાય કરે. પૂર્ણયોગમાં આ ત્રીજી સ્થિતિની પ્રાપ્તિ જ આદર્શ ગણાય છે.

### કર્મની – આવિર્ભાવના સ્વીકારની – અગત્ય

હવે આપણને જણાય છે કે જ્ઞાનમાર્ગને અંતે વિશ્વજીવનનો ત્યાગ થવો જ જોઇએ એવું કાંઇ ફલિત થતું નથી; કારણ કે પરાત્પર જેમાં આપણે મગ્ન થઇએ છીએ, જેમાં





લય પામવા માટે આપણે પ્રવેશીએ છીએ તેમાં જ્ઞાન સંપૂર્ણ અને આખરી હોય છે તે છતાં પણ તે વિશ્વમાં પોતાની લીલાને ટકાવી રાખે છે. વળી આપણે એમ પણ ધારવાનું નથી કે આપણને જ્ઞાનપ્રાપ્તિ થઇ ગઇ એટલે આપણે માટે તો દુનિયાનો હેતુ સિદ્ધ થઇ ચૂકયો અને તેનો ત્યાગ કરવો જ યોગ્ય છે. કારણ કે વ્યકિતમાં રહેલા અંતિમ મૌલિક તત્ત્વ જોડે – પોતાના અંતરમાં – એકતાનો સાક્ષાત્કાર સાધકને પ્રથમ થાય છે. છતાં વ્યકિતમાં બ્રહ્મનો આવિર્ભાવ થવો તો બાકી જ રહે છે. બ્રહ્મનો એ આવિર્ભાવ સર્વમયતારૂપે થાય છે એટલે જે પ્રમાણે જગતના મહાન પુરુષો પોતાના ઉદાહરણથી, હાજરીથી તેમ જ કાર્યથી બ્રહ્મના આવિર્ભાવમાં ભાગ લે છે તે પ્રમાણે વ્યકિતએ પણ (ભાગ) લેવો જોઇએ. પરંતુ જ્યાં સુધી આપણે અહંપ્રધાન વ્યકિતતામાં રહીએ છીએ ત્યાં સુધી એ પૂર્ણતા, એ સાર્થકતા મળી શકતી નથી. કારણ કે એ નિમ્નભૂમિકા તો કેવળ તૈયારી કરવા માટેનું ક્ષેત્ર છે. તેનામાં અંતિમ સાર્થકતા હોવી શક્ય નથી. વ્યકિતમાં બ્રહ્મચેતના જાગ્રત થયા સિવાય વિશ્વમાં બ્રહ્મનો આવિર્ભાવ કદી પણ શક્ય નથી. અને તેટલા માટે જીવનમુકત આત્માઓએ કર્મનો સ્વીકાર કરવો જ જોઇએ.

### પરાત્પરને સત્ અને આવિર્ભાવ બન્ને સ્વરૂપે જાણવો.

આ રીતે આપણે માટે જ્ઞાનપ્રાપ્તિનો ઉદ્દેશ, ખરૂં જોતાં,

ખેવડો છે. એક તો આપણે શુદ્ધ મૌલિક આત્મચેતનાનો સાક્ષાત્કાર કરવાનો છે અને તેની સાથે સાથે તેના આવિર્ભાવ-દ્વારા પણ તેનું જ્ઞાન મેળવવાનું છે. અર્થાત્ આપણે બ્રહ્મનું મૌલિક જ્ઞાન મેળવવાનું છે તથા તે ઉપરાંત વિશ્વમાં વ્યાપી રહેલા અને કાર્ય કરી રહેલા બ્રહ્મનું જ્ઞાન પણ પ્રાપ્ત કરવાનું છે. પરાત્પર, અવ્યક્ત, અનિર્વચનીયનું તથા વ્યક્તિ અને વિશ્વમાં થતી તેની ઉત્ક્રાંતિનું જ્ઞાન આપણે મેળવવાનું છે. પૂર્ણજ્ઞાનની આ વ્યાખ્યા છે, અને તેને જ આપણે સમગ્રપણે સ્વીકારીએ છીએ. આપણે એ સત્ય જીવનમાં હમેશને માટે કોતરી રાખીશું કે સર્વત્ર અને સર્વ સ્થિતિમાં વિશ્વ સમસ્ત એક છે — અદ્વિતીય છે. પોતાના વિચારની તથા અભીપ્સાની સગવડ માટે માનવ મન એ સનાતન અદ્વૈતમાં વિભાગો કરે છે, – ભેદ ઊભા કરે છે. જીવનમુક્ત જ્ઞાની જગતમાં કર્મ કરતો છતાં એ એકતાને ગુમાવતો નથી, તેમ તે પોતાના જ્ઞાનને ખેવડું પણ હોતો નથી, કારણ કે પરાત્પર જેટલો કેવળ, અનિર્વચનીય – આત્મ-વિલયમાં છે તેટલો જ તે વિશ્વની ક્રિયામાં પણ રહેલો છે.

---



પ્રકરણ ૨ જું

## જ્ઞાનાવસ્થા

### યૌગિકજ્ઞાન એટલે શું?

**યૌગિકજ્ઞાનનો** હેતુ આત્માનું, એટલે કે વિશુદ્ધ સત્ તરીકે તથા જગતમાં થતા આવિર્ભાવરૂપે – એમ બન્ને પ્રકારે – પ્રભુનું, જ્ઞાન મેળવવાનો છે. એનો અર્થ એ થયો કે સામાન્ય વસ્તુના — દાખલા તરીકે જડ પદાર્થના તથા જીવનના વિવિધ બાહ્ય નામરૂપોના, યા તો વિચારો તથા કર્મ ઉત્પન્ન કરનાર છાછરા માનસના — જ્ઞાનનો યૌગિકજ્ઞાનમાં કાં તો બિલકુલ જ સમાવેશ થતો નથી, યા તો સીધે સીધી રીતે, અને તેમને પોતાને ખાતર, એ જ્ઞાન પ્રાપ્ત કરવાનો તેનો ઉદ્દેશ નથી. એટલે સાધારણ માણસો જ્ઞાનનો જે અર્થ કરે છે તેના કરતાં યોગી જે જ્ઞાનને માટે પ્રયત્ન કરે છે તે જુદા જ પ્રકારનું હોવું જોઇએ. સાધારણ રીતે જીવનની, મનની, તથા પદાર્થોને લગતી હકીકતોનો તથા એ હકીકતોનું શાસન કરનાર નિયમો વગેરેનો બુદ્ધિપૂર્વક અભ્યાસ કરવો

એને આપણે જ્ઞાન કહીએ છીએ. એ બુદ્ધિના જ્ઞાનનો આધાર આપણી ઇન્દ્રિયોના માત્રાસ્પર્શો ઉપર અને એ સંસ્પર્શો ઉપર રચાયલા તર્ક ઉપર હોય છે. એ જ્ઞાનપ્રાપ્તિના હેતુઓ પણ જુદા જુદા હોય છે. પરંતુ કાંઇક અંશે બુદ્ધિને સંતોષવા માટે, કાંઇક અંશે વ્યવહારૂ ઉપયોગિતા સાધવા માટે, અને *શક્તિની વૃદ્ધિ કરવા માટે એ જ્ઞાન મેળવવામાં આવે છે, કેમ જે એ જ્ઞાનવડે આપણા પોતાના અને બીજાઓનાં જીવન ઉપર કાબુ મેળવી શકાય છે. એ ભૌતિક જ્ઞાનવડે પ્રકૃતિના ગૂઢ બળો ઉપર વિજય મેળવીને માનવના હેતુઓ સાધવા માટે, અર્થાત્, બીજાઓને મદદ કરવા કે દુઃખ દેવા, યા તો વિનાશ કરવા, કે ઉન્નત કરવા, કે અવનતિમાં પાડવા માટે તેનો ઉપયોગ માનવ કરી શકે છે. યોગમાં આપણે તો આખા જીવનનો સમાવેશ કર્યો છે, એટલે તેમાં જ્ઞાનના સર્વ વિષયો અને હેતુઓ સમાઇ જાય છે. એવી યોગસાધના પણ છે જેનો ઉપયોગ આત્મલાલન માટે તેમજ આત્મ-વિજય માટે, અન્યને દુઃખ દેવા માટે તેમ અન્યને તારવા

---

*"યોગને લીધે શક્તિ ખીલે છે, પછી સાધકની ઇચ્છા હોય કે ન હોય. એ શક્તિ બેધારી તલવાર જેવી છે: તેનો સદુપયોગ અને દુરૂપયોગ બન્ને થઇ શકે છે. તેનાથી ઉત્પત્તિ અને વિનાશ બન્ને કરી શકાય છે; વિનાશ એટલે હમેશાં પાપ જ એવું નથી."





માટે, કરી શકાય છે. પરંતુ "આખા જીવન"નો અર્થ માનવજાતિ હમણાં ગાળે છે તેવું જ જીવન એવો થતો નથી. પરંતુ જે ઊર્ધ્વ ચેતનામય જીવન ગાળવાની માનવમાં શક્યતાઓ રહેલી છે, છતાં હજી સુધી જે જીવન માનવજાતિએ મેળવ્યું નથી તેનો સમાવેશ પણ "સમગ્ર જીવન"માં થાય છે. એ ઊર્ધ્વ ચેતનાનું 'જ્ઞાન' મેળવવું એ જ્ઞાનયોગના અભ્યાસનો ઉચિત અને વિશિષ્ટ હેતુ છે.

## જીવનનું — અને જ્ઞાનનું અંતિમ રહસ્ય

ઉચ્ચ પ્રકારના જીવનની એ શક્યતા બુદ્ધિ જેમાં પ્રધાન છે એવા અત્યારના માનવમાનસની સુધારણા કરવામાં, વિશેષ ક્રિયાત્મક શક્તિ મેળવવામાં, અથવા તો વધારે શુદ્ધ ચારિત્ર અને નૈતિક જીવન પ્રાપ્ત કરવામાં જ પરિસમાપ્ત થતી નથી. એ જીવનની શ્રેષ્ટતા માનસિક વિકાસની ચોક્કસ ઇયત્તા — ઉચ્ચાંશ — પ્રાપ્ત કરવા ઉપર નહિ પરંતુ કેવળ ભિન્ન પ્રકારની ચેતના પ્રાપ્ત કરવા ઉપર આધાર રાખે છે. તેનાથી આપણા જીવનની રીતિ કેવળ બદલાય છે એટલું જ નહિ પરંતુ તેનો આખો પાયો જ સદંતર બદલાઇ જાય છે. યૌગિકજ્ઞાન અસ્તિત્વના મૂળનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે. ઉપનિષદની ભાષામાં કહીએ તો "જેને સમ્યક જાણવાથી સઘળું સમ્યક જાણી શકાય" છે તેને શોધવા માટે અને પ્રાપ્ત કરવા માટે યોગ પ્રયત્ન કરે છે આખું દૃશ્ય અને ઇન્દ્રિયગોચર જગત, તેમ જ

જે અદશ્ય છે, અગોચર છે, તે સઘળું મન અને ઇન્દ્રિયોથી પર, – અગોચર; એવી કોઇ વસ્તુનો આવિર્ભાવ છે એવી માન્યતા યોગમાં આરંભથી સ્વીકૃત છે. તેને પ્રાપ્ત કરીને જ આપણે જગતને યથાર્થ રીતે જાણી શકીએ. ઇન્દ્રિયો અને તેના બાહ્ય સ્પર્શોની જુબાની ઉપર વિવેકબુદ્ધિનો પ્રયોગ કરીને આપણે જે જ્ઞાન મેળવીએ છીએ તે સાચું જ્ઞાન નથી. તે જ્ઞાન તો જગતના ફક્ત બાહ્ય સ્વરૂપનું હોય છે. અને જે વાસ્તવિકતાની એ બાહ્ય સ્વરૂપો પ્રતિમાઓ છે,– પ્રતીકો છે, તેને આપણે પ્રથમ જાણીએ નહિ ત્યાં સુધી એ દશ્ય પદાર્થોને પણ આપણે યથાર્થપણે જાણી શકીશું નહિ. એ વાસ્તવિકતા એટલે તેમનો આત્મા; સર્વમાં તે એક – અદ્વૈતરૂપે – છે.

## યોગનો ઉદ્દેશ: ઇન્દ્રિયાતીત જ્ઞાનપ્રાપ્તિ

એ તો સ્પષ્ટ જ છે કે આપણે જડ, ઇન્દ્રિયગોચર વસ્તુઓનું ગમે તેટલું પૃથક્કરણ કર્યા કરીએ તો પણ તેનાથી આપણને આત્માનું અથવા ઈશ્વરનું જ્ઞાન કદી પણ નહિ મળે. દૂરબીન, સૂક્ષ્મદર્શકયંત્ર, નળીઓ, બાટલીઓ અને યંત્રોનો ઉપયોગ કરીને આપણે સ્થૂલ પદાર્થનું વધારે ને વધારે સૂક્ષ્મ જ્ઞાન મેળવીએ એ બનવાજોગ છે. પરંતુ સ્થૂલથી પર એમની ગતિ નથી. એટલે ઇન્દ્રિયો અને તેના યાંત્રિક ઉપકરણોની મદદથી આપણને જે જ્ઞાન મળે છે તે જ સત્ય તત્ત્વનું જ્ઞાન છે, અને તેના સિવાય બીજું સત્ય હોઇ શકે જ





નહિ, અથવા તો, એવી અન્ય પ્રકારની જ્ઞાનપ્રાપ્તિનાં બીજાં સાધનો પણ શક્ય નથી એમ આપણે સ્વીકારીએ તો પછી આપણે એક જ અનુમાન દોરવાનું રહે છે અને તે એ કે વિશ્વમાં જેટલું જડ છે, પાર્થિવ છે, તેટલું જ વાસ્તવિક છે! અર્થાત્, આત્મા, ઈશ્વર, વગેરે કાંઇ જ નથી! આપણી અંદર "હું" એવું જે કાંઈ આપણે માનીએ છીએ તે પણ મગજ, જ્ઞાનતંતુ અને શરીર એ ત્રણનો સંયોગ માત્ર છે. આપણે તો પ્રથમથી જ એ આધ્યાત્મિક વાસ્તવિકતાઓનો સ્વીકાર કર્યો છે એટલે આપણા મૂળ અનુમાન ઉપર આવ્યા વિના નહિ ચાલે.

## જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો: ભૌતિકજ્ઞાનનાં સાધનો

હવે આપણી ઇન્દ્રિયોને અગોચર એવો આત્મા જો ખરેખર અસ્તિત્વમાં હોય જ, તો તો ભૌતિકશાસ્ત્રોમાં વપરાતાં સાધનો કરતાં જુદાં જ સાધનો અને ઇન્દ્રિયોવડે આપણે તેને શોધી અને જાણી શકીશું. પરંતુ એ કરણ બુદ્ધિ નથી. આપણી બુદ્ધિ કેટલાંક ઇન્દ્રિયાતીત સત્યોને ગ્રહણ કરી શકે છે, અને તેમને બરાબર સમજી લઇને વિચારરૂપે રજુ કરી શકે છે એ વાત ખરી છે. ઉદાહરણ તરીકે, ભૌતિકશાસ્ત્રોમાં શક્તિનો યાને બળનો વિચાર ઘણા આગ્રહપૂર્વક સ્વીકારવામાં આવ્યો છે. પરંતુ "શક્તિ" યાને "બળ" એ કેવળ એક "વિચાર" છે. પોતાની સાબિતીઓ અને પ્રમાણોથી પર

થાય છે ત્યારે જ બુદ્ધિ વિચારને પ્રાપ્ત કરી શકે છે. વિશ્વમાં વ્યાપી રહેલ એ બળને આપણે પ્રત્યક્ષ કરી શકતા નથી, પરંતુ ફક્ત તેના પરિણામને જાણીએ છીએ, અને તે ઉપરથી અનુમાનવડે તેનું અસ્તિત્વ સ્વીકારીએ છીએ. તે જ પ્રમાણે માનવ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને આત્માના અસ્તિત્વ વિષે પણ અનુમાન બાંધી શકે છે, તથા બુદ્ધિની ખાત્રી કરી શકે છે. અને એ પ્રતીતિ અન્ય સાક્ષાત્કારોના પ્રારંભ તરીકે ખૂબ વાસ્તવિક, જ્યોતિર્મય અને સમર્થ હોય છે. વળી બુદ્ધિવડે પૃથક્કરણ કરીને સ્પષ્ટ વિચારોને વ્યવસ્થિત રીતે, યા તો સત્ય વિચારોને વ્યવસ્થિત પદ્ધતિમાં, આપણે રજુ કરી શકીએ એ બનવાજોગ છે. પરંતુ એ જ્ઞાનની પ્રાપ્તિ યોગનો ઉદ્દેશ નથી. કારણ કે તે જ્ઞાન અસરકારક – સચોટ – નથી નીવડતું. એક માણસ બુદ્ધિગ્રાહ્ય જ્ઞાનમાં સંપૂર્ણ હોય તો પણ બુદ્ધિના જ્ઞાન કરતાં કશું જ વધારે તેનામાં ન હોય, — તે પૂર્વે હતો તેવો ને તેવો જ હોય, — એ બનવાજોગ છે. યોગમાં સમગ્ર જીવનનું પરિવર્તન કરવાનો ઉદ્દેશ છે, તે એ પ્રકારના જ્ઞાનવડે બિલકુલ ન સધાય એમ પણ બને.

### જ્ઞાનનાં સાધનો વિચાર – વિવેક

'વિચાર' અને 'વિવેક' એ બે જ્ઞાનયોગનાં ઉપયોગી સાધનો ગણાય છે એ સાચું છે. પરંતુ તેમનો ઉદ્દેશ જ્ઞાન-





યોગના ભાવાત્મક પરિણામને પ્રાપ્ત કરવાનો નહિ પરંતુ મુશ્કેલીઓને દૂર કરવાનો છે. સામાન્ય બુદ્ધિજન્ય વિચારો તો ઘણી વાર જ્ઞાનના માર્ગમાં અંતરાયરૂપ થઈ પડે છે, કેમકે તે વિચારો ઇન્દ્રિયોની ભૂલોના ઉપર આધાર રાખતા હોય છે. વળી એ વિચારો જડ પદાર્થ અને સ્થૂલ દેહ, પ્રાણ તથા શક્તિ, આવેશો અને લાગણીઓ, વિચારો અને ઇન્દ્રિયો સત્ય છે એવી માન્યા ઉપર રચાયલા હોય છે. અર્થાત, આપણે એ વસ્તુઓ સાથે એકતા કરીએ છીએ : આપણે તે સર્વેને આત્મસ્વરૂપ ગણીએ છીએ. અને તેથી જ વાસ્તવિક આત્માનું આપણને જ્ઞાન થતું નથી. એટલા માટે જ્ઞાનયોગના સાધકે તો આ અંતરાયને દૂર કરીને આત્મા અને જગત વિષે સત્ય વિચારો બાંધવા જોઈએ. હવે મુશ્કેલી એ છે કે જ્ઞાનદ્વારા આપણે આત્માને કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ, જો આપણને આત્મા શું છે તેનો કાંઈ પણ ખ્યાલ ન હોય તો? તેમાં વળી આપણી બુદ્ધિમાં આત્મા વિષે ઊંધા વિચારો દાખલ થઇ ગયા હોય તો પછી સત્ય કેવી રીતે પ્રાપ્ત થાય? આ મુશ્કેલી દૂર કરવા માટે પ્રથમ સમ્યક – વિચારની જરૂર છે. એ પ્રમાણે ઇન્દ્રિયોનાં સ્ખલનો, કામનાઓ, જૂના સંસ્કારો તથા બુદ્ધિના પક્ષપાતોથી મુક્ત એવા સમ્યક વિચાર કરવાનો અભ્યાસ સ્થાપન થાય એટલે બુદ્ધિ આપોઆપ શુદ્ધ થાય છે, અને પછી જ્ઞાનની પ્રાપ્તિમાં ગંભીર પ્રકારની અડચણ કરતી અટકે છે. તો પણ સમ્યક –

વિચારની પાછળ જ્યારે દૃષ્ટિ, અનુભવ અને સાક્ષાત્કાર પ્રાપ્ત થાય છે ત્યારે જ તે જ્ઞાન અસરકારક નીવડે છે.

## દૃષ્ટિ એટલે શું ?

હવે "દૃષ્ટિ", "અનુભવ" વગેરે શું છે ? એ વસ્તુઓ આત્મનિરીક્ષણ, કે આત્મપૃથક્કરણની માનસિક ક્રિયા માત્ર નથી. અલબત્ત, સમ્યક્-વિચાર પેઠે આત્મનિરીક્ષણ અને પૃથક્કરણ ઘણાં જ ઉપયોગી સાધનો છે અને અભ્યાસમાં તેમના વિના સાધક ચલાવી લઈ શકતો નથી. વળી, તે સાધનોનો બરાબર ઉપયોગ કરવામાં આવે તો તેનાથી બળવાન અને સમર્થ વિચારની સાધકને પ્રાપ્તિ થાય છે. વિવેકશક્તિથી જેમ બુદ્ધિ વિશુદ્ધ થાય છે તેજ પ્રમાણે એ સૂક્ષ્મ, માનસિક ક્રિયાઓ પણ અંતઃકરણની શુદ્ધિ કરવામાં ઘણી મદદ કરે છે. વળી તે સાધનોવડે એક પ્રકારનું આત્મજ્ઞાન પણ મળે છે, તથા હૃદયની તથા અંતરાત્માની અવ્યવસ્થા દૂર થઇ જાય છે, તથા બુદ્ધિની અવ્યવસ્થા પણ ટળી જાય છે. આત્માના જ્ઞાનના માર્ગમાં સર્વ પ્રકારનું આત્મજ્ઞાન આવી રહેલું છે. ઉપનિષદમાં કહ્યું છે કે સ્વયંભૂએ પોતાનાં બારણાં એવી રીતે ગોઠવ્યાં છે કે તે બધાં બહારની બાજુએ જ પડે છે! એટલે ઘણા ખરા માનવો બહાર જ – જગતના દેખાવો પ્રત્યે જ – નજર કરે છે. શાંત વિચાર અને સ્થિર જ્ઞાનનો અધિકારી એવો કોઇ વિરલ





ધીર પુરુષ જ પોતાની દૃષ્ટિને અંતર તરફ વાળે છે, આત્માનું દર્શન કરે છે, અને અમરતા પ્રાપ્ત કરે છે. એ આંતરદૃષ્ટિ કરવામાં માનસિક આત્મનિરીક્ષણ અને આત્મ-પૃથક્કરણ ઘણી જ ઉપયોગી શરૂઆત થઈ પડે છે. બીજી વસ્તુઓના અંતરમાં જોઇ શકીએ તે કરતાં આપણા પોતાના અંતરમાં ઘણી જ સહેલાઇથી આપણે નિરીક્ષણ કરી શકીએ છીએ. કારણ કે બહારના પદાર્થનું જ્ઞાન મેળવવામાં પ્રથમ તો આપણને તે પદાર્થનું બાહ્ય – સ્વરૂપ નડે છે, અને બીજું એ છે કે તે પદાર્થના સ્થૂલ સ્વરૂપથી ભિન્ન જે તેનો આત્મા તેમાં વ્યાપી રહેલો હોય છે તેનો આપણને પહેલેથી અનુભવ હોતો નથી, એટલે પણ મુશ્કેલી નડે છે. શુદ્ધ બુદ્ધિ અથવા શાંત મનમાં આત્માનું પ્રતિબિંબ પડે, અથવા તો, સમર્થ એકાગ્રતાવડે વિશ્વમાં અને પ્રકૃતિમાં પ્રભુનું દર્શન કરી શકાય. પરંતુ એ પ્રમાણે ક્વચિત જ અને મુશ્કેલીથી બની આવે છે.* આત્મા કેવી રીતે

---

* એક લેખે જોવા જઇએ તો અંતરના કરતાં બહારની દુનિયામાં આત્માનો સાક્ષાત્કાર કરવો સહેલો પણ ગણાય, કારણ કે ત્યાં આગળ આપણને અહંતાનું બંધન નડતું નથી. આપણને હું એટલે પરિમિત વ્યક્તિ એવું ભાન બાહ્ય જગતમાં જોવાથી થતું જ નથી. એટલે પ્રભુની પ્રાપ્તિમાં નડતી એ મુશ્કેલી તો એ પ્રમાણે દૂર થાય છે.

આવિર્ભાવ પામે છે તે આપણે પોતાના અંતરમાં સૌથી સારી રીતે જોઈ શકીએ છીએ એટલું જ નહિ પરંતુ આત્મા પોતાના મૂળ સ્વરૂપને પાછો કેવી રીતે પ્રાપ્ત કરી શકે તે પણ આપણે અંતરમાં બરાબર જોઇ શકીએ છીએ. પ્રાચીન તત્ત્વવેત્તાઓએ "આત્માને ઓળખ" એવી જે આજ્ઞા આપી છે તે જ્ઞાન તરફ આપણને દોરવાને પ્રથમ સૂત્ર તરીકે હમેશાં રહેશે. પરંતુ આત્મનિરીક્ષણ, આત્મપૃથક્કરણ વગેરે ઉપાયોવડે આપણા માનસનું જે જ્ઞાન આપણને મળે છે તે આત્માના ગુણોનો – તેની પ્રકૃતિનો – જ અનુભવ છે, તે કાંઈ શુદ્ધ આત્મજ્ઞાન નથી.

## સાક્ષાત્કારની સાબિતી

આપણે અત્યાર સુધીમાં જોયું કે યોગમાં જે જ્ઞાનાવસ્થા ગણાય છે તે કેવળ બુદ્ધિની વિચારમય સ્થિતિ, અથવા તો, સત્યનો સ્પષ્ટ વિવેક માત્ર નથી. વળી, માનવ માનસની જ્ઞાનજ્યોતિર્મય સ્થિતિ પણ તે નથી. એ જ્ઞાન એટલે સાક્ષાત્કાર : એટલે, અસંદિગ્ધ પ્રત્યક્ષ પ્રતીતિ. આપણા પોતાના અંતરને તથા અંતરમાં આત્માને પ્રત્યક્ષ કરવો એનું નામ સાક્ષાત્કાર છે. એ આત્મા વિરાટ છે, તે પરાત્પર છે. એ સાક્ષાત્કાર થયા પછી પ્રકૃતિના ગુણોને આત્માની મુક્ત દૃષ્ટિવડે જ જોઇ શકાય છે, તથા વિશ્વજીવનના અત્યારના બાહ્ય અને આંતર સંજોગોમાં આત્માના આવિર્ભાવની





વિકારશીલગતિ એ જ પ્રકૃતિના ગુણોનું વાસ્તવિક સ્વરૂપ છે એમ સમજાય છે. એ સાક્ષાત્કારની અનુક્રમે ત્રણ ભૂમિકાઓ છે: ૧. દૃષ્ટિ એટલે કે આંતર દૃષ્ટિ, ૨. અંતરાત્મામાં ઘન અનુભૂતિ, ૩. લય યાને તાદાત્મ્ય.

## દૃષ્ટિ

પ્રાચીન ઋષિઓ "દૃષ્ટિ"નું મૂલ્ય ઘણું જ ઊંચું આંકતા. તેથી માનવ કેવળ મીમાંસક મટી જઇને "ઋષિ" અથવા "કવિ" થઇ શકતો. સ્થૂલ દૃષ્ટિવડે જેમ વસ્તુ માત્ર પ્રત્યક્ષ થાય છે તે પ્રમાણે અતીન્દ્રિય અને સૂક્ષ્મ વસ્તુઓ આત્માને પ્રત્યક્ષ અને વાસ્તવિક થાય છે. ભૌતિક જગતમાં જ્ઞાનનાં બે સ્વરૂપો હોય છે: ૧. પ્રત્યક્ષ અને ૨. પરોક્ષ; યાને જે આપણી દૃષ્ટિની સામે અને તેની બહાર હોય તેનું જ્ઞાન. જ્યારે કોઇ પણ પદાર્થ આપણી સામે હોતો નથી ત્યારે આપણે અનુમાન, કલ્પના, સાદૃશ્ય વગેરેથી તેનો ખ્યાલ ઉત્પન્ન કરવો પડે છે, — જેમણે તે પદાર્થ જોયો હોય તેમનાં વર્ણનો વાંચવાં પડે છે અથવા, જો હોય તો, ચિત્રો જોવાં પડે છે. એ બધાની સામગ્રીને ભેગી કરીને આપણે તે પદાર્થનો, જેટલો બને તેટલો, સ્પષ્ટ ખ્યાલ મેળવી શકીએ ખરા, તો પણ આપણે તે પદાર્થને યથાર્થ જાણ્યો નહિ ગણાય. હજી તે પદાર્થ આપણે માટે એક સંશયરહિત વાસ્તવિકતા થઇ નથી. પરંતુ વાસ્તવિકતાનું વિચારમય

સ્વરૂપ માત્ર હોય છે પરંતુ એક વાર આપણે પદાર્થને આપણી દૃષ્ટિવડે — અન્ય કોઇ પણ ઇન્દ્રિય એને માટે પૂરતી નથી — જોઇએ છીએ ત્યાર પછી તે પદાર્થ આપણો થઇ રહે છે: આપણે તેનો સાક્ષાત્કાર કર્યો ગણાય કારણ કે પછી હમેશને માટે જ્ઞાનસ્વરૂપે તે આપણા અસ્તિત્વનો ભાગ થઇ રહે છે. સૂક્ષ્મ આધ્યાત્મિક અનુભૂતિમાં પણ એ જ સત્ય લાગુ પડે છે. આત્માને વિષે સુંદર અને વિશદ વર્ણનો સાંભળીયે, તત્ત્વવિદો, અનુભવી જાણકારો અને પ્રાચીન પુસ્તકો મારફત તેને વિષે ચોક્કસ જ્ઞાન મેળવીએ;— વળી આપણે પોતે વિચાર, અનુમાન, કલ્પના, સાદૃશ્ય વગેરેનો ઉપયોગ કરી એક માનસિક મૂર્તિ અથવા ખ્યાલ ઊભો કરી શકીએ; મનન કરીને એ વિચારને આપણે મનમાં દૃઢતાપૂર્વક સ્થિર કરીએ; અથવા તો, નિદિધ્યાસન કરીને તેના જ ઉપર મનની એકાગ્રતા સાધીએ તો પણ આપણે તેનો સાક્ષાત્કાર કર્યો નહિ ગણાય. આપણે ઇશ્વરને જોયો નથી. દીર્ઘકાળ પર્યંત સતત – અખંડિત – એકાગ્રતાવડે, યા તો બીજા કોઇ પણ ઉપાયે, જ્યારે મનરૂપી પડદો ચીરાઇ જાય છે, અથવા તો દૂર ખસી જાય છે ત્યારે જ પ્રબુદ્ધ મનમાં આત્માની જ્યોતિનું પૂર – ज्योतिर्मयब्रह्मनुं પૂર – આવે છે, અને વિચારને બદલે જ્ઞાનદૃષ્ટિ જાગ્રત થાય છે. સ્થૂલ દૃષ્ટિએ જે પ્રમાણે સ્થૂલ પદાર્થ પ્રત્યક્ષ, વાસ્તવિક અને આબેહૂબ જણાય છે તે જ પ્રમાણે એ દૃષ્ટિને આત્મા પ્રત્યક્ષ થાયછે. એ દૃષ્ટિનો એક વાર અનુભવ થયા પછી





માનવની જ્ઞાનપ્રાપ્તિમાં અંધકાર ભલે આવે, કિંવા જ્ઞાનની જ્યોતિ ઝાંખી થતી ભલે લાગે, પરંતુ ત્યાર પછી આત્માનો સાક્ષાત્કાર તદ્દન નિર્મૂળ તો થઈ શકતો જ નથી. એ અનુભૂતિ વારે ને વારે જાગ્રત થાય છે અને જ્યાં સુધી સતત જાગ્રત ન રહે ત્યાં સુધી વારે વારે આવ્યા જ કરવો જોઇએ. ક્યારે અને કેટલો જલદી તે સાક્ષાત્કાર થાય છે તેનો આધાર કેટલી ભક્તિ અને કેટલા આગ્રહપૂર્વક આપણે આધ્યાત્મિક માર્ગનું અનુશીલન કરીએ છીએ તથા આપણામાં વસતા પ્રભુને આપણે કેટલી શક્તિથી અથવા તો ભક્તિથી ઘેરી લઇ શકીએ છીએ — તેના ઉપર રહેલો છે.

## દૃષ્ટિ પછી સાક્ષાત્કાર

'દૃષ્ટિ' એક પ્રકારનો આધ્યાત્મિક સાક્ષાત્કાર છે પરંતુ અંતરાત્માની ઘન અનુભૂતિ એટલેથી અટકી જતી નથી. દૃષ્ટિવડે સાધકને આત્માનું દર્શન થાય છે. પરંતુ તે તેને અંતઃકરણપૂર્વક સ્વીકારે જ એવું નથી. જે પ્રમાણે સાક્ષાત્કારની પ્રતીતિ થવા માટે પ્રારંભમાં કેવળ ચક્ષુરિન્દ્રિય પૂરતી હોય છે તો પણ સાક્ષાત્કારને વધારે સઘન કરવા માટે બીજી ઇન્દ્રિયોની સહાય લેવાની જરૂર પડે છે તે પ્રમાણે દૃષ્ટિવડે આત્માનો સાક્ષાત્કાર થયા પછી આપણાં એકેએક કરણમાં તેની પ્રાપ્તિ કરીએ તો જ તે સંપૂર્ણ થાય. આપણી ચેતનાના એકેએક વિભાગમાંથી, કરણમાંથી, પ્રભુને માટે

માગણી થવી જોઇએ, — જ્ઞાનની જ્યોતિવડે પ્રકાશિત કેવળ દૃષ્ટિમાંથી જ નહિ. કેવળ મનદ્વારા પણ આપણે આત્માનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ, અને આપણા મનમાં કેવળ માનસિક વિચારરૂપે જે ખ્યાલો રહેલા હોય છે તેમના અંતિમ સત્યને મન વડે અનુભવી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, "ચેતના," "શક્તિ," "આનંદ" વગેરેનાં જુદાં જુદાં કાર્યોનો માનસિક અનુભવ થઇ શકે છે અને એ પ્રત્યેક વિચારમાં રહેલું સત્ય આપણને જણાય છે. એ પ્રમાણે મનને આત્માના સાક્ષાત્કારની તૃપ્તિ મળે છે. વળી આપણે ચિત્તમાં અને હૃદયમાં પ્રેમરૂપે આત્માનો સાક્ષાત્કાર કરી શકીએ છીએ, અર્થાત્, આત્માનો પ્રેમ અને આનંદ આપણામાં અનુભવીએ છીએ, તેમ વિશ્વમાં પણ તેને પ્રાપ્ત કરીએ છીએ. એ રીતે હૃદયને પ્રભુપ્રાપ્તિની તૃપ્તિ મળે છે. વળી, સૌંદર્યદ્વારા પણ આત્માનો અનુભવ આપણને થાય છે. આપણા મન અને ઇન્દ્રિયોના ઉપર આપણે સરજેલા પદાર્થોની, યા તો પ્રકૃતિના ઉત્પન્ન કરેલા પદાર્થોની, અસર થતાં સર્વમાં અનુપમ સૌંદર્યરૂપે અને આનંદરૂપે વ્યાપી રહેલા આત્માનો અનુભવ આપણને થાય છે. એ પ્રમાણે ઇન્દ્રિયોને આત્માનુભવનો સંતોષ મળે છે. જેમ પ્રાણ-શક્તિમાં આપણને આત્માની સૂક્ષ્મ અભિવ્યક્તિનો અનુભવ મળે છે તેમ શરીરદ્વારા તેનો સ્થૂલમાં અનુભવ થઇ શકે છે. અર્થાત્, જ્યાં જ્યાં જીવન છે ત્યાં ત્યાં, સર્વે રૂપોમાં અને





ધાટોમાં, આપણા અંતરમાં તથા અન્ય માનવોમાં, યા તો જગતની અંદર કાર્ય કરી રહેલ શક્તિઓનાં એકેએક કાર્યમાં આત્માની પ્રતીતિ થાય છે. એ રીતે પ્રાણને અને દેહને પ્રભુપ્રાપ્તિની તૃપ્તિ મળે છે.

### અદ્વૈત : તાદાત્મ્ય

ઉપર જે અનુભૂતિઓ ગણાવી તે આત્મા સાથે એકતા યાને તાદાત્મ્ય પ્રાપ્ત કરવાના પ્રાથમિક ઉપાયો છે. દૃષ્ટિ અને અનુભવદ્વારા આપણે પોતાના જ આત્માનું દર્શન અને તેનો જ અનુભવ કરીએ છીએ. એટલે જ્યાં સુધી તે આત્મા જોડે આપણા આંતરજીવનની સંપૂર્ણ એકતા થાય નહિ ત્યાં સુધી 'દૃષ્ટિ' તથા 'અનુભવ' બન્ને અપૂર્ણ જ રહે છે. આપણે તો વેદાંતના મહાન સૂત્ર સોઽહમ્ — "હું તે છું." — નો આપણા એકેએક કરણમાં સાક્ષાત્કાર કરવો જોઇએ. આપણે ઈશ્વરનું દર્શન તથા તેનો અનુભવ કરવો જોઇએ એટલું જ નહિ પરંતુ આપણે તો તન્મય થઇ જવું જોઇએ. સર્વ નામરૂપથી પર, પરાત્પર પરમાત્મા જોડે આપણે એકતા સાધવી જોઇએ. તેને માટે અહંતાને દૂર કરીને તથા તેના સર્વ પરિવારને હાંકી કાઢીને તથા તેને ઠેકાણે એ બધાં જેમાંથી ઉત્પન્ન થયાં છે તેવા આત્મામાં જ તેનો લય કરવો જોઇએ. વળી વિશ્વમાં વિવિધ વિશિષ્ટ રૂપે આવિર્ભાવ પામી રહેલા બ્રહ્મ જોડે પણ એકતા કરવી જોઇએ. અનંત સત્, ચિત્ અને

શાંતિ તથા આનંદ રૂપે આપણા અંતરમાં જે પ્રગટ થાય છે તેની સાથે, તથા આપણાં કર્મોમાં, રૂપનાં ઘડતરોમાં, આત્મસ્વરૂપની લીલાનો વેશ તે ધારણ કરે છે તેમાં પણ આપણે તેની સાથે તન્મય થવું જોઇએ.

## યુરોપના કવિનો સુષુપ્તિનો અનુભવ

આત્મા અથવા તો ઈશ્વરનો બુદ્ધિના વિચાર ઉપરાંત બીજી જાતનો અનુભવ શી રીતે થઇ શકે એવો પ્રશ્ન આજકાલના માનસને ઘણીવાર થાય છે યુરોપની કલ્પનાશક્તિને, ઇંગ્લાંડના મહાન કવિ વર્ડઝવર્થે પ્રકૃતિમાં વ્યાપી રહેલ આત્માના સાક્ષાત્કારને કવિતામાં મૂકીને એ દૃષ્ટિનો તથા એ સમાધિ–લયનો કાંઈક ખ્યાલ આપ્યો છે તે જોવાથી આપણને યોગના અનુભવ વિષે કંઈક ઝાંખો ખ્યાલ આવશે. એનાં કાવ્યો વાંચતાં આપણને જણાય છે કે તેને પ્રકૃતિમાં સર્વ સ્થળે, સર્વ પદાર્થમાં કોઇ તત્ત્વ વ્યાપી રહેલું હોય એવો અનુભવ થતો હતો એ તત્ત્વ તેજ આત્મા. એ તત્ત્વ ચિન્મય છે, અને પદાર્થના નામરૂપથી સ્વતંત્ર છતાં નામરૂપનું કારણ અને તેમાં આવિર્ભૂત એવી કોઇ હાજરી તેને જણાતી. વળી, આપણને જણાય છે કે તેને એ આત્મતત્ત્વનું દર્શન તથા તેનાં અનુગામી તત્ત્વો શાંતિ, આનંદ અને સર્વમયતા પ્રાપ્ત થયાં હતાં એટલું જ નહિ પરંતુ તેનો ઇંદ્રિયગમ્ય સાક્ષાત્ અનુભવ પણ થયો હતો,— એટલે કે મનમાં, રસવૃત્તિમાં,





પ્રાણમાં અને સ્થૂલ શરીરમાં પણ થતો હતો. વળી તેને એ અનુભવ એના પોતાના અંતરમાં થતો હતો એટલું જ નહિ પરંતુ નજીક પડેલા પુષ્પમાં, તદ્દન સામાન્ય માનવમાં, અને જડ પર્વતમાં પણ તેને એનો જ સાક્ષાત્કાર થતો હતો. વળી કેટલીક વાર તો તે પોતાના ધ્યેય વિષય જોડે સંપૂર્ણ એકતા પણ પામી જતો હતો. એ અનુભૂતિની એક બાજુને તેણે "A slumbur did my spirit seal." — "મારો આત્મા એક અદ્‌ભુત નિદ્રામાં – સુષુપ્તિમાં – સરી પડ્યો" એ લીટીથી શરૂ થતા કાવ્યમાં આબેહૂબ વર્ણવી છે. તેમાં કવિ જણાવે છે કે એનો પોતાનો આત્મા પૃથ્વીની જોડે તન્મય થઇ ગયો અને "પૃથ્વીનાં વૃક્ષો, પથ્થરો અને પર્વતો સાથે તેણે સૂર્યની આસપાસ ભ્રમણ કર્યું" એ સાક્ષાત્કારને પ્રકૃતિથી પણ પર એવા આત્માને લાગુ કરો અને તેના કરતાં પણ વધારે ઉચ્ચ અને આધ્યામિક ભૂમિકાનો ખ્યાલ લાવો એટલે તમને યોગમાં "જ્ઞાન" કહે છે તેની કાંઇક કલ્પના આવશે. પરંતુ આ બધા અનુભવો, પરાત્પર ઇંદ્રિયાતીત અને મનસાતીત એવી વિજ્ઞાનની ભૂમિકાની દેવડી – તેનું આંગણું – માત્ર છે. એ પરમ ભૂમિકાની સંપૂર્ણ પ્રાપ્તિ પછી તો વિવિધ અનુભવો અનિર્વચનીય પરાત્પર જોડે એકતામાં લય પામે છે. જ્ઞાનયોગની એ ઉત્તમોત્તમ દશા છે, અને દિવ્ય આનંદ તથા દિવ્ય જીવનનું મૂળ પણ તેજ છે.

### પૂર્ણયોગમાં જ્ઞાનાવસ્થા

ઉપર જણાવેલી જ્ઞાનાવસ્થા એ જ્ઞાનમાર્ગનો અને પ્રત્યેક યોગમાર્ગનો અંતિમ હેતુ છે. પ્રત્યેક માર્ગનો છેવટ સુધી અભ્યાસ કરવામાં આવે તો ઉપર જણાવેલી પરમ ભૂમિકા સુધી પહોંચ્યા વિના રહેવાય જ નહિ. તેને પ્રાપ્ત કરવા માટે વિવેક, ચિંતન, એકાગ્રતા, આત્મનિરીક્ષણદૃષ્ટિ, અનુભૂતિ વગેરે યાત્રાના આરંભમાં આવે છે. એ પર ભૂમિકાને પ્રાપ્ત કરવા માટે જ પ્રેમદ્વારા અને રસવૃત્તિદ્વારા માનવહૃદય પ્રયત્ન કરે છે, અને તેને પ્રાપ્ત કરવા માટે તપઃશક્તિ કર્મ-દ્વારા, આત્મા શાંતિ અને આનંદદ્વારા પ્રયત્ન કરે છે. એ બધા માર્ગો તેના પ્રત્યે જવાની પગથીઓ યાને આરંભના માર્ગો છે. અને જ્યાં સુધી ઊર્ધ્વ ગતિ કરીને આપણે અનંત પ્રદેશમાં પહોંચીએ નહિ અને દિવ્ય દ્વારો ઉઘાડીને અનંત જ્યોતિ રેલાય નહિ ત્યાં સુધી આપણે તેમનો ઉપયોગ કર-વાનો છે.

---



## પ્રકરણ ૩ જું

# વિશુદ્ધ બુદ્ધિ

### જ્ઞાનાવસ્થા અને તેનાં પરિણામ

**આગલા** પ્રકરણમાં જ્ઞાનાવસ્થાનો વિચાર કર્યો તે ઉપરથી જ્ઞાનપ્રાપ્તિને માટે આપણે કયાં સાધનો વાપરવાં તે પણ નક્કી કરી શકાય છે. જ્ઞાનાવસ્થાની સંક્ષિપ્ત વ્યાખ્યા, એટલે વિજ્ઞાનનો યાને બુદ્ધિથી પર રહેલા તત્ત્વનો સાક્ષાત્કાર. એ સાક્ષાત્કારના પ્રતિનિધિ રૂપે આપણા મનનાં જુદાં જુદાં તત્ત્વો વિજ્ઞાનના સાક્ષાત્કાર માટે તૈયારી કરે છે અને એક વાર તેની પ્રાપ્તિ થયા પછી આપણાં સર્વે કરણોમાં તેનું વધારે સંપૂર્ણ પ્રતિબિંબ પડે છે. પરિણામે આપણા અસ્તિત્વનું દૃષ્ટિબિંદુ સમૂળ બદલાઇ જાય છે; અને જીવનની પુનર્ઘટના નવા દૃષ્ટિબિંદુ પ્રમાણે થાય છે. એ દૃષ્ટિબિંદુમાં પદાર્થનાં બાહ્ય સ્વરૂપોની તથા આપણી ચેતનાની છાછરી સપાટીનાં બાહ્ય કાર્યોની ગુલામીથી મુક્ત એવો એક,

સનાતન, પરમાત્મા કેન્દ્રસ્થાને હોય છે.

## આધ્યાત્મિક નવજન્મની બે ભૂમિકાઓ

ઉપર જણાવ્યા પ્રમાણે માનવતામાંથી દેવત્વને, વિભક્ત અને અસમ્વાદી ચેતનામાંથી એક આત્માને, તથા નામ-રૂપમાંથી સનાતન સત્યને પ્રાપ્ત કરવા માટે—એવો સંપૂર્ણ નવજન્મ લેવા માટે—સાધકે બે ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે. પ્રથમ તો તૈયારીનો, એટલે યોગ્યતા પ્રાપ્ત કરવાનો, સમય—જે દરમ્યાન આત્મા અને તેનાં કરણો એ પરિવર્તન માટે તૈયાર થાય છે. બીજી ભૂમિકામાં એ પ્રમાણે અધિકારી થયેલ આત્માનાં યોગ્ય કરણોદ્વારા સાક્ષાત્કાર અને જ્યોતિનું અવતરણ થાય છે. આ બે ભૂમિકાઓ એકબીજાની પાછળ જ આવે એવો કંઈ નિયમ નથી. એ બન્ને પરસ્પર સહાયક હોઈ સાથે જ કાર્ય કરે છે. આત્મા જેમ જેમ વધારે લાયક થાય છે તેમ તેમ તે વધારે ઊર્ધ્વ ગતિ કરે છે અને જ્ઞાનજ્યોતિ પણ વધતી જાય છે. અને જેટલા પ્રમાણમાં સાક્ષાત્કાર અને જ્ઞાન વધે છે તેટલા પ્રમાણમાં વિશુદ્ધિ વધીને આત્મા તથા તેનાં કરણો વધારે વ્યાપક જ્ઞાનને માટે અને ઉચ્ચ સાક્ષાત્કારને માટે વધુ ને વધુ લાયક બને છે. તૈયારી કરતાં કરતાં સાધકને અજ્ઞાનમય અંધકારની દશામાં લાંબો સમય ગાળવો પડે છે. વળી, જ્ઞાનજ્યોતિથી પ્રકાશિત આત્મવિકાસની ઋતુઓ પણ આવે





છે. એટલું જ નહિ પરંતુ કોઇક વાર લાંબા કે ટૂંકા સમય માટે, જ્ઞાનજ્યોતિર્મય આત્મસાક્ષાત્કારની સ્થિતિ પણ આવે છે. એવી ક્ષણે વિજળીના ચમકારાની પેઠે અલ્પજીવી હોય છે તો પણ આત્માનું આખું ભાવી તેઓ બદલી નાખે છે. કોઇક વાર એ અમૂલ્ય ક્ષણ કલાકોના કલાકો અને દિવસો અને સપ્તાહો સુધી પણ લંબાય છે અને જ્ઞાનસૂર્યની સતત જ્યોતિમાં, યા તો તેની આભામાં, સાધક દિવસોના દિવસો ગાળે છે. એ સર્વ અનુભવદ્વારા માનવનો આત્મા પ્રભુ પ્રત્યે દોરાયા પછી પોતાના નવજન્મમાં સ્થિર થાય છે, અને પૂર્ણતાને માટે લાયક બની સત્ય જીવનને પ્રાપ્ત કરે છે.

## કરણોની વિશુદ્ધિ—બુદ્ધિની

એ પરિવર્તનને માટે સૌથી પહેલી જરૂરિયાત આપણાં પોતાનાં સર્વ કરણોને શુદ્ધ કરવાની છે, અને તેમાં પણ જ્ઞાનમાર્ગને માટે તો બુદ્ધિની વિશુદ્ધિ ખાસ અગત્યની છે, કારણ કે બુદ્ધિ એ સત્યનું દ્વાર ઉઘાડવાની ચાવી છે. બુદ્ધિને શુદ્ધ કરવી હોય તો અન્તઃકરણના બીજા ભાગોને શુદ્ધ કર્યા વિના ન જ ચાલે. અશુદ્ધ હૃદય, અશુદ્ધ ઇન્દ્રિયો તથા અશુદ્ધ પ્રાણ બુદ્ધિના કાર્યમાં વિક્ષેપ કરે છે, તેને મોહમાં ફસાવે છે, તેનાં અનુમાનોને એકતરફી બનાવી મૂકે છે, તેની દૃષ્ટિને ઝાંખી કરે છે અને જ્ઞાનને ઊંધે રસ્તે વાપરે છે. તે જ પ્રમાણે અશુદ્ધ શરીર પણ બુદ્ધિના કાર્યને ગૂંગળાવે છે, માટે સાધકે

સંપૂર્ણ શુદ્ધિને માટે પ્રયત્ન કરવો જોઇએ. પરંતુ એ કાર્યમાં પણ કરણોનો એકબીજાના ઉપર આધાર રહેલો છે. અર્થાત્ આપણા અન્તઃકરણમાં એક પણ ભાગની વિશુદ્ધિથી બીજા બધા ભાગોને લાભ થાય છે. દાખલા તરીકે, આપણા હૃદયના આવેશોને ક્રમે ક્રમે શાન્ત કરી નાખવામાં આવે તો તેનાથી બુદ્ધિની વિશુદ્ધિ વધે છે. તેજ પ્રમાણે વિશુદ્ધ બુદ્ધિ અસ્વસ્થ અને અશાન્ત લાગણીઓ ઉપર શાન્તિનું સામ્રાજ્ય ફેલાવે છે. અને તેમને જ્ઞાનજ્યોતિર્મય બનાવે છે. બધાં કરણો યાને અન્તઃકરણના બધા ભાગો, શુદ્ધ થવાથી એકબીજાને ઘણી સહાય મળે છે એ ખરૂં, તથાપિ બુદ્ધિની વિશુદ્ધિ બીજાં બધાં કરણોની વિશુદ્ધિ કરતાં સૌથી વધારે ઉપયોગી છે, કારણ કે તે બીજા બધા ભાગોના ઉપર પોતાનું રાજ્ય ફેલાવે છે. ગીતામાં પણ કહ્યું છે કે "नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते।" (અ. ૪, શ્લો. ૩૮). "જ્ઞાન એ જ આ દુનિયામાં પવિત્રમાં પવિત્ર વસ્તુ છે." જ્ઞાનજ્યોતિ સ્વચ્છતા, નિર્મલતા અને સંવાદનું મૂલ છે જેમ તમોરૂપ અંધકાર સર્વ દુરિતનું મૂળ છે. આપણે જાણીએ છીએ કે પ્રેમ એ હૃદયની વિશુદ્ધિ કરનાર છે, અને આપણી સર્વ લાગણીઓનું પ્રભુપ્રેમમાં રૂપાન્તર કરવાથી હૃદય પૂર્ણતાને પામી કૃત્ય કૃત્ય થાય છે. છતાં પ્રેમને પણ દિવ્ય જ્ઞાનથી વિશુદ્ધ કરવાની જરૂર હોય છે. પ્રભુ પ્રત્યેનો પ્રેમ અંધ, સંકુચિત અને અજ્ઞાનપૂર્ણ પણ હોઇ શકે છે, અને તેને પરિણામે ધર્માન્ધપણું અને અસહિ-





ષ્ણુતા ઉત્પન્ન કરી શકે છે. વળી, બીજી સર્વ વાતે શુદ્ધ હોય તો પણ તે પ્રેમ મર્યાદિત વ્યક્તિસ્વરૂપની બહાર, વિશિષ્ટ ઇષ્ટ દેવતા સિવાય અન્યમાં ઇશ્વરનું દર્શન કરવાની ના પાડે છે અને પ્રભુનું વાસ્તવિક અને અનન્ત પ્રકારે દર્શન કરવાના પ્રયત્નથી તે પાછો પડે છે અને એ રીતે આપણી પૂર્ણતાને તે મર્યાદિત કરે છે. વળી માનવ પ્રત્યેનો પ્રેમ પણ સાધકને અતિશયોક્તિ અને અજ્ઞાન પ્રત્યે દોરી જઇ શકે છે. વિશુદ્ધ બુદ્ધિ જ તેને તેમાંથી બચાવી લે છે.

### ઇન્દ્રિયોને વશ મન અને વ્યવહારૂ સમજણ –

પરંતુ પ્રથમ તો બુદ્ધિનો અર્થ શો છે અને તેની વિશુદ્ધિ એટલે શું તે પણ આપણે જાણવું જોઇએ. સંસ્કૃતમાં "બુદ્ધિ" શબ્દ જે અર્થમાં વપરાયો છે તેજ અર્થમાં આપણે અહીં તેને વાપરીશું. એટલે બુદ્ધિના કાર્યમાંથી સર્વ પ્રકારના સારાનઠારા, ખરાખોટા, મિથ્યા, સત્ય વગેરે ઇન્દ્રિયોના સંસ્કારોનો વિવેક કર્યા વગર સ્વીકાર કરનાર મનના કાર્યને બાતલ કરીશું. એટલા માટે અહિં આપણે એવા સંસ્કારોના ઉપર આધાર રાખનાર તર્ક અને વિવેકના ઉચ્ચ તત્ત્વોથી વંચિત એવા અસ્પષ્ટ વિચારોને પણ "બુદ્ધિ" એવું નામ નહિ આપીએ. વળી સામાન્ય માણસોમાં જે રોજના સામાન્ય વ્યવહારૂ વિચારોનો પ્રવાહ ચાલ્યા જ કરતો હોય છે તેને પણ આપણે "બુદ્ધિ" નહિ કહીએ; કારણ કે

તેમાં રોજની સામાન્ય ઇચ્છાઓ, જન્મથી જ મનમાં જામેલા સંસ્કારો, દુરાગ્રહો, તર્કવિતર્કો અને ગેરસમજૂતી વગેરેનો સમાવેશ થાય છે. અલબત્ત, તેમાં નવા વિચારો ક્વચિત્ ક્વચિત્ દાખલ કરવામાં આવે છે ખરા પરંતુ તે પ્રવાહ પણ આજુબાજુની પરિસ્થિતિમાંથી આવતો હોઇ તેને વગર વિચારે સ્વીકારવામાં આવે છે. અર્થાત્ એ સ્વીકારવામાં પણ "બુદ્ધિ"નો ઉપયોગ કરવામાં આવતો નથી. એ "વ્યવહારૂ સમજણ"થી માનવજાતિને પશુથી ઉપરની કોટિમાં આવવામાં ઘણી સહાય મળેલી છે એ ખરૂં તો પણ તે સમજણ પાશવતાથી માત્ર એક ડગલું જ આગળ વધેલી છે. અર્ધ-પાશવતાવાળી એ સમજણ ટેવને વશ હોય છે, વધારામાં તે કામનાની અને ઇન્દ્રિયોની પણ ગુલામ હોય છે. તેથી કરીને, તત્ત્વજ્ઞાનની કે ભૌતિક જ્ઞાનની કે આધ્યાત્મિક જ્ઞાનની શોધખોળ કરવામાં એ સમજશક્તિ આપણને જરા પણ ઉપયોગની નથી. આપણે તેનાથી પર થવું જ જોઇએ. એ વ્યવહારૂ બુદ્ધિ અથવા સામાન્ય સમજણની વિશુદ્ધિ કરવાનો સારામાં સારો ઉપાય એ છે કે તેને કાં તો દેશવટો આપવો યા તો તદ્દન શાન્ત કરી નાખવી કે પછી, તેનું શુદ્ધ બુદ્ધિમાં પરિવર્તન કરવું.

## બુદ્ધિ એટલે શું?

બુદ્ધિ એટલે બાહ્ય સંસ્કારોને ગ્રહણ કરનારી, નિર્ણય





કરનારી અને વિવેક કરનારી માનસિક શક્તિ અર્થાત્ ઇન્દ્રિયોથી, કામનાથી યા તો મહાવરાની ગુલામીથી સ્વતંત્ર એવી પ્રભુત્વ માટે તથા જ્ઞાનપ્રાપ્તિને માટે સ્વાભાવિક પ્રયત્ન કરનાર સાચી તર્કશક્તિ. માનવની અત્યારની સ્થિતિમાં તેની ઉત્તમોત્તમ બુદ્ધિ પણ ઉપર જણાવેલી મુક્ત અને પ્રભુત્વ યુક્ત રીતે કાર્ય કરતી નથી. પરંતુ જેટલા પ્રમાણમાં તે પોતાનાં કાર્ય કરવામાં નિષ્ફલ નીવડે છે તેનું કારણ એ હોય છે કે અર્ધ – પાશવ સમજણની ક્રિયા સાથે તે મિશ્ર થઈ ગઈ હોય છે, તે પોતે અશુદ્ધ હોય છે, તથા તેના પોતાના કાર્યમાં વારે વારે તેને બાધા નડે છે, અને તેને નિમ્ન ભૂમિકામાં ઘસડી પાડે છે. જ્યારે બુદ્ધિ વિશુદ્ધ છે ત્યારે એ નિમ્ન ક્રિયાઓ સાથે તે ભળી જતી નથી. એવી બુદ્ધિ પોતે સર્વ પદાર્થોથી સ્વતંત્ર થઇને નિષ્પક્ષપાતપણે જુએ છે, સર્વ વસ્તુઓની પરસ્પર સરખામણી, વિરોધ, સાદશ્ય વગેરે ઉપયોગ કરીને પ્રત્યેક પ્રત્યેકને તેને યોગ્ય સ્થાને ગોઠવે છે; વળી, પોતાના સમ્યક નિરીક્ષણ વડે પ્રાપ્ત કરેલી સામગ્રી ઉપરથી અનુમાન, વ્યાપ્તિ, વ્યાપ્તિનિર્ણય વગેરેની મદદથી તર્ક કરે છે. પોતાની સ્મૃતિમાં એ પ્રમાણે તર્કવડે પ્રાપ્ત કરેલ જ્ઞાનને સંઘરી શુદ્ધ કલ્પનાશક્તિની મદદથી તેમાં વધારો કરે છે તથા વ્યુત્પન્ન અને સુનિયત નિર્ણયશક્તિવડે સર્વ પદાર્થને જુએ છે. શુદ્ધ બુદ્ધિ એવી હોય છે તેના કાર્યના નિયમોમાં તટસ્થ અવલોકન, નિર્ણય અને તર્કશક્તિનો સમાવેશ થાય છે.

માનસિક બુદ્ધિથી પર ઊર્ધ્વ – બુદ્ધિ : દૃષ્ટિ

પરંતુ ઉપર જણાવેલા અર્થ કરતાં જુદા અને વધારે ગભીર અર્થમાં પણ "બુદ્ધિ" શબ્દ વપરાય છે. એ માનસિક બુદ્ધિ તો કેવલ નિમ્ન બુદ્ધિ છે. પરંતુ એનાથી ઉચ્ચ પ્રકારની જે બુદ્ધિ છે તે માનસિક તર્ક નથી પરંતુ "દૃષ્ટિ" છે. એ ઉચ્ચતર બુદ્ધિ માનસિક બુદ્ધિની પેઠે નિમ્ન ભૂમિકામાં પ્રતિષ્ઠિત નથી પરંતુ ઊર્ધ્વમાં અધ્યક્ષ તરીકે હોય છે. એટલે કે, પોતે જે સાબિતીઓની સામગ્રી અવલોકે છે તેને વશવર્તીને મુસીબતે જ્ઞાનની શોધ કરીને તેને પ્રાપ્ત કરનારી બુદ્ધિ તે નથી, તેનામાં જ્ઞાન સ્વયંસિદ્ધ જ હોય છે. એ આત્મસિદ્ધ જ્ઞાનને અન્તર્જ્ઞાન તથા દર્શનથી પરિપ્લુત વિચાર-વડે તે બુદ્ધિ પ્રગટ કરે છે. જ્યારે માનવનું મન વિચારના મંથનમાં ઘેરાયલું હોય છે અને પડદા પાછળથી તેની બુદ્ધિ ઉપર વીજળીના ચમકારા પેઠે જ્ઞાનવિદ્યુતના ચમકારા ખેલે છે ત્યારે જે જ્યોતિર્મય દર્શન થાય છે તે ઉપર જણાવેલા ઉચ્ચતર બુદ્ધિના અંતર્જ્ઞાનનો અને આધ્યાત્મિક દર્શનનો કાંઇક આછો ખ્યાલ આપી શકે. એવે સમય કોઇ ઉચ્ચ આધ્યાત્મિક ઉત્સાહના જોશમાં આવી જઇને માનવની ચેતના અંતર્જ્ઞાનની, અને પ્રેરણાની જ્યોતિના મહાસમર્થ પૂરનો સ્વીકાર કરે છે. કેમ જે અન્તર્જ્ઞાનની એ શક્તિ માનવમાં રહેલી છે જે વિજ્ઞાનમય ભૂમિકામાંથી આવતાં જ્યોતિના પૂરને ધારણ કરવાને પાત્ર તરીકે યા તો તેમને વહેવા માટે





નહેર તરીકે કામ લાગે છે. પરંતુ માનવમાં રહેલી એ અન્તર્જ્ઞાનની અને પ્રેરણાની શક્તિનું કાર્ય અપૂર્ણ – સ્ખલનશીલ અને તૂટક તૂટક થતું હોય છે. સાધારણ રીતે માનવનું હૃદય વિષમ પરિસ્થિતિમાં હોય છે, યા તો તેની બુદ્ધિ ગભરાયેલી હોય છે, ત્યારે જ એવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. પરંતુ ઊર્ધ્વ જ્ઞાનશક્તિની એ ભેટ માનવના સચેત મનમાં પ્રવેશ કરે તે પહેલાં તો લાગણીઓ અને વિચાર તેને સામે લેવા માટે જઇ પહોંચે છે અને તેના ઉપર અસર કરે છે એટલે એનું કાર્ય વિશુદ્ધ હોતું નથી કારણ કે બુદ્ધિ યા તો હૃદયની જરૂરિયાત પ્રમાણે તેનામાં ફેર થયો હોય છે. અને જ્યારે સચેતન મનની અંદર એ ઊર્ધ્વ શક્તિની જ્યોતિ પ્રવેશ કરે છે કે તુરત જ બુદ્ધિ તેને એકદમ ઝડપી લે છે અને તેને વિખેરી નાંખે છે, યા તો બુદ્ધિના અપૂર્ણ જ્ઞાન સાથે તે બંધબેસતી થાય તેટલા માટે તેના કકડા કરી નાંખે છે, યા તો હૃદય તેનો કબજો લે છે અને આપણી અંધ યા તો અર્ધ – અંધ એવી લાગણીભરી કામના તથા રાગને અનુકૂલ થાય એ રીતે એમાં વિકાર કરે છે. એટલું જ નહિ પણ કેટલીક વાર તો એ ઊર્ધ્વ જ્ઞાનનો કેવલ નિમ્ન વાસનાઓ કબજો લે છે અને માનવની પાશવ ક્ષુધાઓ અને વાસનાઓ તૃપ્ત કરવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

## ઉચ્ચતર બુદ્ધિની ક્રિયાનાં પરિણામો

જો એ ઉચ્ચતર બુદ્ધિ આપણા માનસનાં બીજાં કરણોથી સ્વતંત્ર રહીને પોતાનાં કાર્ય બજાવે તો તે શુદ્ધ સત્યનાં જ સ્વરૂપો આપે. અવલોકનને બદલે દષ્ટિની શક્તિ જાગ્રત થાય; એ દષ્ટિ ઇન્દ્રિયોની અને મનની મદદ વિના પદાર્થનું જ્ઞાન મેળવી શકે છે. વળી, એ ઉચ્ચતર બુદ્ધિ જાગ્રત થતાં કલ્પનાશક્તિને બદલે સત્યની સ્વયંપ્રેરણા જાગ્રત થાય છે. તર્કને બદલે પદાર્થો વચ્ચેના સંબંધનું સાહજિક જ્ઞાન જાગ્રત થાય છે અને વિવેકવાળી બુદ્ધિના નિર્ણયને બદલે અંતર્જ્ઞાનની શક્તિનું કાર્ય શરૂ થાય છે. અત્યારે બુદ્ધિની નિર્ણયશક્તિને પ્રયત્નપૂર્વક નિર્ણય કરવો પડે છે તેને ઠેકાણે જુદાં જુદાં સ્વરૂપોમાં આપોઆપ પ્રકાશિત એવા સત્ય વિચારનું દર્શન થાય છે. વળી આપણી સ્મરણ-શક્તિ પણ વર્તમાન જીવનમાં મન ઉપર પડેલા સંસ્કારોના ભંડોળની જ નહિ બનેલી હોય, પરંતુ તેનું સ્થાન સર્વ જ્ઞાન-સામર્થ્યવાળી સ્મરણશક્તિ લેશે અને તેમાંથી ભૂતની અને ભવિષ્યની સ્મૃતિ પણ જાગ્રત થશે. ત્યાર પછી સર્વ જ્ઞાન આપણને સ્મૃતિના જેવું જ લાગશે. આપણો આદર્શ એ સત્યની ચેતનાવાળી જ્ઞાનશક્તિ પ્રાપ્ત કરવાનો છે પરંતુ અત્યાર સુધી એ શક્તિનો સંપૂર્ણ અને ખુલ્લે ખુલ્લો ઉપયોગ કરવાની શક્તિ અત્યારની માનવતાથી પર હોઇ તે દેવતા-ઓનો જ ખાસ અધિકાર છે.





## વિશુદ્ધિ કેવી જોઇએ ?

આ પ્રમાણે બુદ્ધિ અને બુદ્ધિથી પર જે જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉચ્ચ બુદ્ધિ છે તેનો ભેદ આપણે જાણ્યો. એ ઉચ્ચ બુદ્ધિને આપણે "આદર્શ બુદ્ધિ" કહીશું. માનવની અર્ધ–પાશવ સામાન્ય સમજણ તથા બુદ્ધિ વચ્ચે જેટલો ફેર છે તેટલો જ ફેર "આદર્શ બુદ્ધિ" અને "માનસિક બુદ્ધિ" વચ્ચે રહેલો છે. હવે આપણને જણાશે કે સત્ય જ્ઞાનની પ્રાપ્તિનું પોતાનું કાર્ય બુદ્ધિ બરાબર કરી શકે તેટલા માટે તેને કેવા પ્રકારની વિશુદ્ધિની જરૂર છે. અશુદ્ધિ એટલે કાર્યની અવ્યવસ્થા – ધર્મની સંકરતા. પ્રત્યેક વસ્તુનું અદલ અને આપોઆપ સાચું કાર્ય તે તેનો ધર્મ. જ્યારે જુદાં જુદાં ધર્મો એકબીજાની જોડે ભેળસેળ થઇ જાય ત્યારે અશુદ્ધિ ઉત્પન્ન થાય છે અને પ્રત્યેક વિભાગ જ્યારે તેના પોતાના ધર્મ પ્રમાણે વર્તે છે ત્યારે તે શુદ્ધ કાર્ય કરે છે. એવું શુદ્ધ કાર્ય આપણી પૂર્ણતાને માટે જરૂરનું છે. પરંતુ જ્યારે ધર્મ સંકર થાય છે ત્યારે એક કાર્ય બીજાનાં ધર્મને સ્વીકારે છે અને પોતાના ધર્મનો ત્યાગ કરે છે.

## અશુદ્ધિનું પ્રથમ કારણ : કામના અને ચિત્તનો સંકર

બુદ્ધિની અશુદ્ધિનું પ્રથમ કારણ તો એ છે કે તેના વિચારના કાર્યમાં કામનાઓ ધસારો કરે છે. હવે કામના પોતે પ્રાણમાં અને ચિત્તમાં સેળભેળ થઇ ગયેલ તપઃશક્તિની અશુદ્ધિ છે. જ્યારે શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરવાની તપઃશક્તિના

કાર્યમાં ઇચ્છાઓ અને વાસનાઓ દખલ કરે છે ત્યારે વિચારનું કાર્ય ઇચ્છાને વશ થાય છે, અને તે પોતાને પ્રાપ્ત કરવાના વિષયો મૂકીને બીજા વિષયો તરફ દોરાય છે, અને પરિણામે પોતે ગૂંચવાઈ પડી અવ્યવસ્થિત થઇ જાય છે. તેથી બુદ્ધિએ કામનાના અને લાગણીઓના ઘેરામાંથી નીકળી જવું જોઇએ. અને એના હુમલામાંથી પૂરેપૂરા મુક્ત થવા માટે પ્રાણ અને ચિત્ત બન્નેને પણ વિશુદ્ધ કરવાં જોઇએ. પ્રાણમાં ભોગ કરવાની તપઃશક્તિ હોવી જોઇએ કારણ કે તે પ્રાણનો ધર્મ છે. પરંતુ ભોગની પસંદગી કરવી, યા તો તેને માટે આતુર થવું એ પ્રાણનું કાર્ય નથી એ કાર્ય તો બીજાં ઉચ્ચ કરણોનું છે; એટલે પ્રાણને જે કાંઇ ભોગ કે પ્રાપ્તિ થાય તેનો આનંદ લેવાનું શિક્ષણ તેને મળવું જોઇએ. અર્થાત્ પ્રભુની તપઃશક્તિને વશ થઇને જીવનમાં જે કાંઇ ભોગ અને વસ્તુઓ પ્રાપ્ત થાય તેનો આનંદ લેવાની ટેવ પ્રાણને પડવી જોઇએ. અને પ્રાણમાંથી આસક્તિ અને વાસના તો નીકળી જ જવી જોઇએ. તેજ પ્રમાણે ચિત્તને અથવા હૃદયને પણ પ્રાણની અને ઇન્દ્રિયોની તાબેદારીમાંથી મુક્ત કરવું જોઇએ અને પરિણામે ક્રોધ, ભય, દ્વેષ, કામ વગેરે અસત્ય લાગણીઓ નીકળી જવી જોઇએ. એ લાગણીઓ ચિત્તની અશુદ્ધિ છે. હૃદયનો સ્વાભાવિક ધર્મ પ્રેમ છે, પરંતુ પ્રેમનો વિષય પસંદ કરવો અથવા તો તેને માટે આતુર થવું એ હૃદયનો ધર્મ નથી. એવી પસંદગી અને આતુરતાનો ત્યાગ





કરવો જોઇએ યા તો તેને શાંત કરવી જોઈએ. હૃદયને ગભીર અને ગાઢ પ્રેમ રાખતાં શીખવવું જોઇએ, પરંતુ એ ગભીરતા શાન્ત અને એ ગાઢતા સ્થિર અને સમતાયુક્ત હોવી જોઇએ, — નહિ કે અસ્વસ્થ અને અવ્યવસ્થિત. પ્રાણ અને ચિત્તનું શમન અને તેમનો સંયમ — જેને યોગની પરિભાષામાં શમ અને દમ કહે છે તે — એ બન્ને બુદ્ધિમાંથી અશુદ્ધિ, અજ્ઞાન અને વિકૃતિ દૂર કરવાનો પ્રથમ ઉપાય છે. એ શુદ્ધિ એટલે પ્રાણ અને ચિત્તની કેવળ સમતા સ્થાપન કરવી તે. કર્મ-યોગની શરૂઆતમાં જેમ આપણે સમતાની જરૂર સ્વીકારવી પડી હતી તેજ પ્રમાણે જ્ઞાનયોગની સાધનામાં પણ સમતા પ્રથમ સૂત્ર છે.

## બીજી અશુદ્ધિ: ઇન્દ્રિયોને વશ મનનો સંકર

બુદ્ધિની અશુદ્ધિનું બીજું કારણ ઇન્દ્રિયોની મોહજાળ અને ઇન્દ્રિયોથી બંધાયેલું મન બુદ્ધિના કાર્યમાં માથું મારે છે તે છે. જે જ્ઞાન ઇન્દ્રિયોના સંસ્કારોને વશ છે તે સત્ય જ્ઞાન હોઇ શકે જ નહિ. ઇન્દ્રિયોના એકે એક સંસ્કારને પ્રાથમિક સૂચક માત્ર ગણીને તેમની જુબાનીને તો આપણે વારે વારે સુધારવાની તથા કોરાણે મૂકવાની હોય છે. ભૌતિક-શાસ્ત્રમાં પણ જ્ઞાનપ્રાપ્તિનો આરંભ કરવા માટે ઇન્દ્રિયો આપણને સામાન્ય ઘટનાઓ વિષે જે જ્ઞાન આપે છે તેનાથી પર થઇને, યાને તે ઘટનાઓના બાહ્ય સ્વરૂપને છોડીને, તેમાં

વધારે ઊંડા ઉતરવાથી જ આપણને વિશ્વશક્તિનું ભૌતિક જ્ઞાન મળે છે. તેજ પ્રમાણે આપણી ઇન્દ્રિયો જગતનાં તત્ત્વોને વિષે આપણને જે ખોટી માહિતી આપે છે તેની પરીક્ષા કરવી એ મીમાંસાની શરૂઆત છે. ઇન્દ્રિયવશ જીવનની પરિમિતતાઓ સ્વીકારવાનો ઇન્કાર કરવો, તથા દશ્ય અને ઇન્દ્રિયગોચર વિશ્વને વાસ્તવિકતાની બાહ્ય ઘટના તરીકે જ ગણવી એ આધ્યાત્મિક જ્ઞાનનું પ્રથમ પગલું છે.

### તેને દૂર કરવાનો ઉપાય

એટલે પ્રાણ અને ચિત્તની પેઠે ઇન્દ્રિયાધિષ્ઠિત મનને પણ તદ્દન શાન્ત કરવાની જરૂર છે. વિચાર અને નિર્ણયનું કાર્ય મને બુદ્ધિને સોંપી દેવું જોઇએ. હવે જ્યારે બુદ્ધિ આપણા મનનાં કાર્યથી તદ્દન સ્વતંત્ર થઇને દૂર રહે છે ત્યારે જ આપણે મનને તેની ક્રિયાત્મક સ્થિતિમાં બરાબર જોઇ શકીએ છીએ! તે વખતે આપણને મન એક સતત ગોળ ગોળ ફર્યા કરતા વમળ જેવું લાગે છે. તેમાં એના એ વિચારો, એના એ જ સંસ્કારો અને કામનાઓ સતત ગોળ ગોળ ફર્યા કરતી લાગે છે. પરંતુ એ ગતિમાં કોઇ જાતનો અનુક્રમ હોતો નથી, વ્યવસ્થા હોતી નથી, તેમ જ્ઞાન પણ હોતું નથી. એ તો નિરર્થક, અજ્ઞાન અને નિષ્ફલતાના ચક્રમાં ફરી ફરીને અટવાયા કરવા જેવું જ લાગે છે! સામાન્ય રીતે માનવની બુદ્ધિ મનની એ ગતિને સ્વીકારી તેમાં કાંઇક





વ્યવસ્થા તથા અનુક્રમ લાવવાને મથે છે, પરંતુ તેમ કરવા જતાં બુદ્ધિ પોતે જ તેમાં ભેરવાઇ પડે છે અને તેનામાં પણ અવ્યવસ્થા, અશાન્તિ, અજંપો અને ટેવની ગુલામી, તેમ જ અકારણ અંધ પુનરાવર્તન કરવાની ટેવ વગેરે દાખલ થવા પામે છે. પરિણામે એવી બુદ્ધિ પરિમિત, ઊંધે માર્ગે દોરનાર તથા મૂર્ખાઇ ભરેલું અને નિરર્થક સાધન નીવડે છે. મનરૂપી આ તરલ, અશાન્ત, અસ્વસ્થ અને ઉગ્ર પ્રવાહને તો તદ્દન શાન્ત કરી દેવો એ જ સારામાં સારો ઉપાય છે. હવે તેને શાન્ત કરી દેવાના બે રસ્તા છે. એક તો અંતરમાંથી તેને તદ્દન જુદું પાડીને શાન્ત કરી શકાય છે અને બીજો રસ્તો એ છે કે આપણી બુદ્ધિને એવી દૃઢ એકાગ્રતાવાળી અને અવ્યભિચારી રાખવી કે જેથી મન જેવું બહારનું, અવ્યવસ્થા ઉત્પન્ન કરનારૂં તત્ત્વ તેમાં દાખલ થવા પામે જ નહિ.

### બુદ્ધિની અશુદ્ધિનું ત્રીજું કારણ

બુદ્ધિની અશુદ્ધિનું ત્રીજું કારણ બુદ્ધિનામાં પોતાનામાં જ રહેલું છે. જ્ઞાન મેળવવાની તપઃશક્તિ ખોટે માર્ગે કાર્ય કરે છે, ત્યારે તે અશુદ્ધિ ઉત્પન્ન થાય છે. ખરૂં છે કે બુદ્ધિમાં જ્ઞાન મેળવવાની તપઃશક્તિ જોઇએ પરંતુ તેમાં પણ પસંદગી અને જ્ઞાનને માટે આતુરતા એ બન્ને માર્ગ રોકે છે અને વિકૃતિ લાવે છે. એ પ્રમાણે બુદ્ધિ કેટલાક વિચારોને તથા અભિપ્રાયોને પક્ષપાતથી અને આસક્તિથી વળગી રહે

છે, અને બીજા વિચારો અને અભિપ્રાયોમાં રહેલા સત્યને ઢાંકી દેવાની વૃત્તિ તેનામાં આવી જાય છે. એવા માણસો સત્યના ટુકડાઓને વળગી રહે છે, પરંતુ સત્યની પૂર્ણતાને માટે જરૂરના એવા બીજા અગત્યના ભાગોથી તેઓ દૂર રહે છે. વળી, જ્ઞાનની બાબતમાં પણ તે કેટલુંક જ્ઞાન પસંદ કરે છે અને બીજાનો ત્યાગ કરે છે; તથા, પોતાના ભૂતકાલને લઇને, મનમાં સ્વીકારેલા વિચારોને પણ તે અંગત આસક્તિથી વળગી રહે છે. બુદ્ધિમાં સંપૂર્ણ સમતા સ્થાપન કરવાથી તથા તેમાં પ્રમાણિકપણાનો ગુણ લાવવાનો પ્રયત્ન કરવાથી, તેમ જ બુદ્ધિમાં નિસ્વાર્થીપણું કેળવવાનો પણ પ્રયાસ કરવાથી એ દોષ દૂર કરી શકાય છે. શુદ્ધ બુદ્ધિમાં કામના વગેરે બાધ નહિ કરે એટલું જ નહિ પરંતુ, તે બુદ્ધિ અમુક વિચાર કે સત્ય પ્રત્યે પક્ષપાત પણ નહિ રાખે તેમ જ કોઇ સત્યનો દ્વેષ પણ નહિ કરે. વળી, એવી બુદ્ધિને પોતાને જે વિચારોની વાસ્તવિકતા વિષે તદ્દન ખાત્રી હશે તેમના પ્રત્યે પણ તે આસક્તિ નહિ ધરાવે. તેમના વિષે તે એવો આગ્રહ નહિ ધરાવે કે જેથી સત્યની સમતુલામાં ખામી આવે અને પરિણામે પૂર્ણ અને સમગ્ર જ્ઞાનમાંથી કોઇ પણ તત્ત્વ બાકી રહી જાય!

### બુદ્ધિથી પર તત્ત્વનું આહ્‌વાન

ઉપર કહ્યા પ્રમાણે જે બુદ્ધિ વિશુદ્ધ થઇ હોય તે વિચાર-





શક્તિનું તદ્દન સ્થિતિસ્થાપક, પૂર્ણ અને દોષરહિત સાધન થઇ રહે છે. વળી, તે અવસ્થા બાધાનાં અને વિકારનાં નિમ્ન કારણોથી તદ્દન મુક્ત હોવાને લીધે આત્માનાં તથા વિશ્વનાં સંપૂર્ણ સત્યોને ગ્રહણ કરવાને વધારેમાં વધારે લાયક હોય છે. પરંતુ વાસ્તવિક જ્ઞાનની પ્રાપ્તિ માટે એના કરતાં કાંઇ વધારે જોઇએ છે. કારણ કે ખરૂં જ્ઞાન બુદ્ધિથી પર છે. એટલે આપણી બુદ્ધિ સત્ય જ્ઞાનની પ્રાપ્તિમાં આપણને નડે નહિ એટલા માટે બુદ્ધિથી ચઢિયાતા તત્ત્વને આપણે પ્રાપ્ત કરવું જોઇએ. અને બુદ્ધિના સક્રિય વિચારકને માટે ઘણી જ મુશ્કેલ અને તેની પ્રકૃતિને ઘણી જ નાપસંદ એવી બુદ્ધિની નિષ્ક્રિય અવસ્થા તેણે પોતાનામાં કેળવવી જોઇએ. એવી નિષ્ક્રિયતાથી બેવડો હેતુ સધાય છે, એટલે બે જુદા જુદા પ્રકારની નિષ્ક્રિયતા મેળવવી જોઇએ.

### અંતર્જ્ઞાનની ક્રિયામાં રૂપાંતર

આપણે આગળ જોયું છે કે કેવળ બુદ્ધિથી જે વિચાર ઉપજે છે તે જ્ઞાનપ્રાપ્તિને માટે બસ નથી. એ કાંઇ ચિંતનની ઉત્તમોત્તમ દશા નથી. ઉચ્ચમાં ઉચ્ચ વિચારશક્તિ – intuition – અંતર્જ્ઞાનમાંથી આવે છે, વિજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી બુદ્ધિ ઉપર આધાર રાખવાના અભ્યાસનો અને નિમ્ન પ્રકૃતિના કાર્યનો માનવ ગુલામ હોય છે ત્યાં સુધી અન્તર્જ્ઞાનની શક્તિના સંદેશા તેને અવચેતના મારફત જ

મળી શકે છે, અને જાગ્રત મનમાં પહોંચતા પહેલાં તો તે લગભગ સંપૂર્ણપણે વિકૃત બની જાય છે. અને કદાચ એ શક્તિ સચેતન રીતે કાર્ય કરે છે તો તે વિરલ પ્રસંગે જ અને ઘણી અપૂર્ણતા ભરેલી રીતે જ. આપણામાં "આદર્શ બુદ્ધિ"નું કાર્ય સતત જાગ્રત રહે તેટલા માટે બુદ્ધિની અને તેની વચ્ચે, મન અને બુદ્ધિની વચ્ચે સ્વીકાર્યો તેવો ભેદ કરવો જોઈએ. પરંતુ એ કાર્ય કાંઈ સહેલું નથી. કારણ કે અન્તર્જ્ઞાનના સંદેશામાં બુદ્ધિની ક્રિયાનું મિશ્રણ થઈ જાય છે એટલું જ નહિ પરંતુ બીજાં ઘણાંએ માનસિક કાર્યો અન્તર્જ્ઞાનની ક્રિયાનો પહેરવેશ ધારણ કરે છે અને વાનર પેઠે, તેનું અનુકરણ કરે છે. એનો ઉપાય એ છે કે પ્રથમ તો બુદ્ધિને સાચા અન્તર્જ્ઞાનના કાર્યને ઓળખતાં અને ખોટાથી તેનો વિવેક કરતાં શીખવવું જોઇએ. એ પ્રમાણે વિવેક કરીને બુદ્ધિ જ્યારે અમુક નિર્ણય ઉપર આવે ત્યાર પછી તે બુદ્ધિના નિર્ણયને બાજુ ઉપર મૂકી દઇને કેવલ શાન્ત થઇ દિવ્ય જ્ઞાનના અવતરણ માટે બુદ્ધિથી પર જોવાનો તેણે અભ્યાસ પાડવો. આ પ્રમાણે અભ્યાસ કરવાથી માનસિક વિચાર કરવાની ટેવને જ્યોતિર્મય અન્તર્જ્ઞાનના રૂપમાં પરિવર્તન પમાડી શકાય છે, યા તો બુદ્ધિની પાછળ કાર્ય કરનાર એ ઊર્ધ્વ શક્તિના કાર્યની આવૃત્તિ, વિશુદ્ધિ અને સચેતન શક્તિમાં ખૂબ વધારો કરી શકાય છે. એ પરિવર્તન જ્યારે સંપૂર્ણપણે સિદ્ધ થાય ત્યારે આદર્શ પ્રાપ્ત થયો ગણાય.





બુદ્ધિએ જ્ઞાનની એ આદર્શ શક્તિને તાબે રહેવું જોઇએ અને તેના પ્રત્યે નિષ્ક્રિય બનવું જોઇએ.

### મનની નીરવ નિસ્પંદ સ્થિતિ

આત્માનું જ્ઞાન થવાને માટે તો બુદ્ધિની સંપૂર્ણ નિષ્ક્રિયતા સાધવાની જરૂર છે. અર્થાત્ સર્વ વિચારને દૂર કરી દેવાની અને કોઇ પણ પ્રકારનો વિચાર નહિ કરવાની શક્તિ સાધકે કેળવવી જોઇએ. ગીતાએ પણ એક સ્થળે "न किंचिदपि चिन्तयेत्"। "કોઇ પણ પ્રકારનો વિચાર કરવો નહિ," એવું કહ્યું છે. પશ્ચિમના માણસોને આ વિચાર ઘણો જ ભારે પડવાનો સંભવ છે કારણ કે તેઓ મનને સર્વોપરિકરણ ગણતા હોઇ વિચાર નહિ કરવાની શક્તિને – સંપૂર્ણ નીરવતાને – તેઓ વિચાર કરવાની અશક્તિ માની બેસવાનો પણ સંભવ છે. પરંતુ નિશ્ચલ નીરવતાની એ શક્તિ વસ્તુતઃ એક શક્તિ છે, અશક્તિ નથી. એ નીરવતા ગહન અને અર્થપૂર્ણ હોય છે. શાન્ત, સ્વસ્થ અને નિર્મલ સરોવરની પેઠે જ્યારે બુદ્ધિ કેવલ નિસ્પંદ હોય છે ત્યારે તે માણસ મનથી પર થાય છે, અને ત્યારે જ તેને આત્માના વિશુદ્ધ તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. આત્મા સર્વ ક્રિયાનો અને આવિર્ભાવનો કર્તા છે, તે સર્વ વિશ્વને ઉત્પન્ન કરનાર અનંત શાન્તિસ્વરૂપ છે; અને એ સર્વ સંબંધો તથા પરિમિત વસ્તુઓ ઉત્પન્ન કરનાર છતાં નિરપેક્ષ તે આપણા વિશુદ્ધ

અને શાન્ત અન્તઃકરણમાં પ્રતિબિમ્બિત થાય છે. કેવલ શાન્તિમાં જ મૌનનો ધ્વનિ સંભળાય છે! અર્થાત્ આત્મા વિશુદ્ધ શાન્તિમાં સાક્ષાત્ થાય છે. એટલા માટે જ આત્માને "શાન્તિ" અને "મૌન" કહી વર્ણવવામાં આવે છે.



પ્રકરણ ૪ થું

## એકાગ્રતા

### આપણાં કરણોની સ્થિતિ

**વિશુદ્ધિને** સહાય કરવા માટે એકાગ્રતાની જરૂર છે. સ્ત્રી અને પુરુષ, નિષ્ક્રિય અને ક્રિયાવાન, જેમ એક જ અસ્તિત્વની જુદી જુદી બાજુઓ છે તેજ પ્રમાણે વિશુદ્ધિ અને એકાગ્રતા પણ એક જ ચેતનાની બે જુદી જુદી બાજુઓ છે. જ્યારે વિશુદ્ધિ હોય ત્યારે જ એકાગ્રતા સમગ્ર, અસરકારક અને સર્વશક્તિમાન થાય છે; એકાગ્રતા આવ્યા પછી જ વિશુદ્ધિ કાર્ય કરે છે, અને એકાગ્રતા વિનાની એકલી પવિત્રતાનું પરિણામ નિષ્ક્રિય શાંતિ અથવા સનાતન અકર્મ સ્થિતિ હોય છે. વળી, આપણે આગળ જોઈ ગયા તેમ પવિત્રતા અને એકાગ્રતાના વિરોધો વચ્ચે પણ ઘણો સારો સંબંધ છે. અશુદ્ધિ એટલે ધર્મસંકરતા — આપણા

અંતઃકરણનાં જુદાં જુદાં કરણોનું અનિયમિત, અવ્યવસ્થિત અને મિશ્ર કાર્ય. દેહી પોતાના જ્ઞાનને પોતાની શક્તિ ઉપર એકાગ્ર કરતો નથી તેથી કરીને એ અશુદ્ધિ જન્મે છે. આપણી પ્રકૃતિની ખામી એ છે કે બાહ્યસ્પર્શો તેના ઉપર એક પછી એક અવ્યવસ્થિત રીતે, યા તો સંયમ વગર, ઝપાટાબંધ સંસ્કારો નાંખે જાય છે, અને આપણી પ્રકૃતિ જડ હોય તેમ તે બાહ્યસ્પર્શોને વશ થાય છે. તેમ થયા પછી કેવળ અસ્પષ્ટ અને અપૂર્ણ એકાગ્રતા સ્થાપન કરવાને પ્રકૃતિ પ્રયત્ન કરે છે; પરંતુ તે પ્રયત્ન અનિયમિત અને અવ્યવસ્થિત હોય છે. એવી એકાગ્રતા, ઓછા કે વધારે પ્રમાણમાં, અકસ્માતને વશ હોઇ આ કે તે—એક કે બીજી વસ્તુને તે પસંદ કરે છે તે તેના ઉચ્ચ આત્માની કે નિર્ણય કરનાર બુદ્ધિની મરજી પ્રમાણે નહિ પરંતુ તરલ, ક્ષુબ્ધ, અનિશ્ચિત અને શીઘ્ર ક્લાંત નિમ્ન મનની સિફારસ પ્રમાણે. આધ્યાત્મિક પ્રગતિમાં એ મન આપણો મુખ્ય શત્રુ છે. આવી સ્થિતિમાં વિશુદ્ધિ યાને આપણા અંતઃકરણની સ્વચ્છ, શુદ્ધ, અને તેજસ્વી સ્થિતિ તથા દરેકે દરેક કરણ પોતાનો ધર્મ બરોબર બજાવે એવી વ્યવસ્થા હોવી અશક્ય છે. જુદાં જુદાં કરણો પરિસ્થિતિને અને બાહ્યસ્પર્શોને વશ હોવાથી એકબીજા જોડે ભેળસેળ થઇ જ જવાનાં, પોતપોતાનું નિયત કાર્ય કરતાં પરસ્પર અટકાવવાનાં, જુદી જ દિશામાં વળી જવાનાં, તથા વિકૃત થવાનાં. જે પ્રમાણે એકાગ્રતા વિના વિશુદ્ધિ





પ્રાપ્ત નથી કરી શકાતી, તે જ પ્રમાણે વિશુદ્ધિ વગર સંપૂર્ણ અને સહજ એકાગ્રતા પણ નથી મેળવી શકાતી. આખી ચેતનાને સમ્યકજ્ઞાન, સમ્યકશક્તિ અને સમ્યકભાવ ઉપર એકાગ્ર કરવા માટે વિશુદ્ધિની જરૂર છે. તેના વિના આધ્યાત્મિક અનુભૂતિની સલામત સ્થિતિ પ્રાપ્ત કરવી અશક્ય છે. તેટલા માટે વિશુદ્ધિ અને એકાગ્રતા બન્નેએ પરસ્પર હાજરીથી બીજાની પ્રાપ્તિમાં સહાય કરતાં બન્નેએ સાથે સાથે પ્રગતિ કરવી જોઇએ. એ પ્રમાણે પ્રગતિ કરતાં આપણે એવી સનાતન સ્થિરતાની સ્થિતિએ પહોંચવું જોઇએ જેમાંથી સનાતન, સર્વશક્તિમાન, સર્વજ્ઞ પ્રભુની ઝાંખી મૂર્તિ વ્યક્તિમાં પ્રગટ થઇ શકે.

## એકાગ્રતાની ત્રણ શક્તિઓ

છતાં આપણા દેશમાં જે પ્રકારનો જ્ઞાનયોગ પ્રચલિત છે તેમાં એકાગ્રતાને વિશિષ્ટ અને સંકુચિત અર્થમાં વાપરવામાં આવે છે. એની વ્યાખ્યા પ્રમાણે એકાગ્રતા એટલે મનની વિધવિધ સંક્ષુબ્ધ ક્રિયાઓમાંથી વિચારશક્તિને સંપૂર્ણપણે પાછી ખેંચી લઇને, એક, સનાતન બ્રહ્મના જ વિચાર ઉપર તેને એકાગ્ર કરવી તે આપણે વિચારદ્વારા અસત્ય અને મિથ્યા વ્યવહારમાં આપણી જાતને વિભક્ત કરી શક્તિઓનો મિથ્યા વ્યય કરી નાંખીએ છીએ. વિચારને પાછા અંતરમાં એકાગ્ર કરવાથી આપણે પરમાર્થમાં જાતને સ્થિર કરી શકીશું,

યાને બ્રહ્મને પ્રાપ્ત કરી શકીશું. એકાગ્રતામાં ત્રણ શક્તિઓ રહેલી છે જેનાવડે એ કાર્ય સરલ થાય છે. (૧) કોઇ પણ વસ્તુ ઉપર એકાગ્રતા કરવાથી વસ્તુને આપણે જાણી શકીએ છીએ: તેનું રહસ્ય આપણને આપવાની ફરજ પાડી શકીએ છીએ. એ તેની પ્રથમ શક્તિ છે. આપણે એ શક્તિ જુદી જુદી સ્થૂલ વસ્તુઓનું જ્ઞાન મેળવવાને નહિ પરંતુ એક જ વાસ્તવિકતાનું, એક જ સત્ય વસ્તુનું.— જ્ઞાન મેળવવાને વાપરવી જોઇએ. (૨) વળી કોઇ પણ વસ્તુ આપણાથી પર હોય, આપણી ગ્રહણશક્તિથી અગ્રાહ્ય હોય તેને આપણે તપઃશક્તિની એકાગ્રતાવડે પ્રાપ્ત કરી શકીએ છીએ. તપઃશક્તિની એ શક્તિ જો બરાબર કેળવાય, પૂરતી અવ્યભિચારી હોય, સાચ દિશીવાળી હોય, આત્મ-શ્રદ્ધાયુક્ત, અને જાતને વફાદાર હોય, તથા તેની શ્રદ્ધા નિરપેક્ષ હોય તો, કોઇ પણ પદાર્થની પ્રાપ્તિ માટે આપણે તે શક્તિનો ઉપયોગ કરી શકીએ છીએ. છતાં આપણે એ શક્તિ દુનિયાના જુદા જુદા પદાર્થોમાંથી એકેને પણ પ્રાપ્ત કરવા માટે વાપરવી જોઇએ નહિ. પરંતુ આપણે તો જ્ઞાનનો એક માત્ર ઉચિત વિષય છે તેને પ્રાપ્ત કરવા માટે એ એકાગ્રતાનો ઉપયોગ કરવો જોઇએ. (૩) આપણી ચેતનાને ગમે તે એક સ્થિતિ ઉપર એકાગ્ર કરવાથી આપણને તે સ્થિતિ પ્રાપ્ત થાય છે. આપણે જેવા થવા ધારીએ તેવા થઇ શકીએ પ્રથમ આપણે ભય અને નિર્બળતાના નમુનારૂપ





હોઇએ તેમાંથી, એકાગ્રતાને યોગે, આપણે બળ અને હિંમતના નમૂના થઇ શકીએ. તેમ જ આપણે વિશુદ્ધિ, પવિત્રતા અને શાંતિરૂપ થઇ શકીએ તથા વિશ્વબંધુત્વ પામી વિરાટ-પ્રેમ-સ્વરૂપ પણ થઇ શકીએ. એ બધી સ્થિતિ આપણી વર્તમાન સ્થિતિ કરતાં બેશક ઉત્તમ છે તો પણ એ શક્તિઓ પ્રાપ્ત કરવામાં પણ આપણે એકાગ્રતાનો વ્યય કરવો જોઇએ નહિ. આપણે તો સર્વ વસ્તુઓથી પર, સર્વ કર્મ અને વિશેષણોથી પણ પર, એવા શુદ્ધ, નિરપેક્ષ બ્રહ્મને પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરવો જોઇએ. એકાગ્રતાના બાકીના બધા પ્રકારો શરૂઆત કરવા પૂરતા ઉપયોગી છે: તેમની સહાયથી વ્યભિ-ચારી, જાતને ચારે બાજુ વિખેરનાર વિચારો તથા તપઃશક્તિને તેમના મહાન અને અનન્ય ઉદ્દેશ પ્રત્યે દોરવાનું કાર્ય થઇ શકે છે.

## સમાધિ, ધ્યાન અને ૐકાર જપ

એ પ્રમાણે એકાગ્રતાનો ઉપયોગ કરવા માટે, બીજી વસ્તુઓની પેઠે, પ્રથમ તો તેની શુદ્ધિ મેળવવી જોઇએ. એ એકાગ્રતામાં ત્યાગનો, વિરક્તિ અને નિર્વેદનો તથા આખરે સમાધિની નિરપેક્ષ અને પરાત્પર સ્થિતિમાં આરોહણ કરવાનો સમાવેશ થાય છે. એ સમાધિ જો ચેતનાના ઉચ્ચતમ શિખરને પ્રાપ્ત કરે; તથા જામી જાય તો તેમાંથી, હજારો-માંથી એકાદ આત્મા સિવાય કોઈ પાછો ફરતો નથી.

"यतो नैव निवर्तन्ते तद्धाम परमं मम"। "જ્યાંથી આત્મા પાછો ફરતો નથી તે પરમ ધામ મારું છે." જે યોગીઓ સંસારમાંથી છૂટવા માગે છે તેઓ શરીરનો ત્યાગ કરતી વખતે આ સમાધિનો આશ્રય લે છે. સમાધિની સરણી યાને પદ્ધતિસર પ્રાપ્તિ રાજયોગમાં પણ આપણને જણાય છે. પ્રથમ તો રાજયોગનાં અભ્યાસીને નૈતિક અને આધ્યાત્મિક પવિત્રતા પ્રાપ્ત કરવી પડે છે. તેણે પોતાના મનની અધોગામી વૃત્તિઓનો ત્યાગ કરવો જોઇએ. ત્યાર પછી તેણે સર્વે પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો જોઈએ તથા પ્રવૃત્તિમાંથી સંપૂર્ણ નિવૃત્તિની સ્થિતિમાં લઈ જાય એવા એક માત્ર વિચાર ઉપર તેણે મનને સ્થિર કરવું જોઇએ. રાજયોગની એકાગ્રતાનાં જુદાં જુદાં પગથીઆં છે. પ્રથમ તો ધ્યાન, એટલે કે મન પોતાના વિષયને પકડે તે; પછી ધારણા, એટલે કે ધ્યાનના વિષયને છેવટ મન સ્થિરપણે પકડી રાખે — ધારણ કરી રાખે તે; અને સમાધિ, એટલે કે ધ્યાનના વિષયમાં મન લય પામી જાય તે. રાજયોગમાં એ છેલ્લી સ્થિતિને જ સમાધિ કહેવામાં આવે છે, જો કે "સમાધિ" શબ્દનો અર્થ, ઉ. ત. ગીતામાં જણાવેલો છે તે પ્રમાણે, ઘણો જ વિશાળ અને વ્યાપક છે. પરતું રાજયોગની સમાધિમાં જુદી જુદી ભૂમિકાઓ છે. પ્રથમ "સવિકલ્પ સમાધિ" જેમાં મન બાહ્ય પદાર્થનું ભાન ભૂલી જાય છે, પરંતુ તે વિચાર કરે છે, જ્ઞાન મેળવે છે તથા સૂક્ષ્મ જગતમાં યાને વિચારસૃષ્ટિમાં વિચારનું બીજ





રાખી મૂકે છે. બીજી "નિર્વિકલ્પ સમાધિ" જેમાં મનની અંદર પણ વિચારના બીજનું સ્ફૂરણ બંધ થઈ જાય છે અને અનિર્વચનીય, અકથ્ય એવા બ્રહ્મના મૌનમાં—તેની નિશ્ચલ નીરવતામાં આત્મા આરોહણ કરે છે. બધા યોગ-માર્ગમાં પ્રાથમિક તૈયારી કરવા માટે મનની એકાગ્રતા સાધવાના ઘણા ઉપાયો હોય છે: સ્વરૂપો, મંત્રો, નામોચ્ચાર, જપ, વગેરેનો આશ્રય લેવામાં આવે છે. એ પ્રત્યેકનો જરૂર પડે તો શરૂઆતમાં ઉપયોગ કરીને તેનાથી પર થઇ જવાની જરૂર છે. ઉપનિષદ્‌ના મત પ્રમાણે ધ્યાન માટે સૌથી ઉત્તમ ૐકારનો જપ છે. અ, ઉ, અને મ્ એ ત્રણે ભાગો મળીને ૐ થયો છે: તે બ્રહ્મનો સૂચક છે. એ ત્રણ અક્ષરો બ્રહ્મની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાના સૂચક છે. એ ત્રણેનો નાદ, સર્વાતીત, નિષ્ક્રિય, પરાત્પર, પરબ્રહ્મના પ્રત્યે મનને દોરે છે. જ્ઞાન માત્રનો અંતિમ લક્ષ્ય પરાત્પર છે.

## પૂર્ણયોગનો સાક્ષાત્કાર

પરંતુ પૂર્ણયોગમાં આપણો હેતુ વધારે અટપટો છતાં ઓછો સંકુચિત છે. આત્માની ઉત્તમોત્તમ દશા વિષેનો આપણો આદર્શ ભાવાત્મક છે પરંતુ ઓછા વ્યતિરેકવાળો છે, તેમ પ્રભુના આવિર્ભાવ વિષેનો આપણો આદર્શ ઓછા વ્યતિરેક-વાળા અભાવનો બનેલો છે. આપણે પરાત્પર બ્રહ્મને,—સર્વના આદિ મૂલને,—જરૂર પ્રાપ્ત કરવો જોઇએ, પરંતુ તે

જેનાથી પર થાય છે તેને ટાળી દઇને આપણે તેને પ્રાપ્ત કરવાનો નથી. આપણા આત્માના એક સ્થિર પ્રતિષ્ઠિત અનુભવ યાને સાક્ષાત્કાર રૂપ તેને પ્રાપ્ત કરીને આપણી જાગ્રત અવસ્થાને તથા બાહ્ય જગતની ચેતનાને શુદ્ધાં પરમ સત્યની પ્રતિમા બનાવી દેવી એ પરબ્રહ્મની પ્રાપ્તિનું પરમ ફલ છે. પૂર્ણયોગમાં આપણે વિરાટની ચેતનાને આપણા અસ્તિત્વમાંથી બાતલ કરવા માગતા નથી, પરંતુ વિશ્વમાં, તેમ જ વિશ્વથી પર, એમ બન્ને સ્થિતિમાં પ્રભુને, શાશ્વત સત્યને, યાને પરબ્રહ્મ પરામાત્માને પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ. એટલે આપણે અનંત, અનિર્વચનીય અને સર્વાતીત બ્રહ્મને પ્રાપ્ત કરવા ઉપરાંત વિરાટરૂપે વિશ્વમાં તેના આવિ-ર્ભાવને પણ જાણવા પ્રયત્ન કરીશું. અર્થાત્ સત્, ચિત્, આનંદસ્વરૂપે વિશ્વમાં લીલા કરી રહેલ પ્રભુને મેળવીશું. એ અનંત સત્, અનંત ચિત્ અને લીલારૂપ આનંદ એ ત્રિવિધ તત્ત્વની એકતામાં પ્રભુનો અપૂર્વ આવિર્ભાવ થાય છે, આપણે તેવું જ્ઞાન પ્રાપ્ત કરવું છે, તદ્રુપ થવું છે, તેની લીલામાં જાતે ભાગ લેવો છે એટલુંજ નહિ પરંતુ એ સચ્ચિદાનંદ વિશ્વમાં પણ વિલસી રહ્યો હોવાથી વિશ્વલીલામાં પણ તેને જાણીશું અને આનંદપૂર્વક તેમાં ભાગ લઇશું. અર્થાત્, વિરાટમાં કાર્ય કરી રહેલ સત્યમાં, જ્ઞાનમાં, તપઃ-શક્તિમાં, પ્રેમમાં – બ્રહ્મના ગૌણ આવિર્ભાવમાં – આપણે પણ ભાગ લઇશું. વિરાટમાં થતા બ્રહ્મના એ આવિર્ભાવ





સાથે પણ આપણે અદ્વૈત સાધવાની અભીપ્સા સેવીશું, એના પ્રત્યે આરોહણ કરવાને પણ આપણે પ્રયત્ન કરીશું; અને જ્યારે સ્વપ્રયત્નનો કાળ પૂરો થશે ત્યારે અહંનો સંપૂર્ણ સંન્યાસ કરી દઇને એ ઊર્ધ્વ ચેતના આપણી ચેતનાને ઊર્ધ્વમાં ખેંચી લે તો તેમ કરવા દઇશું તથા આપણી અંદર તેને અવરોહણ પણ કરવા દઇશું તથા આપણા સમગ્ર વ્યક્ત જીવનમાં તેને પરિવ્યાપ્ત થવા દઇશું. એ સાક્ષાત્કારને પ્રાપ્ત કરીશું તે અંતે બ્રહ્મની પરમ પરાત્પરતામાં લય પામવાના પ્રથમ પગથિયા કે માર્ગ તરીકે નહિ પરંતુ આપણે તેને પ્રાપ્ત કરીશું અને તે આપણો કાબુ લેશે ત્યારે પણ — વિરાટમાં દિવ્ય જીવનને પ્રગટ કરવાની શરત તરીકે, — કેમ જે તેના વિના એવો આવિર્ભાવ અશક્ય છે.

### પૂર્ણયોગમાં ધ્યાન અને સમાધિ : દિવ્ય તપસ્ એટલે શું ?

પૂર્ણયોગનો હેતુ સિદ્ધ કરવા માટે "એકાગ્રતા" અને "સમાધિ" બન્ને શબ્દોનો અર્થ આપણે વધારે ગંભીર, અને વધારે વિશાળ કરવો જોઇએ. આપણે જે કોઇ પ્રકારની "એકાગ્રતા" કરીએ છીએ, તે પ્રભુના તપની – તેની એકા-ગ્રતાની જ પ્રતિમા છે. એ દિવ્ય તપને લીધે આત્મા પોતાના અસ્તિત્વમાં એકાગ્ર રહે છે; એ એકાગ્રતાને લીધે જ આત્મા

પોતાનો આવિર્ભાવ પોતામાં કરે છે, અને તેને લીધે જ તે પોતાના સર્વ આવિર્ભાવોને ટકાવી રાખે છે અને કાબુમાં રાખે છે અને એ એકાગ્રતાને લઇને સર્વ પ્રકારના આવિર્ભાવમાંથી તે પોતાની જાતને એક અદ્વૈતમાં પાછી ખેંચી લઇ શકે છે. સત્ પોતાના જ ઉપર પોતાનું ચિત્, યાને ચૈતન્ય, આનંદપ્રાપ્તિને માટે એકાગ્ર કરે – તેને જ દિવ્ય તપસ્ કહેવામાં આવે છે. જ્ઞાનજ્યોતિયુક્ત તપઃશક્તિ સ્વચેતનાની શક્તિમાં, પોતાના ઉપર તથા પોતાના આવિર્ભાવ ઉપર, એકાગ્ર થાય તેનું નામ પ્રભુની દિવ્ય એકાગ્રતાનો સાર, યોગેશ્વર પ્રભુનો યોગ. અત્યારે આપણે જેમાં જીવન ધારણ કરીએ છીએ તે પ્રભુનું દ્વૈત, તેની અનેકતા, સ્વયં સિદ્ધ છે અને એકાગ્રતાનો આશ્રય લઇને વ્યક્તિનો આત્મા બ્રહ્મના કોઈ પણ રૂપ, તેની કોઇ પણ સ્થિતિ યા તો ભાવ જોડે અદ્વૈત સાધી શકે છે, તથા તેમાં પ્રવેશ કરી શકે છે. જ્યારે પ્રભુ સાથે એકતા સાધવા માટે એ એકાગ્રતાનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે દિવ્ય જ્ઞાન પ્રગટે છે. સર્વે પ્રકારના જ્ઞાનયોગનો એ સિદ્ધાંત છે.

## વિચારમાં એકાગ્રતા અને સમાધિ

વિચાર સ્થિર કરવાથી એકાગ્રતાની વૃદ્ધિ થાય છે. તેને માટે અમુક વિચાર, રૂપ, નામ વગેરેને ચાવી તરીકે વાપરવામાં આવે છે, અને તેમનો ઉપયોગ કરવાથી વિચાર, રૂપ





અથવા નામની પાછળ જે કાંઇ સત્ય રહેલું હોય છે તે પ્રાપ્ત થાય છે વિચારદ્વારા સર્વ પ્રકારની અભિવ્યક્તિથી પર થઇને જે વ્યક્ત થનાર વસ્તુ છે તેને મનોમય – માનવ – પ્રાણી વિચારદ્વારા પ્રાપ્ત કરે છે. તેમ જ વિચારને લઈને વિચાર જેનું એક કરણ માત્ર છે એવા કોઈ તત્ત્વને માનવ પ્રાપ્ત કરી શકે છે. વળી વિચાર ઉપર, યાને અંતિમ આદર્શ ઉપર મનને એકાગ્ર કરવાથી અત્યારે આપણી જે મનોમય સત્તા છે તેનાં બંધનો તૂટી જાય છે, અને વિચારને અનુરૂપ, સત્‌ની સ્થિતિને, ચેતનાની અવસ્થાને, આનંદમય ચેતનાને માનવ પ્રાપ્ત કરે છે. જે વિચાર ઉપર મન એકાગ્રતા કરે છે તે એ અવસ્થાનો પ્રતીક, તેની ક્રિયા અને તેનો લય હોય છે. વિચારનો આશ્રય લઇને, યાને ભાવદ્વારા, એકાગ્રતા કરવી એ તો આપણા અસ્તિત્વની ઉચ્ચ ભૂમિકાના દરવાજા ઉઘાડી નાખવાની ફક્ત ચાવી છે, ઉપાય છે. આપણી સમગ્ર ચેતનાને પોતાની અંદર ભેગી – એકત્ર – કરી ઊર્ધ્વમાં રહેલ આત્માનંદની અને આત્મચેતનાની અનંતતામાં, અદ્વૈતમાં અને સત્યમાં તેને આરોહણ કરાવવું એ એકાગ્રતાનો હેતુ અને પરાકાષ્ઠા છે. સમાધિનો પણ આપણે એ જ અર્થ કરીશું. બાહ્ય પદાર્થની ચેતનામાંથી, અથવા આંતર સૂક્ષ્મ સૃષ્ટિની ચેતનામાંથી આત્માને પાછો ખેંચી લઇને એ બન્નેથી પર,—એટલે કે બન્નેના બીજરૂપે યા તો બીજ અવસ્થાથી પણ પર.—તત્ત્વમાં તેનો

લય કરવો એનું નામ સમાધિ નથી: મનને બીજી અવસ્થાથી પર, અથવા સ્થૂલ અને સૂક્ષ્મ બન્નેનો સમાવેશ કરનાર કોઇ અંતિમ આધ્યાત્મિક સ્થિતિમાં, ખેંચી લેવું એવો સમાધિનો અર્થ થતો નથી. સમાધિ એટલે એક, અનંતમાં સ્થિર થયલું, તેની જોડે એકતા પામેલું, તેનામાં લય પામેલું, અસ્તિત્વ. એ સમાધિની સ્થિતિ આપણી ચેતનાની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત ત્રણે અવસ્થામાં ટકી રહેવી જોઇએ. અર્થાત્ જાગ્રતમાં આપણને પદાર્થના બાહ્ય સ્વરૂપનું ભાન હોય ત્યારે,—સ્વપ્નમાં સૂક્ષ્મની પ્રવૃત્તિમાં પદાર્થ માત્રના તત્ત્વની લીલામાં મગ્ન હોઇએ ત્યારે, અને સુષુપ્તિ અવસ્થામાં, આંતર ચૈતન્યની નિષ્ક્રિય સ્થિતિ હોય છે તેમાં, તત્ત્વના પણ તત્ત્વને, નામ તથા રૂપ માત્રના બીજને, પ્રાપ્ત કરીએ ત્યારે પણ એ સમાધિનો ભંગ થવો ન જોઇએ. એ ત્રણે અવસ્થામાં એક, અનંત અસ્તિત્વમય હોવું તેને સમાધિ કહેવામાં આવે છે. જે આત્મા મૌલિક સમાધિને પ્રાપ્ત કરે છે અને જે ગીતાના અર્થમાં, સમાધિસ્થ છે, તેને સર્વ અનુભૂતિના મૌલિક તત્ત્વનો સાક્ષાત્કાર થયો જાણવો, અને બીજા માણસોને છેક જ વિહ્‌વલ કરી નાખે અથવા તો તેની સમતાનો ભંગ કરી નાખે એવા અનુભવોથી પણ એ સ્થિતિમાંથી તેનું પતન થતું નથી. અર્થાત્ તે પોતાની ચેતનામાં અન્ય સર્વેને સમાવી દઇ શકે છે, — કશાથી બંધાયા વિના, મોહ પામ્યા વિના, યા તો મર્યાદિત થયા વિના.





## પ્રભુની એકાગ્રતા અને વિરાટમાં આવિર્ભાવ

જ્યારે આપણે એ દશાને પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણું આખુંય અસ્તિત્વ અને ચેતના એકાગ્ર થઇ ગઇ હોય છે. એટલે પછી ભાવ અથવા વિચાર ઉપર એકાગ્રતા કરવાની જરૂર રહેતી નથી. એ વિજ્ઞાનમય દશામાં સઘળી વસ્તુસ્થિતિ જ ઉલટપાલટ થઈ જાય છે. બાકી મનનો તો સ્વભાવ જ છે કે દ્વૈતમાં યાને વિવિધતામાં, કાલાનુક્રમમાં – રાચવું. મન એકીવખતે એક જ વિષય ઉપર એકાગ્રતા કરી શકે છે. જ્યારે મન એકાગ્ર નથી હોતું ત્યારે આડુંઅવળું ગમે તેમ, એકથી બીજા પદાર્થ પ્રત્યે તે ભટક્યા કરે છે; એટલા માટે જ્યારે મનને એકાગ્ર કરવું હોય છે ત્યારે એક જ વિચાર કિંવા ભાવ, ધ્યાનનો એક જ વિષય કે તપઃશક્તિનો એક જ વિષય નક્કી કરવો પડે છે. અને તે પછી જ મન તેના ઉપર એકાગ્રતા કરીને તેને પ્રાપ્ત કરે છે. હવે મનની એકાગ્રતા કરવા માટે જે વસ્તુ ઉપર તેને એકાગ્રતા કરવી હોય તે સિવાયની બીજી બધી વસ્તુઓને તેટલા સમય માટે તો દૂર કરવી જ પડે છે. પરંતુ મનથી પર જે સ્થિતિને આપણે પ્રાપ્ત કરવા માગીએ છીએ તે તો વિચારની તરલ, ગતિમાન ક્રિયાથી અને ભાવના ભેદોથી પર છે. પ્રભુ પોતાના અસ્તિત્વમાં એકાગ્ર થઈ રહ્યો છે, અને તેથી જ્યારે વિચારોમાં, પ્રવૃત્તિઓ વગેરેમાં તે પોતાનો વિસર્ગ કરે છે ત્યારે તેના જુદા જુદા વિભાગો પડી જતા નથી યા તો તેમાં તે બંધાઇ

જતો નથી. પરંતુ તે સઘળાયને તથા તેમની ક્રિયાને તે પોતાની અનંતતામાં ધારણ કરે છે. તે પોતે અવિભક્ત છે એટલે પ્રત્યેક વિચાર અને પ્રત્યેક ક્રિયાની પાછળ તેની સમગ્ર ચેતના આવી રહેલી છે એટલું જ નહિ પરંતુ સર્વેની પાછળ પણ તેનો જ આધાર હોય છે. સર્વ પદાર્થની તેનામાં સ્થિતિ છે એટલે કરીને દરેક પદાર્થ પોતાની અંદર રહેલા વિચારને યા તો ભાવનાને સહજ રીતે વ્યક્ત કરે છે. એ પ્રત્યેકની પાછળ પ્રભુ જુદી જુદી એકાગ્રતા કરતો નથી, પરંતુ પોતાની સમગ્ર ચેતનાશક્તિની સહાયથી એ પરિણામ લાવે છે. આપણને દરેક પદાર્થમાં પ્રભુની તપઃશક્તિની જે એકાગ્રતા દેખાય છે તે પણ સર્વમાં સમાન અને અનેકવિધ હોય છે, એકલવાયી કિંવા વ્યાવર્તક હોતી નથી. જે આત્મા એ સમાધિદશાને પ્રાપ્ત થાય છે તે પણ, પોતાની પ્રાપ્તિના પ્રમાણમાં, એ અસામાન્ય યાને ઉલટી દશાનો, પ્રભુ સાથે, ભાગીદાર બને છે. આપણા મનથી જે દશા ઉલટી છે તે જ ખરી છે. તેટલા માટે જ પ્રાચીન ગ્રંથોમાં એમ કહેવામાં આવ્યું છે કે જે માણસને આત્માની પ્રાપ્તિ થઇ છે તે વિચારની કે પ્રયત્નની એકાગ્રતા કર્યા વિના જ તેની ભાવના યા તો તેની તપઃશક્તિ જે જ્ઞાનને કે જે પરિણામને ભેટવા પ્રયત્ન કરે છે તે જ્ઞાન કે તે પરિણામ તેને આપોઆપ આવી મળે છે.





## પૂર્ણયોગમાં એકાગ્રતા

એ સ્થિર દૈવી સમાધિને પ્રાપ્ત કરવી એ જ આપણી એકાગ્રતાનો ખરો હેતુ છે. એવી એકાગ્રતા પ્રાપ્ત કરવાનું પ્રથમ પગલું એ છે કે મનને વિવિધતામાંથી લઇને એક જ વિષયના ઉપર સતત, સંબદ્ધ ધ્યાન કરવાની ટેવ પાડવી: એ વખતે બીજા બધા વિષયોની લાલચને તથા તેમના ખૂમરાણને દૂર કરીને ધ્યાનનો અભ્યાસ કરવો જોઇએ. સામાન્ય જીવનમાં પણ એવી એકાગ્રતા ઘણી વાર જોવામાં આવે છે. પરંતુ જ્યારે સ્થૂલ પદાર્થના અવલંબન વગર આપણા પોતાના અંતરમાં જ એ એકાગ્રતા કરવાની હોય છે ત્યારે વધારે મુશ્કેલી નડે છે છતાં જે માણસે જ્ઞાન પ્રાપ્ત કરવું છે તેણે તો એ અંતરની એકાગ્રતા મેળવવી જ જોઈએ. વળી એકાગ્રતા એટલે પોતાના વિચારોને ધારણ કરવા અને પરસ્પર તેમને સાંકળવાનો જેનો ઉદ્દેશ છે તે બુદ્ધિપ્રધાન ચિંતક જેમ ક્રમબદ્ધ વિચાર કરે છે તેવી ક્રિયા માત્ર નથી. એકાગ્રતા પ્રાપ્ત કરનારે તર્કવાદની કે દલીલોની ક્રિયામાં રોકાવું ન જોઈએ એટલું જ નહિ પરંતુ વિચારના અંતિમ રહસ્ય ઉપર એકચિત્ત થઈ રહેવું જોઇએ. એ પ્રમાણે વિચારના રહસ્ય ઉપર આત્માની શક્તિ એકાગ્ર થવાથી તે વિચારમાં રહેલ સત્યરૂપી સ્ફટિકની બધી બાજુઓ આપણને જણાઈ આવે છે. દાખલા તરીકે, આપણે પ્રેમ–ભક્તિ ઉપર એકાગ્રતા કરીએ તો પ્રેમરૂપે પ્રભુના ખ્યાલ

ઉપર આપણે એકાગ્રતા કરવી જોઇએ, અને તેના ઉપર આપણે મનને એવું એકાગ્ર કરવું કે પ્રભુના પ્રેમનાં જુદાં જુદાં સ્વરૂપો યાને આવિર્ભાવો આપણા મનમાં એક પછી એક ઊભા થાય, અને તે પણ કેવળ વિચારમાં અથવા તો હૃદયમાં જ નહિ પરંતુ સમસ્ત ચેતનામાં અને દૃષ્ટિ આગળ. કેટલીક વાર અનુભવ થયા પછી મનમાં તેનો વિચાર આવે, અથવા તો પ્રથમ વિચાર આવીને પછીથી અનુભવ થાય એમ બને. ત્યાર પછી એ સ્થિતિમાં મનને લય પમાડીને તેને વધારે ને વધારે સિદ્ધ કરવી જોઇએ જેથી કરીને તે અનુભૂતિ જીવનનો સતત અનુભવ અને ચેતનાનો ધર્મ થઇ રહે.

ઉપર એકાગ્ર ધ્યાનનો જે અભ્યાસ બતાવવામાં આવ્યો છે તેના કરતાં વધારે અઘરો માર્ગ એ છે કે આખા મનને એકાગ્ર કરીને વિચારના યાને ભાવના રહસ્ય ઉપર લગાડવું જેથી કરીને તેનું વિચારમય જ્ઞાન માત્ર નહિ, યા તો તેનો ચિન્મય અનુભવ માત્ર નહિ પરંતુ – વિચારની પાછળ જે વસ્તુ આવી રહી છે તેનું સત્ય સ્વરૂપ પ્રત્યક્ષ થાય. આ સાધનાનો અભ્યાસ કરતાં વિચાર બંધ પડે છે અને એક જ વિષયના ઉપર મન એકાગ્ર થઈ રહે છે અને આંતર સમાધિમાં તે પદાર્થમાં મન ડૂબી જાય છે. એવી લય – ધ્યાનની સ્થિતિ પ્રાપ્ત થાય તો તેને પણ ચેતનાની નિમ્ન ભૂમિકા ઉપર સામ્રાજ્ય સ્થાપન કરવા માટે અવતરણ કરાવવું જોઇએ.





અર્થાત્, એ ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાનાં જ્ઞાન, શક્તિ અને આનંદની જ્યોતિને જાગ્રત અવસ્થામાં લાવીને આપણી સામાન્ય સ્થિતિનું પરિવર્તન કરવા માટે તેનો ઉપયોગ કરવો જોઇએ. એ પ્રમાણે કરવામાં ન આવે તો પછી જેમ બીજા જ્ઞાનયોગીઓ સમાધિદશામાં, અથવા ધ્યાનસ્થિતિમાં, એ ઉચ્ચ ભૂમિકાને પ્રાપ્ત કરે છે પરંતુ તેનો વ્યવહારમાં અથવા પોતાની જાગ્રત અવસ્થામાં કાંઇ પણ ઉપયોગ કરી શકતા નથી, તેમ આપણને પણ થશે. અર્થાત્ જગતનો સ્પર્શ થતાં જ એ ઉચ્ચ ચેતનાનો કાબુ આપણે ગુમાવી દઇશું. પરંતુ એવી એકપક્ષી અને અપૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરવી એ કાંઇ આપણો ઉદ્દેશ નથી.

ત્રીજી પદ્ધતિ એ છે કે, પ્રથમ અમુક વિષય ઉપર અથવા અમુક વિચારના – વિષયના – રહસ્ય ઉપર એકાગ્ર કરવાને બદલે મનને પ્રથમ એકદમ શાંત – નિસ્પંદ – કરી નાખવું. એ કાર્ય વિવિધ પ્રકારે કરી શકાય છે. એક ઉપાય એ છે કે મનની સર્વ ક્રિયાઓમાંથી વિરક્ત થઇ જવું, અને પોતે તેનાથી તદ્દન છૂટા પડી તેમાં જરા પણ ભાગ લેવો નહિ, – માત્ર તટસ્થપણે તેને જોયા જ કરવી. એ પ્રમાણે કરવાથી અનુજ્ઞા વિનાના પોતાના કૂદકાઓથી અને દોડાદોડથી થાકી જઇને મન આપોઆપ ધીમે ધીમે શાંત થઇ જાય છે, અને છેવટે કેવળ નિસ્પંદ થઈ રહે છે. બીજો ઉપાય એ

છે કે આપણા મનમાં જે કાંઈ વિચારની સૂચના આવે તેને દૂર ફેંકી દઈ આત્માની અનંત શાંતિ ઉપર જ મનને એકાગ્ર કરવું એ શાંતિ મનની સર્વ ચંચળ ક્રિયાઓની પાછળ હમેશાં ગુપ્ત રહેલી હોય છે. જ્યારે એ ગૂઢ શાંતિ પ્રગટ થાય છે ત્યારે સાધકના અંતરમાં અનંત શાંતિ સ્થાપન થાય છે અને તેની સાથે સાથે જ સર્વવ્યાપી, અક્ષર – નીરવ – બ્રહ્મનો સાક્ષાત્કાર પણ થવા માંડે છે, અને બ્રહ્મ સિવાયનું સર્વ કેવળ નામ અને રૂપ જ લાગે છે. આ સાક્ષાત્કારમાં જે સ્થિરતા સ્થાપન થાય છે તેના ઉપર બાહ્યઘટનાનું જ નહિ પરંતુ ભગવાનના આવિર્ભાવના ગભીર સત્યોનું જ્ઞાન તથા અનુભૂતિ પ્રાપ્ત થાય છે.

સાધારણ રીતે એક વાર એવી શાંત સ્થિતિ સ્થાપન થયા પછી બળપૂર્વક એકાગ્રતા કરવાની જરૂર ભાગ્યે જ રહે છે. તપઃશક્તિની સહજ એકાગ્રતા, વિચારનો માત્ર સૂચના તરીકે ઉપયોગ, કરીને નિમ્ન કરણો ઉપર પોતાની જ્યોતિનાં કિરણો ફેંકશે. એ શક્તિ ધીમે ધીમે શરીર, મન વગેરે સર્વ કરણોને નીરવ બ્રહ્મમાંથી ઉદય થતી પ્રભુની ચેતનાને અનુરૂપ બનાવશે. અગાઉની તૈયારી તથા ચિત્ત-શુદ્ધિના પ્રમાણમાં એ બધાં વહેલાં કે મોડાં એ તપઃશક્તિને વશ થતાં શીખશે. એ પ્રમાણે અભ્યાસ કરતાં કરતાં અંતે ઈશ્વરનું જ્ઞાન જાગ્રત થાય છે, અને આપણી ચેતનાના સર્વ





લોકોમાં, તેની પ્રત્યેક સ્થિતિમાં, અંતરના દરેક કરણમાં, તે સ્થાપન થાય છે. અને વેદના કાળના સાધકો કરી શકતા તેમ આપણા માનવજીવનમાં પણ પ્રભુની મૂર્તિ પ્રગટ થાય છે. પૂર્ણયોગને માટે આ સાધના રામબાણ હોઈ સીધેસીધી અંતિમ લક્ષ્ય પ્રત્યે લઈ જનારી છે.

---

## પ્રકરણ ૫ મું

# ત્યાગ

### ત્યાગની અગત્ય

વિશુદ્ધિ અને એકાગ્રતાવડે આપણી ચેતનાનાં સર્વે કરણોના સંયમને યોગશરીરનો જમણો હાથ ગણીએ તો ત્યાગ એ તેનો ડાબો હાથ ગણાય. સંયમન યા તો ભાવાત્મક અભ્યાસવડે આપણી પોતાની અંદર કોઈ પણ પદાર્થના સત્યને આપણે સ્થાપન કરીએ છીએ. એ બેના અભ્યાસથી આપણને જીવનનું, જ્ઞાનનું, કર્મનું, તથા પ્રેમનું સત્ય સમજાય છે. અને આપણા જીવનમાં જે અસત્યો કાર્ય કરી રહ્યાં હોય છે, તેને વિકૃત કરી રહ્યાં હોય છે, તેમને બદલે એ સત્યોને આપણે સ્થાપન કરીએ છીએ. ત્યાગનો ઉપયોગ કરીને આપણે જીવનમાં વ્યાપી રહેલાં અસત્યોને જડમૂળથી ઉખેડી નાંખી તેમને દૂર ફેંકી દેવાને શક્તિમાન





થઈએ છીએ. એ પ્રમાણે અસત્યોને ઉખાડી નાંખવામાં આવે છે ત્યાર પછી તેઓ પોતાના દુરાગ્રહથી, વિરોધથી અને પુનરાવર્તનથી આપણા માર્ગમાં હરકત કરતાં નથી. અર્થાત્, ત્યાગ એ આપણી પૂર્ણતાને માટે અનિવાર્ય સાધન છે.

### પ્રાચીન ત્યાગભાવના : ત્યાગવૃત્તિનાં પોષક કારણો

પરંતુ એ ત્યાગ ક્યાં સુધી કરવાનો છે? કેવા પ્રકારનો કરવાનો છે? અને જીવનમાં કેવી રીતે લાગુ કરવાનો છે? એ બરાબર સમજવું જોઇએ. મહાન ધર્મોના બોધ અને ગભીર આધ્યાત્મિક અનુભૂતિવાળી વ્યક્તિઓ પ્રાચીનકાળથી જેનો પક્ષપાત કરે છે એવી સ્થાપિત પ્રણાલિકા એમ માને છે કે સાધનાના અભ્યાસ તરીકે ત્યાગ સંપૂર્ણ જ કરવો જોઇએ. એટલું જ નહિ પરંતુ "ત્યાગ" એ જ આધ્યાત્મિક જીવનનો નિશ્ચિત અને અંતિમ આદર્શ ગણાવો જોઇએ. એ ત્યાગની ભાવના છેક શારીરિક જીવનનો અને વ્યવહારનો ત્યાગ કરવા સુધી સાધકે વધાર્યા જ કરવી જોઇએ. ત્યાગની આવી શુદ્ધ, ઉચ્ચ અને ભવ્ય ભાવના ઉત્પન્ન થવાનાં ઘણાં કારણો છે. સૌથી પ્રથમ તો માનવજાતિની ઉત્ક્રાંતિની અત્યારની સ્થિતિમાં મલિન અને અપૂર્ણ વ્યવહારૂ જીવન અને ઉચ્ચ આધ્યાત્મિક જીવન એ બેની વચ્ચે સમૂળો વિરોધ આવી રહેલો છે તે એ પ્રણાલીની ઉત્પત્તિનું એક ગભીર કારણ છે. આધ્યાત્મિક અને વ્યવહારૂ જીવન વચ્ચેના એ વિરોધને

પરિણામે સામાજિક યા તો વ્યાવહારિક જીવન એક અનૃત – અસત્ય તરીકે, આત્માના ઉન્માદ તરીકે, અસ્વસ્થ, અધન્ય સ્વપ્ન તરીકે, કઢંગી – નકામી અને નિરર્થક વસ્તુ તરીકે ગણાવા લાગ્યું. વળી, એ વ્યવહાર માયાનું રાજ્ય, ભોગાયતન એવા દેહના ભોગોના આકર્ષણનું ક્ષેત્ર, સેતાનનું કાર્ય પણ ગણાયો. એટલે, પ્રભુપ્રાપ્તિ માટે પ્રયત્ન કરનાર સાધક તથા પ્રભુને પંથે પળનારા સર્વેને માટે તો વ્યવહારનું જીવન એ ફક્ત કસોટીઓ પસાર કરવાનું અને તૈયારી કરવાનું જ સ્થાન ગણાય, યા તો સારામાં સારી દૃષ્ટિએ જોતાં પણ, પરસ્પર વિરોધી હેતુઓવાળી વિરાટ વિભુની લીલા — જેનાથી તે પોતે કલાંત થાય છે અને જેનો તે વિભુ પોતે ત્યાગ કરે છે એવી લીલા — તરીકે જ તે લેખાય. એ નિરપેક્ષ ત્યાગભાવનાનો વિકાસ થવાનું બીજું કારણ વ્યક્તિના આત્માની અંગત મોક્ષ માટેની ઝંખના છે. અર્થાત્, જ્યાં કલેશ નથી, જ્યાં કલહ નથી એવી કોઈ અમિશ્ર આનંદ અને શાંતિની ઉચ્ચતર કે ઉચ્ચતમ, સ્થિતિમાં વ્યક્તિનો આત્મા મુક્તિ વાંછે છે. અથવા તો, કેટલીક વાર એવું બને છે કે પ્રભુના આધ્યાત્મિક સાક્ષાત્કારની મીઠી મસ્તીમાંથી કર્મનાં અને સેવાનાં નીચાં ગણાતાં ક્ષેત્રોમાં પાછા ફરવાની અનિચ્છા પણ એ ત્યાગભાવનાનું કારણ બને છે. તે સિવાય આધ્યાત્મિક અનુભૂતિનાં બીજાં પણ કેટલાંક ગૌણ કારણો છે; — ઉદાહરણ તરીકે, આધ્યાત્મિક શાંતિમય જીવન તથા સાક્ષાત્કાર





સાથે કર્મમય જીવનનો મેળ મેળવવામાં નડતી મુશ્કેલીની બળવાન લાગણી અને તેનો પ્રત્યક્ષ અનુભવ — જેની અતિશયોક્તિ કરીને આપણે અશક્યતાનું રૂપ રાજીખુશીથી આપીએ છીએ તે — ને લીધે, યા તો કેટલીક વાર તો ત્યાગ કરવાની નરી ક્રિયામાં અને ત્યાગની અવસ્થામાં મનને જે આનંદ પડે છે — અને મનને જે વસ્તુમાં આનંદ લેવાની ટેવ પાડીએ તેમાં તે આનંદ લેતાં શીખે છે — તેથી પણ ત્યાગવૃત્તિ પોષાય છે. દુનિયા પ્રત્યે તથા માનવકામનાના વિષયો પ્રત્યે બેદરકારી બતાવવાથી વ્યક્તિને પોતાને મુક્તિની તથા શાંતિની લાગણી થાય છે એને લઇને પણ ત્યાગનો સિદ્ધાંત સ્વીકારવામાં આવે છે. જીવનકલહથી દૂર ભાગનાર નિર્બળતા, વિરાટના મહાન પરિશ્રમથી અભિભૂત થયેલ આત્માની ઘૃણા અને નિરાશા, મૃત્યુ અને પુનર્જન્મની સતત ફરતી રાક્ષસી ઘટમાળમાંથી પોતાથી મુક્ત થઇ શકાય ત્યાં સુધી પોતાની પાછળ રહેનારાઓનું શું થાય છે તે વિષે બેદરકાર એવી સ્વાર્થવૃત્તિ, દુઃખપીડિત માનવજાતિના હૃદયમાંથી જે આર્તનાદ ઊઠે છે તેના પ્રત્યે ઉદાસીનતા વગેરે ત્યાગનાં હીન કારણો હોય છે.

### પૂર્ણયોગમાં ત્યાગનું સ્થાન

પૂર્ણયોગના સાધકને માટે તો ઉપર જણાવેલાં કારણોમાંનું એકે કારણ સાબિત નથી: અર્થાત્ તે તેમાંનું એકે

કારણ ત્યાગને માટે સ્વીકાર તો નથી. નિર્બળતા અને સ્વાર્થ ગમે તેવો આધ્યાત્મિક પહેરવેશ લઇને આવે તો પણ તેની સાથે તો સાધકને લેવાદેવા હોઈ શકે જ નહિ. દિવ્ય સામર્થ્ય, દૈવી હિંમત, દૈવી દયા એ તો જે પ્રભુની પ્રકૃતિ જોડે સાધક સાધર્મ્ય પ્રાપ્ત કરવા માગે છે તેની દૈવી પ્રકૃતિના ગુણો છે. વિશ્વગતિનું ચક્ર ગોળ ગોળ ફરે છે તેથી તેને ભય લાગતો નથી,— તેમ તેને તેથી ફેર પણ ચઢતા નથી, કારણ કે પોતાના અંતરમાં સાધક તેનાથી પર થઇ જાય છે. અને ઊર્ધ્વમાં રહીને એ ચક્રગતિના હેતુને અને નિયમને તે જાણે છે. વળી દિવ્ય જીવન અને સામાન્ય માનવજીવન વચ્ચે મેળ મેળવવાની જે મુશ્કેલી રહેલી છે તેનો ઉકેલ લાવવાને — નહિ કે તેનાથી દૂર ભાગવાને — તો માનવ વિશ્વમાં જન્મ્યો છે. સાધકે જાણવું જોઇએ કે આનંદ, શાંતિ અને મુક્તિ વગેરે જ્યાં સુધી આત્માની સ્વયંરક્ષિત અવસ્થા,— તેના પોતાનાથી અવિભાજ્ય સ્થિતિ,— તરીકે પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી એ વિજય અધુરો અને એ પ્રાપ્તિ અવાસ્તવિક છે. એ સ્થિતિ તો આત્માનો સ્વાભાવિક ગુણ છે. એટલે નિષ્ક્રિયતા ઉપર કે દૂર એકાંતમાં રહેવા ઉપર તેનો આધાર હોવો જોઇએ નહિ; પરંતુ ગમે તેવાં વાવાઝોડાંમાં, અથવા તો સ્પર્ધામાં કે યુદ્ધમાં તે તો સ્થિર જ રહેવી જોઇએ. જગતના આનંદ અથવા શોક વચ્ચે પણ આત્માના એ આનંદ, શાંતિ અને મુક્તિ કાયમ અને અકલુષિત રહેવાં જોઇએ. માનવજાતિમાં વસતા પ્રભુ-પ્રત્યે





દૈવી પ્રેમથી પ્રેરાઇને તે સાધક કાર્યમાં પ્રવૃત્ત થશે તેથી કાંઇ તેનો પ્રભુના પ્રણયનો આનંદ લુપ્ત થઇ જશે નહિ. અને કદાચ તે લુપ્ત થશે તો પણ સાધક જાણશે કે તેની પ્રભુ-મિલનની રીતિમાં રહી ગએલી કોઇ અપૂર્ણતા દૂર કરવા માટે જ તેને એ પ્રમાણે વારંવાર તાવવામાં આવે છે. વળી અંગત મુક્તિ પણ માનવજીવનની સાર્થકતા સાધવા સિવાય બીજા કોઇ પણ હેતુ માટે તે વાંછતો નથી. તે મુક્તિ વાંછે છે કારણ કે તે જાણે છે કે જે માનવ પોતે બંધનમાં હોય તે સહેલાઇથી બીજાઓને મુક્ત કરી શકતો નથી,— જો કે, પ્રભુને માટે કાંઇ જ અશક્ય નથી. પૂર્ણયોગના સાધકને સ્વર્ગ મેળવીને તેનો આનંદ ભોગવવાની જેમ સ્પૃહા નથી તેમ નર્કનાં દુઃખોનો તેને ભય પણ નથી હોતો. આધ્યાત્મિક જીવન અને વ્યવહારૂ જીવન વચ્ચે જો વિરોધ આવી રહેલો હોય તો તેને ટાળવા માટે, એ વિરોધને લયમાં ફેરવી નાંખવા માટે, તો તે દુનિયામાં જન્મ્યો છે. વળી જગતમાં અત્યારે પાશવતાનું, આસુરી વૃત્તિઓનું, સેતાનનું, રાજ્ય ચાલતું હોય તો દૈવી સંપત્તિવાળા, અમૃતત્વના પુત્રો મોખરે ધસી આવીને પ્રભુને ખાતર સમગ્ર વિશ્વ જીતી લે એ જ વધારે સકારણ ગણાય. વળી જીવન જો એક ઘેલછા જ હોય તો કરોડો માનવોને એ ગાંડપણમાંથી મુક્ત કરીને દિવ્ય જ્ઞાનની જ્યોતિ પ્રાપ્ત કરાવવી જોઇએ. સંસારને કેવળ સ્વપ્ન ગણીએ તો પણ જ્યાં સુધી એ સ્વપ્ન ચાલે છે ત્યાં સુધી તો તે વાસ્તવિક

છે,— એટલે સ્વપ્નાવસ્થામાં પડેલાઓને કાં તો વધારે સારાં સ્વપ્નો જોવાનો અભ્યાસ પાડવો જોઇએ કે પછી, તેમને જાગ્રત કરવા જોઇએ. જગત અસત્ય હોય તો પણ જેઓ એ મિથ્યા ભ્રમમાં પડ્યા છે તેમને આપણે મુક્ત કરવાના છે. કેટલાક એમ જણાવે છે કે દુનિયાના ત્યાગનું જ્વલંત દૃષ્ટાંત જનસમાજ આગળ મૂકીને અમે માનવજાતિને મદદ કરીશું તો તે વિચાર પણ વ્યાજબી લાગતો નથી, કારણ કે, અવતારોનાં તેમનાથી વિરોધી દૃષ્ટાંતો ઉપરથી તો સ્પષ્ટ થાય છે કે જીવનનો ત્યાગ કરવાથી નહિ પરંતુ તેનો સ્વીકાર કરીને તેને ઉન્નત બનાવવાથી જ આપણે તેને વધારે સહાય કરી શકીએ છીએ. વિશ્વને જો પ્રભુનું નાટક ગણીએ તો તેમાં પણ આપણો ભાગ સુભગ રીતે અને હિંમતથી ભજવવો જોઇએ. જીવન પ્રભુની લીલા હોય તો એ દિવ્ય ખેલાડીની સંગાથે આપણે પણ આનંદથી તે લીલામાં ભાગ લેવા તૈયાર થવું જોઇએ.

### વિશ્વજીવનનો સ્વીકાર

આપણે અત્યાર સુધીમાં સંસારનો જે વિચાર બાંધ્યો છે તે ઉપરથી તો વિશ્વજીવનનો હેતુ પૂર્ણ કરવા માટે બનતાં લગી, અર્થાત્, જ્યાં લગી આપણે માનવને અને પ્રભુને યત્કિંચિત પણ સહાયભૂત થઇ શકીએ ત્યાં સુધી તો, દુનિયાનો ત્યાગ કરવો જોઇએ નહિ એ સ્પષ્ટ છે. આપણે





વિશ્વને સેતાનની શોધ અથવા તો આત્માની ભ્રાંતિરૂપ નહિ પરંતુ પ્રભુનો જ દિવ્ય આવિર્ભાવ ગણીએ છીએ. અત્યાર સુધી તે અપૂર્ણ છે, કારણ કે તે આવિર્ભાવ પ્રગતિમાન અને ક્રમે ક્રમે વિકાસ પામનારો છે. એટલે, જીવનના ત્યાગને જીવનની ઉત્પત્તિના, અને સંસારના ત્યાગને સંસારની ઉત્પત્તિના હેતુ તરીકે સ્વીકારી શકાય નહિ. આપણે તો પ્રભુ સાથે આત્માનું અદ્વૈત સાધવું છે,—પરંતુ સાથે સાથે માનવ જોડેની એકતા પણ તેમાં સમાઇ જાય છે, અને આપણે એ બેને વિખૂટા પાડી શકીશું નહિ. ખ્રિસ્તધર્મના શબ્દોમાં કહીએ તો — "પ્રભુનો પુત્ર ક્રાઇસ્ટ માનવપુત્ર પણ છે; અને પૂર્ણ ખ્રિસ્તપણું પ્રાપ્ત કરવા માટે પ્રભુત્વ અને માનવતા બન્ને તત્ત્વો જરૂરનાં છે." અથવા આર્યાવર્તની ભાષામાં કહીએ તો "આ વિશ્વ જેનું એક કિરણ માત્ર છે એવો દિવ્ય નારાયણ નરમાં આવિર્ભાવ પામે છે, અને તેનામાં સંપૂર્ણ સાર્થકતા સિદ્ધ કરે છે. તેથી નર-નારાયણ એ સંપૂર્ણ માનવતાનો આદર્શ છે." આખા વિશ્વનું પરમ રહસ્ય એ સંપૂર્ણતામાં આવી રહેલું છે.

### ત્યાગ માત્ર એક સાધન છે.

એટલે આપણે માટે તો ત્યાગ એ એક ઉપયોગી સાધન છે, અંતિમ સાધ્ય નથી. વળી સાધન તરીકે પણ ત્યાગ એ આપણું એકમાત્ર કે મુખ્ય સાધન નથી. કારણ કે આપણો

ઉદ્દેશ માનવમાં પ્રભુનો આવિર્ભાવ કરવાનો છે અને એ હેતુ ભાવાત્મક હોઇ તેને આપણે નિષેધાત્મક સાધનથી કદી સિદ્ધ કરી શકીએ નહિ. અલબત્ત, આપણા માર્ગમાં જે બાધાઓ નડતી હોય તેમને દૂર કરવા માટે એ સાધનનો ઉપયોગ સુખેથી કરી શકાય. અર્થાત્ આધ્યાત્મિક પ્રગતિ અને પૂર્ણતાના માર્ગમાં વિરોધ કરનાર જે તત્ત્વો હોય તેમનો સંપૂર્ણ ત્યાગ થવો જ જોઇએ. વળી, એનાથી અધુરી યા તો મર્યાદિત સિદ્ધિનો પણ ક્રમે ક્રમે ત્યાગ કરવો જોઇએ. દુનિયામાં આપણું જીવન જાળવી રાખવા માટે આપણે આસક્તિ રાખવી જોઇએ નહિ. જો આપણા હૃદયમાં એવી આસક્તિ હશે તો આપણે તેનો ત્યાગ કરીશું, અને નિઃશેષપણે કરીશું. વળી સંસારમાંથી નાસીને છૂટા થઇ જવાની વૃત્તિ પ્રત્યે, તથા મોક્ષ માટે, પણ આપણે આસક્તિ નહિ રાખીએ. જો એવી આસક્તિ હશે તો તેનો પણ આપણે ત્યાગ કરીશું, અને નિઃશેષપણે કરીશું.

## આંતરત્યાગની શ્રેષ્ઠતા

વળી યાદ રાખવું કે આપણો ત્યાગ અંતરનો હોવો જોઇએ. તેમાં ત્રણ બાબતોનો ત્યાગ ખાસ કાળજીપૂર્વક થવો જોઇએ. પ્રથમ, ઇન્દ્રિયોમાંથી અને ચિત્તમાંથી આસક્તિનો અને કામનાનો; બીજો, કર્મમાંથી અને વિચારમાંથી અહંતાપૂર્ણ સ્વેચ્છાનો; અને ત્રીજો, જીવનના મધ્યબિંદુમાંથી





અહંતાનો. એ ત્રણેનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઇએ કારણ કે એ ત્રણ ગ્રંથિવડે જ આપણે નિમ્ન પ્રકૃતિમાં બંધાયા છીએ. એ ત્રણમાંથી આપણે છૂટી શકીએ તો પછી બીજું કાંઇ પણ આપણને બાંધી શકશે નહિ. એટલે આપણે પ્રથમ તો આસક્તિને અને ઇચ્છાઓને તો નિઃશેષપણે બહાર ફેંકી દેવી જોઇએ. આ દુનિયામાં એવું કાંઇ જ નથી કે જેના ઉપર આપણને આસક્તિ થવી જોઇએ. દોલત કે ગરીબાઇ, આનંદ કે શોક, જીવન કે મૃત્યુ, મહત્તા કે લઘુતા, સદ્‌ગુણ કે દુર્ગુણ, તેમજ મિત્ર, સ્ત્રી, પુત્ર, સ્વદેશ, પંડનું કાર્ય, જીવનકાર્ય, સ્વર્ગ, નર્ક — એ સઘળાંમાંથી કશા પ્રત્યે આપણે આસક્ત થવું જોઇએ નહિ. છતાં એનો અર્થ એવો નથી થતો કે આપણે દુનિયામાં કોઇ પણ વસ્તુને ચહાઇશું નહિ. અથવા તો, કશી વસ્તુમાં આપણે આનંદ લઇશું નહિ. કારણ કે, આસક્તિ કાંઇ પ્રેમ નથી; પરંતુ પ્રેમમાં રહેલો અહંકાર છે. કામના અથવા ઇચ્છા એ સુખ અને સંતોષ માટે ઉત્પન્ન થતી ક્ષુધામાં રહેલી મર્યાદા અને અસલામતી છે,— નહિ કે વિશ્વમાં તેમ જ સર્વ વસ્તુમાં વ્યાપી રહેલા દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરવાની અભીપ્સા – વૃત્તિ. આપણામાં તો આખા વિશ્વ પ્રત્યે પ્રેમ હોવો જોઇએ – શાંત અને ગહન – પરંતુ તીવ્રમાં તીવ્ર આવેશના ક્ષણિક ઉભરા કરતાં તો કેટલોએ વધારે તીવ્ર. પ્રત્યેક વસ્તુમાં આનંદ,— પ્રભુમાં આનંદ માણવાની શક્તિ ઉપર પ્રતિષ્ઠિત,— લેવાની શક્તિ હોવી જોઇએ. એવા

આનંદ પદાર્થના બાહ્યસ્વરૂપ ઉપર નહિ પરંતુ તે રૂપો જેને ઢાંકે છે તેના ઉપર આધાર રાખે છે અને વિશ્વમાં કોઈ પણ રીતે બંધાયા વિના, નિર્લિપ્ત રહીને, વિશ્વને તે પ્રેમપૂર્વક ભેટી શકે છે.

## સ્વેચ્છાનો ત્યાગ

દિવ્યકર્મ કરવામાં સિદ્ધિ મેળવવી હોય તો વિચાર અને કર્મ બન્નેમાંથી અહંતાપૂર્ણ સ્વેચ્છાનો સાધકે સંપૂર્ણપણે ત્યાગ કરવો જોઈએ. એ કર્મયોગના વિષયમાં આપણે જોઈ ગયા છીએ. જ્ઞાનયોગના અભ્યાસમાં પણ દિવ્યજ્ઞાનની સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે સ્વેચ્છાનો સાધકે ત્યાગ કરવો જરૂરનો છે. સ્વેચ્છા એટલે મનનું અભિમાન. એ અભિમાન પોતાની પસંદગીઓને, પોતાના અભ્યાસોને, વિચાર અને અભિપ્રાયનાં પોતાનાં જૂનાં અથવા નવાં ઘડતરોને "પોતાનાં" ગણે છે; અને પોતાનાં ગણે છે એટલે તેમની આજુબાજુ "અહં" અને "મમ"ના સૂક્ષ્મ તાંતણાંઓ તે વણે છે, અને કરોળિયો જેમ પોતાના જાળામાં રહે છે તેમ તેમાં તે રહે છે. પોતાની જાળના ઉપર હૂમલો થાય તેનો જેમ કરોળિયો વિરોધ કરે છે તેમ પોતાના સૂક્ષ્મ જાળામાં જરા-પણ ક્ષોભ થાય તે માનવમનને રૂચતો નથી. વળી પોતાની ન હોય એવી જાળમાં જેમ કરોળિયાને નવું અને વિદેશી લાગે છે તેમ એવા મનને નવીન દૃષ્ટિબિંદુઓ અને ઘડતરોમાં





લઈ જવામાં આવે તો તેને પણ બધું નવું અને વિદેશી લાગે છે, અને તે દુઃખી થાય છે. આ આસક્તિને તો મનમાંથી સંપૂર્ણપણે દેશવટો દેવો જોઇએ. જ્ઞાનપ્રત્યે જાગ્રત નથી એવું સામાન્ય માનવમન સંસાર અને જીવન પ્રત્યે જે દૃષ્ટિબિંદુને પોતાનું સ્વાભાવિક તત્ત્વ માનીને વળગી રહે છે તેનો આપણે ત્યાગ કરવો જોઇએ એટલું જ નહિ પરંતુ આપણા પોતાના મને ઘડેલા કોઇ પણ ઘાટમાં આપણે પુરાવું જોઈએ નહિ. યા તો બુદ્ધિની કોઈ પણ મીમાંસામાં કે ધર્મનાં મંતવ્યોની યોજનામાં યા તો કોઇ પણ સંપ્રદાયમાં, કે તર્કના નિર્ણયોમાં પણ આપણે મર્યાદિત થઈ જવું જોઇએ નહિ. ઇન્દ્રિયોના અને મનના બંધનમાંથી આપણે મુક્ત થવું જોઇએ એટલું જ નહિ પરંતુ તત્ત્વવિદની અને ધર્મ-ગુરુની તથા સંપ્રદાય સ્થાપન કરનાર પ્રચારકની જાળમાંથી પણ આપણે છૂટવું જોઇએ, શબ્દની જાળમાંથી અને વિચારનાં બંધનમાંથી આપણે મુક્ત થવું જોઇએ. એ બધાં બંધનો આત્માને બાહ્યરૂપમાં બાંધી લેવાને આપણી અંદર તૈયાર રહેલાં છે. પરંતુ આપણે તો હમેશાં ઊર્ધ્વમાં જવું જોઈએ, વિશાળ અને વ્યાપકને, –ભૂમાને– ખાતર લઘુનો, સંકુચિતનો –અલ્પનો ત્યાગ કરતા જ રહેવું જોઈએ : અનંતને માટે સાંતનો ત્યાગ કરવો જોઇએ. એક જ્યોતિર્મય સાક્ષાત્કારથી બીજા જ્યોતિર્મય સાક્ષાત્કાર પ્રત્યે, અનુભૂતિથી અનુભૂતિ પ્રત્યે, ચેતનાની એક અવસ્થાથી બીજી પ્રત્યે પ્રયાણ કરવાને

આપણે તૈયાર રહેવું જોઇએ, જેથી કરીને પ્રભુની નિરપેક્ષ પરાત્પરતા અને તેની વિશ્વમયતાની પરાકાષ્ટાને આપણે પ્રાપ્ત કરી શકીએ આપણે જે સત્યોને અબાધિત ગણતા હોઇએ તેમના પ્રત્યે પણ આપણે આસક્તિ ન રાખવી જોઇએ કારણ કે તે બધાં અનિર્વચનીય પરમાત્માનાં માત્ર રૂપો અને અભિવ્યક્તિઓ છે, અને પરમાત્મા તો પોતાનાં રૂપોથી યા તો આવિર્ભાવોથી બંધાતો નથી. આપણે તો ચેતનાના *પરાર્ધમાંથી આવતા શબ્દ પ્રત્યે શ્રુતિ ખુલ્લી રાખવી જોઇએ — તે શબ્દ પોતાના અર્થમાં પુરાયલો હોતો નથી. વળી, ઊર્ધ્વમાંથી પોતાના વિરોધી વિચારને પણ પોતાની અંદર ધારણ કરનાર જે વિચારજ્યોતિ આવે છે તેને પણ ગ્રહણ કરવા માટે આપણે તૈયાર રહેવું જોઇએ.

### અહંના ત્યાગની મુશ્કેલી

પરંતુ સઘળા વિરોધોનું કેન્દ્ર તો "અહં" છે. એના એકેએક ગુપ્તસ્થાનમાં અને એના પ્રત્યેક વેશમાં આપણે "અહં"નો પીછો પકડવો જોઇએ, તેને બહાર ખેંચી કાઢીને તેનો વિનાશ કરવો જોઇએ. એના છૂપાવેશો બેસુમાર હોય

* પરાર્ધ = મનથી પર જે ચેતનાનો પ્રદેશ છે તેને પરાર્ધ – ઉપલો અર્ધ કહેવામાં આવે છે. દેહ, પ્રાણ અને મન એ નિમ્ન અર્ધ – વિજ્ઞાન, સત્, ચિત્, આનંદ એ પરાર્ધ.





છે, અને જાતને છૂપાવવા માટે એક એક ઝીણા તાંતણાને પણ તે, બને ત્યાં સુધી, વળગી રહેશે. પરોપકારવૃત્તિ અને ઉદાસીનતા એ તો તેના સૌથી સચોટ કપટવેશો છે. એ વેશ ધારણ કરીને કેટલીક વાર તો તેનો શિકાર કરવાને નિયુક્ત – ખુદ દૈવી દૂતોની દૃષ્ટિ સમક્ષ આવીને બળવો જગાવવાની તે ધૃષ્ટતા કરે છે. અહિં આપણને પરમ જ્ઞાનનું સૂત્ર ઘણું જ કામ લાગે છે. વિવિધ દૃષ્ટિબિંદુઓ સાથે આપણે કાંઇ લેવાદેવા નથી, કારણ કે "હું", "તું" જેવું કાંઇ છે જ નહિ, ફક્ત એક જ પ્રભુ સર્વમાં સરખી રીતે વ્યાપી રહ્યો છે — વ્યક્તિમાં તેમ જ સમષ્ટિમાં પણ. તેનો સાક્ષાત્કાર કરવો, તેનો જીવનમાં આવિર્ભાવ કરવો, તેની સેવા કરવી અને તેની સાર્થકતા સાધવી એ મુખ્ય બાબત છે. આત્મસંતોષ, પરોપકાર, ઉદાસીનતા, ભોગ વગેરે કાંઇ મુખ્ય બાબત નથી. એ પ્રભુની સેવા અને સાક્ષાત્કારને માટે બીજાઓ જેને સ્વાર્થી, અહંકારનું કાર્ય ગણે તેવું કાર્ય કરવું પ્રાપ્ત થાય તો તે આપણે કરવું જોઇએ. આપણા અંતરમાં જે દોરનાર છે તેના કહ્યા પ્રમાણે આપણે વર્તવું જોઇએ; માનવોના અભિપ્રાય પ્રમાણે નહિ. સંજોગો આપણા ઉપર ઘણી જ સૂક્ષ્મ રીતે અસર કરે છે. લગભગ અજાણતાં, આપણી આજુબાજુના માણસોની બાહ્યદૃષ્ટિએ જે વેશ સારામાં સારો ગણાય એમ હોય તે ધારણ કરવાનો પ્રયત્ન આપણે કરીએ છીએ, અને એ રીતે આપણા અંતરની દૃષ્ટિ ઉપર

પડદો પડવા દઈએ છીએ. આપણે ગરીબાઈનું વ્રત ધારણ કરીએ છીએ, અથવા તો, સેવાવ્રત સ્વીકારીએ છીએ, યા તો ઉદાસીનતાનાં, ત્યાગનાં તથા નિષ્કલંક સાધુતાનાં બાહ્ય ચિન્હો ધારણ કરીએ છીએ, કારણ કે, ચાલતી આવેલી પ્રણાલી અને પ્રચલિત અભિપ્રાય, એવો દેખાવ કરવાની આપણી પાસે માગણી કરતા હોય છે. એવો દેખાવ કરવાથી આજુ-બાજુની પરિસ્થિતિ ઉપર આપણે અસર કરી શકીશું એમ આપણને લાગે છે, પરંતુ એ મિથ્યાભિમાન અને ભ્રમ માત્ર છે. એ બધા વેશો ધારણ કરવા પણ પડે કારણ કે પ્રભુની સેવા કરવા માટેનો એ આપણો જરૂરી વેશ હોય, પરંતુ એમ ન પણ હોય એ પણ બનવાજોગ છે. એ બાબતમાં બહારના માનવની દૃષ્ટિ કશા કામની નથી; આંતર-દૃષ્ટિ જ નિયામક છે, સર્વસ્વ છે.

### અહંતાને જાણવાની મુશ્કેલી

અહંતામાંથી મુક્ત થવાની જે માગણી કરવામાં આવે છે તે કેટલી અઘરી વાત છે તે ગીતાનો અભ્યાસ કરતાં, આપણને સ્પષ્ટ જણાઈ આવે છે. ક્ષત્રિયના અહંકારથી અને બળના મદથી અર્જુન યુદ્ધ કરવા પ્રેરાયો હતો. ત્યાર પછી નિર્બળતાની, વિશાદની, ઘૃણાની મનને તથા ઇન્દ્રિયોને વિવશ કરી મૂકનાર દયાની ખોટી લાગણીથી — વિરોધી પ્રકારની અહંતાથી — તે યુદ્ધમાંથી પરાઙ્મુખ થયો; તેની ઇન્દ્રિયોમાં





ક્ષોભ થયો, — કૌરવોને મારતાં તેનો જીવ ચાલ્યો નહિ. પરંતુ તેની એ દયા દિવ્ય ન હતી, — એવી દયા તો હાથમાં બળ આપે અને જ્ઞાનને વિશુદ્ધ કરે. છતાં અર્જુનની એ નિર્બળતા ત્યાગનું રૂપ ધારણ કરીને સાત્ત્વિક સદ્‌ગુણરૂપે આવે છે; અને અર્જુન કહે છે "લોહીથી ખરડાયલા ભોગ ભોગવવા કરતાં તો ભિક્ષા માગીને પેટ ભરવું વધારે સારૂં." — "મારે દુનિયાનું રાજ્ય જોઇતું નથી, તેમ સ્વર્ગનું પણ ન જોઇએ." — આપણને કદાચ એમ લાગશે કે શ્રીકૃષ્ણભગવાને અર્જુન-ની એ મનોદશાને વધાવી લીધી નહિ એ કેવી મૂર્ખાઇ કરી? એક મહાન આત્માને સંન્યાસીના દલમાં ઉમેરવાની સોનેરી તક તેમણે ગુમાવી દીધી! અને તેમ કરીને જગત આગળથી પવિત્ર ત્યાગનું એક જ્વલંત ઉદાહરણ લઇ લીધું. પરંતુ શ્રીકૃષ્ણભગવાને અર્જુનમાં જુદું જ જોયું. તે શબ્દથી છેત-રાતા ન હતા. તેમણે તો કહ્યું, "તારામાં રહેલી નિર્બળતા, ભ્રમ અને અહંતા આ શબ્દો તારી પાસે બોલાવે છે. આત્મા-નો સાક્ષાત્કાર કર! જ્ઞાન પ્રત્યે ચક્ષુઓ ઉઘાડ; અહંતાનો ત્યાગ કર." — ત્યાર પછી? "ત્યાર પછી યુદ્ધ કર, વિજય મેળવ, સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવ." વળી, રામાયણમાંથી એ એવું એક ઉદાહરણ લઇને અહંતાની સૂક્ષ્મતા સમજાવી શકાય તેમ છે. ભગવાનના અવતાર શ્રીરામચંદ્રજીએ લશ્કર ઊભું કર્યું, લંકાનો નાશ કર્યો અને સીતાને પાછી મેળવવા પ્રયત્ન કર્યો, એના મૂળમાં અહંતા હતી એમ આપણને લાગવાનો સંભવ

છે. પરંતુ એને બદલે શ્રીરામચંદ્રજીએ ઉદાસીન વૃત્તિનો વેશ ધારણ કરીને વેદાંતના સૂત્રોનો દુરૂપયોગ કરી કહ્યું હોત કે, "મારે સ્ત્રી નથી, શત્રુ નથી, કામના નથી; સૌ મિથ્યા માયા છે. મારે તો બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ પ્રયત્ન કરવો છે. રાવણને સીતાનું જે કરવું હોય તે ભલે કરે." એ પ્રમાણે તેમણે બ્રહ્મજ્ઞાનીનો દેખાવ ધારણ કર્યો હોત તો? તો તે અહંતા શું અહંતા ન કહેવાત?

## ખરૂં ધોરણ અંતરમાં

આવી બાબતોનો નિકાલ કરવાનું ધોરણ માનવના અંતઃકરણમાં છે એવો ગીતાનો આગ્રહ છે. આપણો આત્મા આસક્તિથી અને આતુરતાથી મુક્ત હોવો જોઈએ. જેમ કર્મ કરવા માટેના અહંતાયુક્ત આવેશથી તે મુક્ત હોવી જોઇએ તેમ અકર્મ પ્રત્યે પણ તેને આસક્તિ હોવી ન જોઇએ; જેટલો પાપ પ્રત્યેના આકર્ષણથી તે મુક્ત હોવો જોઇએ તેટલો જ સદ્‌ગુણનાં બાહ્ય સ્વરૂપોથી તે છૂટો હોવો જોઇએ. અહંતા અને મમતાનો આપણે ત્યાગ કરવો જોઇએ. તે જ પ્રમાણે વૈયક્તિક મન, પ્રાણ અને દેહની,— અન્ય સર્વને બાતલ કરીને — સેવા કરવામાં રહેલી અહંતા પણ આપણે છોડવી જોઇએ. આપણા પોતાના આત્મામાં જીવનને ધારણ કરવું એનો અર્થ એવો નથી કે આપણે આપણી પોતાની ખાતર જ અનંતમાં મગ્ન રહીને આનંદ માણવાનો





પ્રયત્ન કરવો અને એ અક્ષર આત્માનંદમાં લીન થઇ જઇને બીજી બધી વસ્તુઓ અને માનવો પ્રત્યે બેદરકાર રહેવું. એનો અર્થ એ થાય છે કે આત્મા તરીકે આત્મામાં, — આ દેહમાં તેવી રીતે અન્ય દેહોમાં, જીવન ધારણ કરવું અને દૈહિક અભિવ્યક્તિથી પર પણ થઇ જવું, પૂર્ણયોગમાં જ્ઞાનની વ્યાખ્યા એવી છે.

## પૂર્ણયોગમાં 'ત્યાગ'નો અર્થ

ઉપર પ્રમાણે જોતાં જણાશે કે 'ત્યાગ' શબ્દનો આપણે જે અર્થ કરીએ છીએ તે સામાન્ય વ્યવહારમાં તેનો જે અર્થ થાય છે તેના કરતાં તદ્દન જુદો છે. સામાન્ય રીતે ત્યાગનો અર્થ સ્વાર્થત્યાગ, સુખભોગનો ત્યાગ તથા ભોગના પદાર્થોનો ત્યાગ એવો થાય છે. આત્મત્યાગ અથવા સ્વાર્થભોગ માનવના આત્માને માટે, નિયંત્રણ તરીકે, જરૂરનો છે, કારણ કે માનવહૃદય અજ્ઞાન આસક્તિથી ભરેલું છે. સુખભોગનો ત્યાગ પણ જરૂરનો છે; કારણ કે ઇન્દ્રિયો પોતાના ભોગરૂપી મધ-કાદવમાં રચીપચી રહે છે, અને તેમાં જ લદબદ થઈ ચોંટી રહે છે. ભોગના પદાર્થોનો સ્થૂલ-ત્યાગ પણ જરૂરનો છે કારણ કે મન તે પદાર્થોમાં આસક્ત થઇને તેમનાથી પર જવાની ના પાડે છે,— અંતરમાં એક ડૂબકી સરખી મારવાને કબુલ થતું નથી. માનવમન એ પ્રમાણે અજ્ઞાની, આસક્ત, તેની અશાંત યાને ચંચળ

અસંગતિમાં પણ બદ્ધ થયેલ, પદાર્થોના બાહ્યસ્વરૂપથી ભ્રમિત થયેલ ન હોત તો ત્યાગની જરૂર રહેત નહિ. એવી સ્થિતિમાં મન આનંદથી પરમાનંદ પ્રત્યે, અલ્પથી ભૂમા પ્રત્યે, જ્ઞાનથી ઊર્ધ્વતરજ્ઞાન પ્રત્યે જઇ શકત. પરંતુ હમણાં એ પ્રમાણે બનવું શક્ય નથી. દરેક પદાર્થનું સત્ય સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે હમણાં મન જેના ઉપર આસક્તિ રાખે છે તે બધાનો તેણે અંતરથી ત્યાગ કરવો જ જોઇએ. બાહ્યત્યાગની ખાસ આવશ્યકતા નથી. તો પણ કોઇ વાર તે પણ થોડા સમયને માટે જરૂરનો હોય છે, – ઘણાં સાધકોને માટે, અનિવાર્ય હોય છે અને બધાને નિદાન થોડા સમય માટે, તે ઓછોવત્તો ઉપયોગી હોય છે. સંપૂર્ણ બાહ્યત્યાગની દશામાંથી પણ સાધકે, પોતાની પ્રગતિની કોઇ ભૂમિકામાં, એક વાર તો, પસાર થવું જ પડે છે. પરંતુ એવો ત્યાગ સ્વચ્છંદી ક્રૂરતાઓ અને ઉગ્ર આત્મયાતનાઓ સિવાયનો હોવો જોઇએ કેમ જે એમ કરવું એ તો આપણા અંતરમાં બિરાજતા પ્રભુની સામે અપરાધ કરવા બરાબર છે. આખરે ત્યાગ એ એક સાધન છે એટલે તેનો ઉપયોગ થઇ રહ્યા પછી તેની આવશ્યકતા રહેતી નથી. જ્યારે પદાર્થ પ્રત્યે, પદાર્થ તરીકે, આસક્તિ રહેતી નથી ત્યાર પછી તેનો ત્યાગ કરવાની જરૂર પણ રહેતી નથી, — કારણ કે પછી આત્મા પદાર્થમાં જે આનંદ લે છે તે પદાર્થનો પોતાનો નહિ પરંતુ પ્રભુને તે વ્યક્ત કરે છે તેનો આનંદ હોય છે. આત્મા ભોગ કે સુખની





વાંછના કરતો ન હોય ત્યાર પછી સુખભોગનો ત્યાગ પણ નિરર્થક છે, કારણ કે ત્યાર પછી આત્મા પદાર્થની સ્થૂલ પ્રાપ્તિ કરવાની, યા તો પોતાની માલિકી તેના ઉપર સ્થાપન કરવાની, જરૂરથી પર થઇ જઇને સર્વ પદાર્થમાં સમાન રીતે વ્યાપી રહેલા આનંદને સલામત રીતે પ્રાપ્ત કરતો હોય છે. જ્યારે "પોતાનું" એવું કાંઇ પણ રહે નહિ – પરંતુ ઉલટો તે સર્વ પ્રાણીમાં વ્યાપી રહેલ એક આત્માની તપઃશક્તિની આજ્ઞા પ્રમાણે વર્તે – ત્યાર પછી સ્વાર્થત્યાગનું, – આત્મબલિદાનનું ક્ષેત્ર જ રહેતું નથી. ત્યાર પછી આપણે નિયમોના બંધનથી મુક્ત થઇને આત્માની મુક્તિને પ્રાપ્ત કરીએ છીએ.

## શુભઅશુભનો ત્યાગ – : આદર્શ સ્થિતિ

આપણી આધ્યાત્મિક પ્રગતિના માર્ગમાં આપણે જેને "અનિષ્ટ" અથવા "નઠારૂં" કહેતા હોઇએ તેનો આપણે ત્યાગ કરવાનો છે. એટલું જ નહિ પરંતુ આપણે જેને હમણાં "સારૂં" માનતા હોઇએ, — પરંતુ જે એક માત્ર કલ્યાણ યાને મંગળ નથી — તેનો પણ આપણે ત્યાગ કરવો જોઇએ. આધ્યાત્મિક પ્રગતિમાં એવી કેટલીક બાબતો છે જે શરૂઆતમાં જરૂરની હોય છે અને આપણને કેવળ આવશ્યક પણ લાગે છે. પરંતુ એક વાર તેમને પ્રાપ્ત કર્યા પછી — તેમનાથી પર થવાની જરૂર ઊભી થતાં જ — તેઓ અંતરાય રૂપ, અરે, વિરોધરૂપ પણ, થઇ પડે છે, અને આપણા

વિકાસનો માર્ગ રોકે છે. એક વાર તેમના ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કર્યા પછી ચેતનાની એવી કેટલીક શ્રેયસ્કર અવસ્થા-ઓ છે જેમાં આરામપૂર્વક વિશ્રામ કરવો જોખમકારક છે. કારણ કે તેમ કરતાં આપણે પરાત્પર પ્રભુની ચેતનાના વધુ વિશાળ પ્રદેશો સર કરી શકીશું નહિ. આપણે તો પરમાત્મા-ની મૌલિક અને સમગ્ર પ્રાપ્તિ થાય નહિ ત્યાં સુધી વચમાં ગમે તેવા સાક્ષાત્કારો થાય તો પણ તેનાથી લોભાઇ અટકવાનું નથી: સર્વની પ્રાપ્તિ ન થાય, નરી પરાત્પરતા ન સધાય ત્યાં સુધી આપણે ઝંપીને બેસવું ન જોઇએ. આપણો આત્મા એ પ્રમાણે મુક્ત થશે તો પછી પ્રભુની લીલાના અકળિત ચમત્કારો તેને માલૂમ પડશે. અને આપણને જ્ઞાન થશે કે સર્વનો અંતરથી ત્યાગ કરવામાં વસ્તુતઃ આપણે કશું જ ગુમાવ્યું નથી. तेन त्यक्तेन भुञ्जीथाः । (ઈશ૦). "તેનો ત્યાગ કરીને તું સર્વનો ભોગ કરીશ." કારણ કે એવા ત્યાગ પછી બધી વસ્તુઓ આપણને તેમનાં શુદ્ધ સ્વરૂપમાં,– સમૂળું રૂપાંતર થઈને,– ફરીને પાછી મળે છે. તે સઘળી જ સુંદર, જ્ઞાનજ્યોતિર્મય, કલ્યાણકારી યાને શિવ, – પ્રભુમય લાગે છે: સર્વમાં આપણને સત્યં, શિવં, સુંદરમ્‌નો સાક્ષાત્કાર થાય છે, — એ નિત્ય શુદ્ધ અને અનંત પ્રભુ અને સનાતન કાળથી તેનું અવિરત રહસ્ય અને આશ્ચર્ય આત્માને પ્રત્યક્ષ થાય છે.

---



## પ્રકરણ ૬ ઠ્ઠું

# જ્ઞાનયોગની સાધનાનો સમન્વય

**ગયા** પ્રકરણમાં આપણે ત્યાગનો વિચાર સર્વ-સામાન્ય અને વ્યાપકદૃષ્ટિએ તપાસ્યો. તે જ પ્રમાણે આપણે એકાગ્રતાની સર્વે શક્યતાઓનો પણ વિચાર કર્યો. એ બાબતો જ્ઞાનયોગના જેટલી જ કર્મ તથા ભક્તિયોગને લાગુ પડે છે, કારણ કે ત્રણે યોગમાં એકાગ્રતા અને ત્યાગની જરૂર પડે છે. અલબત્ત, દરેક માર્ગમાં તેમને લાગુ કરવામાં ભાવનાનો અને પદ્ધતિનો ફેર પડે છે. પરંતુ હવે આપણે જ્ઞાનયોગના માર્ગની વિશિષ્ટ રીતિઓનો વિચાર કરીશું, અને એમાં ત્યાગ અને એકાગ્રતાની બેવડી શક્તિ આપણને આગળ વધવામાં મદદ કરશે. જ્ઞાનયોગ એટલે આપણો આત્મા શુદ્ધ સ્વરૂપમાંથી પાર્થિવ જીવનમાં જે નિસરણી મારફત ઊતર્યો છે તેનો ઉપયોગ કરીને ઊર્ધ્વ ગતિથી પાછા મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરવું તે.

## જ્ઞાનયોગનો ઉદ્દેશ

આત્માને શોધી કાઢવો, આપણી સાચી જાતને શોધી કાઢવી, એ જ્ઞાનયોગનો મુખ્ય ઉદ્દેશ છે. સત્યસ્વરૂપની પ્રાપ્તિ કરવી એમ આપણે કહીએ છીએ તેનો અર્થ એ જ છે કે આપણી અત્યારની સ્થિતિ સત્ય, વાસ્તવિક સ્થિતિ નથી. વિશ્વના કોયડાની ગ્રંથિને કાપી નાંખનાર ટૂંકા – સંક્ષિપ્ત – ઉકેલોનો અલબત્ત, આપણે સ્વીકાર કર્યો નથી. વિશ્વ એ સ્થૂલ શક્તિએ ઉત્પન્ન કરેલું જડ પદાર્થનું એક મહાન અસત્ય છે એમ આપણે માનતા નથી. વળી, 'વિશ્વ' એ મને ઉપજાવી કાઢેલો એક ભ્રમ, એક અવાસ્તવિકતા માત્ર છે એમ પણ આપણે કબુલ કરતા નથી. વળી, વિશ્વ માત્રાસ્પર્શોનું ભાવોનું તથા એ બન્નેના પરિણામોનું પોટલું છે અને તેની પાછળ મહાન અસત્, યા તો મહાન આનંદપૂર્ણ શૂન્ય સિવાય બીજું કાંઇ નથી, અને આપણા સનાતન અસતરૂપી વાસ્તવિક સત્યને પ્રાપ્ત કરવાને આપણે પ્રયત્ન કરવો જોઇએ એ સિદ્ધાંત આપણે સ્વીકારતા નથી. આત્માને આપણે સત્ય તરીકે સ્વીકારીએ છીએ, અને વિશ્વને આત્માના સત્ય તરીકે આપણે સ્વીકારીએ છીએ: વિશ્વ કેવળ જડ શક્તિની યા તો રૂપની વાસ્તવિકતા નથી, પરંતુ આત્માની ચેતનાની તે વાસ્તવિકતા છે વિશ્વ એક વાસ્તવિકતા છે, હકીકત છે, મિથ્યા નથી, અસત્ય નથી. અર્થાત્, વિરાટ અને પરાત્પર





પ્રભુની તે વાસ્તવિકતા છે, વ્યક્તિની ઉપજાવેલી કલ્પના નથી એ ખરૂં, પરંતુ આપણું હમણાનું જીવન અજ્ઞાનમય હોઇ સત્ય ઉપર રચાયેલું નથી. આપણે પોતાની જાતને વિષે ખોટો ખ્યાલ બાંધીએ છીએ. જેવા નથી તેવા આપણી જાતને જોઇએ છીએ. આપણી આજુબાજુની પરિસ્થિતિ સાથે પણ આપણો સંબંધ ખોટો છે, કારણ કે આપણે આત્માને અથવા તો વિશ્વને, એમાંથી એકેને, બરાબર પિછાનતા નથી. આત્મા અને પ્રકૃતિ એ બન્નેએ મળીને જે દૃષ્ટિબિંદુ સ્થાપન કર્યું છે તે અપૂર્ણ દર્શનને આપણે સત્ય તરીકે સ્વીકારીએ છીએ. પરંતુ એ દૃષ્ટિબિંદુ તો ક્રમે ક્રમે વિકાસ પામતી અહંતાની સગવડ માટે પ્રકૃતિએ ઉત્પન્ન કર્યું હોઇ તે ક્ષણિક અને વિકારી હોય છે. આપણા આંતરજીવનની અને પરિસ્થિતિ જોડેના આપણા સંબંધની આજુબાજુ વિકૃતિ, અવ્યવસ્થા અને ક્લેશનો જે સામાન્ય ઘેરો જામેલો હોય છે તેના મૂળમાં એ અસત્ય રહેલું છે. આપણું આંતરજીવન, સામાજિક જીવન, બીજા માણસો જોડેનો આપણો સંબંધ વગેરે હમણાં અસત્યના ઉપર રચાયલાં છે એટલે તેના મૂળ સિદ્ધાંતો, પદ્ધતિઓ, રૂઢિઓ વગેરે પણ અસત્ય છે. અલબત્ત, એ સર્વે અસત્યોદ્વારા ક્રમે ક્રમે વિકસતું સત્ય આવિર્ભાવ પામવા યત્ન કરી રહ્યું છે. એટલા માટે માનવને જ્ઞાનની પરમ અગત્ય છે. એ જ્ઞાન એટલે સામાન્ય વ્યવહારનું જ્ઞાન નહિ, પરંતુ

આત્માનું અને પ્રકૃતિનું ઊંડામાં ઊંડું જ્ઞાન.* એ જ્ઞાનના ઉપર જ સત્યજીવનનો – વ્યવહારનો – પાયો રચી શકાય.

### આપણું અજ્ઞાન

આપણા અજ્ઞાનનું કારણ એ છે કે આપણે અસત્ય વસ્તુ જોડે એકતા કરીએ છીએ. પ્રકૃતિએ પોતાની જડ સૃષ્ટિમાં જુદાં જુદાં દેખાતાં અનેક શરીરો ઉત્પન્ન કર્યાં છે. પ્રકૃતિમાં આવિર્ભાવ પામનાર આત્મા પોતે તે શરીરમાં રહે છે, અને તેને ધારણ કરે છે. પરિણામે આત્મા પોતાની જાતને – પોતાના ખરા સ્વરૂપને – ભૂલી જાય છે, અને પોતે જાણે પૃથ્વી પરનાં અનેક શરીરોમાંથી એક શરીર માત્ર હોય એવું માનીને "હું આ શરીર છું," એમ કહે છે. પોતાની જાતને દેહ તરીકે ગણે છે અને શરીરને સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે, શરીરના જન્મ જોડે જન્મ લે છે, અને મરણ જોડે મૃત્યુ પામે છે. એ પ્રમાણે પોતે શરીર જોડે એકતા કરીને ઉપરના સર્વ અનુભવો આત્મા સ્વીકારે છે. વળી, પ્રકૃતિએ પ્રાણમય સૃષ્ટિમાં પરસ્પર ભિન્ન દેખાતા જીવનશક્તિ યાને પ્રાણશક્તિના પ્રવાહો બનાવ્યા છે. તે પ્રવાહો દરેક શરીરની અંદર અને તેની આજુબાજુ આવર્ત

* આત્મજ્ઞાન અને તત્વજ્ઞાન એ નામો પણ એને આપવામાં આવે છે.





પેઠે ગોળ ગોળ ફરે છે. પ્રકૃતિમાં આવિર્ભાવ પામતો આત્મા તે પ્રવાહને પકડે છે,— વસ્તુતઃ પોતે તેમાં પકડાય છે, અને જીવનના નાના સરખા વમળમાં તે સપડાઇ જાય છે. એટલે આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે અને કહે છે કે "આ પ્રાણનો પ્રવાહ હું છું," જીવનમાં રહીને તેની આતુરતા પોતે સ્વીકારે છે, કામનાઓને સ્વીકારી તેમને વશ થાય છે, સુખમાં મસ્ત થઇ જાય છે,— દુઃખના ઘા ખમે છે, અને પ્રાણની ગતિની સાથે આગળ ધસે છે યા તો ઠોકર ખાઇને પડે છે. પ્રાણશક્તિમાં રહેવા છતાં જો તે શરીરભાવથી ઘેરાયલો હોય છે તો પોતાનું બધું અસ્તિત્વ અન્નમય અને પ્રાણમય માને છે અને કહે છે કે "જીવનનો જે પ્રવાહ આ શરીરની આજુબાજુ વહે છે તે શરીરના મરણ પછી બંધ પડશે ત્યારે હું પણ મૃત્યુ પામીશ." પોતાના શરીરમાં જે પ્રાણશક્તિનો વમળ ઉત્પન્ન થયો છે તે વિશ્વના જીવનપ્રવાહનું પરિણામ છે એમ તેને અનુભવ થાય છે તો આત્મા એ જીવનપ્રવાહ જોડે એકતા કરે છે અને એમ માને છે કે "હું તો પ્રાણનો અવિરત પ્રવાહ છું. હમણાં મેં આ શરીર ધારણ કર્યું છે. વળી તેનો ત્યાગ કરીને હું બીજા શરીરને ધારણ કરીશ. હું પુનર્જન્મની ઘટમાળમાં સતત ગતિ કરનાર અનંત પ્રાણ છું."

### માનસિક પ્રકૃતિ જોડે એકતા

વળી પ્રકૃતિએ માનસિક એકતામાં વિરાટની મનોમય ભૂમિકામાં જુદાં જુદાં દેખાતાં મન રૂપી વિદ્યુત–સંચાલક યંત્રો બનાવ્યાં છે. એ યંત્રો માનસિક શક્તિ ઉત્પન્ન કરે છે, તેને વહેંચે છે, અને એ શક્તિને પોતાનામાં પાછી શોષણ કરે છે. માનસિક તારખાતાની વ્યવસ્થામાં દરેક વૈયક્તિક મન તાર સ્વીકારવાના જુદા જુદા મથકના જેવું છે. ત્યાં આગળ મનના સંદેશાઓ તૈયાર થાય છે, રવાના કરવામાં અને સ્વીકારવામાં આવે છે, ઉકેલવામાં, લખવામાં આવે છે. એ માનસિક સંદેશાઓ અને એ પ્રવૃત્તિઓ વિવિધ પ્રકારની હોય છે: કેટલાક માત્રાસ્પર્શને લગતા, કેટલાક લાગણીઓ સંબંધી, ઇન્દ્રિયોદ્વારા મળેલા જ્ઞાન ઉપર આધાર રાખનારા, વિચારને અને સ્વયંજ્ઞાન–સહજજ્ઞાન–ને લગતા સંદેશાઓ હોય છે. મનોમય પ્રકૃતિમાં આવિર્ભાવ પામતો આત્મા તે બધાંને સ્વીકારે છે, અને વિશ્વપ્રત્યે પોતાનું દૃષ્ટિબિંદુ તે ક્રિયાઓ દ્વારા નક્કી કરે છે. તે તારના સંદેશાઓના ટકોરા પોતે રવાના કરે છે અને સ્વીકારે પણ છે એમ માનવને લાગે છે, અને પોતે તેનાં પરિણામો સહન કરી લે છે, યા તો તેમના ઉપર પ્રભુત્વ મેળવે છે. પ્રકૃતિ એ મનોમય યંત્રને શરીરરૂપી પાયા ઉપર ગોઠવે છે. વળી, શરીર તથા મનની વચ્ચે સંબંધ જાળવવા માટે તેણે પ્રાણશક્તિના પ્રવાહોવાળું નાડીયંત્ર મૂક્યું છે. એ નાડીમય પ્રાણના પ્રવાહોનો





આશ્રય લઇને મન સ્થૂલ જગતનું જ્ઞાન મેળવી શકે છે, એટલું જ નહિ પરંતુ, ધારે તેટલા પ્રમાણમાં, પ્રાણમય જગતને પણ તે જાણી શકે છે. મન જો કેવળ સ્વતંત્ર હોત તો સૌથી પ્રથમ તેને મનોમય જગતનું જ્ઞાન મળત, અને સ્થૂલ જગતની ઝાંખી પણ તેને આડકતરી રીતે જ, યા તો અવચેતનાદ્વારા, થાત,— અર્થાત્ તેની ચેતનાના એક વિશાળ અવશેષ રહેલા ભાગ — જેના પ્રત્યે તેની છાછરી સપાટી ઉપરની ચેતના વિસ્મરણશીલ અને પ્રતિકાર્ય વિનાની છે તેનાદ્વારા થાત.

### મનોમય પુરુષનું અજ્ઞાન

આત્મા મન જોડે એકતા કરે છે, અને કહે છે “હું આ મન છું.” અને મન સ્થૂલ શરીરમાં આસક્ત થઇ ગયેલું હોય છે એટલે તે માને છે “હું સચેતન શરીરમાં રહેનાર મન છું,” અથવા વળી ઘણીખરી વાર તો “હું વિચાર કરનાર અને જીવન ધારણ કરનાર દેહ છું.” દેહમાં બદ્ધ થયેલ મનના વિચારો જોડે, સંસ્કારો જોડે, બાહ્યસ્પર્શો જોડે આત્મા એકતા કરે છે અને પોતે એમ કલ્પે છે કે શરીર જ્યારે નાશ પામશે ત્યારે આ બધું પણ નાશ પામશે, એટલે કે હું પણ મૃત્યુ પામીશ. અથવા તેને પોતાનામાં મનોમય વ્યક્તિતાનો સતત પ્રવાહ ચાલ્યા કરે છે તેનું ભાન થાય છે તો પોતે, એક વાર યા તો ફરીફરીને, દેહમાં વસનાર

મનોમય – પુરુષ છે એમ તે માને છે, અને પાર્થિવ જીવન પછી પોતે મનોમય જગતમાં પાછો ફરશે એમ સ્વીકારે છે. એ પ્રમાણે શરીર અને પ્રાણમાં વારેવારે આવીને સુખદુઃખ ભોગવનાર મનોમય વ્યક્તિના સાતત્યને જ તે પોતાની અમરસત્તા માને છે. અથવા ગમે તેવું અપૂર્ણ છતાં, માનવ-મન જ્યોતિનું અને જ્ઞાનનું – અર્થાત્ સત્ત્વગુણ પ્રધાન – કરણ છે એટલે તેનો પોતાનાથી પર સત્યનો કાંઇક ખ્યાલ આવી શકે છે. અપરચેતનામાં – કોઇ શૂન્યાવસ્થામાં, યા તો કોઈ સનાતન સત્‌માં – પોતાના લયની શકયતા પણ મન જોઇ શકે છે અને કહે છે "ત્યાં હું, મનોમય વ્યક્તિ, મટી જઇશ." જેટલા પ્રમાણમાં દેહમાં બદ્ધ થયેલ મનની અને પ્રાણની લીલામાં માનવ આસક્ત હોય છે, કે તેનો તિરસ્કાર કરતો હોય છે, તેટલા પ્રમાણમાં તે એવા લયને માટે કાં તો કામના કરે છે, યા તો તેનાથી ડરે છે,– તેને સ્વીકારે છે યા તો તેનો ઇન્કાર કરે છે.

## વિરાટનું અસ્તિત્વ

આ બધા વિચારોમાં સત્ય અને અસત્ય બન્નેનું મિશ્રણ છે. મન, પ્રાણ અને શરીર પ્રકૃતિમાં અસ્તિત્વ ધરાવે છે એમાં શંકા નથી,— પરંતુ આત્મા તેમની જોડ તાદાત્મ્ય કરે છે તે અસત્ય છે. વળી પ્રકૃતિમાં મન, પ્રાણ અને શરીરનાં વ્યક્તિકરણ થાય છે તે પણ હકીકત છે. પરંતુ





આત્મા તેમાં લુબ્ધ થવાની ભૂલ કરે છે તે ખોટું છે. મન, પ્રાણ અને શરીર એ બધાં આપણે છીએ પણ તે જુદા અર્થમાં,— તે એ અર્થમાં કે આપણા સત્ય દિવ્ય સ્વરૂપે પુરુષ અને પ્રકૃતિના મિલનને અને પરસ્પર કાર્યને પરિણામે ક્રમે ક્રમે વિકસાવેલાં જીવનનાં એ તત્ત્વો છે; તેમનો આશ્રય લઇને પોતાની એક સત્તાના સ્વરૂપનો તે વિરાટ તરીકે આવિર્ભાવ કરે છે. વ્યક્તિનાં પોતાનાં મન, પ્રાણ અને શરીર એ તત્ત્વોની માત્ર લીલા છે. પુરુષ અને પ્રકૃતિની પરસ્પર આપ-લેના વ્યવહારમાં એક સનાતન સત્તા પોતાની અનેકતાનો આવિર્ભાવ કરવાના એક સાધન તરીકે એ લીલા ઉપસ્થિત થાય છે; તે એકમાં અનેકને પ્રગટ કરવાની શક્તિ સનાતન કાળથી છે — અને એ અનેકતાને તે એક અપ્રગટ-પણે પોતાનામાં ધારણ કરે છે. જેટલા પ્રમાણમાં આપણે તે એક – દિવ્ય – ચેતનાની અનેકતાના કેન્દ્રરૂપ છીએ તેટલા પ્રમાણમાં આપણાં પોતાનાં મન, પ્રાણ અને દેહ આપણા સાચા આત્માનાં સ્વરૂપો બને છે. વિરાટ મન, વિરાટ પ્રાણ અને વિરાટ શરીર એ પણ આપણાં છે, કારણ કે આપણે જાતે વિરાટ છીએ. પરંતુ વૈયક્તિક મન, પ્રાણ અને શરીર કરતાં આત્મા ઘણો જ વિશાળ છે. જ્યારે જ્યારે એ વસ્તુઓ સાથે તાદાત્મ્ય કરીને જાતને મર્યાદિત કરીએ છીએ ત્યારે ત્યારે આપણા જ્ઞાનના પાયામાં અસત્ય મૂકીએ છીએ, આપણને નિર્ણય આપનાર દૃષ્ટિબિંદુ

જૂઠું નીવડે છે, અને આપણી આંતર ચેતનાના જ નહિ પરંતુ વિરાટના અનુભવને, તથા અંગત પ્રવૃત્તિના અનુભવને પણ, આપણે જૂઠો પાડીએ છીએ.

### સર્વ અજ્ઞાનનો ત્યાગ

આત્મા તો સનાતન, શુદ્ધ, નરી સત્-તા છે, અને આખું જગત તેનો આવિર્ભાવ છે એ જ્ઞાનથી આપણે શરૂઆત કરવી જોઇએ. આપણે એ જ્ઞાનનો સાક્ષાત્કાર કરવાનો છે અને આપણા વૈયક્તિક જીવનમાં આંતર અને બાહ્યકર્મોનો પાયો તે સાક્ષાત્કાર અને એકતા ઉપર જ રચાવો જોઇએ. જ્ઞાનયોગમાં બે પ્રકારના સાધનમાર્ગો યોજવામાં આવ્યા છે: એક ભાવાત્મક અને બીજો અભાવાત્મક, તેમનો ઉપયોગ કરીને આપણે અસત્ય તાદાત્મ્યનો ત્યાગ કરીને સત્યજ્ઞાનને પ્રાપ્ત કરી શકીએ છીએ. અભાવાત્મક માર્ગે જતાં આપણે કહીએ છીએ કે "હું દેહ નથી," જેથી કરીને "હું શરીર છું." એ ખોટા ખ્યાલનો વિરોધ થાય અને તેને જડમૂળથી ઉખેડી નાખવામાં આવે છે. ત્યાર પછી એ જ્ઞાનના ઉપર એકાગ્રતા કરવી જોઇએ અને દેહના ઉપર આત્માની આસક્તિનો ત્યાગ કરીને દેહાધ્યાસથી મુક્ત થવું જોઇએ. તે જ પ્રમાણે આગળ ચાલતાં આપણે કહીએ છીએ કે "હું પ્રાણ નથી." એ જ્ઞાન ઉપર મનને એકાગ્ર કરવાથી અને પ્રાણની કામનાઓનો, અને વાસનાઓનો ત્યાગ





કરીને આપણે પ્રાણનાં બંધનથી મુક્ત થઇએ છીએ. છેવટે આપણે "હું મન નથી, હું ગતિ નથી, હું ઇન્દ્રિયો નથી, હું વિચાર નથી." એવો અભ્યાસ કરીએ છીએ, અને એ જ્ઞાનના ઉપર એકાગ્રતા કરવાથી અને મનની પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાથી આપણે મનના બંધનથી પણ છૂટી જઇએ છીએ. એ પ્રમાણે આપણી જાત અને જે વસ્તુઓ જોડે આપણે તાદાત્મ્ય કર્યું હતું તેમની વચ્ચે આપણે સતત ભેદ ઉપસ્થિત કરીએ છીએ ત્યારે તે બંધનોના પડદા એક પછી એક સરી જાય છે, અને આત્માનો સાક્ષાત્કાર થવા માંડે છે. ત્યાર પછી "હું તે છું. હું અનંત, નિત્ય, શુદ્ધ, આનંદ-સ્વરૂપ છું." એ પ્રમાણે આપણે એકાગ્ર વૃત્તિ કરીએ છીએ. અને તદ્રુપ થઇએ છીએ, અને વ્યક્તિ તથા વિશ્વનો તેમાં લય કરી દઇ શકીએ છીએ. વળી રાજયોગની એક પદ્ધતિ એવી છે કે પ્રથમ કેવળ બ્રહ્મના ઉપર જ બધી વિચારશક્તિ એકાગ્ર કરવી, અને મનમાંથી બ્રહ્મ સિવાયના બધા વિચારોને દૂર કરી નાંખવા, એટલે કે આપણું મન આંતર કે બાહ્ય પ્રવૃત્તિમાં બ્રહ્મ સિવાય બીજા એક પણ વિચાર ઉપર કાર્ય કરે જ નહિ. એ પ્રમાણે મન નિસ્પંદ થવાથી પ્રાણ અને શરીર પણ સનાતન સમાધિમાં પડી શાંત થઇ જશે. એ પ્રમાણે અંતઃકરણમાં કોઇ અનિર્વચનીય સમાધિ થતાં નિરપેક્ષ સત્-માં આપણે લય પામી જઇશું.

## આકાશ - બ્રહ્મ

આ બીજા સાધનમાં આપણે જોયું કે તે સ્વમાં કેન્દ્રિત છે, એની ઘણીખરી પ્રવૃત્તિઓ આંતર અને વ્યાવર્તક છે. એ રીતમાં વિચારવડે સંસારનો ઇન્કાર કરીને, તથા આત્માનાં ચક્ષુઓને બંધ રાખીને, જગતનો લોપ કરવામાં આવે છે. પરંતુ તે છતાં વિશ્વ તો ઊભું જ રહે છે. વ્યક્તિ તેને સ્વીકારે કે નહિ તો પણ વિશ્વ તો પ્રભુમાં સ્થિત છે. અને આત્મા વિશ્વમાં વાસ્તવિક રીતે સર્વ વસ્તુઓમાં વ્યાપી રહ્યો છે, અને જે સઘળાનો ત્યાગ કર્યો છે તેને તે ટકાવી રહ્યો છે, તથા વિરાટમાં તે વ્યક્તિને ભેટી રહ્યો છે, અને વ્યક્તિ તથા વિશ્વ બંનેને પોતાના પરાત્પર સ્વરૂપમાં સમાવી રહ્યો છે. આંતર સમાધિમાંથી જાગ્રત થઇને સામાન્ય સ્થિતિમાં આવતાં વિશ્વમાં જે સનાતન આત્મા રહેલો જણાય છે તેનું શું કરવું? એ પ્રશ્ન રહે છે. બહિર્મુખ થયેલો આત્મા જ્યારે વિશ્વ પ્રત્યે દૃષ્ટિ કરે ત્યારે તેણે શું કરવું તેનું નિરાકરણ ત્યાગ-વૃત્તિપ્રધાન જ્ઞાનયોગમાં તો સ્પષ્ટતાથી આપવામાં આવ્યું છે: તે એ છે કે પદાર્થ માત્રમાં અંતરસ્થ, સર્વની આજુબાજુ વ્યાપી રહેલ, સર્વના મૌલિક તત્ત્વરૂપ આત્માને સર્વ રૂપોમાં આવી રહેલ, જેમાં રૂપ માત્ર સમાઈ જાય છે, જે સર્વે રૂપનું ઉપાદાન કારણ છે તે બ્રહ્મને આકાશ તત્ત્વ તરીકે જોવો. સ્થૂલ પદાર્થોનું પૃથક્કરણ કરતાં છેવટે સર્વવ્યાપી આકાશ તત્ત્વમાં તે સર્વનો સમાવેશ થાય છે તેજ પ્રમાણે સર્વ-





વ્યાપી આકાશ – બ્રહ્મમાં સર્વ ચૈતન્યની એકતા પ્રતીત થાય છે. સર્વ પદાર્થો તેનાં સ્વરૂપો છે, સર્વ વસ્તુઓ તેની બનેલી છે, અને તે સર્વવ્યાપી છે એવો અનુભવ થાય છે. વળી એ આકાશ – બ્રહ્મમાં વિશ્વજીવન અને વિશ્વપ્રાણ અને વિરાટ મન પણ આવી રહેલાં જણાય છે. સર્વ સ્વરૂપો તો આકાશ – બ્રહ્મનાં જ બનેલાં છે. પરંતુ તે માત્ર સ્વરૂપો જ – નામ અને રૂપ જ હોય છે, વાસ્તવિક હોતાં નથી. આપણે એક ઘડો જોઇએ છીએ તે જેમ માટીનું જ એક રૂપ હોઇ તે પાછો મૂળ માટીના સ્વરૂપમાં મળી જાય છે; તે જ પ્રમાણે પૃથ્વી પણ વિરાટજીવનનો એક ભાગ હોઇ વિરાટપ્રાણમાં તે લય પામે છે. અને વિરાટપ્રાણ એ નીરવ, અક્ષર આકાશ – બ્રહ્મ – માં લય પામે છે. આ પ્રમાણે મનને એકાગ્ર કરવાથી અને નામરૂપાત્મક પદાર્થોને ગ્રહણ કરવાને બદલે તેનું મૂળ સ્વરૂપ જે આકાશ – બ્રહ્મ છે તેના ઉપર જ એકાગ્રતા કર-વાથી આખું વિશ્વ આકાશ – બ્રહ્મમાં થતી નામ અને રૂપની બનેલી માયા લાગે છે,— અર્થાત્ આખું નામરૂપાત્મક જગત મિથ્યા ભાસે છે. આ પ્રમાણે આ વિશ્વ મિથ્યા લાગતાં તેમાં વ્યાપી રહેલ આત્મા પણ મિથ્યા લાગે છે. ખરેખરું જોતાં તો આપણો એક અખંડ ચૈતન્યસ્વરૂપ આત્મા જ સર્વત્ર વિલસી રહ્યો હોઇ તેના ઉપર આપણું મન નામ, રૂપ વગેરેનો અધ્યારોપ કરી વિશ્વની ભાવના ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે આપણી વૈયક્તિક સત્તાને કૈવલ્યમાં પાછી ખેંચી લેવી

એ જ નિર્ણય સકારણ લાગે છે.

## લીલાનું રહસ્ય

અને છતાં પણ આત્મા તો સર્વ પદાર્થમાં વ્યાપી રહેલ અવિનાશી સ્વરૂપે, સર્વની ચારે બાજુ વિંટાઇ રહેલ અક્ષર સ્વરૂપે, અને પ્રત્યેક વસ્તુ અને સર્વ વસ્તુ સ્વરૂપે પોતાની અપાર માયા ફેલાવે જ રાખે છે. આપણે વિશ્વનું મિથ્યાત્વ સમજી ગયા,— તેનું માયા સ્વરૂપ જાણ્યું — તથા અજ્ઞાન રૂપી વંચકને પકડી પાડ્યો અને આપણે જગતનો ત્યાગ કર્યો તેટલા ઉપરથી આત્મા કે વિશ્વ બેમાંથી એકેના ઉપર તલ માત્ર અસર થતી લાગતી નથી આપણા સ્વીકારથી કે ત્યાગથી શ્રેષ્ઠ,– તેનાથી પર – તથા તેની અસરને માટે અતીવ મહાન, અતીવ સનાતન, એવું દઢાગ્રહી એ તત્ત્વ કયું છે તે શું આપણે જાણવું ન જોઇએ? અહિં પણ કોઈ અજેય વાસ્તવિકતા કાર્ય કરી રહેલી હોવી જોઇએ. અને જ્ઞાનની સમગ્રતા પ્રાપ્ત કરવી હોય તો આપણે તે વાસ્તવિકતાને જોવી જોઇએ, તેનો સાક્ષાત્કાર કરવો જોઇએ. નહિ તો પછી જગતનો નાથ વંચક અને માયા ન હતો પરંતુ આપણું જ્ઞાન વંચક અને મિથ્યા હતું એમ આપણને જણાય તો આશ્ચર્ય નથી. એટલે આપણે ફરીને એકાગ્રતા કરવી જોઇએ અને એ પ્રમાણે પ્રભુત્વપૂર્વક સાગ્રહ પ્રવૃત્તિ કરનાર વાસ્તવિકતાને આપણે જોવી અને જાણવી જોઇએ. તેની અનુમતિથી જ





વિશ્વ પોતાના કાર્યમાં આગળ વધી રહ્યું છે, અને તેની તપઃ-શક્તિ વિરાટનાં અનંતવિધ કાર્યોમાં તેને પ્રેરે છે તથા તેના સનાતન ગતિચક્રનું નિર્માણ કરે છે. આપણે હજી પણ વધારે એકાગ્રતા કરવી જોઇએ અને આત્માને એક સત્ તરીકે – સર્વમાં રહેલ પુરુષ અને સર્વની પ્રકૃતિ તરીકે – એકી વખતે પુરુષ અને પ્રકૃતિ તરીકે – જોવો જોઇએ, અનુભવવો જોઇએ. તે બન્ને સ્વરૂપ હોવાથી સર્વરૂપોમાં પોતાનો આવિર્ભાવ કરી શકે છે, તે રૂપો પણ બની શકે છે. જો એ પ્રમાણે ન કરીએ તો આત્મા જેનો પોતાની અંદરથી બહિષ્કાર કરતો નથી તેનો આપણે બહિષ્કાર કરીશું અને આપણા જ્ઞાનમાં સ્વચ્છંદી પસંદગી કરી ગણાશે.

જ્ઞાનયોગની પ્રાચીન ત્યાગપ્રધાન પ્રણાલીમાં સર્વ વસ્તુઓનું અદ્વૈત તથા ઉપર ગણાવેલાં સર્વ સ્વરૂપોનો સાક્ષાત્કાર કરવાની અગત્ય પણ સ્વીકારાય છે. પરંતુ તેમાં જુદા જુદા સાક્ષાત્કારો વચ્ચે ભેદ પાડવામાં આવે છે, તેમની ચઢતા-ઉતરતી શ્રેણી કરવામાં આવી છે. જે આત્મા આ સર્વ પદાર્થનાં રૂપો બને છે તેને પ્રાચીન જ્ઞાનયોગમાં વિરાટ કહેવામાં આવે છે. જે આત્મા એ સર્વ રૂપોને ઉત્પન્ન કરે છે તેને,– આલોકિત યા તો જ્ઞાનપૂર્વક સર્જન કરનાર, આત્માને – હિરણ્યગર્ભ કહેવામાં આવે છે. વળી સર્વ પદાર્થોને અપ્રગટ સ્વરૂપમાં પોતાનામાં સમાવનાર તેમના સચેતન કારણ રૂપ,

પદાર્થોનું ભાવી નિર્માણ કરનાર આત્માને પ્રજ્ઞા કહેવામાં આવે છે. આ બધા આવિર્ભાવોથી પર 'બ્રહ્મ' છે. તે ઉપર ગણાવેલી સર્વ અવાસ્તવિકતાઓને અનુમતિ આપે છે છતાં પોતે તેમની જોડે વ્યવહાર રાખતો નથી. આપણે વિરાટથી પરબ્રહ્મમાં સ્થિત થઇને વિશ્વનો ત્યાગ કરવો જોઇએ એવો એ પ્રાચીન જ્ઞાનયોગનો મત છે. કારણ કે જ્ઞાન એટલે અંતિમ જ્ઞાન. એટલે ઉપર જણાવેલા ઉતરતા પ્રકારના સાક્ષાત્કારોને છોડીને અંતિમ સાક્ષાત્કાર ઉપર જ આપણું લક્ષ પરોવવું જોઇએ. પરંતુ ઉપર જે વ્યવહારૂ ભેદો ગણાવવામાં આવ્યા છે તે બધા આપણે આપણા પોતાના મનથી જ ઉત્પન્ન કરેલા છે, અને કેટલાક હેતુઓ સાધવા માટે એ ભેદો ઉપયોગી છે એ ખરૂં પરંતુ એ ભેદોનું અંતિમ મૂલ્ય કાંઇ નથી આપણી દૃષ્ટિ આત્માની એકતા ઉપર વધારે ભાર દે છે; વિરાટ કાંઇ હિરણ્યગર્ભથી ભિન્ન નથી, અથવા તો હિરણ્યગર્ભ પ્રજ્ઞાથી, અને પ્રજ્ઞા નિરપેક્ષ બ્રહ્મથી, જુદો નથી. પરંતુ "सर्वाणि भूतानि आत्मैवाभूत" "આત્મા જ સર્વ ભૂતોને સ્વરૂપે વિલસી રહ્યો છે." એ સત્ય જેઓ જાણે છે તેઓ પ્રભુ પોતે – સર્વ વ્યક્તિના રૂપમાં આવિર્ભાવ પામી રહ્યો છે, પ્રભુ સર્વ પદાર્થોમાં — દૃશ્ય પદાર્થમાં, ઇન્દ્રિયગોચર અને મનોગોચર સર્વ વસ્તુમાં — વ્યાપી રહેલ બ્રહ્મથી નિરાળો નથી એમ સમજે છે. આપણે તે આત્માને, પ્રભુને, બ્રહ્મને જાણવો જોઇએ, આપણા આત્માની તેની સાથે એકતા અનુભવવી





જોઇએ, જેથી કરીને સર્વ પદાર્થો જોડે પણ આપણી એકતા અનુભવી શકીએ અને એ એકતામાં જીવન ધારણ કરી શકીએ. કારણ કે જ્ઞાન અંતે યોગ કરાવે – અભેદ કરાવે એવી માગણી આપણે કરીએ છીએ. જે જ્ઞાન ભેદ કરાવે છે તે ખરૂં જ્ઞાન નથી, તે જ્ઞાન અપૂર્ણ છે. તે કેટલાક વ્યવહારૂ હેતુઓ માટે સારૂં હોઈ શકે – પરંતુ એકતા કરાવે તે જ ખરૂં જ્ઞાન.

## પૂર્ણયોગમાં જ્ઞાનનો સાક્ષાત્કાર

એટલે પૂર્ણયોગ જુદા જુદા સાધનમાર્ગોનો તથા એકાગ્રતાના પ્રકારોનો સ્વીકાર કરશે પરંતુ તેમને સંવાદિ બનાવશે, અને, બની શકશે તો, તેમની એકબીજાને ટાળનારી વૃત્તિને દૂર કરીને સમન્વયમાં તેમને એકરસ બનાવશે. કેવળ બ્રહ્મવાદી જે પ્રમાણે પ્રભુના અને વિરાટના સાક્ષાત્કારનો ઇન્કાર કરી, શાંત, નીરવ અક્ષરમાં, યા તો, અજ્ઞેય બ્રહ્મમાં લય પામવા માટે પ્રયત્ન કરે છે, તે પ્રમાણે પૂર્ણયોગનો સાધક કરતો નથી. વળી આસ્તિકવાદમાં અપૂર્વ શ્રદ્ધા રાખનાર માણસ જે પ્રમાણે કેવળ પ્રભુમાં યા તો વિરાટ રૂપ સર્વમાં પોતાનું જીવન ધારણ કરે છે, – અને સર્વાત્મવાદી જેમ સર્વમાં જ પ્રભુને જુએ છે, – તે પ્રમાણે પણ પૂર્ણયોગનો સાધક કરતો નથી. વિચારમાં, સાધનના માર્ગમાં, અથવા તો સાક્ષાત્કારમાં તે સંપ્રદાયના મંતવ્યોથી કે તત્ત્વજ્ઞાનના વિચારોથી કદી પણ

મર્યાદિત થતો નથી,— તેમના સંકુચિત વાડામાં તે બંધાતો નથી. તે જીવનના સમગ્ર અને સંપૂર્ણ સત્યની શોધ કરતો હોય છે. જુના કાળથી ચાલી આવતી સાધન પ્રણાલીઓનો પૂર્ણયોગી ત્યાગ કરતો નથી, કારણ કે તેઓ સનાતન સત્યોના ઉપર ઊભેલી છે, પરંતુ તે સર્વને પોતાના અંતિમ હેતુને અનુલક્ષી યોગ્ય સ્થાને ગોઠવે છે.

## પોતાનામાં અને સર્વમાં આત્મા

જ્ઞાનયોગમાં આપણામાં રહેલા આત્માનો સાક્ષાત્કાર કરવો એ હેતુ મુખ્ય છે. બીજાઓમાં પણ તેજ આત્માનું દર્શન કરવું, પ્રકૃતિના નાથનો સાક્ષાત્કાર કરવો અથવા તો સર્વ રૂપે તેનો અનુભવ કરવો એ ગૌણ હોય છે. કારણ કે માણસમાં સૌથી વધારે તાલાવેલી તો પોતાના ઉત્તમોત્તમ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે જ હોય છે. પોતાના આધારમાં રહેલી અવ્યવસ્થિતતા, ગૂંચવાડાઓ તથા અસત્ય તાદાત્મ્યનો ત્યાગ કરવા માટે તે એકે પગે થઇ રહ્યો હોય છે. વળી સત્ય સ્વરૂપ જાણીને, શુદ્ધિ પ્રાપ્ત કરીને, અને એકાગ્રતા સ્થાપન કરીને તે આત્માનો સાક્ષાત્કાર કરવા તલપી રહ્યો છે. તથાપિ જ્ઞાનયોગની સાધના ફક્ત આત્મસ્વરૂપમાં લય પામી જવા માટે જ આપણે કરવાની નથી. પરંતુ આત્માનું જ્ઞાન થતાં આપણા આંતર રાજ્યનાં સર્વ કરણો તેમના સાચા પાયા ઉપર વ્યવસ્થિત થઇ જાય અને આત્માની અંદર, અને ઉચ્ચતમ





આત્મ સ્વરૂપને ખાતર, તેઓ જીવન ધારણ કરે તેટલા માટે કરવાની છે. તેના ઉચ્ચતમ આત્મ સ્વરૂપમાંથી મળનાર નિયમ — અર્થાત્, જેના જ્ઞાનનું વહન કરનાર મન તેમાં અસત્યનો ભેળ નહિ કરે એવા વિશુદ્ધ માનસને આપવામાં આવેલ — સિવાય બીજા કશાને તે વશ નહિ વર્તે. આ પ્રમાણેનો સાક્ષાત્કાર સિદ્ધ થાય તો પછી આપણને જણાશે કે આપણો આત્મા એ જ સર્વનો આત્મા છે. એટલું જ નહિ પરંતુ વિશ્વપ્રકૃતિનો પણ તે પ્રભુ છે. તે આપણું સર્વસ્વ છે, તેમ આખા વિશ્વનું પણ સર્વસ્વ છે. જેને આપણે આપણામાં જોઇશું તેને જ આપણે સર્વમાં પણ જોઇશું જ, કારણ કે અદ્વૈત એ જ તેનો સ્વભાવ છે. એ પ્રમાણે આપણા પોતાના જીવનનું ઉત્તમોત્તમ સત્ય શોધી કાઢીશું અને તેનો બરાબર ઉપયોગ કરીશું તો આપણી અને વિરાટની વચ્ચે રહેલો ભેદ પણ આપોઆપ દૂર થઇ જશે, કારણ કે આપણામાં રહેલું પરમ સત્ય એ જ વિશ્વનું પણ અંતિમ સત્ય છે! વેદાંતમાં કહેલા "सोऽहम्" "હું તે છું."નો સાક્ષાત્કાર આપણી અંદર કરીને આજુબાજુ નજર નાખતાં "तत्त्वमसि" "તે તું છે." એવો બીજી બાજુનો અનુભવ પણ આપણને થયા વિના નહિ જ રહે! જ્ઞાનયોગની સાધના કેવી રીતે ગોઠવવી કે જેથી આ બન્ને હેતુઓ સહેલાઇથી સિદ્ધ થાય એટલું જ ફક્ત આપણે જોવાનું છે.

---

## પ્રકરણ ૭મું

# શરીરના બંધનમાંથી મુક્તિ

### મૂળ – અસલ – આત્મભાવનું સ્મરણ

**આપણને** જે દેખાય છે તે બધું સત્ય નથી, તથા દેહ, પ્રાણ, યા તો મન આપણો આત્મા નથી, કારણ કે એ તો આત્માનાં રૂપો છે, — તેણે ધારણ કરેલાં સ્વરૂપો છે. આ પ્રમાણે બુદ્ધિવડે નિશ્ચય કર્યા પછી પ્રાણ અને દેહ સાથેના આપણા વ્યવહારૂ સંબંધ વિષે મનમાં સાચું વલણ સ્થાપન કરવું એ જ્ઞાનયોગનું પહેલું પગલું છે. એ પ્રમાણે કરવાથી મન આત્મા સાથે સાચો સંબંધ સ્થાપન કરી શકશે, એ કાર્ય કેવી રીતે કરવું તેના સહેલામાં સહેલા ઉપાયથી આપણે પરિચિત છીએ કેમકે કર્મયોગની સાધનામાં એ ઉપાયે મોટો ભાગ ભજવ્યો છે. એ ઉપાય એટલે પુરુષ અને પ્રકૃતિ વચ્ચે ભેદ પાડવો તે. જ્ઞાતા અને ઈશ્વરરૂપે પુરુષ પોતાની કાર્યસાધક સચેતન શક્તિમાં આચ્છાદિત થઇ ગયો છે, લપ-





ટાઇ ગયો છે. એટલે પ્રકૃતિની જે સ્થૂલ ક્રિયાને આપણે દેહ કહીએ છીએ તેને તે ભૂલથી પોતાની જાત માની લે છે: જ્ઞાતા અને ઈશ્વર તરીકેની પોતાની સ્થિતિને તે ભૂલી જાય છે. મન તથા આત્મા શરીરના નિયમોને અને ક્રિયાઓને વશ છે એમ તે માને છે; તે પોતે દેહ કરતાં ઘણો મહાન આત્મા છે એ સત્ય ભૂલી જાય છે. મન પણ જડ તત્ત્વના કરતાં વધારે મહાન વસ્તુ છે તે વિસરી જાય છે. અને તેથી શરીરની તમોગ્રસ્તતા, તેનાં પ્રતિકાર્યો, જડતાનો તેનો અભ્યાસ, અશક્તિની તેની ટેવ તેણે સ્વીકારવી જોઇએ નહિ એ વાત પણ તે ભૂલી જાય છે. વળી પુરુષ પોતે મન કરતાં પણ વધારે વિશાળ અને મહાન છે એ સત્યને ભૂલે છે. મનને ઊર્ધ્વમાં લઇ જનાર તે પોતે છે, તે પોતે મનનો સ્વામી છે, પરાત્પર છે એ સત્ય ગુમાવી દે છે. વળી, પોતે ઈશ્વર હોઇ પોતાની જ ક્રિયાઓનો ગુલામ બને, પોતાની જ અંદર આવી રહેલ એક ક્ષુદ્ર સ્વરૂપમાં પરાત્પર પુરાઈ રહે એ ઉચિત નથી એ પણ તેને યાદ રહેતું નથી. આ બધી આત્મવિસ્મૃતિ-માંથી છૂટવાનો ઉપાય એ છે કે પુરુષે પોતાની મૂળ સ્થિતિનું સ્મરણ કરવું. પ્રથમ તો શરીર એ પ્રકૃતિનું જ માત્ર એક કાર્ય છે, – અને ફક્ત એક જ કાર્ય છે – એ યાદ રાખવું જોઇએ.

### શરીરથી મનને વિખૂટું પાડવાનો અભ્યાસ

એટલે આપણે મનને કહીશું, "આ શરીર પ્રકૃતિનું એક

કાર્ય છે, એ કાંઇ તારૂં ખરૂં તત્ત્વ નથી. હું પણ તે નથી. માટે શરીરથી છૂટું પડ." એ પ્રમાણે અભ્યાસ કરવાથી જણાશે કે શારીરિક કાર્યોથી વિખૂટા પડવાની શક્તિ મનમાં રહેલી છે અને તે પણ કેવળ વિચારમાં નહિ પરંતુ કાર્યમાં, સ્થૂલ રૂપે જ નહિ પરંતુ પ્રાણમાં મનનું શરીર પ્રત્યે એ વલણ થાય તેની સાથે આપણે શારીરિક બાબતો પ્રત્યે કાંઇક ઉદાસીનતા ધારણ કરીને તેને મદદ કરવી જોઇએ. આપણે શરીરની નિદ્રા અથવા ઉજાગરો, ગતિ કે આરામ, દુઃખ અથવા સુખ, આરોગ્ય કે અનારોગ્ય, શક્તિ અથવા થાક, સંતોષ કે અસંતોષ, તથા તેના ખાનપાન વિષે ખાસ દરકાર લેવી નહિ. છતાં એ અભ્યાસનો અર્થ એવો નથી કે, બનશે ત્યાં સુધી, શરીરને તંદુરસ્ત રાખવા માટે આપણે સહજ પ્રયત્ન નહિ કરીએ. તીવ્ર ત્યાગવૃત્તિથી શરીર ઉપર આપણે જુલમ ગુજારવો જોઇએ નહિ. અથવા તો, જાણી જોઇને તેના વિષે પ્રમાદ રાખવો જોઇએ નહિ. પરંતુ શારીરિક બાબતોને બીજા સ્થૂલ દેહમાં અને પ્રાણમાં રહેનારા સામાન્ય લોકો જે અગત્ય આપે છે તેવી તેમની અગત્ય સાધકે આંકવી જોઇએ નહિ. અર્થાત્, સાધકે શરીરની ભૂખતરસથી, ક્લેશથી કે વ્યાધિથી, મન ઉપર જરા પણ અસર પહોંચવા દેવી જોઇએ નહિ. સાધકે શરીરને તદ્દન ગૌણ માનીને કેવળ એક કરણ તરીકે જ તેની અગત્ય આંકવી જોઇએ. શરીરની એક કરણ તરીકેની અગત્યને જરૂરિયાત ગણી લેવાની નથી. ઉદાહરણ





તરીકે, આપણે કદી પણ એમ ન ધારી લેવું કે મનની પવિત્રતા શરીરના ખાનપાન ઉપર આધાર રાખે છે. અલબત્ત, સાધનાની વિશિષ્ટ દશામાં એવા ખાનપાનના અને આચારના વિધિનિષેધો સાધકને આધ્યાત્મિક પ્રગતિમાં સહાય કરે છે. વળી, મનનો અને પ્રાણનો ખાનપાનના ઉપર જે આધાર છે તે એક અભ્યાસ, એ ત્રણ તત્ત્વો વચ્ચે પ્રકૃતિએ સ્થાપન કરેલ એક રૂઢ સંબંધ,— કરતાં વધારે સમર્થ કે આવશ્યક છે એમ આપણે માની લેવાની જરૂર નથી. ખરૂં જોતાં, આપણે એથી ઉલટો અભ્યાસ શરૂ કરીએ તો ક્રમેક્રમે નવી ટેવો પણ પાડી શકીએ. ખોરાકને તદ્દન ઘટાડી દઇને પણ મનની અથવા પ્રાણની શક્તિને જેવીને તેવી સતેજ આપણે રાખી શકીએ. વળી, આપણે ધારીએ તો માનસિક અને પ્રાણશક્તિના ગુપ્ત પ્રવાહોનો – સ્થૂલ ખોરાકની ગૌણ સહાય કરતાં – વધારે આશ્રય લઇને એ જ શક્તિઓનો ઘણો વિકાસ કરી શકીએ, સાધનાનો એ પ્રકાર આત્મસિદ્ધિયોગનો એક ભાગ છે. અત્યારે, આપણા હેતુ માટે દેહ ઉપરની આસક્તિનો અને શારીરિક વસ્તુઓના ઉપરના આધારનો મનવડે ત્યાગ કરવામાં આવે એ અગત્યનો મુદ્દો છે.

### વિખૂટાપણાનો સાક્ષાત્કાર

ઉપર જણાવ્યા પ્રમાણે ક્રમેક્રમે અભ્યાસ વધતાં આપણું મન દેહ પ્રત્યે પુરુષનું સાચું વલણ ધારણ કરશે. પ્રથમ તો

મનોમય પુરુષ પોતે દેહ નથી પરંતુ દેહને ધારણ કરે છે એવો અનુભવ તેને થશે. એ મનોમય પુરુષ શરીરથી જુદો હોઈ પ્રાણશક્તિનો ઉપયોગ કરીને તે શરીરને ધારણ કરી રહ્યો હોય છે. આ વૃત્તિ એટલી તો સ્થિર થઇ જવી જોઇએ કે પહેરવાનાં કપડાંની પેઠે, યા તો હાથમાં રહેલા હથિયારની પેઠે શરીર સાધકને એક બાહ્ય, છૂટી પાડી શકાય તેવી વસ્તુ લાગશે. વળી, માનસિક જીવન અને પ્રાણશક્તિના અપૂર્ણ આવિર્ભાવ તરીકે જ "શરીર છે" એવું સાધકને લાગે છે— બાકી, શરીરને પોતાને ખાતર તો તેનું અસ્તિત્વ સુદ્ધાં રહેતું નથી. શરીર પ્રત્યે મનનું જૂનું દષ્ટિબિંદુ બદલાઇને ખરૂં દષ્ટિબિંદુ સ્થાપન થયાની નિશાની ઉપર જણાવેલા અનુભવોની પ્રાપ્તિ છે.

## મન અને શરીર વચ્ચે ભેદ

શરીરની ક્રિયાઓ અને અનુભવો પ્રત્યે મન તુરત પોતાનું દષ્ટિબિંદુ ફેરવી નાંખશે. પ્રથમ તો, પુરુષ શરીરમાં છે એવી ભાવના હશે તેમાંથી શારીરિક ક્રિયાઓનો તે સાક્ષી માત્ર છે એવો અનુભવ થાય છે. અને પછીથી રહેતે રહેતે પુરુષ તેમનો જ્ઞાતા યાને દ્રષ્ટા છે એવો સાક્ષાત્કાર થાય છે. ત્યાર પછી, શારીરિક ક્રિયાઓ અને અનુભવોને પુરુષ પોતાના તરીકે સ્વીકારતો નથી, પરંતુ તેઓ તો પ્રકૃતિના જ ગુણોને આધીન છે, અને ગુણોનાં જ કાર્ય પ્રતિકાર્યને લીધે ઉત્પન્ન





થાય છે એમ અનુભવે છે. ઉપર જે ભેદનો અનુભવ વર્ણવ્યો તે એટલો તો સ્વાભાવિક અને એવો તો ઊંડો હોય છે કે શરીરનાં ભૂખ, તરસ, દુ:ખ, થાક, નિરૂત્સાહ વગેરે લાગણીઓ જાણે કોઇ બીજા માણસની લાગણીઓ હોય એ પ્રમાણે પુરુષ તેમને જુવે છે અને અનુભવે છે. એ લાગણીઓની તેને ખબર પડે છે કારણ કે દેહની અને પોતાની વચ્ચે માત્ર એક ઝીણો પારદર્શક પડદો જ આવી રહેલો હોય છે. આ પ્રમાણે દેહ અને મન વચ્ચેના ભેદનો અનુભવ કરવો એ આત્મ-સંયમ મેળવવા માટે એક ઘણું જ અગત્યનું પગલું છે. તેનાથી શરૂઆતમાં, તો મન સર્વ શારીરિક લાગણીઓને વશ થયા વગર, અને અંતે, તેમનાથી જરા પણ લેપાયા વગર, કેવળ અનાસક્ત રહીને તેમને જોઇ શકે છે, વિશદ જ્ઞાનવડે તેમને જાણી શકે છે. મનોમય પુરુષ એ પ્રમાણે શરીરનાં બંધનોમાંથી મુક્ત થઇ જાય છે, કારણ કે સત્ય – જ્ઞાનને ખંતપૂર્વક અમલમાં મૂકવાથી મુક્તિ મળે છે જ.

## પુરુષનું આધિપત્ય

છેવટ, મનોમય પુરુષ એ પ્રકૃતિનો ઈશ્વર છે એવો સાક્ષાત્કાર સાધકને થાય છે અને પ્રકૃતિની પ્રત્યેક ક્રિયાને માટે તેની અનુમતિની જરૂર છે એમ પણ તેને જણાય છે. વળી, પ્રકૃતિની જૂની ટેવોને પુરુષે અસલ જે અનુમતિ આપી હોય છે તે પણ પાછી ખેંચી લેવાની તેનામાં, અનુમંતા

તરીકે, સત્તા છે એવો અનુભવ પણ તેને થાય છે. પુરુષની તપઃશક્તિને અનુસાર પ્રકૃતિ ધીમે ધીમે પોતાની ક્રિયામાં ફેર કરે છે; યા તો તેમાંથી સમૂળગી અટકી જાય છે. અલબત્ત, એવો ફેરફાર એકદમ અમલમાં આવી જઇ શકતો નથી, કારણ કે ભૂતકાળનાં પ્રકૃતિનાં કર્મોના આગ્રહી પરિણામ તરીકે જૂની અનુમતિ ચાલુ રહે છે, એટલે જ્યાં સુધી એનો ક્ષય ન થઈ જાય ત્યાં સુધી તે ચાલે છે. વળી, અભ્યાસના બળ ઉપર, તથા મૌલિક જરૂરિયાતનો જે ખ્યાલ પહેલાં સાધકના મને બાંધ્યો હોય છે તેના ઉપર ઘણો આધાર રહે છે. પરંતુ જે ટેવ દૂર કરવાને સાધક પ્રયત્ન કરતો હોય તે શરીર, પ્રાણ અને મનનો સંબંધ જાળવી રાખવા માટે પ્રકૃતિએ જે મૌલિક અભ્યાસો – ખાવું, ઊંઘવું વગેરે – કેવળ આવશ્યક તરીકે સ્થાપન કર્યા છે તેમાંની નહિ હોય, અને જો તેને પુરુષ અનુમતિ નહિ આપે, તથા એ ટેવને સ્વેચ્છાપૂર્વક વિલાસ નહિ કરવા દે, તો છેવટે એ ટેવમાં ફેર પડતો જાય છે. ભૂખ અને તરસ જેવી "ટેવો"ને પણ ઓછી કરી નંખાય,– ક્રમેક્રમે તદ્દન બંધ પણ કરી શકાય. જે પ્રમાણે ભૂખતરસનું છે તે પ્રમાણે "રોગ"ની ટેવને પણ ઓછી કરીને છેવટે, અટકાવી તથા તદ્દન બંધ કરી શકાય. વળી, શારીરિક વ્યાધિઓને, પ્રાણશક્તિનો ઉપયોગ કરીને, અથવા તો કેવળ મનની તપઃશક્તિના પ્રયોગથી, દૂર કરવાની શક્તિ પણ ઘણી વધે છે. તે જ પ્રમાણે શારીરિક પ્રકૃતિમાં લાંબા





અભ્યાસને લીધે, થાક, આયાસ, અશક્તિ વગેરેના જે ખ્યાલ હોય છે તેમાં પણ ઘણો ફેર પડી જાય છે. અને શારીરિક અથવા માનસિક કાર્ય કરવાની શક્તિ, મુક્તિ, વેગ તથા સફળતા બમણી, ચારગણી અને દશગણી પણ વધારી શકાય છે.

## ભૌતિક શાસ્ત્રોની અશ્રદ્ધા અને યોગના અનુભવો

ખરૂં જોતાં અભ્યાસનો આ ભાગ 'આત્મસિદ્ધિ'યોગનો ભાગ છે. પરંતુ અહિં એને વિષે ઉલ્લેખ કરવાનું એક કારણ એ છે કે આત્મસિદ્ધિયોગનો પાયો વાંચનારના ધ્યાનમાં આવે; અને બીજું કે ભૌતિકશાસ્ત્રોને લીધે જે કેટલાક ખોટા ખ્યાલો પ્રચલિત થઈ ગયા છે તેમાં સુધારો થાય. ભૌતિકશાસ્ત્રોની માન્યતા પ્રમાણે તો હમણાં માનવના શરીર અને મન વચ્ચે જે સંબંધ છે તે બરાબર, યોગ્ય, અને કુદરતી છે, તેનાથી જુદો અથવા તો, વિરોધી સંબંધ હોય તો તે વિકૃત અને અસત્ય છે યા તો ભ્રાંતિ છે, આત્મ-પ્રતારણા છે, ગાંડપણ છે – ઘેલછા છે. પ્રકૃતિના ઉપર માનવની સત્તા વધારે જામે એવા હેતુથી ભૌતિકશાસ્ત્રો પ્રકૃતિની સામાન્ય જડ પ્રક્રિયાઓમાં ખંતપૂર્વક અને સફળ-તાથી સુધારાઓ કરે છે ત્યારે ભૌતિકશાસ્ત્રો પોતે એ સ્થિતિરક્ષક સિદ્ધાંતનું સંપૂર્ણપણે ઉલ્લંઘન કરે છે એ કહેવાની જરૂર નથી. અહિં માત્ર એટલું ઉમેરવું યોગ્ય લાગે છે કે જે શારીરિક અને માનસિક ફેરફારને લીધે, — મન

અને શરીરના સંબંધમાં ફેરફાર થવાને પરિણામે — અંતરમાં શુદ્ધિ અને સ્વતંત્રતાની વૃદ્ધિ થાય છે, જીવનમાં વધારે શુદ્ધ અને વિશદ આનંદનો વધારો થાય છે, અને મનની પોતાના ઉપર અને શરીરના ધર્મો ઉપર સંયમ રાખવાની શક્તિ વધે છે તે ફેરફારને વિકૃત કહી શકાય નહિ, માયા કે ભ્રમ ગણી શકાય જ નહિ. તેને આત્મવંચના પણ ન કહેવાય, કારણ કે તેની અસર પ્રત્યક્ષ અને સચોટ હોય છે. પ્રકૃતિ પોતે તપઃશક્તિનો પ્રયોગ કરીને વ્યક્તિદ્વારા પ્રગતિ કરે છે. તે પ્રગતિ પ્રકૃતિ તો કોઈ પણ પ્રકારે સિદ્ધ કર્યા વિના રહેનાર નથી. પરંતુ આ માનસિક અને શારીરિક પ્રગતિ કરવા માટે પ્રકૃતિ માનવની તપઃશક્તિને પોતાના હથિયાર તરીકે વાપરે છે, કારણ કે ક્રમેક્રમે પુરુષને પોતાના ઉપર સચેતન વિજય મેળવવા તરફ દોરવો એ પ્રકૃતિનો મુખ્ય હેતુ છે.

### એકાંતની અને અકર્મ રહેવાની અગત્ય

અહિં ઉમેરવું જોઇએ કે જ્ઞાનયોગના માર્ગમાં મન અને શરીરની પૂર્ણતા કેવળ ગૌણ સ્થાને જ હોય છે. જ્ઞાનયોગમાં તો સાધકે સૌથી ત્વરિત, અથવા તો સૌથી સચોટ અને સાદ્યંત પ્રયત્નદ્વારા પ્રકૃતિમાંથી ઉત્થાન કરવું જોઇએ. અહિં આપણે જે માર્ગ દર્શાવીએ છીએ તે સૌથી વધારે ત્વરિત નહિ, તો પણ કાર્યસાધકતામાં સૌથી વધારે સંપૂર્ણ તો છે જ. શારીરિક પૂર્ણતાની ચર્ચામાં





સ્થૂલ કાર્યો કરવાં કે ન કરવાં એ પ્રશ્ન પણ ઊભો થાય છે સામાન્ય રીતે યોગીએ કર્મમાંથી જેમ બને તેમ નિવૃત્ત થવું જોઇએ એવી માન્યતા પ્રચલિત છે. ખાસ કરીને અતિશય કાર્યો કરવામાં પ્રવૃત્ત રહેવું અંતરાયરૂપ નીવડે છે, કારણ કે તેથી બધી શક્તિઓ બાહ્ય પ્રત્યે ખેંચાઇ જાય છે — એ માન્યતા કેટલેક અંશે સાચી પણ છે. વળી સાધકના અંતઃકરણમાં મનોમય પુરુષ સાક્ષીભાવ ધારણ કરે છે ત્યારે તેની પ્રકૃતિમાં નીરવતા, શારીરિક નિષ્ક્રિયતા, સ્થિરતા અને એકાંત સેવનની વૃત્તિ ઉદય પામે છે. જ્યાં સુધી એ વૃત્તિમાં જડતા, અશક્તિ, અને કર્મ કરવાની નામરજી હોતી નથી ત્યાંસુધી,— અર્થાત્, એ વૃત્તિને લીધે તમોગુણ ઉત્પન્ન થતો નથી ત્યાં સુધી, તે લાભકારક છે. કોઇ પણ પ્રકારનું કર્મ નહિ કરવાની શક્તિ તે આળસ, પ્રમાદ, અશક્તિ અને કર્મના તિરસ્કાર કરતાં કે અકર્મની આસક્તિ કરતાં જુદી જ શક્તિ છે. એ શક્તિ પણ એક મહાન શક્તિ છે. મનની વિચાર-શૂન્ય, નિસ્પંદ સ્થિતિ પ્રાપ્ત કરવાની શક્તિ, કેવળ એકાંતમાં ગમે તેટલો સમય નીરવ રહેવાની શક્તિ, કોઇ પણ પ્રકારના ખલેલ વિનાની – અખંડ – શાંતિ જાળવવાની શક્તિ જ્ઞાન-યોગીને માટે જેટલી જરૂરની છે તેટલી જ કોઈ પણ પ્રકારનું કર્મ નહિ કરવાની શક્તિ પણ આવશ્યક છે. જે માણસ એ અવસ્થાઓને પ્રાપ્ત કરવા રાજી નથી તે સર્વોત્તમ જ્ઞાનની પ્રાપ્તિને માટે લાયક નથી એમ સમજવું. વળી જે એ

અવસ્થા પ્રત્યે પ્રયાણ કરવાને અશક્ત છે તે તેમની પ્રાપ્તિ માટે અધિકારી નથી એમ સમજવું.

## સ્થૂલ નિષ્કર્મની મર્યાદા : મિતાચાર

અહિં ખાસ ઉમેરવું જોઇએ કે એ પ્રમાણે નિષ્કર્મ રહેવાની શક્તિ સાધક કેળવે તો તે પૂરતું છે. સ્થૂલ કર્મોથી તદ્દન વિમુખ થઇ જવું કાંઈ અનિવાર્ય નથી, અને શારીરિક કે માનસિક કર્મોનો તિરસ્કાર, કે અણગમો હોવો ઇષ્ટ પણ નથી. જ્ઞાનની સમગ્રતા પ્રાપ્ત કરવા ઇચ્છનાર સાધકે કર્મની આસક્તિનો તથા અકર્મની આસક્તિનો પણ સરખો જ ત્યાગ કરવો ઘટે. ખાસ કરીને શરીરની, પ્રાણની કે મનની અંદર જડતાની વૃત્તિ આવે તેનો સાધકે સંભાળપૂર્વક ત્યાગ કરવાની સાવચેતી રાખવી જરૂરની છે. એ જડતાની વૃત્તિ પ્રકૃતિમાં વધતી જણાતી હોય તો સાધકે પુરુષની તપઃશક્તિનો ઉપયોગ કરીને તેનો ત્યાગ કરવો જોઇએ. આગળ જતાં એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે જ્યારે મન અને શરીર બન્ને પુરુષના આદેશનો, તેના તાબેદાર હથિયાર થઇને, અમલ કરે છે. તે કર્મ કરતાં તેમને નથી તો આસક્તિ થતી, કે નથી કાંઈ ભાર પડતો; તથા સામાન્ય કર્મ કરતાં શક્તિની જે નિમ્ન, આતુર અને જ્વરિત સ્થિતિ થાય છે તેવી થયા વિના તે કાર્ય કરી શકે છે. તેવા લોકો પ્રાકૃતિક બળો પેઠે પોતાનું કાર્ય કરે છે — ઉદ્વેગ વિના, પરિશ્રમ કે પ્રતિકાર્ય





વિના : દેહમાં બદ્ધ હોય, અને પોતાની સ્થૂલ પ્રકૃતિનો સ્વામી ન હોય ત્યાં સુધી ઉદ્વેગ, પરિશ્રમ અને પ્રતિકાર્યની લાગણી થવી એ પ્રાણની લાક્ષણિકતા છે. ઉપર જણાવેલી પૂર્ણતા આપણે પ્રાપ્ત કરીએ છીએ ત્યાર પછી કર્મ કરીએ કે ન કરીએ બધું સરખું હોય છે, કારણ કે તે બન્નેમાંથી એક્કેય આત્માની મુક્તિ ઉપર અસર કરી શકતું નથી, કે આત્માને પોતાના સ્વરૂપને જાણવાની જિજ્ઞાસાથી દૂર — ઐહિક પદાર્થો પ્રત્યે દોરી શકતું નથી. એટલું જ નહિ પરંતુ આત્માની ચેતનામાં થયેલી સ્થિર સ્થિતિને નવી પરિસ્થિતિ પણ ચલાયમાન કરી શકતી નથી. પરંતુ એ સ્થિતિ યોગાભ્યાસમાં પ્રગતિ કરવાને પરિણામે મોડી પ્રાપ્ત થાય છે અને જ્યાં સુધી એવી સ્થિતિ પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી ગીતામાં યુક્તાહાર-વિહારનો — એટલે કે મિતાચારનો — જે નિયમ આપ્યો છે તે સારામાં સારો છે. આ ઉપરથી જણાશે કે અતિશય શારીરિક કે માનસિક પ્રવૃત્તિ કરવી સારી નથી કારણ કે તેમ કરવાથી અતિશય શક્તિ બ્હાર ખેંચાઇ જાય છે અને તેથી આધ્યાત્મિક સ્થિતિ ઉપર નુકશાનકારક અસર થાય છે. તેજ પ્રમાણે બહુ થોડું કામ કરવું એ પણ ઠીક નથી કારણકે તેથી જડતા વધવાનો સંભવ છે એટલું જ નહિ પરંતુ તેને લીધે અકર્મની ટેવ અને આખરે કર્મ કરવાની અશક્તિ પણ આવી જાય છે; અને તે પાછળથી દૂર કરવી ઘણી જ મુશ્કેલ પડે છે. તો પણ કેવળ શાંતિના,

એકાંતના અને નિષ્કર્મના ગાળાઓ ઇષ્ટ છે, અને સાધકે વખતોવખત તેમને મેળવ્યા કરવા જોઈએ. કારણ કે તેમ કરવાથી આત્માને પોતાની ગહનતાનાં ઊંડાણમાં ડૂબકી મારવાની તક મળે છે જે જ્ઞાનપ્રાપ્તિને માટે અનિવાર્ય છે.

## સ્થૂલ શરીર પર પ્રાણનો કાબુ

આ પ્રમાણે શરીરનાં બંધનોની ચર્ચા કરતાં આપણે પ્રાણશક્તિની ચર્ચામાં ઉતરવું જ પડે છે. વ્યવહાર પૂરતું, આપણા દેહમાં જે પ્રાણશક્તિ કાર્ય કરી રહી છે તેને આપણે સ્થૂલ પ્રાણ કહીશું અને મનોમય ભૂમિકામાં કાર્ય કરનારી સૂક્ષ્મ પ્રાણશક્તિથી આપણે તેને જુદી પાડીશું. આપણું જીવન બે પડવાળું છે : પ્રથમ માનસિક અને બીજું શારીરિક. હવે, એ બન્નેમાં એક જ પ્રાણશક્તિ જુદે જુદે સ્વરૂપે કાર્ય કરે છે. તે પ્રાણશક્તિ સ્થૂલ દેહમાં ભૂખ, તરસ, થાક, તંદુરસ્તી, વ્યાધિ, જેમ વગેરે સ્થૂલ દેહને લગતી પ્રાણની લાગણીઓ અને વાસનાઓ ઉત્પન્ન કરે છે. માનવનો દેહ કાંઈ પથ્થર કે ઇંટના જેવો નથી, પણ પ્રાણમય અને અન્નમય એવા બે કોષોનો બનેલો છે. અર્થાત્ એ બન્નેના કાર્યનું પરિણામ તે તેનું જીવન છે. તો પણ સ્થૂલ પ્રાણ અને સ્થૂલ શરીર બન્ને એકબીજાથી તદ્દન જુદાં હોઇ જેમ જેમ મન શારીરિક અહંતામાંથી – દેહાધ્યાસમાંથી – પાછું ફરે છે તેમ તેમ આપણને સ્થૂલ પ્રાણનો અનુભવ વધારેને વધારે





થતો જાય છે. સ્થૂલ દેહમાં આપણે એ પ્રાણનાં જુદાં જુદાં કાર્યોને બરાબર જોઇ અને જાણી શકીએ છીએ, તથા તેના પર વધારે સંયમ પ્રાપ્ત કરી શકીએ છીએ. અને છતાં દેહ જોડેના તાદાત્મ્યમાંથી છૂટા પડતાં સ્થૂલ પ્રાણથી પણ આપણે મુક્ત થઇએ છીએ — જો કે સ્થૂલ પ્રાણ આપણને સ્થૂલ દેહ કરતાં વધારે સૂક્ષ્મ અને આપણા અંતિમ સ્વરૂપની વધારે નજીક હોય એમ લાગે છે. દેહ ઉપર સંપૂર્ણ વિજય તો સ્થૂલ પ્રાણના ઉપર વિજય મેળવવાથી જ મળી શકે છે.

## મૃત્યુના ભયનો ત્યાગ

શરીર અને તેનાં કાર્યો પ્રત્યેની આસક્તિને જીત્યાથી શરીરના પ્રાણ ઉપરની આસક્તિ પણ જતી રહે છે. કારણ કે આપણે પોતે દેહ નથી એવી ખાત્રી થતાં તે એક કરણ માત્ર છે, એક વસન છે, એવો અનુભવ થાય છે. એટલે પ્રાણશક્તિ જેમનામાં પ્રધાન છે તેવા મનુષ્યોમાં શારીરિક મૃત્યુના પ્રત્યે જે અણગમાની વૃત્તિ હોય છે તે જ્ઞાનયોગના સાધકમાં નિર્બળ થઇને, આખરે નાશ પામી જાય છે મૃત્યુના અણગમાની એ વૃત્તિ જરૂર દૂર નાંખી દેવી જોઇએ, અને તે પણ નિઃશેષપણે. મૃત્યુનો ભય, દેહના નાશનો અણગમો એ પશુમાંથી ઉત્ક્રાંતિ થયાનું માનવના ઉપર રહી ગયેલું કલંક છે. પાશવતાનું એ લાંછન તદ્દન ભૂસી નાંખ્યે જ છૂટકો છે.

## પ્રકરણ ૮ મું

# ચિત્ત અને મનનાં બંધનોમાંથી મુક્તિ

### પ્રાણશક્તિનું સ્થૂલ અને સૂક્ષ્મ કાર્ય

**પોતાના** મૂળ સ્વરૂપ પ્રત્યે ઉત્થાન કરતા આત્માએ સઘળાં શારીરિક બંધનોમાંથી મુક્ત થવું પડે છે એટલું જ નહિ પરંતુ તેના પોતાના મનમાં અને સમગ્ર સૂક્ષ્મ દેહમાં કાર્ય કરી રહેલી પ્રાણશક્તિથી પણ તેણે જુદા પડવાની જરૂર છે. એવો સાધક મનને પુરુષનો પ્રતિનિધિ બનાવી તેની પાસે કહેવડાવે છે કે "હું પ્રાણશક્તિ નથી, પ્રાણશક્તિ પણ પુરુષ નથી, એ તો પ્રકૃતિનું ઘણાં કાર્યોમાંનું માત્ર એક કાર્ય છે." પ્રાણના મુખ્ય ધર્મો ક્રિયા અને ગતિ છે. અર્થાત્ વ્યક્તિની બહાર આવી રહેલા પદાર્થોને પ્રાપ્ત કરવા માટે અને પ્રાપ્ત કરી તેમને પોતાનામાં ઘટાવવા માટે પ્રાણશક્તિ તલપાપડ થઈ રહે છે. વળી, જે પદાર્થો પ્રત્યે તે આસક્ત થાય છે





અથવા તો જે પદાર્થો આપોઆપ તેની પાસે આવી પડે છે, તેમના પ્રત્યે સંતોષ, અસંતોષ; સુખ, દુઃખ, વગેરેની લાગણીઓ તે ઉત્પન્ન કરે છે. અર્થાત્ પ્રાણશક્તિના કાર્યમાં આકર્ષણ, પ્રત્યાકર્ષણનો નિયમ આપણને હમેશાં દેખાઈ આવે છે. આપણે જે ત્રણ ધર્મો – ક્રિયા, ગતિ, આકર્ષણ પ્રત્યાકર્ષણ – ગણાવ્યા તે પ્રકૃતિમાં સર્વત્ર જોવામાં આવે છે, કારણ કે પ્રાણ સર્વત્ર છે. પરંતુ આપણે મનોમય પ્રાણીઓ – માનવો – હોવાથી એ ધર્મોનાં કાર્યનું માનસિક મૂલ્ય જુદા જુદા મનની અવસ્થા પ્રમાણે જુદું જુદું અંકાય છે. એ પ્રાણશક્તિના ધર્મો આપણા મનમાં કર્મનું, કામનાઓનું, રાગદ્વેષનું અને સુખદુઃખનું સ્વરૂપ લે છે. આપણા પોતાનામાં પણ પ્રાણશક્તિ સઘળે વ્યાપી રહી હોઈ આપણા સૂક્ષ્મ દેહનાં કાર્યોને ટકાવી રાખે છે એટલું જ નહિ પરંતુ આપણી ઇન્દ્રિયોના સંસ્કારોને સ્વીકારનાર મન તથા આવેશપ્રધાન ચિત્તને પણ તે ટકાવી રાખે છે. વળી આપણી વિચારશક્તિમાં પણ પ્રાણ કાર્ય કરે છે. હવે આ બધાય સૂક્ષ્મદેહના કરણોમાં પ્રાણશક્તિનું મિશ્રણ થતું હોવાથી મન, ચિત્ત, બુદ્ધિ વગેરે કરણોનાં કાર્યમાં સહજે ધર્મસંકરતા ઉત્પન્ન થાય છે, પરિમિતતા આવે છે અને તેઓ પોતાનો મૂળ ધર્મ ચૂકે છે. આપણા આંતર જીવનમાં જે અંધાધુંધી મચેલી આપણને જણાય છે તે બધી આ પ્રમાણે ઉત્પન્ન થાય છે. છતાં એ બધી આંતર જીવનની અંધાધુંધીમાંયે આપણને એક ધર્મ

સર્વોપરિ હોય એમ લાગે છે. અને તે ધર્મ તે "કામના" અથવા "ઇચ્છા." વિરાટ રૂપે પ્રભુ જેમ પોતાના સ્વયંભૂ આનંદને ખાતર સર્વ કર્મ, ગતિ, તથા ઉપભોગ કરે છે તેજ પ્રમાણે વ્યક્તિ મોટે ભાગે કામના યાને ઇચ્છાની તૃપ્તિ કરવા ખાતર કર્મ કરે છે, ગતિ કરે છે, ઉપભોગ કરે છે અને સહન કરે છે. એટલા માટે સૂક્ષ્મ દેહમાં કાર્ય કરી રહેલી સૂક્ષ્મ પ્રાણશક્તિ આપણને કામનાપ્રધાન મન સ્વરૂપે જ પ્રથમ દેખા દે છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિ અર્થે એ સૂક્ષ્મ પ્રાણશક્તિ – અને તે કામનામય મન – ઉપર વિજય મેળવવો આવશ્યક છે.

## પ્રાણશક્તિ અને મનનું ખરૂં કાર્ય

કામના આપણા સર્વ કર્મોનો હેતુ, સર્વ પ્રાપ્તિનું અને સર્વ સિદ્ધિઓનું ઉચ્ચાલન અને આપણા જીવનના સર્વ દુઃખોનું મૂળ છે. આપણું મન, ચિત્ત અને વિચારશક્તિ જો એ સૂક્ષ્મ પ્રાણશક્તિની દખલગીરીથી સ્વતંત્ર રહીને વર્તન કરી શકે, અને જો પ્રાણશક્તિ પોતાનો ધર્મ સૂક્ષ્મ દેહના ઉપર ઠોકી બેસાડવાને બદલે સૂક્ષ્મ કરણોના નિયમને માન આપી તેને વશ વર્તે, તો માનવજીવનના સર્વ વિકટ પ્રશ્નોનું નિરાકરણ ઘણી સહેલાઇથી આવી જાય. આપણામાં રહેલી પ્રાણશક્તિનું ખરૂં કાર્ય તો આપણામાં રહેલ દિવ્ય તત્ત્વની આજ્ઞા પ્રમાણે વર્તન કરવું એ જ છે. વળી, અંતરમાં બિરાજતો





પ્રભુ જે કાંઇ આપે તે સ્વીકારી લઈ તેમાં જ આનંદ માણવો અને કોઈ પણ પ્રકારની ઇચ્છા કરવી નહિ એ તેનો મૂળ ધર્મ છે વળી, ઇન્દ્રિયોના સંસ્કારો સ્વીકારનાર મનનો મૂળ ધર્મ એ છે કે તેણે પોતે જીવનના સર્વ બાહ્ય સ્પર્શો પ્રત્યે નિષ્ક્રિય બનીને તે સંસ્કારોને તથા તેમનામાં રહેલા રસ ને આનંદના તત્ત્વને, પોતાનાથી ઉચ્ચ કરણોને પહોંચાડવું. પરંતુ આકર્ષણ અને પ્રત્યાકર્ષણ, સ્વીકાર અને અસ્વીકાર, સંતોષ અને અસંતોષ, શક્તિ અને અશક્તિ વગેરે રૂપે શરીરમાં કાર્ય કરી રહેલી પ્રાણશક્તિની દખલગીરીને લીધે પ્રથમ તો મનનું કાર્યક્ષેત્ર સંકુચિત થઇ જાય છે, અને બીજું, જડ તત્ત્વમાં પ્રગટતા જીવનના સર્વે વિસંવાદોનો સ્વીકાર કરવાની તેને ફરજ પડે છે. અર્થાત્ આપણું મન અસ્તિત્વનો સાહજિક આનંદ પ્રાપ્ત કરવાનું સાધન મટી જઈને સુખદુઃખાદિ અનુભવોનું જ સાધન થઇ રહે છે.

## ચિત્તનો મૂળ ધર્મ

જે પ્રમાણે મનનું તેજ પ્રમાણે લાગણીઓ ઉત્પન્ન કરનાર ચિત્તનું પણ થાય છે. ચિત્તને પણ પ્રાણશક્તિના વિસંવાદોને સ્વીકારવા પડે છે. વળી તે પોતે પણ ઇન્દ્રિયોના સંસ્કારો પ્રત્યે આવેશો તથા લાગણીઓનું પ્રતિકાર્ય કરનાર એક ક્ષેત્ર હોવાથી પરિણામે હર્ષ, શોક, રાગદ્વેષ, ક્રોધ, ભય,

અભિલાષ, ઘૃણા, આશા, નિરાશા, ઉપકાર, વેર વગેરે જગતમાં ભજવાતા જીવનના નાટકમાં આવેશો અને ભાવોની અદ્ભુત લીલા ઉત્પન્ન થાય છે. આ ગુચવણને – આ જાળને – આપણે "આત્મા" કહીએ છીએ. પરંતુ વાસ્તવિક રીતે આપણો આત્મા, આપણો ચૈત્ય – પુરુષ યાને અંતરાત્મા, તો શુદ્ધ પ્રેમનું, આનંદનું અને સર્વ પદાર્થ પ્રાણી સાથે તથા પ્રભુ સાથે જ્યોતિર્મય એકતા કરવાનું એક ઉપયોગી સાધન છે. માનવજાતિનો મોટો ભાગ તેને જાણતો નથી અને ઘણા જ થોડા માણસોએ તેનો વિકાસ કર્યો છે. એ ચૈત્ય – પુરુષ હમણાં તો આપણો કામનામય પુરુષ જેને આપણે આત્મા તરીકે માની બેસીએ છીએ તેની તળે સંપૂર્ણ ઢંકાઈ ગયો છે. આપણા ચિત્તમાં યાને ભાવોની ઉત્પત્તિના સ્થાનમાં ચૈત્ય – પુરુષનું શુદ્ધ પ્રતિબિંબ પડવાને બદલે કામનામય મનનું જ પ્રતિબિંબ પડે છે.

## બુદ્ધિ અથવા વિચારશક્તિનો મૂળ ધર્મ

વળી, વિચારશક્તિનો મૂળ ધર્મ એ છે કે તેણે જ્ઞાન-પ્રાપ્તિમાં સહજ આનંદ લેવો, નિરીક્ષણ કરવું, સમજવું, તથા સમબુદ્ધિથી નિર્ણયો બાંધવા. તે ઉપરાંત પોતાની આજુબાજુના દૃશ્ય તેમજ અદૃશ્ય — પરંતુ જે આખરે પ્રગટ તો થવાના છે તે — પદાર્થોમાંથી જે સંદેશાઓ અને જ્ઞાનનાં કિરણો મળે તેમને જાગ્રત રહીને સ્વીકારવાં એ પણ





તેનું એક કાર્ય છે. એ સંદેશાઓ અને જ્ઞાનનાં કિરણો આપણી અંતરજ્ઞાનની શક્તિમાંથી કે સતેજ હૃદયમાંથી આવે તો પણ એટલું તો નક્કી જ કે તે બધા મનથી પર ભૂમિકામાં છૂપાઇ રહેલી દૈવી – વાચા તરફથી અંતઃકરણમાં ઉતરી આવે છે. પરંતુ સામાન્ય રીતે બુદ્ધિ એ પ્રમાણે વર્તન કરી શકતી નથી. કારણ કે તે ઇન્દ્રિયોમાં કાર્ય કરી રહેલી પ્રાણ-શક્તિનાં બંધનોમાં જકડાયલી તથા લાગણીઓના તથા માત્રાસ્પર્શોના વિસંવાદોને આધીન હોઈ પોતાના પક્ષપાતી, બૌદ્ધિક વલણો, પસંદગીઓ, જડતા, આયાસ અને વેગોથી મર્યાદિત થાય છે. વિચારશક્તિમાં એ પક્ષપાત, પસંદગી, જડતા વગેરે ઉત્પન્ન થવાનું કારણ કામનામય પુરુષ અથવા તો સૂક્ષ્મપ્રાણ જ હોય છે. ઉપનિષદમાં ખરૂં જ કહ્યું છે કે આપણું આખું મનોમય ચૈતન્ય પ્રાણશક્તિના રેશાઓથી અને પ્રવાહોથી પરિવ્યાપ્ત છે; અને પ્રયત્ન કરવો, પરિમિતતા લાવવી, ગ્રહણ કરવું અને નિષ્ફળ જવું, કામનાઓ ઉત્પન્ન કરવી અને દુઃખ સહેવું એ બધું પ્રાણશક્તિનું જ કાર્ય છે. એટલે પ્રાણશક્તિની શુદ્ધિ કર્યા વિના આપણે શુદ્ધ સનાતન આત્માને જાણી કે પ્રાપ્ત કરી શકવાના નથી.

## અહંતાનું મૂળ

ખરૂં છે કે આ બધી અવ્યવસ્થાનું મૂળ "અહં"બુદ્ધિ છે, અને એ અહંતાનું સ્થાન મનમાં છે. પરંતુ મનોમય કોષમાં

જે અહંતા જણાય છે તેનું મૂળ તો આપણી અવચેતનામાં રહેલું છે. અર્થાત્ મનથી નીચે જે ચેતના ઢંકાયલી છે તેમાં જે અહંતા ઉત્પન્ન થયલી હોય છે તેનું જ પ્રતિબિંબ મનમાં પડે છે. પદાર્થોમાં અને જીવનમાં સઘળે વ્યાપી રહેલો આત્મા જડ પથ્થરમાં કિંવા વનસ્પતિમાં મૂગો હોય છે,– પરંતુ જ્યારે તે મનોમય ભૂમિકાને પ્રાપ્ત કરે છે ત્યારે તે વાચાનો ઉપયોગ કરે છે અને સચેતન થાય છે, છતાં મનોમય કોષ કંઇ તેનો ઉત્પાદક નથી. એ ક્રમવિકાસમાં યાને ઉત્ક્રાન્તિમાં, ઉચ્ચ જીવન પ્રત્યે ઉત્થાન કરી રહેલા આત્માને અહંતાના બંધનમાં પડેલી પ્રાણશક્તિની મજબૂત ગાંઠ ઘણી જ નડે છે. કારણ કે બુદ્ધિ, હૃદય વગેરે સૂક્ષ્મ કરણો પોતાનાં સર્વ દુઃખોનું મૂળ પારખી કાઢી તેને દૂર કરવાને રાજીખુશીથી તત્પર બને છે તોપણ પ્રાણશક્તિ પોતાની ગાંઠ ઢીલી કરવા સાફ ના પાડે છે. મતલબ કે, એ કરણોમાં વ્યાપેલી પ્રાણશક્તિ પાશવતાનો અંશ હોવાથી તેમનાં જ્ઞાનને સંકુચિત કરે છે તથા છેતરે છે એટલું જ નહિ પરંતુ આ પ્રમાણે પોતે ના પાડીને તેમની તપઃશક્તિને પણ કુંઠિત કરે છે.

## સાક્ષીત્વવાળો મનોમય પુરુષ : તેનું પ્રભુત્વ

તેટલા માટે મનોમય પુરુષે પોતે કામનામય મનથી વિખૂટા પડીને તેની જોડે એકતા કરવી જોઈએ નહિ. તેણે તો કહેવું જોઇએ કે "આ મહેનત કરી બાથોડીઆં મારનાર, દુઃખ





સહન કરનાર તથા આનંદ પામનાર, પ્રેમ અને તિરસ્કાર અનુભવનાર, આશાનિરાશાનું રમકડું, ક્રોધ અને ભયનો ભોગ તથા પ્રાણશક્તિ અને લાગણીઓના આવેગોને વશ વર્તનાર પરવશ પ્રાણી તે હું નથી; એ બધું તો પ્રકૃતિનું કાર્ય છે, ઇન્દ્રિયોના સંસ્કારપ્રધાન મનમાં અને ચિત્તમાં કાર્ય કરતી પ્રકૃતિનું પરિણામ છે." એ પ્રમાણે કરવાથી મન પોતે આવેશો, લાગણીઓ વગેરેમાંથી પાછું ફરે છે, અને પોતે સાક્ષીરૂપે સર્વ ક્રિયાઓને જુવે છે. અર્થાત્ એ પ્રમાણે સતત અભ્યાસ કરવાથી અંતરમાં પાછા બે વિભાગો પડી જાય છે. એક બાજુ ચિત્તમાં પ્રકૃતિની જૂની ટેવ પ્રમાણે લાગણીઓ, આવેશો વગેરે આવ્યા કરે છે, અને બીજી બાજુ તે સર્વ ક્રિયાઓથી તટસ્થ રહીને જોનાર સાક્ષીરૂપે મનોમય પુરુષ પણ હોય છે. તે સર્વ ક્રિયાઓને જુએ છે, તેમનો અભ્યાસ કરે છે તથા તેમને બરાબર સમજે છે છતાં પોતે તેમનાથી તદ્દન નિર્લેપ રહે છે. મનોમય-પુરુષ જાણે મનની રંગભૂમિ ઉપર પોતાનાથી જુદી વ્યક્તિઓની ક્રિયા અને તેમનો નાટક થઇ રહ્યો હોય નહિ તેમ તેમને જુવે છે. શરૂઆતમાં તે નાટકમાં પોતે ઘણો રસ લે છે એટલું જ નહિ પરંતુ જૂની ટેવ પ્રમાણે ઘડીઘડીમાં પોતે તે નાટકના પ્રયોગ જોડે એકતા કરવા પણ મંડી જાય છે. પરંતુ ત્યાર પછી રહેતેરહેતે તે સંપૂર્ણ શાંતિથી અને નિર્લિપ્તપણે એ નાટકને જોઇ શકે છે, અને છેવટે તે પોતે પોતાની નીરવ

ચેતનાના અનંત આનંદને અનુભવે છે. પહેલાંના કલ્પિત આનંદ અને અસત્ય દુઃખોનું મિથ્યાત્વ જોતાં તેને પોતાના ચિત્તમાં ચાલી રહેલા નાટકમાં સુખદુઃખ ભોગવનાર અજ્ઞાન બાળકના પ્રત્યે હાસ્ય આવ્યા વિના રહેતું નથી! મનોમય-પુરુષ કેવળ સાક્ષીરૂપે એ નાટકનો દ્રષ્ટા છે એટલું જ નહિ, પરંતુ તે પોતે એ નાટકનો સૂત્રધાર હોઇ પોતાની અનુમતિથી તે નાટકને ચાલવા દેવાની, અગર તો, બંધ કરવાની, શક્તિ પણ તે ધરાવે છે એમ પણ તે અનુભવે છે. જ્યારે એ કાર્યોમાંથી પુરુષ પોતાની અનુમતિ પાછી ખેંચી લે છે ત્યારે એક નવો જ અનુભવ સાધકને થાય છે. તેનુ ચિત્ત સામાન્ય રીતે શુદ્ધ અને પ્રતિકાર્ય વિનાનું થઇ રહે છે, અને આવેશો, લાગણીઓ વગેરે તેમાં આવે છે તો પણ અંતરમાંથી ઉત્પન્ન થવાને બદલે જાણે બહારથી આવતા સંસ્કાર હોય એવું લાગે છે. ચિત્ત એ બહારના સંસ્કારો પ્રત્યે શરૂઆતમાં પ્રતિકાર્ય કરે છે ખરૂં તથાપિ એ બાહ્ય-સ્પર્શો પ્રત્યે પ્રતિકાર્ય કરવાની ટેવ પણ ધીમેધીમે ઘસાઇ જાય છે, અને ક્રમેક્રમે સર્વ આવેશોના હૂમલાઓથી ચિત્ત મુક્ત થઇ જાય છે, આશા અને ભય, હર્ષ અને શોક, રાગ ને દ્વેષ, આકર્ષણ તથા તિરસ્કાર, સંતોષ, અસંતોષ, ઉત્સાહ, નિરાશા, ઉદ્વેગ, ઘૃણા, શરમ વગેરે સર્વ આવેશો અને લાગણીઓ આપણા મુક્ત થયેલ અંતરાત્મામાંથી છૂટી જાય છે.





## ચિત્તના શમન પછી કરણોનું રૂપાંતર

એ પ્રમાણે ચિત્તના આવેશોનું સંપૂર્ણ શમન થઇ ગયા પછી તેમનું સ્થાન કઇ વસ્તુ લે છે? એ પ્રશ્નના જુદા જુદા ઉત્તરો છે. જો આપણે ઇચ્છીએ તો તે સ્થાને સંપૂર્ણ સ્થિરતા, મૌન યાને નીરવતા અને ઉદાસીનતાને સ્થાપન કરી શકીએ. સામાન્ય રીતે ચૈત્ય-પુરુષને એ અવસ્થામાંથી પસાર થવું પડે છે તો પણ આપણી સાધના માટે એ સ્થિતિને આપણે અંતિમ ઉદ્દેશ તરીકે સ્વીકારી નથી. અર્થાત્ પુરુષ પ્રભુ, અથવા તો સ્વરાટ્, થાય છે અને પોતાની તપઃ-શક્તિનો તે પ્રયોગ કરે છે. ચૈત્ય-પુરુષના સત્ય ભોગને યા તો આનંદને, અસદ્ ભોગવૃત્તિને ઠેકાણે સ્થાપન કરવો જોઇએ. એ તપઃશક્તિ પુરુષની છે. પુરુષ તપઃશક્તિ વાપરે છે, –તેનો અમલ પ્રકૃતિ કરે છે. આપણી અપૂર્ણ પ્રકૃતિમાં કામના અને વાસના, આવેશ અને ઇચ્છા રૂપે જે બધું હતું તેનું રૂપાંતર થઇને તે સ્થાને શુદ્ધ જ્ઞાન અને ગાઢ પ્રેમ, આનંદ અને અદ્વૈત સ્થાપન થાય છે. આપણું કામનામય મન જે સ્થાન ખાલી કરીને જતું રહે છે તેને સ્થાને આપણો અંતરાત્મા આવીને બિરાજે છે. આપણી લાગણીઓના વિશુદ્ધ થયલા ખાલી પાત્રમાં – ચિત્તમાં – મધુરતા અને કડવાશના મિશ્રણવાળા આવેશોને બદલે દિવ્ય પ્રેમ અને આનંદનો સોમરસ ટંકોટંક ભરાય છે. આવેશો —

કલ્યાણ અને શુભ કરવાના આવેશો સુદ્ધાં — પ્રભુની દિવ્ય પ્રકૃતિને ખોટી રીતે રજુ કરે છે. આપણામાં જે દયાની લાગણી છે તેમાંએ સ્થૂલ ઘૃણાની અશુદ્ધિ રહી ગયેલી હોય છે. આપણે દયા બતાવીએ છીએ તેનું કારણ વસ્તુતઃ એ જ હોય છે કે આપણા હૃદયમાં બીજાંઓનાં દુઃખ આપણે સહન કરી શકતા નથી. એવી નિર્બળ દયાની લાગણીનો પણ ત્યાગ કરીને તેને બદલે આપણે દિવ્ય અનુકંપા સ્થાપન કરવી જોઇએ. એ દિવ્ય અનુકંપા સર્વ વસ્તુઓને જોશે, તેમને સ્વીકારશે, બીજાઓનો ભાર પણ તે ઉઠાવશે, તથા બીજાઓનું દુઃખ મટાડવાને અને તેમને સહાય કરવાને નિશદિન તે તત્પર રહેશે, તો પણ તે દુનિયાનાં દુઃખો પ્રત્યે અહંતાપ્રધાન વૃત્તિથી બળવો કરીને, અથવા તો સર્વ પદાર્થોના આદિ કારણને, કે વિશ્વની વ્યવસ્થાને દોષ દઈને, નહિ પરંતુ જ્ઞાનપૂર્વક અને પ્રભુના હથિયાર તરીકે તેનો આવિર્ભાવ કરવા માટે જ દયા બતાવશે. જે પ્રમાણે નિર્બળ દયાનો ત્યાગ કરવાને આગળ કહેવામાં આવ્યું તે જ પ્રમાણે કામનાપ્રધાન અને વસ્તુઓની પ્રાપ્તિ કરવાને ઝંખના કરનાર, તથા આનંદમાં ક્ષોભ લાવનાર અને દુઃખમાં હાલી જનાર, પ્રેમનો પણ આપણે ત્યાગ કરવો જોઇએ. એવા પ્રેમને બદલે આપણે શાંત, સમ અને સર્વગ્રાહી, મુક્ત પ્રેમભાવ સ્થાપન કરવો જોઈએ, — એ પ્રેમભાવ બાહ્ય સંજોગોથી સ્વતંત્ર હોય છે એટલું જ નહિ





પરંતુ પોતાના પ્રેમપાત્ર તરફથી કોઇ પણ જાતના બદલાથી કે બદલાના અભાવથી લેશ માત્ર પણ વિકાર પામતો નથી. એ પ્રમાણે આત્માનાં કરણોની સર્વ ક્રિયાઓ પ્રત્યે આપણે નવું વલણ સ્થાપન કરીશું. એ સર્વ કરણોની પૂર્ણતાનો સંપૂર્ણ વિચાર આપણે આત્મસિદ્ધિના વિષયમાં કરીશું.

## ખરી સમતા

નિષ્કર્મ સ્થિતિ અને કર્મપરાયણતાનો પ્રશ્ન આપણે આગળ ચર્ચી ગયા છીએ. તે પ્રમાણે ચિત્તમાં એક બાજુ શાંતિ અને ઉદાસીનતા તથા બીજી બાજુ સક્રિય આનંદ અને ક્રિયાત્મક પ્રેમનો પ્રશ્ન પણ ચર્ચવા જેવો છે. સમતા પાયો છે, — નહિ કે ઉદાસીનતા: ક્રિયામાં રહેલા આનંદ તથા પ્રેમને આપણે સમત્વના પાયા ઉપર રહીને જ પ્રાપ્ત કરવાનાં છે, ઉદાસીનતાવડે નહિ. તિતિક્ષા અર્થાત્ સહન કરી લેવાની શક્તિ, નિષ્પક્ષપાતી ઉદાસીનતા અને શાંત સમર્પણ વગેરેની મદદથી સુખ અને દુઃખની લાગણી થયા વિના, સમતાપૂર્વક, આપણે હર્ષશોકનાં કારણોથી પર થઇ શકીએ. પરંતુ એ સ્થિતિ હજી ખરી સમતા નથી. એ તો માત્ર ખરી સમતાની સ્થાપના માટેની પ્રાથમિક ભૂમિકા હોઇ જ્યાં સુધી એ સમતા પ્રેમ અને આનંદનું ભાવાત્મક સ્વરૂપ ધારણ કરે નહિ ત્યાં લગી તે પૂર્ણ થઇ મનાય જ નહિ. ઇન્દ્રિયજન્ય સંસ્કારોને વશ વર્તનાર મનને સૌન્દર્યસાર

પરમાત્માનો સમાન રસ સર્વત્ર પ્રાપ્ત થવો જોઇએ, હૃદયમાં તેમજ અન્યત્ર સર્વ સ્થળે સમાન પ્રેમ અને આનંદ પ્રાપ્ત કરવાની શક્તિ તેનામાં આવવી જોઇએ એટલું જ નહિ, પરંતુ સુક્ષ્મ પ્રાણમાં યે એ રસ, પ્રેમ અને આનંદ વ્યાપી જવો જોઇએ. પરંતુ એવી ભાવાત્મક પૂર્ણતા તો મુક્તિ પ્રાપ્ત થયા પછી જ આવે છે. જ્ઞાનયોગમાં તો આપણો પ્રાથમિક ઉદ્દેશ કામનામય મન તથા આવેશ અને વિકારમય ચિત્તમાંથી વિરક્ત થઇને જે મોક્ષ મળે છે તે પ્રાપ્ત કરવાનો છે.

## વિચારમાંથી કામનાઓને બાતલ કરવી

વળી, કામનામય મનને વિચાર કરવાના કરણમાંથી આપણે બાતલ કરવું જોઈએ. તેમ કરવાનો સારામાં સારો ઉપાય એ છે કે પુરુષે પોતે અભિપ્રાય, વિચાર વગેરેથી અલગ થઇ જવું. એ પ્રમાણે કેવી રીતે કરવું તે આપણે પૂર્ણ શુદ્ધિના વિષયની ચર્ચા વખતે જોયું પણ હતું. જ્ઞાન-પ્રાપ્તિની જે જે સાધનાઓ અત્યાર સુધીમાં આપણે વર્ણવી તે બધી ખરૂં જોતાં તો શુદ્ધિ અને મુક્તિને પ્રાપ્ત કરવાની જ પદ્ધતિઓ છે. એ શુદ્ધિ અને મુક્તિને લીધે જ અંતે આત્મ-સાક્ષાત્કાર શક્ય બને છે. તેમ ક્રમેક્રમે વિકાસ પામતા આત્મસાક્ષાત્કારને લીધે એ શુદ્ધિ અને મુક્તિમાં પણ વધારો થતો જાય છે. અત્યાર સુધી બીજાં કારણોની બાબતમાં જે પદ્ધતિનો ઉપયોગ થયો છે તેનો જ ઉપયોગ કરીને આપણે





વિચારશક્તિથી પણ અલગ થઈ શકીએ છીએ. વિચારશક્તિને પહેલાં તો શરીર, પ્રાણ અને મનની જોડેની એકતાનો નાશ કરવા માટે પુરુષ વાપરે છે, પરંતુ તેનો એ હેતુ સરતાં જ તે વિચારશક્તિના સામો થઈને કહે છે, "હું આ વિચારશક્તિ પણ નથી. વિચાર કે વિચારક નથી તેમ તત્ત્વવેત્તા યે નથી. આ બધા વિચારો, અભિપ્રાયો, તરંગો, તર્કો, અનુમાનો, બુદ્ધિના પ્રયાસો, તેની પસંદગીઓ, સંશયો, દૃઢઆગ્રહી મંતવ્યો તથા બીજાના દોષ કાઢવાની ટેવ એ કાંઇ હું નથી. એ બધું તો પ્રકૃતિમાં આવી રહેલું પ્રકૃતિનું જ કાર્ય છે." આ પ્રમાણે કરવાથી વિચાર તથા તપઃશક્તિનો ઉપયોગ કરનાર મન યાને વિચારશક્તિ અને, સાક્ષીરૂપે તટસ્થ રહેનાર મન યાને અંતઃકરણ એ બન્ને વચ્ચે ભેદ પડે છે. પુરુષ તો કેવળ સાક્ષીરૂપ જ બની રહે છે. તે પોતાના મનમાં કાર્ય કરી રહેલા વિચારોને તથા તેના નિયમોને નિહાળે છે ખરો, પણ તે તેમનાથી વિખૂટો રહીને તટસ્થતાથી જ નિહાળે છે. એ પ્રમાણે અંતઃકરણની ક્રિયા ચાલતી હોય છે તેના પ્રત્યેથી તે પોતાની અનુમતિ પાછી ખેંચી લઇ પોતાના સ્વામીત્વનો ઉપયોગ કરે છે; એટલે પરિણામે ચિત્ત અને મનની ક્રિયાઓ તથા બુદ્ધિનું કાર્ય વગેરે બંધ પડે છે, અને તે પુરુષ પોતે વિચારશક્તિના બંધનમાંથી છૂટો થઇ સંપૂર્ણ શાંતિ ભોગ-વવાને શક્તિમાન થાય છે.

### શક્તિનો ઉપયોગ અને વિજ્ઞાનની જાગૃતિ

પૂર્ણતાની પ્રાપ્તિ કરવા માટે તો પુરુષે પોતાની પ્રકૃતિના ઈશ્વર તરીકે પોતાનું કાર્ય ફરીથી પોતાના હાથમાં લેવું જોઈએ. વિજ્ઞાન જાગ્રત થતા પહેલાં તો તેણે સંપૂર્ણ નીરવતા, કેવળ શાંતિ સેવવાની જરૂર છે. આત્માને આપણે એવા મૌનમાં, એવી શાંતિમાં જ જોઇ શકીશું, નહિ કે વિચારોમાં! મતલબ કે, તે સ્થિતિમાં આત્માનું આપણને ભાન થશે, ખાલી વિચારો જ માત્ર તે નહિ આપે. એમ કરતાં આખરે મનોમય–પુરુષમાંથી મનના મૂળ પ્રત્યે આપણી ગતિ થશે. પરંતુ આ મુક્તિ મેળવવા માટે પણ સાધકે છેવટની મુક્તિ સંપાદન કરવી જોઈએ, અને તેને માટે અંતઃકરણમાં યાને સૂક્ષ્મ દેહમાં લપાઇ રહેલી અહંતાની ભાવનામાંથી બિલકુલ છૂટવું જોઇએ.

---



## પ્રકરણ ૯ મું

# અહંતામાંથી છૂટકારો

### અહંતાનું અંતિમ સત્ય

**પોતાની** પ્રગતિશીલ ઉત્ક્રાંતિમાં ચિન્મય અહંતાની ઉત્પત્તિ એ વિરાટ – જીવનનો સૌથી પ્રથમ અને મહાન ઉદ્યોગ છે. અને અહંની ગાંઠને છોડવી એ દિવ્ય જીવનનો આસ્વાદ લેવાની એક માત્ર શરત છે. આ બેવડી ક્રિયાને સાધારણ રીતે "પતન" અને "પુનરુદ્ધાર" તરીકે વર્ણવવામાં આવે છે. ધર્મ અને મીમાંસાના મતભેદ અનુસાર અહંતાની ઉત્પત્તિ અને તેમાંથી થતી મુક્તિને જુદી જુદી રીતે વર્ણવવામાં આવે છે. જુદા જુદા વિચારભેદોમાં બે પ્રકાર મુખ્યત્વે જણાઇ આવે છે. તેમાંના એકને આપણે "વ્યવહારૂ," અર્થાત્ ઉપયોગિતાના પૂજક, એવું નામ આપી શકીએ. તેઓ માનસિક, શારીરિક કે પ્રાણની અહંતાને,

વ્યક્તિમાં કે સમષ્ટિમાં, સંપૂર્ણ રીતે સંતોષવામાં જ જિંદગીનો અંતિમ આદર્શ માને છે, અને તેઓ એથી વધુ ઉચ્ચ આદર્શ સ્વીકારતા નથી બીજા મતને આપણે "પારમાર્થિક," અર્થાત્ આધ્યાત્મિક,– અને ધાર્મિક કહી શકીએ. તેઓ આત્માના, અથવા તો જીવનના કોઈ પણ ઉપાયે અંતિમ તત્ત્વના કલ્યાણને અર્થે અહંતાને જીતવી એ કેવળ આવશ્યક ગણે છે. જે પ્રમાણે ઉપર આપણે બે મત જણાવ્યા તે પ્રમાણે અહંતા પ્રત્યે પણ બે જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ હોઇ શકે. ઐહિક સુખવાદ,– અથવા જડવાદ,– પ્રમાણે પણ દેહના અને મનના મૃત્યુ સાથે મરણ પામનાર માનસિક અહંતા આપણા મનનો એક ભ્રમ માત્ર છે એમ મનાય છે. એ વિચારના અને એ નીતિના પાયામાં સિદ્ધાંત એ હોય છે કે સનાતન પ્રકૃતિ સમસ્ત માનવજાતિમાં કાર્ય કરી રહેલી છે. એટલે વ્યક્તિની અંગત સાર્થકતાને નહિ પરંતુ સમસ્ત માનવજાતિની સાર્થકતાને તે જીવનના – વ્યવહારના – નિયામક તરીકે સ્વીકારે છે. બીજો વાદ પ્રાણશક્તિ તરફ પક્ષપાતી છે, એ વાદ તો સચેતન અહંતાને ભાવી શક્તિના પ્રતિનિધિ અને પ્રકૃતિના ઉત્તમોત્તમ પરિપાક તરીકે ગણીને તેની મહત્તાની સ્તુતિ કરવામાં અને તેના સંતોષની પાછળ જ મંડ્યા રહેવામાં જિંદગીનો અંતિમ આદર્શ માને છે. આ રીતે તત્ત્વજ્ઞાન અને ધર્મની જુદી જુદી પદ્ધતિઓ, અને માર્ગો વચ્ચે – જુદાં જુદાં દર્શનોમાં,– માનવમાં રહેલા





અંતિમ તત્ત્વને વિષે ઘણો મતભેદ પડે છે. બૌદ્ધમતવાદીઓ આત્મામાં, અહંતામાં કે વિરાટ – પરાત્પર એવા કોઈ પણ તત્ત્વમાં માનતા નથી; ત્યારે અદ્વૈતવાદીઓ વ્યક્તિમાં રહેલા જીવાત્માને જ બ્રહ્મસ્વરૂપ માનીને માયારૂપ વૈયક્તિક જીવનનો ત્યાગ કરવામાં જ મોક્ષ રહેલો છે એવું કહે છે. બીજા કેટલાક તત્ત્વવેત્તાઓ વિરાટ પુરુષમાં અનેકતા વ્યક્ત કરવાના પાયા તરીકે, અથવા તો વિરાટથી ગૌણ, છતાં જુદી અને જરૂરી, વ્યક્તિ તરીકે, જીવાત્મા સનાતન છે એવું સ્વીકારે છે.

### અહંતાથી પર રહેલું તત્ત્વ

ઉપર જણાવેલા જુદા જુદા અને વિરોધી અભિપ્રાયોમાંથી સત્યના શોધક સાધકે પોતાના જીવન માટે કયું સત્ય પોતે સ્વીકારે છે તેનો નિશ્ચય કરવો અર્થાત્ તે પોતે "જ્ઞાન" શાને કહે છે તેનો નિર્ણય કરવો જરૂરનો છે, કારણ કે યોગનો અંતિમ હેતુ અને તેનું સ્થાન એ નિર્ણયતા ઉપર આધાર રાખે છે. જ્ઞાનયોગમાં અસ્તિત્વની ખરી તાત્ત્વિક સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શોધ કરવામાં આવે છે. અર્થાત્ ચૈતન્યની સત્ય ભૂમિકા તથા સર્વ વસ્તુઓનો અન્યોન્ય વાસ્તવિક સંબંધ જાણી લઇ અજ્ઞાન, પાપ, દુઃખ વગેરેથી મુક્ત થઇ, પરાત્પર પરબ્રહ્મમાં પોતાનું જીવન ધારણ કરવું અને તેને અનંતની સાથે સંવાદિ બનાવવું એ જ્ઞાનયોગનો

અંતિમ હેતુ છે. માનવની શુદ્ર અહંતાને સંતોષવામાં કાંઇ એવી દિવ્યતાની ઇતિશ્રી, કિંવા દૈવી પરાકાષ્ઠા, કે મુક્તિ હોઇ શકે નહિ એ તો નિર્વિવાદ છે. અહંતાપ્રધાન વૃત્તિમાંથી વ્યક્તિની શુદ્ધિ થાય છે ત્યારે જ નૈતિક પ્રગતિ અને ઉન્નતિ થાય છે એટલું જ નહિ પરંતુ શાંતિ, શુદ્ધિ અને આનંદ પણ ત્યારે જ મળે છે. અર્થાત્ જેમ જેમ આપણે અહંતાના બંધનોમાંથી મુક્ત થતા જઈએ છીએ તેમ તેમ આપણે વિશાળતર જીવન, મહત્તર અસ્તિત્વ અને ઉચ્ચતર ચેતનાને પ્રાપ્ત કરી શકીએ છીએ એવું અનુભવથી જણાય છે. એટલે વ્યવહારૂમાં વ્યવહારૂ દર્શન પણ અહંતાને સંતોષવાનો જે આદર્શ સ્વીકારે છે તે, — એટલે કે, વ્યક્તિની પૂર્ણતા, તેની સાર્થકતા અને તેની તૃપ્તિ,— પણ અહંતાને સંતોષવાથી નહિ પરંતુ અહંતાથી પર રહેલ કોઈ ઉચ્ચતર તત્ત્વમાં ઉત્થાન કરવાથી જ સારામાં સારી રીતે સાધી શકાય છે.

### વ્યક્તિત્વ અને સમષ્ટિ બન્નેથી પર તત્ત્વ

માનવજાતિની પ્રગતિ અને સુખને માટે અહંતાને ગૌણ ગણવાનો જે વિચાર અત્યારની દુનિયાના વિચારોમાં અને નીતિની પદ્ધતિઓમાં અગ્રસ્થાન ભોગવે છે તે પણ એ પ્રશ્નનો સાચો ઉકેલ લાવી શકે તેમ નથી. માનવજાતની પ્રગતિ ફરતાફરતી છાંયડીઓની લાંબી હાર જેવી છે, અને





માનવઆત્માને તેમાં નિશ્ચયાત્મકતા અગર નક્કર જમીન દેખાતી નથી. વળી, સમગ્ર માનવજાતિની ચેતના પણ કાંઇ વ્યક્તિની ચેતના કરતાં વધારે સ્થાયી, વધારે શાંતિપ્રદ, આનંદમય અને મુક્તિપ્રદ હોતી નથી. તે તો ઉલટી વધારે પીડિત, અશાંત અને તમાચ્છાદિત હોય છે. માનવને તેના જીવનમાં જ્ઞાન, શાંતિ, મુક્તિ અને ચૈતન્યની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત થવાની હોય તો એટલું તો નક્કી જ છે કે તે વ્યક્તિથી અને સમષ્ટિથી પર એવી કોઈ ભૂમિકામાં જ પ્રાપ્ત થઇ શકે. વળી, માનવમાં પોતાની અહંતાની આહૂતિ આપી સમસ્ત માનવજાતિની સેવા કરવાનો જે બળવાન અને વેગપૂર્ણ જુસ્સો પ્રગટે છે તેનું મૂળ પણ અહંતાની કે માનવજાતિની ચેતનામાં નથી, પરંતુ એ બન્નેથી પર રહેલા કોઇ આધ્યાત્મિક, ગહન, તત્ત્વનું તે પરિણામ છે. આપણે એ પરાત્પર આદિની શોધ કરવાની છે. એ અનંત, પરાત્પર સત્ ચૈતન્યમાં સમષ્ટિની અને વ્યક્તિની અહંતાનો આવિર્ભાવ કેવળ ગૌણ છે.

વ્યવહારમાં જે પ્રેરણાઓ અસરકારક નીવડે છે તેમની પાછળ કાંઇક ને કાંઇક સત્ય કાર્ય કરી રહેલું હોય છે જેનો અન્ય – વ્યાવર્તક આધ્યાત્મવાદ અસ્વીકાર કરે, ઇન્કાર કરે, યા તો તેને ઉતારી પાડે એ બનવાજોગ છે, પરંતુ એનું પ્રતિપાદન કરવાની જરૂર હોય છે. વ્યક્તિ અને સમષ્ટિ બન્ને

પરાત્પર ઊર્ધ્વ ચૈતન્યનો આવિર્ભાવ છે એટલે તેમની પૂર્ણતાને પણ પરમ અનંત સત્ – તામાં કાંઇક વાસ્તવિક સ્થાન હોવું જોઇએ,— પ્રભુની સર્વજ્ઞતામાં તેનો પણ કોઇ ઉચ્ચ હેતુ સમાયલો હોવો જોઇએ,— પ્રભુના અનંત આનંદમાં એ સૂરની મિલાવટ પણ જરૂરની હોવી જોઇએ,— અર્થાત્ વ્યક્તિ અને વિરાટ એ કાંઇ નકામાં ઉત્પન્ન થયાં નથી. એ બે ગૌણ ચેતનાઓની સાર્થકતા યાને વ્યક્તિની તથા માનવજાતિની પૂર્ણતા અને સંતોષ વગેરે પ્રાપ્ત કરવા માટે જે પરાત્પર, વિશાળ અને વ્યાપક ઊર્ધ્વ ચેતનાના તેઓ આવિર્ભાવ છે તેને આપણે પ્રાપ્ત કરવી જોઇએ. હવે આપણે સ્પષ્ટ જોઇ શકીએ છીએ કે વ્યક્તિને અથવા તો માનવજાતિને અહંતાથી પર થવાનો માર્ગ તૈયાર કરી આપી તેમના સત્ય સ્વરૂપનું તેમને દર્શન કરાવવું તથા તેમાં જીવન ગાળતાં શીખવવું એના કરતાં માનવજાતિની વધારે મોટી સેવા અને તેની પ્રગતિનો વધારે સંગીન પાયો હોઇ શકે જ નહિ. એ પ્રયત્ન કરવામાં પણ સનાતન આત્માની શોધ કરવાથી જ સિદ્ધિ મળે છે. આધુનિક વિચારો અને આદર્શવાદ પરોપકારવૃત્તિવાળો સમાજની ઉન્નતિનો આદર્શ આપણી સમક્ષ મૂકે છે; તેની સિદ્ધિ માટે પણ પ્રકૃતિની ઉત્ક્રાંતિની ધીમી ગતિમાં મર્યાદિત ન રહેતાં, સનાતન, પરાત્પરની શોધ કરવી એ જ સારામાં સારો ઇલાજ છે.





### અહંતાનો ખરો પાયો જીવાત્મભાવ

જ્ઞાનયોગની સાધના કરનારે આધ્યાત્મિક દર્શનના અને ધર્મોના જ ચીલામાં નવો આદર્શ અને નવીન ધ્યેય પોતાની નજર આગળ રાખીને જવાનું છે એમ આપણને સ્પષ્ટ જણાય છે. પરંતુ તેણે એ માર્ગમાં ક્યાં સુધી આગળ જવું એ પ્રશ્ન બાકી રહે છે. અત્યાર સુધી આપણે જે વિચાર કર્યો તેમાં શરીર, પ્રાણ અને મનને વળગી રહેલી અહંતાનો ત્યાગ કરવો જરૂરનો છે એટલું આપણે સ્પષ્ટ રીતે જોયું. અહંતા એ બધાંને વળગીને કહે છે, "હું અમુક શરીર, પ્રાણ અથવા મન, છું." સાધકે તેનો ત્યાગ કરવાનો છે. આપણે "હું કર્તા છું" એવા કર્તૃત્વાભિમાનનો ત્યાગ કરીને પ્રભુ પોતે જ સર્વ કર્મોનો કર્તા છે એ સત્ય સ્વીકારીને તેની તપઃશક્તિ જ પ્રકૃતિ રૂપે આપણામાં કાર્ય કરી રહી છે એમ અનુભવવું જોઇએ. એ અનુભવ કર્મયોગનું પણ પ્રથમ પગથીઉં ગણાય. હવે જ્ઞાનયોગમાં આપણે તેનાથી પણ આગળ જઇને આપણાં કરણો અને આપણો આવિર્ભાવ કરવાનાં સાધનો પણ આપણો આત્મા નથી એ સત્યનો સાક્ષાત્કાર કરવો જોઇએ. ત્યારે હવે પ્રશ્ન એ થશે કે છેવટ બાકી શું રહે છે? શરૂઆતમાં તો એ બધી અહંતાઓના પાયારૂપ એક સામાન્ય "અહં" બાકી રહે છે. તે કોઇ પણ પદાર્થ ઉપર "હું આ છું" એમ માની આસક્ત થતો નથી, અથવા તો સમષ્ટિ સાથે એકતા કરીને તેના ઉપર પણ તે આસક્ત રહેતો નથી.

પરંતુ, બાકી રહેલી એ સામાન્ય અહંતા પોતે પરિમિત છે અને શારીરિક, પ્રાણમય અને માનસિક ક્રિયાઓ તેના પરિમિત સ્વરૂપમાંથી ઉત્પન્ન થાય છે એવું અનુભવે છે. તે પોતે તો એ બધી ક્રિયાઓથી ભિન્ન છે એવો અનુભવ કરે છે,—બીજા પદાર્થો જોડે તે એકતા કરી શકતો નથી. અત્યાર સુધી જે બીજી પરિમિત અહંતાઓ પોતાનામાં હતી તે બધી પ્રકૃતિની લીલા ઉપર આધાર રાખનાર હતી એવી સાધકને પ્રતીતિ થાય છે; પરંતુ હમણાં જે સામાન્ય અહંતા જણાવી તે પુરુષના ઉપર આધાર રાખતી હોઇ પ્રકૃતિની લીલાની પાછળ રહેલા મનોમય પુરુષમાંથી તે ઉત્પન્ન થાય છે; "હું શરીર, પ્રાણ અથવા મન છું" એવો ભાવ તે ઉત્પન્ન કરતી નથી. પરંતુ "હું મનોમય અહંતા છું અને મારા ઉપર શરીર, પ્રાણ અને મનની ક્રિયાઓનો આધાર રહેલો છે." એવું તે માને છે. જ્યાં સુધી ઉપર જણાવી તેવી અહંતા પણ અવશેષ રહે છે ત્યાં સુધી સંપૂર્ણ મુક્તિ મળી છે એમ માની શકાય નહિ, કારણ કે અહંતામય જીવન એટલો ટેકો મળે તો પણ ચલાવી લઇને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે. અલબત્ત, એ અહંતામાંથી વેગ અને સામર્થ્ય કમી થયાં હશે એટલું જ નહિ, પરંતુ તે વિશાળ, શુદ્ધ, અને વધારે સ્થિતિસ્થાપક પણ થઇ હશે. વળી એ ભૂમિકા પ્રાપ્ત કર્યાથી મુક્તિ નજીક આવેલી ગણાય. તો પણ અત્યાર સુધી મુક્તિ પ્રાપ્ત થઇ નથી એ તો ચોક્કસ. આપણે તો પુરુષના ઉપર





જેનો આધાર છે એવી અહંતાને છોડીને આગળ વધવાનું છે, તથા એ અહંતા જેની છાયા છે તે પુરુષનો આપણે સાક્ષાત્કાર કરવો જોઇએ. અર્થાત્ આપણે મૂળ પદાર્થ યાને તત્ત્વને પ્રાપ્ત કરીને કેવળ છાયારૂપ જે દેખાય છે તેનો ત્યાગ કરવાનો છે.

### જીવાત્માનું સ્વરૂપ અને અંતિમ આધ્યાત્મિક આદર્શ

એ તત્ત્વને આપણા હિંદુ તત્ત્વજ્ઞાનમાં જીવ અથવા "જીવાત્મા" કહે છે. તે જ માનવનું ખરૂં વ્યક્તિત્વ અને તેનું સત્ય સ્વરૂપ છે. પ્રકૃતિએ ઉત્પન્ન કરેલી માનસિક અહંતા તે "જીવ" નથી. વળી તે "જીવ" કાંઇ પ્રકૃતિની ટેવથી, ક્રિયાઓથી કે નિયમોથી,—શારીરિક, પ્રાણમય કે માનસિક અહંતાની પેઠે,—બંધાઇ જતો નથી. જીવ તો આધ્યાત્મિક તત્ત્વ હોઈ પ્રકૃતિથી પર છે. એ જીવ પ્રકૃતિના કાર્યોને અનુમતિ આપે છે, તેની સર્વ સ્થિતિ પરિસ્થિતિ-ઓને પોતાનામાં પ્રતિબિંબિત કરે છે, અને શરીર. પ્રાણ અને મનનું જે બંધારણ પ્રકૃતિ ઉત્પન્ન કરે છે તેને તે ધારણ કરીને ટકાવી રાખે છે. પરંતુ જીવાત્મા પોતે વિરાટ આત્માનું એક પ્રતિબિંબ માત્ર છે: તે વિરાટ અને પરાત્પર જેણે પોતાના વિશિષ્ટ ગુણો વિશ્વમાં અને આત્મામાં વ્યક્ત કર્યા છે તેનો અંશ છે. પરાત્પરે પોતાના અસ્તિત્વનો અંશ માત્ર ગુણ રૂપે વિશ્વમાં અને વ્યક્તિમાં પ્રગટ કર્યો છે. એ

પરાત્પર આપણા જીવાત્માનો પણ આત્મા છે, તે એક છે, અનિર્વચનીય છે. આપણે તે પરાત્પરનો સાક્ષાત્કાર કરવાનો છે; — તે અનંત ચેતનામાં આપણે વિહાર કરવો જોઇએ. આટલે સુધી એકમતવાળા ઉપદેશકો આગળનો વિચાર કરતાં જુદા પડે છે, જ્ઞાન, કર્મ અને ભક્તિ એ સર્વે અંતિમ લક્ષ તે પરાત્પર પુરુષ છે એટલું તો બધા જ સ્વીકારે છે. વળી, માનુષી પ્રકૃતિમાંથી, અથવા માયાને લીધે, ઉત્પન્ન થયલી અહંતામાંથી જીવાત્મા મુક્ત થાય તો તે પરાત્પરને પામી શકે એ પણ બધા સ્વીકારે છે. હવે અદ્વૈતવાદીઓ કેવળ જ્ઞાનમાર્ગના ઉપર ભાર મૂકી જીવાત્માએ પરબ્રહ્મમાં પૂરેપૂરા પાછા ફરી તેમાં જ લય પામી જવું જોઇએ એવું માને છે; ત્યારે દ્વૈત—યા તો વિશિષ્ટાદ્વૈત મતવાળાઓ ભક્તિના માર્ગનો સ્વીકાર કરે છે અને નિમ્ન પ્રકૃતિની અહંતાનો તથા ઐહિક જીવનનો ત્યાગ કરવાનું કહે છે, તો પણ માનવઆત્માની ઉચ્ચતમ સાર્થકતા, બૌદ્ધમતવાદીઓની પેઠે અહંતાનો કેવળ નાશ કરી નિર્વાણ પ્રાપ્તિમાં, અથવા તો અદ્વૈતવાદીની પેઠે કેવળાદ્વૈતનો સાક્ષાત્કાર કરવામાં નહિ, પરંતુ પ્રભુ પ્રત્યે પ્રેમ અને તેના આનંદ અને વિચારમાં મગ્ન એવા સનાતન અસ્તિત્વને પ્રાપ્ત કરવામાં રહેલી છે એમ તેઓ માને છે.





## અદ્વૈતની અગત્ય

પૂર્ણયોગના સાધકને માટે કાંઇ ગૂંચવણો રહેતી નથી. જ્ઞાનપ્રાપ્તિ માટે નીકળેલા શોધક તરીકે તેણે જ્ઞાનયોગની ઉચ્ચમાં ઉચ્ચ અને વિશાળ, સર્વગ્રાહી સ્થિતિ પ્રાપ્ત કરવી જોઇએ, અને તે પણ કેવળ તત્ત્વજ્ઞાનના વિચારોનાં ગૂંચળાંઓમાંથી નહિ, પરંતુ પ્રત્યક્ષ સાક્ષાત્કારરૂપે. હવે સર્વ આધ્યાત્મિક અનુભવોનું ઉન્નતમાં ઉન્નત શિખર, યાને સર્વ સાક્ષાત્કારોમાં શ્રેષ્ઠ સાક્ષાત્કાર, તો વ્યક્તિનું વિશ્વ અને વ્યક્તિથી પર એવા બ્રહ્મ જોડેનું કેવલ અદ્વૈત જ છે; તે બ્રહ્મ વ્યક્તિ અને વિશ્વની પર છતાં બંનેનો આધાર છે. ગમે તે માર્ગ સ્વીકારે તો પણ એ સાક્ષાત્કાર કરવો એ તો સાધકનું અંતિમ ધ્યેય હોવું જોઇએ. જ્યાં સુધી કર્મયોગી કેવળ પોતાનાં કર્મમાં અને તપઃશક્તિમાં જ નહિ પરંતુ પોતાની ચેતનામાં અને આત્મામાં પણ પરમાત્મા જોડે એકતાને પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી કર્મયોગ સાર્થક, સંપૂર્ણ, અને સિદ્ધ થયો ન ગણાય. અલબત્ત, કર્મયોગી પોતે કર્તા છે એવા કર્તૃત્વાભિમાનથી છૂટે છે ખરો, પરંતુ દ્વૈતભાવથી અને પોતે હથિયાર છે એવી કરણની માન્યતામાંથી તે છૂટી શકતો નથી. અર્થાત્ પોતે જુદો છે અને પ્રભુનું હથિયાર માત્ર છે એવી માન્યતા તેનામાંથી જતી નથી. પ્રભુના સેવક અને હથિયાર તરીકે પોતાના માર્ગમાં સાધનાની

શરૂઆત કરે, પરંતુ કર્મયોગીના સર્વ પ્રયત્નને અંતે તો તેણે પોતાના સેવ્ય અને ઉપાસ્ય પ્રભુની જોડે એકતા પ્રાપ્ત કરવી જ જોઇએ. વળી જ્યાં સુધી પ્રણયી યુગલની પેઠે ભક્ત અને ભગવાન વચ્ચેનો ભેદ દિવ્ય અદ્વૈતની મસ્તીમાં લય પામતો નથી ત્યાં સુધી ભક્તિયોગ પણ પૂર્ણ થયો માની શકાય નહિ. જ્ઞાનયોગ તો એ અદ્વૈતને જ પોતાનું લક્ષ્ય ગણીને તેના પ્રત્યે જ સીધેસીધો માર્ગ લે છે, અને લોહ-ચુંબકની પેઠે તેના પ્રત્યે જ આકર્ષાય છે. એટલે જ્ઞાનયોગની શરૂઆતમાં તો શારીરિક, પ્રાણમય અને મનોમય અહંતામાંથી મુક્ત થઇ જવું એ આપણી પ્રથમ જરૂરિયાત છે. ત્યાર પછી મનોમય પુરુષની અહંતાનો સાક્ષાત્કાર કરી આપણે જીવાત્માનો, આપણા માનવવ્યક્તિત્વના પ્રભુનો, અનુભવ જ્ઞાનયોગમાં કરીએ છીએ. હવે, એ પ્રમાણે પોતાની જાતને પરમાત્માને અર્પણ કરી દેવી એ આગળનું પગથિયું છે. એ પ્રમાણે કરવાથી માનવનો જીવાત્મા સર્વ – વિરાટ – જોડે એકતા પ્રાપ્ત કરે છે : પરિમિત અને સાન્ત અપરિમિત અને અનંત બને છે.

### અદ્વૈતનો સાક્ષાત્કાર

ઉપર આપણે અહંતાનો જે લય વર્ણવ્યો તે આખરી છે, કારણ કે અહંતાને પાયામાંથી જ અને જડમાંથી તે ઉખેડી નાખે છે. જ્ઞાનમાર્ગમાં મનને એક અનંતના ઉપર બધો





વખત એકાગ્ર કરી રાખવાથી અને તેના ચૈતન્યમાં આપણું ચૈતન્ય અર્પણ કરી દેવાથી એ પરિણામ સધાય છે. મનને એ પ્રમાણે એકાગ્ર કરવાનું કાર્ય શરૂઆતમાં, જ્યારે શારીરિક, માનસિક અને પ્રાણની અહંતાઓ મજબુત અને ચંચળ હોય છે, તથા આપણામાં અશાંત ગૂંચવાડો અને નડતર કરતી અશુદ્ધિ જ્યારે પૂરજોસમાં હોય છે ત્યારે, ઘણું જ મુશ્કેલ થઇ પડે છે; પરંતુ એ ત્રણે અહંતાઓનો નાશ કર્યા પછી અને સ્થૂલ સૂક્ષ્મ કરણોને શુદ્ધ કર્યા પછી, તે ઘણું જ સરળ અને સ્વાભાવિક થઇ જાય છે. એ પ્રમાણે કેવળ શુદ્ધ અને પવિત્ર થયલી વ્યક્તિની ચેતનામાં તે એક, અનંતની પવિત્રતા, અનંતતા અને શાંતિ સ્વચ્છ, નિર્મળ સરોવરમાં આકાશના પ્રતિબિંબ પેઠે અણિશુદ્ધ પડે છે. ત્યાર પછી બિંબ અને પ્રતિબિંબ બન્નેનું મિલન. અર્થાત્ નિર્વિકારી શાંત, વિરાટ, ચૈતન્ય, અને એક સમયે વિકારી એવા વ્યક્તિની ચેતના વચ્ચે આવી રહેલાં અંતરનું ઉલ્લંઘન, છેક અશક્ય લાગતું નથી! કેટલીક વાર, તો પૂરેપૂરી શુદ્ધિ થયા પહેલાં પણ, જો હૃદય અને મનમાં રહેલાં અહંતાનાં બંધનો શિથિલ થઇ ગયાં હોય તો, જીવાત્મા પોતાનાં મુખ્ય બંધનો તૂટવાને પરિણામે એકદમ એક અનંત રૂપી આકાશમાં પક્ષીની પેઠે ઉડી જઈ પોતે વિરાટ – વિશ્વાત્મા જોડે એકતા પામે છે. અને ત્યાંથી પરાત્પર – જોડે અદ્વૈત પ્રાપ્ત કરવાનો અભિલાષી બને છે. એવે સમયે આપણી ચેતનાને બંધનમાં રાખનાર

કેદખાનાની દિવાલો એકદમ તૂટીને ધસી પડે છે, અને પોતાનું વ્યક્તિત્વ, કાલ અને દિશાના ખ્યાલો, પ્રકૃતિનાં નિયમો અને કાર્યો, વગેરે સઘળું ઓચિંતું લય પામી જાય છે – અને જીવાત્મા એકદમ અમર, સનાતન, અનંત થઈ જાય છે! એ સાક્ષાત્કાર પછી જીવાત્માની હસ્તિની નિશાની તરીકે સનાતનમાં કોઇક સ્થલે શાંતિ, મુક્તિ અને આનંદથી પુલકિત સંગીતનો સ્વર માત્ર જ અવશેષ રહે છે!

## અશુદ્ધ અંતર દશા: અહંતાનો લય

જ્યારે માનસિક ચેતનાની બરોબર શુદ્ધિ થઈ હોતી નથી ત્યારે શરૂઆતમાં એવી મુક્તિ સાધકને તાત્કાલિક અને અધુરી લાગે છે. મુક્તિ પછી જીવાત્મા પાછો અહંપ્રધાન જીવનની અધોગતિમાં આવી પડે છે, અને વિરાટ ચૈતન્ય પાછું લુપ્ત થઇ જાય છે. ખરૂં જોતાં એ પ્રમાણે બને છે ત્યારે આપણી નિમ્ન માનુષી પ્રકૃતિ અને એ ઊર્ધ્વ ચેતના વચ્ચે વાદળાંઓ આવી જાય છે, અથવા તો પડદો પડી જાય છે. એટલે પ્રકૃતિ પોતાની જૂની ટેવ પ્રમાણે પાછી કાર્ય કરવા માંડે છે,– અલબત્ત, એ આધ્યાત્મિક સાક્ષાત્કારના દબાણમાં રહીને. એ જૂનાં કાર્યોને ઊર્ધ્વ ચેતનાની કે સાક્ષાત્કારની અનુમતિ મળેલી હોતી નથી, તો પણ જૂની અહંતાના મરણ પછી બાકી રહેલું તેનું પ્રેત જૂની ટેવોનું શુષ્ક યાંત્રિક પુનરાવર્તન કર્યા કરે છે, અને આધારમાં રહી ગયેલી અપવિત્રતા





અને અજ્ઞાન તેને મદદ આપે છે. એ અપવિત્રતા દૂર થાય નહિ ત્યાં સુધી ઉપર જણાવેલાં વાદળાંઓ આવ-જા કર્યા જ કરે છે. પૂર્ણયોગમાં આવી આંતર દશા ઘણી વાર લાંબા કાળ સુધી ચાલે છે, કારણ કે પૂર્ણયોગને માટે આધાર પણ પૂર્ણ રીતે તૈયાર થવો જોઇએ. સર્વ સમયે, સર્વ સ્થિતિમાં અને સંજોગોમાં – કર્મમાં કે અકર્મમાં – સાધકે પરાત્પર ચૈતન્યમાં પોતાનું જીવન ધારણ કરવું જોઇએ. વળી સમાધિમાં કે નિશ્ચલ શાંતિમાં જ એ અનુભવ સાધકને પ્રાપ્ત થાય એટલું જ બસ નથી, પરંતુ જાગ્રતમાં કે સમાધિમાં, નિષ્ક્રિય કે ક્રિયાત્મક સ્થિતિમાં, તેણે બ્રાહ્મીસ્થિતિની સતત સમાધિમાં જ રહેવું જોઇએ. જ્યારે આપણો આધાર શુદ્ધ અને પવિત્ર થાય છે ત્યારે ઉચ્ચ ભૂમિકામાં સ્થિર થઇ શકાય છે. વિરાટ – વિશ્વાત્માના સ્પર્શથી તેની જોડે એકતા પામેલો અથવા તો પરાત્પરના સ્પર્શથી મુગ્ધ થયલો જીવાત્મા પ્રકૃતિના જૂના અભ્યાસને લીધે પોતાના આધારમાં જે કાંઇ અપવિત્રતા આવે છે તેના પ્રત્યે ઉદાસીન * ભાવે શાંતિથી જુવે છે. તેની માનુષી પ્રકૃતિમાં થતાં ત્રણે ગુણોનાં કાર્યથી તે જરા પણ ડગતો નથી એટલું જ નહિ પરંતુ દુઃખ અને શોકના હુમલાઓથી પણ તેની આધ્યાત્મિક સ્થિતિ ઉપર

* ઉદાસીન એટલે આધ્યાત્મિક "બેપરવાઇ"— જ્ઞાનપ્રાપ્તિ થયા પછી આત્માની નિર્લિપ્ત સ્વતંત્રતા.

મુદ્દલે અસર થતી નથી. છેવટે, એ બેની વચ્ચે કોઈ પણ પ્રકારનો અંતરાય નહિ હોવાથી આધ્યાત્મિક વિરાટ શાંતિ વ્યક્તિની અશાંતિને તથા વિકારને વશ કરે છે. આગળ, પાછળ, ઉપર, નીચે એમ ચારે બાજુએથી અનંત અને નિશ્ચલ શાંતિમાં આત્મા પોતાનું સામ્રાજ્ય ભોગવે છે!

## પ્રાચીન જ્ઞાનયોગનો આદર્શ : માયાવાદનું મૂળ

પરંપરાથી જે જ્ઞાનયોગ આપણા હિંદુસ્તાનમાં સ્વીકારાય છે તેનો અંતિમ હેતુ કાંઈ ઉપર ગણાવી તેવી સ્થિતિ પ્રાપ્ત કરવાનો હોતો નથી. તે યોગમાં તો ઊર્ધ્વ અને અધો બન્ને ચેતનાઓમાંથી છૂટા થઇને અનિર્વચનીય, નિરપેક્ષ, બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો એ જ અંતિમ લક્ષ્ય મનાય છે. પરંતુ જ્ઞાનયોગનો અંતિમ હેતુ ગમે તે હોય તો પણ શરૂઆતમાં તેનું એક પરિણામ તો સાધકે અનુભવવું જોઈએ, અને તે છે નિરપેક્ષ શાંતિ. કારણ કે જ્યાં સુધી આપણામાં પ્રકૃતિનું જૂનું કાર્ય તદ્દન શાંત પડ્યું નથી ત્યાં સુધી આત્માની ઉન્નત ભૂમિકાનો અથવા તો દિવ્ય કર્મોનો પાયો ચણાવો અશક્ય નહિ તો પણ મુશ્કેલ તો છે જ. આપણી સામાન્ય પ્રકૃતિ કર્મમાં પ્રેરાય છે તે અવ્યવસ્થિતપણે અને અશાંતિમય દબાણ થવાથી : પ્રભુ કેવળ સ્વતંત્રતાથી અને અગાધ શાંતિમાંથી પ્રવૃત્તિમાં પ્રેરાય છે. એટલે વિશ્વાત્મા જોડે એકતા પામેલો જીવાત્મા પ્રથમ તો નીરવતાને પ્રાપ્ત કરે છે! તે





બૃહત્, પ્રશાંત અને નિષ્ક્રિય થાય છે! શરીર, ઈંદ્રિયો કે મન વગેરેમાં જે કાંઇ કર્મો થાય છે તેને જીવાત્મા સાક્ષી રૂપે નિહાળે છે ખરો, પરંતુ પોતે તેમાં સક્રિય ભાગ લેતો નથી કે તેને અનુમતિ આપતો નથી, એટલું જ નહિ પણ તેની જોડે કોઇ પણ પ્રકારનો સંબંધ સુદ્ધાં રાખતો નથી. કર્મ થાય છે પરંતુ કર્મ કરનાર કોઇ કર્તા હોતો નથી; કોઇને પણ તેનું બંધન હોતું નથી — જીવાત્માના ઉપર તે કર્મની જવાબદારી પણ હોતી નથી. જો કોઈ પણ પ્રકારના અંગત કાર્યની જરૂર પડે છે તો જીવાત્મા પોતાની જૂની અહંતાનું ખોખું ઊભું કરી પોતે જ્ઞાતા, ભક્ત, સેવક કે હથિયાર રૂપે તે કાર્ય કરે છે, પરંતુ એ અહંતા કેવળ ખોખું જ છે; એમાં કાંઇ દમ હોતો નથી. એ પ્રમાણે અહંતાનો ટેકો ન મળે તો પણ ઘણી વાર પ્રકૃતિના પહેલાંના વેગને લીધે જ કર્મો થયે જાય છે. તેનો કર્તા કોઇ પણ હોતો નથી. કારણ કે જે આત્મામાં જીવ પોતાનો લય કરે છે તે અકર્મ હોય છે, અગાધ શાંતિમય હોય છે. કર્મયોગને અંતે સાધકને પ્રભુનો સાક્ષાત્કાર થાય છે ખરો, પરંતુ તેને પ્રભુનું જ્ઞાન થવાનું બાકી રહે છે. કર્મયોગમાં શાંત નિષ્ક્રિય પુરુષ અને સક્રિય પ્રકૃતિ એ બે જ તત્ત્વો અનુભવાય છે. પ્રકૃતિ પોતાનો વ્યવહાર સજીવ પદાર્થો જોડે નહિ, પરંતુ એક આત્મામાં રહેલાં કેવળ નામ અને રૂપોની જોડે જ કરે છે એવો અનુભવ સાધકને થાય છે. એ સર્વ નામ અને

રૂપો આત્મામાં અસ્તિત્વ ધરાવે છે ખરાં, પરંતુ આત્મા તેમને સત્ય તરીકે સ્વીકારતો નથી. જીવાત્મા ઘણી વાર આ સાક્ષાત્કારથી પણ આગળ વધી શકે છે. આ વિશ્વમાં જે બધું દેખાય છે તેના અભાવરૂપે, આત્માના સત્ય સ્વરૂપ, બ્રહ્મને તે પ્રાપ્ત કરી શકે છે. એ બ્રહ્મમાં અનિર્વચનીય શાંતિ અને સર્વ વસ્તુઓનો અભાવ હોય છે એટલું જ નહિ પણ વ્યક્તિ અને સમષ્ટિના પાયારૂપ જે સત્-તા છે તેનો પણ તેમાં અભાવ થઇ જાય છે. અથવા તો, અનિર્વચનીય તત જોડે આત્મા એકતા કરી શકે છે; કારણ કે તે તતમાં આ વિશ્વ તથા એમાંની કોઇ પણ સત્-તા અસ્તિત્વ સુદ્ધાં ધરાવતી નથી. પરંતુ આપણા મનને કેવળ સ્વપ્નના જેવી જ લાગે છે. અરે! આપણને આવતાં, અથવા તો આપણે કલ્પી શકીએ તેવાં સ્વપ્ન કરતાં પણ વધારે અસત્ય અને અવાસ્તવિક, વિશ્વ તથા તેના પદાર્થો આપણને બ્રહ્મમાં લાગે છે! એટલે વિશ્વની નરી અવાસ્તવિકતા યાને મિથ્યાત્વ દર્શાવવા માટે "સ્વપ્ન" એ શબ્દ પણ વધારે નિશ્ચયાત્મક ભાવાત્મક લાગે છે. મનુષ્યનું મન જ્યારે પોતાનાં બંધનો વટાવીને પર થઇ જાય છે ત્યારે એવા સાક્ષાત્કારો થાય છે અને તેમના ઉપર જ માયાવાદનો ઉદાત્ત સિદ્ધાંત રચાયો છે.





## માયા પછીનો આધ્યાત્મિક અનુભવ : નારાયણનું દર્શન અને વિશ્વલીલા

ઉપર જે "સ્વપ્ન" અને "માયા" વગેરે વિચારો દર્શાવ્યા તે બધા જીવાત્માએ નવીન સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો હોય છે તેની આપણા બાકી રહી ગયેલા મનોમય અસ્તિત્વના ઉપર થતી અસરરૂપ છે. અને જીવાત્માના ભૂતકાળના અભ્યાસને લઈને, અને જીવન પ્રત્યેના દૃષ્ટિબિંદુ અનુસાર, તેના ઉપર જૂના માનસિક સંબંધો જે હક્ક યાને દાવા કરવા મથે છે તેમનો ઇન્કાર કરવાને માટે એ વિચારો ઘણા ઉપયોગી છે. ખરૂં જોતાં પ્રકૃતિ જાતે એ પ્રમાણે સ્વપ્ન અથવા માયારૂપી સંસાર રચી શકતી નથી, અથવા તો પોતાની જ ગતિથી કર્મમાં પ્રવૃત્ત થઇ શકતી નથી. આત્મા જ પ્રકૃતિનો અધિષ્ઠાતા છે; તેની અનંત નીરવતામાંથી આ બધું વિરાટ કર્મ સ્ફુરે છે; શુષ્ક, શૂન્ય જેવો લાગતો બ્રહ્મ પોતે જ અનંત કર્મના ઐશ્વર્યમાં વ્યક્ત થઇ રહ્યો છે! પૂર્ણયોગના સાધકે આ અનુભવને કેવી રીતે પ્રાપ્ત કરવો તેનો માર્ગ આપણે આગળ જોઇ લઇશું. ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે જીવાત્મા પોતે વિરાટને સ્વીકારે અને પોતે વિશ્વમાં છે એવું અનુભવવાને બદલે પોતાનામાં વિશ્વ આવી રહેલું જોવા માંડે ત્યાર પછી જીવાત્માનું સ્થાન કયું રહેશે અથવા તો અહંતાનું સ્થાન કઇ વસ્તુ લેશે એ પ્રશ્ન અહીં ઉદ્ભવે

છે. અલબત્ત, વિરાટ – ચૈતન્યને કાર્ય કરવાને માટે એક પ્રકારનું બીજું કાયમ રહેશે ખરૂં, તો પણ અહંતાની ભાવના નહિ રહે, કારણ કે સર્વ વસ્તુઓમાં સાધકને તે એક જ દેખાશે. પ્રત્યેક પુરુષ એ અનંતબ્રહ્મનાં અનેક સ્વરૂપોમાંનું એક સ્વરૂપ, અથવા તો એક જ બ્રહ્મની જુદી બાજુ અને જુદી સ્થિતિરૂપ જણાશે! બ્રહ્મ જોડે બ્રહ્મ જ વિલસતો જણાશે — સર્વત્ર એક જ *નરનારાયણનું દર્શન થશે! પ્રભુની એ વ્યાપક લીલામાં અહંતાને વશ ચેતનામાં પડી ગયા સિવાય દિવ્ય પ્રેમનો સંબંધ પણ અનુભવી શકાય છે. માનવપ્રેમની ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિને બે જુદા દેહમાં એક જ આત્માના અનુભવરૂપે વર્ણવવામાં આવે છે, તે પ્રમાણે દિવ્ય પ્રેમનો સાક્ષાત્કાર પણ એવો જ હોય છે. વિશ્વમાં સર્વ વસ્તુઓના અંતિમ સત્યને ઉલટાવી નાખનાર અને જ્યાં ત્યાં પ્રવૃત્તિનો વંટોળીઓ પેદા કરનાર અહંતા વિશ્વલીલાને માટે જોઇએ જ એવું કંઇ નથી. કારણ, વાસ્તવિક રીતે તો એક અદ્વૈત, બ્રહ્મ પોતે જ પોતાના ઉપર કાર્ય કરી રહ્યો છે, — તે પોતે જ પોતાની જોડે લીલા કરી રહ્યો છે — એક રૂપે પણ તે અનંત છે! સર્વ રૂપે પણ તે

*નરનારાયણ — નારાયણસ્વરૂપે પ્રભુ પોતે મનુષ્યજાતિ જોડે એકતા કરે છે, તેજ પ્રમાણે નરરૂપે મનુષ્ય પ્રભુ જોડે એકતા કરવા પ્રયત્ન કરે છે.





અનંત છે! જ્યારે જીવાત્મા વિશ્વલીલાના એ અંતિમ સત્ય સ્વરૂપને પ્રાપ્ત કરે છે અને તેમાં જ જીવે છે, ત્યારે કર્મ કરવા છતાં અને નિમ્ન માનવપ્રકૃતિ ધારણ કરવા છતાં પણ તે પરમાત્મા જોડે એક રહી શકે છે! ત્યાર પછી તેને બંધન રહેતું નથી અને માયા નડતી નથી. આમ થાય ત્યારે જીવ આત્મપદને પ્રાપ્ત કરે છે અને અહંતામાંથી મુક્ત થાય છે.

---

## પ્રકરણ ૧૦ મું

# વિરાટનો સાક્ષાત્કાર

### આત્મા અને વિશ્વનો પરસ્પર સંબંધ: આત્મભાવની અસ્પષ્ટતા: વિશ્વજીવનનું મિથ્યાત્વ

**મન**, પ્રાણ અને શરીરની અહંતાનો ત્યાગ કરવાથી આપણે નિત્ય આત્મા સિવાયની બધી વસ્તુઓથી પર થઈ શકીએ છીએ. એમ કરવામાં મુખ્ય હેતુ એ છે કે આપણા મનમાં આત્મા વિષે જે ખોટા ખ્યાલો બંધાયલા હોય છે તે દૂર થઈ જાય, કારણ કે એવા ખોટા ખ્યાલોથી આપણે ક્ષર અને નશ્વર દુનિયાના ક્ષર અને નશ્વર પદાર્થ જોડે એકતા કરીને નિમ્ન પ્રકૃતિ જોડે તાદાત્મ્ય કરીએ છીએ. વળી, આપણે આત્મા છીએ, પુરુષ સ્વરૂપ છીએ, નિત્ય છીએ, એવો સાક્ષાત્કાર પણ આપણે કરવો જોઇએ; તથા આપણા ખરા સ્વરૂપમાં જ્ઞાનપૂર્વક જીવન ધારણ કરતાં શીખવું





જોઈએ. જ્ઞાનમાર્ગની સાધનામાં એ હેતુ એકલો નહિ તો પણ મુખ્ય તો હોવો જોઇએ. પરંતુ સનાતન આત્માનો સાક્ષાત્કાર કરી લઈએ, તથા ચિરકાળને માટે આપણે એ આત્મસ્વરૂપ બની રહીએ, ત્યાર પછી પણ એક ગૌણ હેતુ બાકી રહી જાય છે: તે એ કે જે સનાતન આત્મસ્વરૂપ આપણે છીએ તેની અને આપણા સાચા વ્યક્તિત્વની તથા આ વિકારી વિશ્વની જોડે સત્ય સંબંધ સ્થાપન કરવો. અર્થાત્ અત્યાર સુધી આપણે જે વિકારી સ્વરૂપને જ આપણા સત્ય જીવન તરીકે સ્વીકારતા હતા, અને જેને આપણી ઉત્તમોત્તમ દશા માનતા હતા તેને બદલે નિત્ય આત્મસ્વરૂપને પ્રાપ્ત કરીને તેની અને સંસારની જોડે સાચો સંબંધ સ્થાપન કરવો. ખરેખરો સંબંધ જો બાંધવો હોય તો તે સંબંધ બે વાસ્તવિકતાઓ વચ્ચે હોય તો જ નભી શકે. એક સત્ અને બીજું અસત્ એ બે વચ્ચે વાસ્તવિક સંબંધ કેવી રીતે સંભવે? શરૂઆતમાં તો આપણે નિત્ય સનાતન આત્માને કેવળ ઇન્દ્રજાળ અને એક અવાસ્તવિકતા નહિ તો પણ વિચારના એક બુદ્બુદા પેઠે આપણા સંસારી જીવનથી ઘણો દૂર અને દુષ્પ્રાપ્ય તો ગણીએ છીએ, કારણ કે કાલના પ્રવાહમાં વિકાર પામતાં મન, પ્રાણ અને શરીરથી પર, કોઇ જુદી જ વસ્તુ આપણે છીએ એવો ખ્યાલ કુદરતી રીતે જ આપણને આવી શકતો નથી. જ્યારે આપણે એ નિમ્ન પ્રકૃતિમાંથી છૂટા થઇએ છીએ ત્યારે આપણા માનસમાં જુદા જ પ્રકારની અતિશયોક્તિ

આવી જવાનો સંભવ ઉપસ્થિત થાય છે. અર્થાત્, આત્મા અને જગત વચ્ચેના સંબંધ વિષે આપણે ખોટો ખ્યાલ બાંધી બેસવાનો ભય હોય છે. આત્માના નિત્ય, સનાતન સ્વરૂપનો વધારે ને વધારે સાક્ષાત્કાર કરતાં આપણે પોતે તદ્રૂપ જ છીએ એવો નિશ્ચય આપણા મનમાં થતો જાય છે, અને ધીમે ધીમે પોતે કેવળ આત્મસ્વરૂપ જ છીએ એવી દૃઢ પ્રતીતિ બંધાઇને જગત તથા માનવજાતિ આપણાથી સુદૂર, – અવાસ્તવિકતાઓ છે, – માયા છે એમ લાગે છે. કારણ કે એ ભેદભાવનો અનુભવ આપણા નવીન આત્મસાક્ષાત્કારથી તદ્દન ઉલટો હોય છે. આપણે પોતે એ દ્વૈતની દશામાંથી આગળ વધ્યા હોઇએ છીએ — આપણી ચેતનાનું ઉત્થાન પણ થયેલું હોય છે — એટલે માનસનું એક પ્રકારનું રૂપાંતર થઇ જાય છે. ત્યાર પછી આપણને એ દ્વૈતની દશા સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ હોય એવું લાગતું નથી. શરીર, પ્રાણ અને મનની અહંતામાંથી વિમુખ થતી વખતે જો આપણે કેવળ એક સનાતન આત્માનો સાક્ષાત્કાર કરવાનો આદર્શ — મુખ્ય આદર્શ તરીકે જ નહિ પરંતુ એક માત્ર અને સર્વગ્રાહી આદર્શ તરીકે — દૃષ્ટિ સમક્ષ રાખ્યો હોય તો ઉપર જે અતિશયોક્તિ જણાવી તે સાધકમાં ખાસ કરીને પ્રગટ થવાનો સંભવ છે. એ આદર્શ રાખવાથી સાધક મનોમય કોષમાંથી એક્કે કૂદકે શુદ્ધ સનાતન આત્માને પ્રાપ્ત કરે છે ખરો,— પરંતુ એ બેની વચ્ચે જે સીડી છે તેનો ખ્યાલ





તેને આવતો નથી. એટલે એક વાર પ્રાપ્ત કરેલી ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકામાંથી દુઃખકારક પતન થયા સિવાય શરીર, પ્રાણ અને મનના જીવનનો તે ફરીને સ્વીકાર કરી શકતો નથી.

### આત્માથી જડ તત્ત્વ સુધીની જીવનની સરણી : ભૂતમાત્ર જોડે અદ્વૈત

પરંતુ આત્મા અને જગત વચ્ચે સનાતન, ગાઢ અને વાસ્તવિક સંબંધ રહેલો છે; એ બે વચ્ચે કાંઇ કૂદાવી જવાનું અપરિહાર્ય અંતર નથી. આત્મા અને સ્થૂલ જગત, યાને, ચેતના અને જડ પદાર્થ, એ બન્ને બરાબર ક્રમસર ગોઠવાયલી અસ્તિત્વની સીડીનાં બે છેડે આવી રહેલાં બે પગથિયાં છે. એટલે એ બે વચ્ચે એવો વાસ્તવિક સંબંધ હોવો જોઇએ જેથી કરીને નિત્ય, સનાતન બ્રહ્મ આત્મસ્વરૂપે શુદ્ધ અને અવિકારી રહેવા છતાં, વિશ્વને પોતાનામાં જ ધારણ કરી શકે. એ સનાતન બ્રહ્મ જોડે જે આત્મા અદ્વૈતને પામ્યો હોય તે પણ અજ્ઞાનવડે જગતમાં ખૂંપી જવાને બદલે બ્રહ્મની પેઠે એકતા સાથે અનેકતાને ધારણ કરવાને શક્તિમાન હોવો જોઇએ. આ બે વચ્ચે જે સંબંધ છે તેને આપણે,— આત્મા અને ભૂતાની —, આત્મા અને ભૂતમાત્રનું સનાતન અદ્વૈત એવું નામ આપી શકીએ. એ અદ્વૈત પણ મુક્ત થયલા આત્માએ, ઇશ્વરની પેઠે, ભોગવવું જોઇએ,— અને તે પણ

શુદ્ધ, અવિકારી આત્માના સાક્ષાત્કાર સાથે. સંપૂર્ણ આત્મપ્રાપ્તિ થવા માટે સાધકે આત્મા અને પરમાત્મા જોડે અદ્વૈત પ્રાપ્ત કરવું બસ નથી,— પરંતુ ભૂતમાત્ર જોડે પણ તેણે તેવું જ અદ્વૈત સિદ્ધ કરવું જોઇએ. વ્યક્ત જીવનથી ભરેલું વિશ્વ, તેમ જ માનવબંધુઓથી ભરેલું જગત આપણે પ્રથમ ત્યાગી દઇએ છીએ, કારણ કે આપણે તેની જોડે અજ્ઞાનના બંધનથી બંધાયલા હોઇએ છીએ, અને ભેદભાવને વશ વ્યક્તિત્વને લીધે કાલમાં ઉત્પન્ન થયેલું અસત્ય જીવનમાં વિરોધો, વિસંવાદો, અને દ્વૈત ઉત્પન્ન કરતું હોય છે. પરંતુ સત્ય જ્ઞાન થયા પછી એ બે વચ્ચેનો સાચો સંબંધ આપણને માલૂમ પડે છે અને તેથી સર્વ પ્રાણીઓને તથા પદાર્થોને આત્માના સનાતન ચૈતન્યમાં આપણે સ્વીકારવા જોઇએ,— અને તે પણ તેમના અને આપણા આત્માનું તાદાત્મ્ય જાણીને, નહિ કે, પોતાની, જુદી અહંપ્રધાન વ્યક્તિતા જાળવી રાખીને.

## વિરાટનો સાક્ષાત્કાર

ઉપર જે વિચારો જણાવ્યા તેનો સાર એ છે કે શુદ્ધ, પરાત્પર, સત્, – કાલાતીત, દિશાતીત, સ્વયંભૂ એવું ચૈતન્ય પ્રાપ્ત કરવાની સાથે સાથે જ સાધકે વિરાટ ચૈતન્યનો સ્વીકાર કરવો જોઇએ તથા વિરાટમય થવું જોઇએ. અનંત પોતે વિશ્વરૂપે સર્વ પ્રાણી અને પદાર્થના ઉપાદાન અને આદિ કારણ રૂપે કાર્ય કરે છે એનો આપણે સાક્ષાત્કાર કરવો





જોઇએ. પ્રાચીન વેદાંતીઓ આ સાક્ષાત્કારને "આત્મામાં સર્વ ભૂતોનું દર્શન"* અને "સર્વમાં આત્માનું દર્શન" કહેતા. વળી જે આત્મામાં વિશ્વની ઘટનાનો આદિ ચમત્કાર ફરીને ઉપજ્યો છે તેને વિષે ઉપનિષદ્ કહે છે કે તેવા યોગીને મન તો "તેનો પોતાનો આત્મા જ સર્વ ભૂત રૂપ થઇને વિશ્વમાં વ્યાપી રહ્યો હોય છે" આપણી પરિમિત અહંતાને દૂર કરીને તેને સ્થાને આપણે કેવા પ્રકારનો સંબંધ વિશ્વ સાથે બાંધવો તેનો ખ્યાલ આપણને ઉપર જણાવેલાં ત્રણ સૂત્રોમાં મળી આવે છે. એ પ્રકારનું અનંત ચૈતન્ય આપણે પ્રાપ્ત કરવું જોઇએ; અને સર્વ જોડે ઉપર જણાવી તેવા પ્રકારની એકતા સ્થાપન કરવી જોઇએ.

## સર્વ સાથે અદ્વૈત : સર્વમાં એક આત્મા જોવાનો અભ્યાસ

મનોમય પુરુષ કાંઇ આપણા આત્માનું સાચું સ્વરૂપ નથી,– એ તો તેનું એક કાર્ય માત્ર – તેનો આભાસ માત્ર – છે. આપણો આત્મા વિરાટ છે, અનંત છે. અર્થાત્, તે સર્વના આત્મા સાથે એક છે અને પ્રાણી માત્રમાં વસી

---

* यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥ ६ ॥ ઈશ૦
यस्मिन्यर्वाणि भूतान्यात्मै वा भूद्विजानतः
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥ ७ ॥ ઈશ૦

રહેલો છે. આપણા મન, પ્રાણ અને શરીરની ચેતનાની પાછળ જે અનંત આત્મા છે તે જ માનવ માત્રમાં તેમનાં મન, પ્રાણ અને શરીરની ચેતના પાછળ આવી રહેલો છે. એટલે આત્માને પ્રાપ્ત કરીને પછીથી તે સર્વેની સાથે પણ એકતા કરવાને આપણે સ્વાભાવિક રીતે પ્રેરાઇશું. એ અદ્વૈત કરવાના પ્રયત્નમાં આપણું મન અંતરાયો નાંખે છે, એટલું જ નહિ પરંતુ જો આપણે છૂટી લગામ મૂકીએ તો મન પોતાનું ધાર્યું કરવા ખાતર જ્ઞાનને અજ્ઞાનના પડદાથી ઢાંકી દેવાનો પ્રયત્ન પણ કરે છે. મન પોતે એ સત્ય દર્શન અને સત્ય જ્ઞાન પ્રમાણે પોતાનામાં ફેરફાર કરીને તેને અનુસાર વર્તવાને જરા પણ પ્રયત્ન કરતું નથી. પરંતુ યોગનો અભ્યાસ કરવામાં આપણે જો સાચી રીતે આગળ વધ્યા હોઇશું તો શુદ્ધ મન અને પવિત્ર હૃદય થયા પછી જ આપણને આત્મસાક્ષાત્કાર થશે. અને વિશુદ્ધ થયેલ મન ઉચ્ચ જ્ઞાન પ્રત્યે નિષ્ક્રિય, અનાવરિત રહે છે. બીજું એ પણ છે કે પરિમિત નામ-રૂપાત્મક દેખાવ માત્રથી અંજાઇને દ્વૈત પ્રધાન,– ભેદભાવવાળા વિચારો કરવાને બદલે એકતાના સનાતન, સંવાદિ સૂર પ્રમાણે વિચાર કરવાનો અભ્યાસ પણ મનને પાડી શકાય છે. તાત્પર્ય કે સાધકે મનને ધ્યાન અને એકાગ્રતાનો અભ્યાસ કરાવી સર્વ પ્રાણીઓ અને પદાર્થો જુદા જુદા છે એવો ખ્યાલ કરવાને બદલે સર્વ પ્રાણીપદાર્થમાં એક આત્મા વ્યાપી રહ્યો છે, તથા તે સર્વે એક આત્માના પ્રતિબિંબો





છે એવો જ વિચાર કરવાનો સાધકે અભ્યાસ પાડવો જોઇએ. અત્યાર સુધી શરીર, પ્રાણ અને મન વગેરેની અહંતામાંથી વિમુખ થવાનું સાધકને કહેવામાં આવ્યું છે. પરંતુ એકલી એ ક્રિયા કરીને સાધકે અટકી જવું જોઇએ નહિ. પૂર્ણયોગના સાધકે ઉપર જણાવેલી બંને ક્રિયાઓનો એકીસાથે અભ્યાસ કરવાને પ્રયત્ન કરવો જોઇએ. અહંતામાંથી પોતાની જાતને ખેંચી લેવાને પરિણામે સાધકને તેના અંતરમાં આત્માનો સાક્ષાત્કાર થશે અને બીજાઓ જોડે આત્માની એકતા અનુ-ભવવાથી તેને પોતાની બ્હારની ગણાતી વસ્તુઓમાં પણ તેનું જ દર્શન થશે. સર્વ પ્રાણી પદાર્થમાં એક જ વિરાટ પુરુષ, પ્રભુ,– બ્રહ્મ – વ્યાપી રહ્યો છે એ અભ્યાસથી શરૂ કરીને વિરાટચેતનાની પાછળ રહેલ પરાત્પરને પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ એ માર્ગે જતાં કેટલીક ખાસ અડચણો નડવાનો સંભવ હોવાથી બનતાં સુધી ઉપર જણાવેલી બન્ને ક્રિયાઓનો સાધકે એકીવખતે અભ્યાસ કરવા પ્રયત્ન કરવો જોઇએ.

## વિરાટના સાક્ષાત્કારની ત્રણ ભૂમિકાઓ

સર્વવ્યાપી બ્રહ્મનો જે અનુભવ ઉપર જણાવ્યો તેના સાક્ષાત્કારની ત્રણ ભૂમિકાઓ પડી શકે તેમ છે. પ્રથમ, સર્વ પ્રાણીઓ જેમાં જીવન ધારણ કરી રહ્યાં છે તેવા વિરાટ આત્માનો અનુભવ. પ્રભુ પોતે અનંત વ્યાપક સ્વરૂપે,

સ્વયંભૂ, શુદ્ધ ચૈતન્ય રૂપ છે. તે કાળ અને દિશાનાં બંધનોમાં પડેલો નથી. પરંતુ કાળ અને દિશા બંનેને પોતાના અસ્તિત્વને પ્રગટ કરવાના સ્વરૂપ તરીકે તે ટકાવી રાખે છે. તે પોતે સર્વે વિશ્વો કરતાં પણ વિશેષ અને વિશાળ હોઈ પોતાની સ્વયંભૂ, અનંત સત્-તા અને ચેતનામાં સર્વને સમાવી શકે છે. છતાં તે પોતાના સરજેલા કે પોતે ધારણ કરેલા પદાર્થવડે યા તો પોતાના રૂપાંતરવડે બંધાતો નથી. કારણ કે તે સ્વતંત્ર,-મુક્ત,-અનંત અને સર્વમાં આનંદ સ્વરૂપે રહે છે. એક પ્રાચીન ઉપમા પ્રમાણે આકાશ જેમ સર્વ પદાર્થોને ધારણ કરે છે તે પ્રમાણે તે વિરાટ સર્વ પ્રાણી પદાર્થોને પોતાની ચેતનામાં ધારણ કરે છે. શરૂઆતમાં વિરાટનો વિચાર સાધકને કેવળ કલ્પનામય અને અગ્રાહ્ય જેવો લાગે છે,—અને તેથી જ તે અનંત વિરાટના ઉપર એકાગ્રતા-ધ્યાન-કરી શકતો નથી. પરંતુ આકાશબ્રહ્મનો વિચાર એ ધ્યાન કરવામાં ઘણો સહાયભૂત થાય છે. વિરાટને સ્થૂલ આકાશરૂપે જ નહિ પરંતુ બૃહત સત્-તા રૂપે, ચેતનારૂપે અને આનંદના આકાશરૂપે જોવાથી સાધક પોતાના મનથી તે અનંત વિરાટને જોઇ શકે છે અને મનથી તેને પ્રાપ્ત કરીને પોતાના આત્મા સાથે તેનું અદ્વૈત સાધી શકે છે. એ પ્રમાણે ધ્યાનનો અભ્યાસ કરવાથી મન વિજ્ઞાનમાંથી ઉતરી આવતા સત્યના પ્રવાહને ઝીલવાને તૈયાર થઇ રહે છે, અને એ જ્યોતિ-પ્રવાહને લીધે સાધકની દૃષ્ટિમાં સમૂલો





ફેરફાર થઇ જાય છે. એ પ્રમાણે જેમ જેમ દૃષ્ટિનો ફેરફાર સિદ્ધ થતો જાય છે—અને તે વધારે સબળ અને સુદૃઢ બની ચૈતન્યમાં વધારે ને વધારે સમય ટકી રહે છે,—તેમ તેમ આપણું જીવન તેના સ્વરૂપમાં રૂપાંતર પામી જશે. અર્થાત્, આપણે જેનું દર્શન કરીએ છીએ તદ્રૂપ બની જઇશું. આપણી ચેતના ફક્ત વિરાટ જ નહિ, પણ વિરાટથી પર-પરાત્પર, અનંત થઈ જશે. તે પછી મન, પ્રાણ અને શરીર એ અનંત ચૈતન્યમાં ફક્ત આંદોલનરૂપે, ગતિરૂપે, જણાશે; અને આત્મા તો અનંત ચૈતન્ય જોડે તાદાત્મ્ય કરી લય પામશે. એ સાક્ષાત્કારમાં આપણને જણાય છે કે જગતરૂપે જગતનું અસ્તિત્વ છે જ નહિ.—એક માત્ર અનંત આત્મા જ સર્વત્ર વિલસી રહ્યો છે. એ આત્માની અનંતતામાં તેના પોતાના સચેતન આવિર્ભાવનાં રૂપોનો સમર્થ, વિરાટ-સંવાદ પ્રગટે છે.

## નામરૂપાત્મક વિશ્વનું સત્ય

હવે પ્રશ્ન એ રહે છે કે એ વિશ્વ-સંવાદ જે નામ અને રૂપને લીધે ઉત્પન્ન થાય છે તે નામ અને રૂપોનું શું? તે બધાં શું કેવળ ચિત્રના જ જેવાં ખાલી નામરૂપાત્મક, અર્થાત્, વાસ્તવિકતા વિનાનાં, નિર્જીવ, ક્ષુદ્ર જ ભાસવાનાં? એક સમયે ભલે તે બધાં આપણને ભવ્ય, સમર્થ અથવા તો સુંદર લાગ્યાં હોય, પરંતુ હવે તો તેઓને તદ્દન નકામા ગણીને તેમનો ત્યાગ જ કરવાનો રહે છે કે શું? ના, એમ

નથી. સર્વને પોતાનામાં સમાવનાર વિરાટ આત્માના પ્રથમ સાક્ષાત્કારને પરિણામે એવી ત્યાગવૃત્તિ પેદા થઇ આવે એ શકય છે, પરંતુ અનંત વિરાટમાં પણ જે અનંતતાઓ રહેલી છે તેમની ઉપેક્ષા કરીએ તો જ એ પરિણામ આવે. એ નામરૂપો કાંઈ વિરાટ – મને ઉત્પન્ન કરેલાં ખાલી નામ અને રૂપો જ નથી. ખરૂં જોતાં, એ બધાં ય આત્માએ પોતે જ્ઞાનપૂર્વક ઉત્પન્ન કરેલાં તેનાં પોતાનાં જ સ્વરૂપો છે અર્થાત્, જે પ્રમાણે આપણામાં આત્મા છે તે જ પ્રમાણે સર્વમાં પણ તે જ આત્મા છે અને તે પોતાના ભિન્નભિન્ન આવિર્ભાવને જાણે છે, તેની ગતિના ઉપર પ્રભુત્વ ધરાવે છે, અને પોતાનાં સર્વે રહેઠાણોમાં તે આનંદપૂર્વક વસી રહ્યો છે. ઘડામાં જેમ આકાશ વ્યાપી રહ્યું છે છતાં પણ તે ઘડાને ધારણ કરે છે, તે જ પ્રમાણે વિરાટ પણ સર્વમાં વ્યાપી રહ્યો છે છતાં પણ તેમને પોતાનામાં ધારણ કરે છે — અલબત્ત, સ્થૂલ રૂપે નહિ પરંતુ આધ્યાત્મિક રીતે. એ વિરાટ જ પ્રત્યેક નામ-રૂપનું સત્ય સ્વરૂપ છે. સર્વમાં વ્યાપી રહેલા એ વિરાટનો આપણે સાક્ષાત્કાર કરવો જોઇએ. આપણે જાતે તે વિરાટનું દર્શન કરવાનું છે એટલું જ નહિ પરંતુ ભૂતમાત્રમાં તે વિરાટને આપણા આત્મારૂપે જાણીને આપણે પોતે તદ્રૂપ થઇ જવું જોઇએ. આપણી બુદ્ધિના અને હૃદયના સર્વે ખોટા ખ્યાલોને અને વિરોધોને બાજુએ મૂકીને પ્રભુ સર્વ પદાર્થો-માં વ્યાપી રહ્યો છે અને તે જ સર્વ પદાર્થોનું અંતિમ સત્ય





છે તથા ઘટઘટમાં જ્ઞાનપૂર્વક વસનાર આત્મા છે એ સત્યને આપણે સ્વીકારવું જોઇએ,— અને તે કેવળ શુષ્ક બુદ્ધિથી જ નહિ પરંતુ સાક્ષાત્કારને પરિણામે સ્વીકારવું જોઇએ. જેથી આપણી મનોમય ચેતનાનું પણ તેની દિવ્ય લીલામાં રૂપાંતર થઈ જાય.

### વિરાટનો આવિર્ભાવ : આપણાં શરીર, પ્રાણ અને મન વિરાટ છે.

ઉપર જણાવેલો આત્મા સર્વ પ્રાણી પદાર્થથી પર તેમ જ વધારે વ્યાપક હોવા છતાં આપણા ચૈતન્યમાં તો બધાંની જોડે તેનું અદ્વૈત હોવું જ જોઇએ. તે વિરાટ સર્વેને પોતાના-માં ધારણ કરે છે, સર્વમાં વસી રહ્યો છે એટલું જ નહિ પરંતુ તે પોતે કેવળ આત્મ-સ્વરૂપે નહિ પરંતુ નામ, રૂપ, ક્રિયા કર્તા, – મન, પ્રાણ અને શરીરના અધિષ્ઠાતારૂપે પણ સર્વમાં રહેલો છે એવો સાક્ષાત્કાર આપણે પ્રાપ્ત કરવો જોઇએ. પ્રથમ સાક્ષાત્કારને અંતે આપણે જે જે પદાર્થનો ત્યાગ કરી તેનાથી દૂર જતા હતા તે સર્વેની સાથે પણ, ઉપર જણાવ્યો તેવો સાક્ષાત્કાર થયા પછી, આપણે સત્ય સંબંધથી જોડાઈએ છીએ. આપણા મન, પ્રાણ અને શરીરનો આપણે ત્યાગ કર્યો હતો કારણકે તે આપણું સત્ય સ્વરૂપ ન હતું. પરંતુ હવે તે બધાંને આપણે

વિરાટ આત્માનાં રૂપો તરીકે સ્વીકારી શકીશું, — તથાપિ તે આપણી વૈયક્તિક સંકુચિતતાના અર્થમાં નહિ. આપણા મનને એક છૂટી, અતડી, વ્યક્તિગત ક્રિયા તરીકે નહિ જોતાં વિરાટ – મનની એક ક્રિયા તરીકે જ આપણે સ્વીકારીશું. વળી, આપણા પ્રાણને પણ પ્રાણશક્તિના, જ્ઞાનતંતુઓના અને કામનાના અંગત કાર્ય તરીકે નહિ પરંતુ વિરાટ – પ્રાણની એક મુક્ત ક્રિયા તરીકે જ આપણે જોઈશું. શરીરને પણ આત્માના પિંજર તરીકે ગણવાને બદલે તેના એક ગૌણ સાધનરૂપ જ ગણીશું. શરીર પર ધારણ કરેલાં કપડાં જેમ શરીરથી જુદાં છે, તેમ આત્માએ ધારણ કરેલું શરીર આત્માથી કેવળ નિરાળું હોવા છતાં વિરાટ તત્ત્વનું તો તે પણ એક સ્વરૂપ જ છે, – વિરાટ – દેહનો એક જીવન-પુટ છે એવું આપણે અનુભવીશું. ટૂંકામાં, વિરાટપૃથ્વીનું ચૈતન્ય આપણા દેહના ચૈતન્ય સાથે એક થયેલું લાગશે. યોગરદમ કાર્ય કરી રહેલી વિવિધ શક્તિઓ કેમ જાણે આપણી પોતાની જ શક્તિઓ ન હોય એમ કાર્ય કરતી જણાશે. વિરાટના હૃદયના ધબકારાઓ અને તેની ઈચ્છાઓ આપણા પોતાના હૃદયને તેના દિવ્ય આનંદ જોડે તાલબદ્ધ કરી નાંખશે, અને વિરાટ – મનનો વિચાર – પ્રવાહ આપણા પોતાના મનમાં વહી આવતો જણાશે. તેમ જ આપણી પોતાની બુદ્ધિનો પ્રવાહ સમુદ્રનાં મોજાં પેઠે તે વિરાટ – સમુદ્રમાં ઉછળી રહેલો અને તેની સાથે અદ્વૈત રૂપ પામેલો જણાશે. બુદ્ધિથી પર એવા સનાતન સત્યને પામીને સર્વ મન, સર્વ પ્રાણ, અને સર્વ દેહને પ્રેમપૂર્વક પોતાનામાં સમાવનાર, એ અદ્વૈત વિજ્ઞાનમય સત્યની જ્યોતિને અને આધ્યાત્મિક આનંદના ધબકારાને લઈને આપણી અંદર રહેલા પ્રભુની સાર્થકતા થઈ ગણાય. વિરાટની સમગ્ર ચેતના જોડે સાધકની સંપૂર્ણ એકતા થાય છે.





### વિરાટનો આત્મા અને આવિર્ભાવરૂપે સાક્ષાત્કાર

પરંતુ આપણે તો વિરાટનો તેની સત્ – તા અને તેના આવિર્ભાવ બન્નેમાં સ્વીકાર કરવાનો છે, એટલા માટે આપણું જ્ઞાન પણ પૂર્ણ અને સમગ્ર હોવું જોઈએ. એટલે કેવળ શુદ્ધ ચિન્મય આત્માનો સાક્ષાત્કાર કરીને બેસી રહે નહિ ચાલે. આપણે તો આત્મા જેટલાં જેટલાં સ્વરૂપોમાં આવિર્ભાવ પામે છે, જેટલી જેટલી રીતે તે વિકાસ પામતો જણાય છે અને વિશ્વના જે જે વિરાટ સ્વરૂપોમાં પોતાની જાતને વ્યક્ત કરે છે તે સર્વેનો પણ આપણે વિરાટ આત્મા તરીકે સાક્ષાત્કાર કરવો જ જોઈએ. મતલબ કે, આત્મજ્ઞાન અને વિશ્વજ્ઞાન બન્ને બ્રહ્મજ્ઞાનના વ્યાપક ક્ષેત્રમાં એક થઈ રહેવાં જોઈએ.

## પ્રકરણ ૧૧ મું

# આત્માની અભિવ્યક્તિના પ્રકારો

### આત્મજ્ઞાનમાં ભૌતિકજ્ઞાનનો સમાવેશ

**જ્ઞાનયોગના** માર્ગમાં આપણે જે આત્માનો સાક્ષાત્કાર કરીએ તે આત્મા આપણી આધ્યાત્મિક અને માનસિક સ્થિતિ તથા ક્રિયાઓની પાછળ રહીને તેમને ટકાવી રાખે છે. એટલું જ નહિ પરંતુ તે જ આત્મા વિરાટ – વિશ્વસ્વરૂપ અને પરાત્પર પરબ્રહ્મ હોઇ વિશ્વમાં જુદે જુદે રૂપે આવિર્ભાવ પામી રહ્યો છે. એટલે કરીને, સત્ – તાના જુદા જુદા ગુણોનું, જુદા જુદા પ્રકારોનું અને વ્યક્ત વિશ્વના તત્ત્વોનું જ્ઞાન પણ આત્મજ્ઞાનમાં સમાઇ જાય છે. ઉપનિષદ્‌માં બ્રહ્મની વ્યાખ્યા આપતાં એક સ્થળે यस्मिन् ज्ञाते सर्वं विज्ञातं भवति –– "જેને જાણવાથી આખું વિશ્વ જાણી શકાય તેનું નામ બ્રહ્મ." એવું કહેવામાં આવ્યું છે તેનો અર્થ પણ ઉપર જણાવેલા વિચારમાં આવી જાય છે. આત્માનો સાક્ષાત્કાર પ્રથમ શુદ્ધ





સત્ – તા તરીકે કરવામાં આવે છે. ત્યાર પછી તેના આવિર્ભાવના પ્રકારો આપોઆપ માલૂમ પડી આવે છે. સાક્ષાત્કાર થતા પહેલાં પણ તર્કશક્તિ વડે સત્ શું છે તે સંબંધી નિર્ણય કરીને, બુદ્ધિવડે તેનું પૃથક્કરણ કરીને, અસ્તિત્વ તથા વિશ્વને જાણવાનો પ્રયત્ન આપણે કરી શકીએ છીએ ખરા. પરંતુ એ પ્રકારની તાર્કિક સમજૂતીને આપણે "જ્ઞાન" કહી શકીએ નહિ. વળી કેવળ જ્ઞાન અને દર્શનદ્વારા આત્માનો સાક્ષાત્કાર થાય તો પણ જ્યાં સુધી આપણા સંપૂર્ણ અંતરાત્માને તે સાક્ષાત્કાર થાય નહિ ત્યાં સુધી — અર્થાત્, આત્મા જે સાક્ષાત્કાર પ્રાપ્ત કરે તેની જોડે આપણું સમગ્ર જીવન એકતાને પામે નહિ ત્યાં સુધી, આપણે તેને 'સાક્ષાત્કાર'નું નામ આપી શકીએ નહિ. પુરુષોત્તમ પ્રભુને સંપૂર્ણપણે જાણવો એ યોગશાસ્ત્રનો હેતુ છે; તેની સાથે એકતા સાધવી એ યોગની કલા છે, જેથી કરીને આત્મામાં જ આપણે અસ્તિત્વ ધારણ કરી શકીએ, અને તે ઉચ્ચ ભૂમિકામાંથી જ કર્મો કરીએ, અને આપણા આત્માના અસલ સ્વરૂપમાં જ નહિ પરંતુ આપણી પ્રકૃતિના સક્રિય ધર્મમાં પણ આપણે પરાત્પર પ્રભુની સાથે એકતા પામીએ તેનું જ નામ યોગ. સર્વ પ્રાણીઓ અને પદાર્થો પોતાનાં નિમ્ન કરણોદ્વારા, અપૂર્ણ કિંવા સંપૂર્ણ જ્ઞાન સાથે, તે પુરુષોત્તમનો આવિર્ભાવ કરવા મથી રહ્યાં છે. ઉત્તમોત્તમ સત્યને યાને પુરુષોત્તમને જાણવો, તેનું જ્ઞાન મેળવવું, અને તેની સાથે સંવાદિ

જીવન ગાળવું એ સત્ય ચેતના યાને સમ્યક્ – સ્થિતિ પ્રાપ્ત કરવા માટેની પ્રથમ શરત છે. આપણા સમગ્ર આધારદ્વારા, આપણી સર્વે અનુભૂતિઓદ્વારા, તથા કર્મોદ્વારા એ સત્યને અને સંવાદને વ્યક્ત કરવો એ સત્ય જીવન – સમ્યક્ જીવન – ગાળવાની શરત છે.

## બુદ્ધિથી પર સત્ય જ્ઞાન: સમષ્ટિ તથા વ્યક્તિમાં અનંત

પરંતુ માનવ હજી બુદ્ધિપ્રધાન પ્રાણી છે, એટલે તેને માટે પુરુષોત્તમનું અને તેના આવિર્ભાવનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ કાંઇ સહેલ નથી. કારણકે ઉત્તમોત્તમ સત્ય તથા તેના આવિર્ભાવના પ્રકાર મનથી પર છે. બુદ્ધિને તથા મનને જે તત્ત્વો અસ્તિત્વના પરસ્પર વિરોધી છેડાઓ જેવા જણાય છે તથા જે વિચારો અને તત્ત્વો મનને છેક જ વિરોધી અને પરસ્પર ઘાતક જેવા જણાય છે તે બધાની તાત્ત્વિક એકતા ઉપર જ આવિર્ભાવના એ પ્રકારોનો આધાર રહેલો છે. મનથી પર વિજ્ઞાનની ભૂમિકામાં તે બધાં એક જ સત્યનાં પરસ્પર ન્યૂનતાપૂરક સ્વરૂપો છે. આત્માને આપણે એકી વખતે એક અને અનેક એ બન્ને સ્વરૂપમાં પ્રાપ્ત કરવો જોઈએ. વળી સર્વેની એકતાને પણ તેનામાં જોઇને પ્રત્યેક વસ્તુનું અંતિમ રહસ્ય પણ તેજ છે એવો સાક્ષાત્કાર પણ





કરવો જોઇએ: સર્વના સરવાળાની એકતા તથા પ્રત્યેક વસ્તુના અંતિમ તત્ત્વનો અભેદ અનુભવવો જોઇએ અને તેનાથી પણ પર, પરાત્પરરૂપે પણ આપણે તેનો સાક્ષાત્કાર કરવો જોઇએ: એ પરાત્પર એકતા અને અનેકતા બન્નેથી પર છે. દિશા, કાલ અને પરિસ્થિતિને આધીન હોઇ દેહનાં અને મનનાં દેખીતાં બંધનોમાં જકડાયલી હોવા છતાં દરેકે દરેક વ્યક્તિ દિવ્ય છે, આત્મસ્વરૂપ છે, પ્રભુનું જ પ્રતિબિંબ છે જેમ નાનીમોટી વ્યક્તિ દિવ્ય છે તેમ દરેકેદરેક નાની-મોટી સમષ્ટિ પણ દિવ્ય છે, અર્થાત્ સમષ્ટિમાં પણ ભિન્ન ભિન્ન પરિસ્થિતિ અનુસાર પ્રભુ પોતાનો આવિર્ભાવ કરી રહ્યો છે. દરેક વ્યક્તિ કે સમષ્ટિ પોતાની જાતને પોતાના અંતરમાં જેવી જાણે છે તેવી, અથવા તો, બહારથી બીજાને જેવી દેખાય છે તેવી જ જો આપણે તેને જાણ્યા કરીએ તો વાસ્તવિક સ્વરૂપમાં તેને આપણે કદી પણ જાણી શકીશું નહિ. પરંતુ જો તેને પ્રભુસ્વરૂપે – આપણા પોતાના આત્મા-રૂપે, જુદા જુદા સંજોગોમાં અને પ્રકૃતિના ગુણોમાં જુદી જુદી રીતે આવિર્ભાવ પામનાર એક જ આત્મારૂપે જાણી શકીએ તો જ આપણે સમષ્ટિને યથાર્થ જાણી કહેવાય. જ્યાં સુધી આપણા અંતઃકરણને એ એકતામાં સર્વ ભેદોનો લય કરવાનો અભ્યાસ પડ્યો નથી ત્યાં સુધી આપણું જીવન સત્ય-મય થયું નથી એમ સમજવું. કારણકે આપણે વાસ્તવિક એકતામાં જીવન ધારણ કરતા નથી. સર્વને એક, સમગ્રના

ભાગ, – એક સમુદ્રની લહરીઓ, – ગણવામાં ખરી એકતાની ભાવના સમાતી નથી, પરંતુ પ્રત્યેક પદાર્થને તેના સ્વતંત્ર સ્વરૂપમાં, તેમ જ વિવિધ પદાર્થના સમૂહને પણ, જ્યારે પ્રભુસ્વરૂપે જાણવામાં આવે ત્યારે જ એકતા સંપૂર્ણ થઇ ગણાય. વળી તે પ્રત્યેક પદાર્થ અને સકલ વિશ્વને આપણું પોતાનું જ સ્વરૂપ ગણી શકીએ ત્યારે તે અભેદની ભાવના સિદ્ધ થઇ ગણાય.

## વિશિષ્ટાદ્વૈતમાં રહેલું સત્ય : આત્માને અને તેના આવિર્ભાવને જાણવાની અગત્ય

અને છતાં, અનંતની માયા એવી અટપટી છે કે એક અર્થમાં જોવા જતાં સર્વ પદાર્થો સમગ્રના જુદા જુદા વિભાગો જ છે, — એક જ સમુદ્રનાં મોજાંઓ છે! અરે! કેવળ જુદી અને સ્વતંત્ર સત્‌-તાઓ છે એવી દ્વૈતમય દૃષ્ટિ પણ સમગ્ર સત્ય અને પૂર્ણજ્ઞાનને માટે અગત્યની બને છે. આત્મા તો સર્વમાં એક સ્વરૂપે જ હોય છે તો પણ વિશ્વમાં લીલાને અર્થે તે જુદાં જુદાં અનંત જીવનાં સ્વરૂપો ધારણ કરે છે, અને તે જીવ આપણી વ્યક્તિતાઓના અને તેની અભિ-વ્યક્તિના ઉપર અધિષ્ઠાતા તરીકે અનંત યુગો સુધી આધિપત્ય ભોગવે છે. આપણા નિરંતર વિકારી વ્યક્તિત્વની પાછળ સતત એક રહેનાર, જીવાત્મા, છે અને તે જ આપણું ખરૂં





વ્યક્તિત્વ છે. આપણું સાચું વ્યક્તિત્વ, જીવાત્મા, — અહંતાની પેઠે પરિમિત હોતું નથી, પરંતુ અનંત હોય છે. ખરૂં જોતાં, જીવાત્મા એટલે પોતાની ઊર્ધ્વ ભૂમિકા ઉપરથી નીચે ઉતરી સ્વેચ્છાપૂર્વક બંધનો સ્વીકારનાર અનંત. અનેક બીજરૂપ, અનંત, મુક્ત અને વ્યક્તિત્વ વિનાના આત્માઓનો, — એક વિરાટ – પ્રકૃતિની ક્રિયાઓને પોતાની અંદર પ્રતિબિંબિત કરનાર અનેક પુરુષોનો, સાંખ્યમતમાં સ્વીકાર કરવામાં આવ્યો છે તેમાં પણ એ જ સત્ય રહેલું છે. કેવલાદ્વૈતના માયાવાદની અને બૌદ્ધમતના શૂન્યવાદની તાર્કિક અતિશયોક્તિ સામે, વિશિષ્ટાદ્વૈતનો જે મત ઊભો થયો તેમાં પણ આત્માના વ્યક્તિત્વનો અને તેની ભિન્નતાનો સિદ્ધાંત જુદી રીતે આવી રહ્યો છે. અર્ધ – બૌદ્ધ અને અર્ધ – સાંખ્ય મતના મિશ્રણ જેવા પ્રાચીન મત પ્રમાણે વિશ્વમાં વ્યાપી રહેલા શાંત, નિષ્ક્રિય પુરુષ ઉપરાંત ફક્ત પંચમહાભૂતો અને જડ પ્રકૃતિના ત્રણ ગુણો અને તેમનું મિશ્રણ જ બાકી રહે છે. એ પંચ-મહાભૂતો અને પ્રકૃતિના ત્રિગુણો મિથ્યા યાને અસત્‌ – ક્રિયા તે શાંત, નિષ્ક્રિય પુરુષમાં પ્રતિબિંબિત થાય છે, અને પુરુષના ચૈતન્યને લીધે ચિન્મય, સજીવ, હોય તેવી, દેખાય છે. છતાં, એ નિષ્ક્રિય અને શાંત પુરુષમાં અનંત બ્રહ્મનું સંપૂર્ણ સત્ય સમાઇ જતું નથી. મન, પ્રાણ અને શરીરના એક જન્મથી બીજા જન્મ સુધીમાં બદલાતાં વિકારી તત્ત્વો-નો સમૂહ એ કાંઈ આપણું ખરૂં સ્વરૂપ નથી. અર્થાત્,

આપણા જીવનમાં કોઈ સમયે પણ ખરો આત્મા, જીવનને જ્ઞાનપૂર્વક ધારણ કરનાર કોઇ વ્યક્તિવાન, આપણા વિકારી સ્વરૂપની પાછળ હોતો જ નથી એ વિચાર બરાબર નથી. પ્રકૃતિથી સર્વ પ્રકારે અબાધિત અને ઉદાસીન રહેનાર, શુદ્ધ, નિષ્ક્રિય પુરુષ વિના બીજું કાંઈ પણ સત્ય જીવનમાં નથી એ વિચાર ખોટો છે. આપણા માનસિક, પ્રાણમય, અને શારીરિક વ્યક્તિત્વમાં થતા સતત વિકારોની પાછળ આપણા જીવનમાં વાસ્તવિક અને નિર્વિકાર શક્તિ જીવાત્મા-રૂપે આવી રહેલી છે. તે જીવાત્માને આપણે જાણવો જોઈએ. અને અનંત બ્રહ્મ પોતાની તપઃશક્તિ અનુસાર, તેની સનાતન વિરાટ-ક્રિયામાં આપણી પ્રકૃતિદ્વારા પોતાનો આવિર્ભાવ કરે તેટલા માટે આપણે તે જીવાત્માને પ્રાપ્ત કરવો જોઇએ.

## શુદ્ધાદ્વૈતના ભક્તિમાર્ગનું સત્ય

અસ્તિત્વ એ એક, સનાતન અને સર્વ વસ્તુના અધિષ્ઠાન-રૂપ આત્માના અનંત સંબંધોનું બનેલું છે. તેને આપણે સ્વીકારીએ તથા દ્વૈત જેનું મૂળ અદ્વૈતમાં—એક સનાતન આત્મામાં—રહેલું છે તેનો તથા, અદ્વૈત તથા દ્વૈતના સંબંધોને ટકાવી રાખનાર પ્રકૃતિના યાને શક્તિના અસ્તિત્વને યે સ્વીકારીએ તો પછી આપણને સર્વ પ્રાણીઓની એકતાનો તીવ્ર ઇન્કાર કરનાર અને આત્મા તથા પરમાત્મા વચ્ચે





અપરિહાર્ય ભેદ સ્થાપન કરનાર દર્શનો અને દ્વૈતમતવાદી ધર્મોમાં પણ કાંઇક સત્ય તો રહેલું છે એમ જરૂર જણાઇ આવશે. દ્વૈતમત માનનારા ધર્મોમાંના અસંસ્કારી ધર્મો સ્વર્ગ અને એવા બીજા સુખભોગો ભોગવવાનો અજ્ઞાનપૂર્ણ આદર્શ પોતાના અનુયાયીઓ આગળ રજુ કરે છે, તો પણ એ ધર્મનું ઉચ્ચમાં ઉચ્ચ અને ગહન રહસ્ય એક ભક્ત કવિના ઘરગથ્થુ, છતાં સમર્થ, રૂપકમાં આપણને સ્પષ્ટ જણાઇ આવે છે. તે કવિ પરમાત્માના આલિંગનનો આનંદ સનાતન યુગો પર્યંત ભોગવવાના માનવઆત્માના હકનું સમર્થન કરીને કહે છે કે "મારે સાકર થઇ જવું નથી. મારે તો સાકર ખાવી છે." સર્વમાં વ્યાપી રહેલા એક આત્માના અદ્વૈત ઉપર આપણે ગમે તેટલો ભાર મૂકીએ તો પણ ભક્તના એ ઉદ્‌ગારને આધ્યાત્મિક વિલાસવૃત્તિની અભિલાષા તરીકે, અથવા તો, અંતિમ સત્યના શુદ્ધ અને ઉચ્ચ સ્વરૂપનો અજ્ઞાન અને આસક્ત આત્માએ કરેલા નિષેધ તરીકે તો આપણે ન જ ગણી કાઢવો જોઇએ. ઉલટું, એ ઉદ્‌ગારના ભાવાત્મક સ્વરૂપમાં આપણને અસ્તિત્વનું ઊંડામાં ઊંડું અને ગહન સત્ય છુપાઈ રહેલું માલૂમ પડે છે. વાચા તેને વર્ણવી શકતી નથી, અને માનવબુદ્ધિ તેનો પાર પામી શકતી નથી છતાં તેને પ્રાપ્ત કરવાની ચાવી હૃદયમાં રહેલી છે. અને આત્મજ્ઞાનીનું અભિમાન કેવળ નિરપેક્ષ અદ્વૈતના ઉપર ગમે તેટલો ભાર મૂકે તો પણ ભક્ત હૃદયની

એ અભિલાષાને અને તેમાં રહેલા સત્યને તે દૂર કરી શકશે નહિ. પરંતુ એ તો ભક્તિયોગની પરાકાષ્ઠાની વાત થઈ, અને ભક્તિયોગનું વર્ણન કરતાં આપણે તેના વિષે વધારે વિચાર કરીશું.

## પૂર્ણયોગનું દૃષ્ટિબિંદુ

પૂર્ણયોગનો સાધક પોતાના આદર્શ અને સાક્ષાત્કારને સમગ્ર દૃષ્ટિએ જોતાં શીખશે. પ્રભુના સનાતન આવિર્ભાવના અનેક પ્રકારો અસ્તિત્વમાં હોઇ તે અનેક ભૂમિકાઓમાં પ્રભુ પોતાની જાતને પ્રગટ કરે છે, તેમ જ પોતાની જાતને પ્રાપ્ત કરે છે,–મેળવે છે. આવિર્ભાવના પ્રત્યેક પ્રકારમાં કાંઇક હેતુ રહેલો હોય છે; અસ્તિત્વની પ્રત્યેક ભૂમિકાને તેની સાર્થકતા હોય છે. અને તે પણ ઉચ્ચતમ શિખરની અને સનાતન અદ્વૈતની વિશાળતામાં સિદ્ધ થાય છે. આપણે તો આપણા વ્યક્તિત્વમાંથી તે એક, અનંત આત્માને પ્રાપ્ત કરવાનો છે, કારણકે આપણા બધા અનુભવોનો પાયો જીવાત્મા છે. જ્ઞાનને અંતે આત્મા જોડે તાદાત્મ્ય થાય છે, કારણકે દ્વૈતવાદીની માન્યતા છતાં, આત્માનું સંપૂર્ણ અદ્વૈત પણ શક્ય છે. તે અદ્વૈતને લીધે આપણે પરમાત્મામાં મગ્ન થઈ શકીએ છીએ, અને વ્યક્તિત્વનાં સર્વ બંધનોથી મુક્ત થઇ વિરાટનાં બંધનોમાંથી પણ છૂટી જઈએ છીએ. એ અદ્વૈતનો સાક્ષાત્કાર કેવળ જ્ઞાનપ્રાપ્તિને માટે અથવા તો





શુદ્ધ ચિન્મય અસ્તિત્વને માટે જ લાભદાયક છે એવું કાંઈ નથી.

## દ્વૈતઅ-દ્વૈતની એકતા

કર્મયોગની ઉત્તમમાં ઉત્તમ ભૂમિકા આપણી તપઃશક્તિને પ્રભુની દિવ્ય તપઃશક્તિ જોડે સર્વ કર્મોમાં એક કરવાથી પ્રાપ્ત થાય છે. તેમ ભક્તિયોગની પરાકાષ્ઠા પણ પ્રેમ અને ભક્તિભાજન પ્રભુ જોડે હર્ષપુલકિત એકતામાં મગ્ન થવામાં સમાયલી છે. પરંતુ વિશ્વમાં દિવ્ય કર્મો કરવા માટે જીવાત્મા, દિવ્ય મહાશક્તિના કેન્દ્રરૂપે, પ્રભુનાં પ્રેમ અને જ્ઞાન જોડે એકતા કરીને તૈયાર થાય છે તથા વિશ્વની અનેકતા પર પોતાની જાતને રેલાવે છે. વળી, એ પ્રમાણે આપણા આત્માનું પરમાત્મા જોડે અદ્વૈત સાધીને આપણે બીજા માનવ-બંધુઓ જોડેની આપણી એકતાને – તાદાત્મ્યને પ્રાપ્ત કરીએ છીએ. અર્થાત્, આપણી પ્રકૃતિમાં તે એકના કેન્દ્રરૂપે જીવાત્માને જાળવી રાખીને સર્વ પ્રાણીઓ અને પ્રભુ સાથે એક પ્રકારનો અદ્વૈતમાં પણ દ્વૈતનો સંબંધ આપણે રાખી શકીએ છીએ. આપણે જ્યારે અજ્ઞાન હતા અને અદ્વૈતની ભાવના આપણા મનને કેવળ એક વિચાર માત્ર, એક અભિલાષા માત્ર હતી, ત્યારે આપણે જે સંબંધ ઈશ્વર તથા વિશ્વ જોડે હતો તેના કરતાં આ નવો સંબંધ તદ્દન જુદા જ પ્રકારનો હશે. એવા જીવનમાં આત્માનું અદ્વૈત એ તો અસ્તિત્વનો નિયમ થઇ રહેશે અને દ્વૈત તો કેવળ

ભેદનો વિવિધ આનંદ લેવા પૂરતું જ રહેશે. અહંતાને વળગી રહેનાર દ્વૈતની ભૂમિકામાં ઉતર્યા સિવાય, કિંવા, સર્વે ભેદોને ટાળીને કેવળ અદ્વૈતને જ પ્રાપ્ત કરવાની એકલવાયી કામના પ્રત્યે આસક્ત થયા સિવાય, આપણે દ્વૈતના તથા અદ્વૈતના સામસામા છેડાઓના વિરોધોને પરાત્પર પુરુષોત્તમ-ની અનંતતામાં ટાળી શકીશું અને તે બન્નેને આનંદથી વધાવી લઇશું.

## પુરુષના ત્રણ પ્રકાર : ક્ષર અક્ષર ઉત્તમ

આપણા સામાન્ય વ્યક્તિત્વથી આપણો જીવાત્મા અને આત્મા બન્ને જુદા છે. આપણું વ્યક્તિત્વ કાંઇ હમેશાં અવિકારી હોતું નથી તે પોતે મૌલિક ચેતના નથી પરંતુ ચેતનાના સ્વરૂપનો વિકાસ છે; સતની શકિત નથી પરંતુ સત્ના વિવિધ વિભાગોની લીલા છે; અસ્તિત્વનો આનંદ ભોગવનાર ભોક્તા નથી, પરંતુ આનંદને પ્રાપ્ત કરીને દ્વૈતમાં રહેલા જુદા જુદા સંબંધોદ્વારા આનંદની ખોજમાં પડેલી કામના છે. આપણે તેને 'પુરુષ'નું નામ આપી શકીએ. પરંતુ તે ક્ષર છે – અક્ષર નથી. પ્રભુના અસ્તિત્વની ભૂમિકા અને તેના કાર્ય પરત્વે ગીતા પુરુષના ત્રણ વિભાગ પાડે છે. ક્ષર, અક્ષર અને ઉત્તમ. એ ઉત્તમ ક્ષર અને અક્ષર બન્નેથી પર હોઇ, બન્નેને પોતાનામાં સમાવે છે. જ્યારે આપણે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં સ્થિત થઇએ છીએ ત્યારે આપણે શાંત નિષ્ક્રિય, નિર્વિકારી અને સમ એવા





અક્ષરને પ્રાપ્ત કરીએ છીએ. વળી શક્તિમાંથી, ચૈતન્યની લીલામાંથી તથા આનંદની શોધમાંથી નિવૃત્ત થઈ આપણે શુદ્ધ, સનાતન અને સમાન એવા સ્થિર અક્ષર ચૈતન્યને પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણને જણાય છે કે તે શક્તિનો તથા આનંદનો – બન્નેનો – પાયો છે. પુરુષોત્તમ – પ્રભુ એ અક્ષરદ્વારા અનાસક્ત રહીને આપણા વિશ્વને ધારણ કરે છે અને તેની લીલાનો આનંદ ભોગવે છે. આપણા વિશ્વમાં જુદા જુદા વિકારી સંબંધો જેને લીધે શક્ય બને છે તેવા સર્વે વિકારી વ્યક્તિત્વના સમૂહનું મૂળ કારણ ક્ષરમાં રહેલું છે. હવે મનોમય પ્રાણી ક્ષરમાં જીવન ધારણ કરે છે એટલે તે વિકારવશતાના પ્રવાહમાં તણાયે જાય છે,— પરંતુ તેના આત્મામાં સનાતન શાંતિ, શક્તિ કે આનંદનું સામ્રાજ્ય હોતું નથી. હવે અક્ષરમાં સ્થિત થયલા જીવાત્મામાં એ સર્વ શક્તિઓ હોય છે એ સાચું, તથાપિ એ સંસારમાં કાર્ય કરવાને અશકત થઇ જાય છે. પરંતુ જેનો આત્મા પુરુષો-ત્તમમાં સ્થિર થઈ શકે છે તે સનાતન શાંતિ, શક્તિ અને આનંદને ભોગવતો હોઈ વિશાળ ચેતનામાં વિહરે છે. તેનું આત્મજ્ઞાન અને તેની આત્મશક્તિ કાંઇ વ્યક્તિત્વનાં સ્વરૂપો-થી મર્યાદિત થઇ જતી નથી. છતાં પણ વિશ્વમાં પુરુષોત્તમનો આવિર્ભાવ કરવા માટે એ સર્વેને તે પૂર્ણ સ્વતંત્રતાથી વાપરે છે. એ રૂપાંતર કાંઈ આત્માની પ્રકૃતિમાં થયલા રૂપાં-તરનું પરિણામ નથી હોતું, પરંતુ પુરુષોત્તમની મુક્તિ અને

પોતાના અસ્તિત્વના સત્ય, દિવ્ય ધર્મને પ્રાપ્ત કર્યાનું પરિણામ છે.

## સગુણ નિર્ગુણનો ભેદ : તેનાથી પર પુરુષોત્તમ

ઉપર જે ત્રણ પુરુષો વચ્ચે ભેદ વર્ણવ્યો તેની સાથે સંબંધવાળો બીજો પણ એક ભેદ આપણાં દર્શનોમાં જોવામાં આવે છે. એ ભેદ તે સગુણ અને નિર્ગુણનો ભેદ. યુરોપના તત્ત્વવેત્તાઓ એને પ્રભુનું વ્યક્તિત્વવાળું અને બિનંગત સ્વરૂપ કહે છે. આપણાં ઉપનિષદોમાં એ ભેદ કેવળ સાપેક્ષ છે એવું સ્પષ્ટ કરવા માટે પ્રભુને निर्गुणो गुणी — "નિર્ગુણ છતાં સગુણ" કહેવામાં આવ્યો છે. અહિં આપણને એ તત્ત્વો, એ મૌલિક સ્વરૂપો, આગળ પડતાં જણાઈ આવે છે. એ બન્નેના વિરોધો પરાત્પર પુરુષોત્તમમાં શમી જાય છે. વાસ્તવિક રીતે એ ભેદ વેદાંતમાંના નીરવ, નિષ્ક્રિય, બ્રહ્મ અને સક્રિય અથવા સગુણ – બ્રહ્મને મળતો આવે છે. એક દૃષ્ટિબિંદુથી જોવા જતાં આખું વિશ્વ આપણને બ્રહ્મના અનંત ગુણોના અનંતવિધ આવિર્ભાવ રૂપ જ જણાશે. તે પોતાની સચેતન તપઃશક્તિદ્વારા ચૈતન્યનાં સ્વરૂપોને તથા વિશ્વના અસ્તિત્વને ટકાવી રાખનારા સર્વ ગુણોને ધારણ કરે છે : વિરાટ ચેતનાની લાક્ષણિકતાવાળા અભ્યાસોનું, અને સક્રિય ચેતનાની શક્તિનું – ગુણોનું – સ્વરૂપ પણ તે ધારણ કરે છે. પરંતુ બ્રહ્મ તેના એકાદા ગુણથી, કે સર્વ-





ગુણના સમૂહથી પણ, બંધાતો નથી. ગુણોની અનંત શક્યતા તેને બાધ કરી શકતી નથી. તે પોતાના સર્વે ગુણોથી પર છે અને તેમનાથી તદ્દન સ્વતંત્ર પણ છે. નિર્ગુણ એટલે કાંઇ ગુણનો અભાવ માત્ર નથી, અથવા તો, તે ગુણોને ધારણ કરી શકતો નથી એમ પણ નથી. ખરૂં જોતાં તો, નિર્ગુણ પોતે જ સગુણ તરીકે વ્યક્ત થઇને અનંત ગુણોને ધારણ કરે છે. તે પોતાની નિરપેક્ષ સત્ – તામાં સર્વને ધારણ કરવાની શક્તિ ધરાવે છે. નિર્ગુણ ગુણોથી સ્વતંત્ર છે એનો અર્થ એટલો જ છે કે તે તેમનાથી પર છે. જો તે ગુણોથી પર ન હોય તો પછી તેને અનંત કહેવાય પણ કેવી રીતે? પોતાના જ ગુણોથી ઇશ્વર બંધાય તો પછી તે ઇશ્વર કેમ કહેવાય? એ પ્રમાણે થાય તો પ્રકૃતિ જ સર્વોપરિ ગણાય, અને પુરુષ એ તેના હાથનું રમકડું જ થઇ રહે! સનાતન બ્રહ્મ સગુણતા કે નિર્ગુણતાથી, વ્યક્તિત્વથી કે બિનંગતતાથી બંધાતો નથી. તે પોતે તો અનિર્વચનીય, અદ્વિતીય હોઇ, પોતે તે પોતે જ છે. આપણી ભાવાત્મક કે નિષેધાત્મક વ્યાખ્યાઓનાં બંધનથી તે હમેશાં પર હોય છે.

## નિર્ગુણ અને સગુણના સાક્ષાત્કારનો પ્રકાર ભેદ

આપણે કદાચ અનંતની વ્યાખ્યા ન આપી શકીએ, પરંતુ આપણે તેની સાથે અદ્વૈત તો સાધી શકીએ ખરા. ઘણી વાર એમ કહેવામાં આવે છે કે સાધક નિર્ગુણ, વ્યક્તિ-

તાથી પર, ઇશ્વર સાથે તાદાત્મ્ય સાધી શકે પરંતુ તે સગુણ ઇશ્વર થઇ શકે નહિ. એ વિચાર કેટલેક અંશે સાચો છે, કારણકે કોઇ પણ વ્યક્તિ વ્યક્તિ તરીકે, આખા વિશ્વની માલિક બની શકે જ નહિ. પરંતુ આપણી સત્-તાને આપણે સાકારમાં કે નિરાકારમાં, ધારીએ ત્યારે, લઇ જઇ શકીએ. અર્થાત્, આપણે એ બન્નેમાં ચેતનાને ધારણ કરીને બન્નેમાં આપણા સ્વરૂપને પ્રાપ્ત કરી શકીએ. પરંતુ તેના માર્ગ જુદા જુદા છે. નિર્ગુણ જોડે આપણા આંતર ચૈતન્યને એક કરીને આપણે મુક્તિ પ્રાપ્ત કરી શકીએ છીએ, જ્યારે સગુણ જોડે આપણી પ્રકૃતિને, કિંવા, આપણા ક્રિયાત્મક જીવનને, એક કરીને આપણે તાદાત્મ્ય સાધી શકીએ. પ્રભુ પોતે સનાતન શાંતિ, સમતા, અને નીરવતામાંથી પોતાની જાતને અનંત, મુક્ત, ક્રિયાઓમાં સનાતન કાળથી રેલી રહ્યો છે, અને તે પોતાના ક્રિયાત્મક સગુણ સ્વરૂપમાં અનંત ગુણોની વિધવિધ ભાતો સ્વતંત્રપણે, ગૂંથી રહ્યો છે. આપણે પણ તે શાંતિ, સમતા અને નીરવતાને પ્રાપ્ત કરવી જોઇએ. પરંતુ સાથે સાથે, પ્રભુ પેઠે, કોઇ પણ ગુણથી બંધાયા સિવાય સર્વ ગુણોમાં, પ્રભુના કાર્યને સિદ્ધ કરવા માટે, આપણી જાતને છૂટથી રેલવાની શક્તિ પણ આપણે મેળવવી જોઇએ. ફેર માત્ર એટલો જ કે પ્રભુ પોતે સર્વ વસ્તુઓના કેન્દ્રમાં — સર્વ પ્રાણીપદાર્થના હૃદય-કેન્દ્રમાં — રહીને કાર્ય કરે છે, ત્યારે આપણે તેની તપઃશક્તિ, જ્ઞાન અને પ્રેમ કાર્ય





કરે તેનાવડે કર્મમાં સંચાલિત થવાનું છે. પ્રભુ કશાને આધીન નથી. પરંતુ વ્યક્તિનો જીવાત્મા તેના પોતાનામાં રહેલા પુરુષોત્તમને શરણે રહે છે. વળી જેટલા પ્રમાણમાં વ્યક્તિ પ્રભુને સંપૂર્ણપણે શરણ થાય છે તેટલા પ્રમાણમાં તેની શક્તિ અને મુક્તિ પણ નિરપેક્ષ થઈ વધતી જાય છે.

## યુરોપનો "Personal God" – વ્યક્તિ તરીકે પ્રભુનો ખ્યાલ અને હિંદમાં સગુણનો વિચાર

સાકાર અને નિરાકાર–સગુણ અને નિર્ગુણ–વચ્ચે હિંદમાં જે ભેદ છે તેવો જ ભેદ અંગ્રેજીમાં Personal અને Impersonal વચ્ચે છે. પરંતુ અંગ્રેજી શબ્દોમાં અર્થની જે પરિમિતતા છે તે હિંદના દર્શનમાં અજ્ઞાત છે. યુરોપના ધર્મો પ્રભુના જે વ્યક્તિ-સ્વરૂપને માને છે તેનું વ્યક્તિત્વ માનવના જેવું હોય છે. બીજી રીતે, તેનામાં સર્વ શક્તિમાનપણું અને સર્વજ્ઞતા હોય છે તો પણ પોતાના ગુણોથી એ પ્રભુ મર્યાદિત હોય છે. યુરોપીયનોનો પ્રભુના વ્યક્તિ-સ્વરૂપનો ખ્યાલ હિંદુઓમાં શિવ, બ્રહ્મા, વિષ્ણુનો. અથવા તો, કાલી, દુર્ગા વગેરે માતાઓનો, ઇષ્ટ દેવતા તરીકે જે ખ્યાલ છે તેને ઘણો મળતો આવે છે. ખરૂં જોતાં ભક્તિ સેવા કરવા માટે પ્રત્યેક ધર્મ પોતાના ભાવ અને વિચાર પ્રમાણે પ્રભુનું જુદું જુદું વ્યક્તિ-સ્વરૂપ ઊભું કરે છે. કતલ કરતાં છતાં

પણ જે દયાળુ છે, અને વિનાશ કરીને પણ જે રક્ષા કરે છે એવી સદા પ્રેમાળ અને મંગલદાતા, ચંડી – કાલી – જેમ કરુણાળુ વિષ્ણુના કરતાં જુદી છે. તેજ રીતે, કેલ્વીનનો ક્રૂર અને સખ્ત પ્રભુ સેન્ટ ફ્રાંસીસના મધુર અને પ્રેમળ પ્રભુના કરતાં જુદો છે. સર્વનો વિનાશ કરનાર, અવધૂત મહાદેવ, વિષ્ણુ અને બ્રહ્મા બંનેના કરતાં જુદા છે: બ્રહ્મા અને વિષ્ણુ કરુણા અને પ્રેમથી પ્રેરાઈ પ્રાણીનું, જીવનનું અને સૃષ્ટિનું રક્ષણ કરે છે. એ તો સ્પષ્ટ છે કે પ્રભુ વિષે જે વિચારો ઉપર જણાવ્યા, તે અનંત, સર્વશક્તિમાન, સૃષ્ટા અને વિશ્વના શાસકની વ્યાખ્યા કરવા માટે ઘણા પરિમિત અને સાપેક્ષ છે. સાકાર પ્રભુ, યાને પુરુષોત્તમ ભગવાન પોતાના ગુણોથી મર્યાદિત થતો નથી. તે અનંત – ગુણ છે, ગુણાતીત પણ છે. તે સર્વ ગુણોનો સ્વામી – અધિષ્ઠાતા – હોઇ સ્વેચ્છા પ્રમાણે તેમનો ઉપયોગ કરે છે. વ્યક્તિની ઇચ્છા તથા જરૂરને સંતોષવા માટે અનંત પ્રભુ વિવિધ નામોમાં અને રૂપોમાં પોતાનો આવિર્ભાવ કરે છે. આ કારણને લઇને સામાન્ય યુરોપીય માનસને વેદાંતના કે સાંખ્ય દર્શનથી જુદો એવો હિંદુ ધર્મ સમજવામાં આટલી બધી મુશ્કેલી નડે છે. કારણકે સગુણ પ્રભુને અનંત ગુણવાળો તે કલ્પી શકતું નથી. આ રીતે પુરુષોત્તમ ભગવાન એક વ્યક્તિ નહિ, પરંતુ એકમાત્ર વ્યક્તિ છે,— સર્વ પ્રકારની વ્યક્તિઓનું મૂળ છે. પ્રભુના દિવ્ય વ્યક્તિત્વનું સંપૂર્ણ અને વાસ્તવિક સત્ય એ જ છે.





## પુરુષોત્તમ – પ્રભુનું દિવ્ય વ્યક્તિત્વ

પુરુષોત્તમનું –, પ્રભુના દિવ્ય વ્યક્તિત્વનું, પૂર્ણયોગમાં સ્થાન નક્કી કરવા માટે ભક્તિયોગનાં પ્રકરણો સારામાં સારું સ્થાન છે. એટલે અહિં તો માત્ર એટલો ઇશારો કરવો બસ છે કે પ્રભુના દિવ્ય વ્યક્તિત્વનું સ્થાન પૂર્ણયોગમાં છે અને મુક્તિ પ્રાપ્ત કર્યા પછી પણ તે સ્થાને તે કાયમ રહે છે. પ્રભુના દિવ્ય વ્યક્તિત્વને,– પુરુષોત્તમને, પહોંચવાનાં ત્રણ પગથિયાં છે. પ્રથમમાં વિશિષ્ટ રૂપ, યા તો વિશિષ્ટ ગુણોવાળાં પ્રભુનાં સ્વરૂપ – અર્થાત્ ઇષ્ટદેવતા, તરીકે, તેને કલ્પવામાં આવે છે. સાધક વ્યક્તિતાને અને પ્રકૃતિને ભગવાનનું એ સ્વરૂપ ગમે છે. તેથી તે ઇષ્ટ દેવતાને પસંદ કરે છે. બીજાંમાં ભગવાન જ એકમાત્ર અને વાસ્તવિક વ્યક્તિ તરીકે સાધકને દેખાય છે: પ્રભુ સર્વ વ્યક્તિ સ્વરૂપ છે એવું અનુભવાય છે, તે અનંત – ગુણમય બને છે. ત્રીજામાં, વ્યક્તિતાના વિચારની અને ઘટનાની પાછળ, તેના મૂળ તરીકે, જે સત્ય આવી રહેલું છે તેને સાધક પ્રાપ્ત કરે છે. ઉપનિષદમાં વિશેષણ વિનાના એક જ શબ્દ 'स' – "તે"વડે તેનો નિર્દેશ કરેલો છે. ત્યાં સાકાર અને નિરાકાર, – સગુણ અને નિર્ગુણ – વિષેના આપણા વિચારો એક બિંદુમાં મળે છે; અને પ્રભુની નરી દિવ્યતામાં એકરૂપ થઇ જાય છે. કારણકે નિરાકાર કાંઇ વિચારનું અમૂર્ત સ્વરૂપ, અશરીરીતત્ત્વ યા તો કેવળ

એક ચેતનાવસ્થા કે શક્તિ કેવળ નથી,— જેમ આપણે પોતે કેવળ વિચાર, તત્ત્વ, સ્થિતિ કે શક્તિ નથી તેમ. માનવ બુદ્ધિ એ વિચારો મારફત પ્રભુના તરફ ગતિ કરે છે. પરંતુ સાક્ષાત્કારમાં એ વિચારોનું ઉલ્લંઘન થઇ જાય છે. વધારે ને વધારે ઉચ્ચ ચેતનાનો સાક્ષાત્કાર કરતાં આખરે આપણે એક પ્રકારના ભાવાત્મક શૂન્યમાં સર્વનો,– વિશ્વનો પણ,– લય થતો નથી અનુભવતા, યા તો કોઇ અનિર્વચનીય સ્થિતિમાં નથી જઈ પડતા. અંતે તો, આપણે પરાત્પર પુરુષોત્તમની ચેતનાને પ્રાપ્ત કરીએ છીએ. એ પરાત્પર વ્યક્તિતાની વ્યાખ્યાથી પર છે છતાં સર્વ પ્રકારની વ્યક્તિતાનાં મૂળમાં તે રહેલ છે.

## પુરુષોત્તમમાં સગુણ નિર્ગુણનો સમન્વય

જ્યારે આપણે તે – પરાત્પર – માં આપણી ચેતનાને ધારણ કરીએ છીએ ત્યારે તેનાં બંને પાસાંઓ – સગુણ અને નિર્ગુણ – ને પણ આપણે પ્રાપ્ત કરીએ છીએ, ચેતનાની કોઇ પરમ અવસ્થામાં, અનંત નિર્ગુણતામાં, સ્વયંભૂ ચિતિમાં, સ્વયંભૂ આનંદમાં આપણે અક્ષર નિર્ગુણને ધારણ કરીએ છીએ. અને વ્યક્તિમાં રહેલ જીવાત્માદ્વારા પુરુષોત્તમ – એટલે વ્યક્તિ સ્વરૂપ દિવ્ય પ્રભુ પોતાની દિવ્ય પ્રકૃતિનો આવિર્ભાવ કરે છે. આપણો વિરાટ અને પરાત્પરની સાથે જે સંબંધ છે તેની મારફત આપણે તેના વ્યક્તિ સ્વરૂપને પણ પ્રાપ્ત





કરીએ છીએ. તેનાં નામ અને રૂપની મારફત પણ તેની જોડે આપણે સંબંધ સ્થાપન કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, આપણે પ્રેમનું કાર્ય જીવનમાં કરવાનું હશે તો પ્રેમના પ્રભુ તરીકે આપણે તેને શોધીશું, સેવીશું અને જીવનમાં વ્યક્ત કરીશું. પરંતુ સાથે સાથે અન્ય સર્વે નામરૂપોમાં પણ આપણે સમગ્રરૂપે તેનો સાક્ષાત્કાર કરીશું, અને આપણા પ્રત્યે તેનું જે સ્વરૂપ અભિમુખ હશે તેને જ અનંત પ્રભુ માની લેવાની ભૂલ નહિ કરીએ.

---

## પ્રકરણ ૧૨ મું

# સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર

### તત્વજ્ઞાનનો હેતુ

**પુરુષના** જે પ્રકાર આગલા પ્રકરણમાં આપણે વર્ણવ્યા તે બધા એકદમ અમૂર્ત, અને કેવળ વિચારમય લાગવાનો સંભવ છે. અર્થાત્ તે બધા તત્ત્વજ્ઞાનીઓને પૃથક્કરણ કરવા માટે ઉપયોગી હશે પરંતુ સાધના કરનાર સાધકને ઝાઝા ઉપયોગી નથી એમ લાગવાનો સંભવ છે. પરંતુ એ ભેદવૃત્તિ પણ આપણી બુદ્ધિ જ ઉત્પન્ન કરે છે અને તે અકારણ છે. પ્રાચીન સભ્યતાનો અને આર્યાવર્તની સંસ્કૃતિનો ખાસ સિદ્ધાંત જ એ છે કે તત્વજ્ઞાન કેવળ સમય ગાળવા માટેની એક ઊંચા પ્રકારની રમત, બુદ્ધિની ઝીણવટનો આનંદ, કિંવા તર્કવાદને ખાતર તાર્કિક સત્યની શોધ તરીકે કદી પણ ગણાવું જોઇએ નહિ; પરંતુ અસ્તિત્વના મૂળમાં કાર્ય કરી રહેલાં





સત્યોની આપણી સર્વ શક્તિઓદ્વારા શોધ કરીને તે સત્યોને જીવનમાં આપણા નિયામક તરીકે સ્વીકારવાં તેનું જ નામ ખરૂં તત્ત્વજ્ઞાન. તર્કદ્વારા અને પૃથક્કરણવૃત્તિદ્વારા સત્યનો સાક્ષાત્કાર કરનાર સાંખ્યશાસ્ત્રની રીતે જ્ઞાનની એક બાજુનો સાક્ષાત્કાર થાય છે. યોગમાં તે સત્યોનો સમન્વય કરી, તેમનો વ્યવહારમાં અને અંતરમાં સાક્ષાત્કાર કરવાનો ઉદ્દેશ હોય છે, અને તે જ્ઞાનની બીજી બાજુ છે. એ બન્ને માર્ગે માનવ પોતાના જીવનમાંથી અસત્યનો ત્યાગ કરી, અજ્ઞાનમાંથી મુક્ત થઇ સત્યમય જીવન ગુજારી શકે છે. માનવ પરાત્પર – પુરુષોત્તમને જાણી શકે તેમ છે. એટલે તેને માટે અધિકારી બનવું એ વિચારમય – મનોમય પુરુષનો આદર્શ હોવો જોઇએ વિચારદ્વારા મહત્તમ – સૌથી મહાન,– સત્યની શોધ કરવી જોઇએ. અને જીવનમાં તેને સિદ્ધ કરવા માટે આપણે મથવું જોઇએ.

### જ્ઞાનયોગનો અંતિમ ઉદ્દેશ અને તેની ઉપયોગિતા

આપણે જે જ્ઞાનયોગને વિષે ચર્ચા કરીએ છીએ, તેની અગત્ય અહીં આપણને જણાય છે. અસ્તિત્વના જે જે મૂળ તત્ત્વોદ્વારા પ્રભુ પોતાનો આવિર્ભાવ કરી રહ્યો છે તેમનું જ્ઞાન – તત્ત્વજ્ઞાન મેળવવું એ જ્ઞાનયોગનો અંતિમ આદર્શ છે. આપણા અસ્તિત્વનું અંતિમ સત્ય જો અનંત અદ્વૈતમાં જ આવી રહેલું હોય, અને તેમાં જ સંપૂર્ણ વિશાળતા,

જ્ઞાન, સામર્થ્ય, આનંદ રહેલાં હોય તથા આપણામાં રહેલાં અજ્ઞાન, નિર્બળતા, શોક, મોહ ઇત્યાદિ બંધનો વિશ્વમાં દ્વૈત જોવાને પરિણામે, યાને જુદા જુદા અનંત જીવો પરસ્પર સંઘટ્ટ – કલહ કરી રહ્યા છે એવી માન્યતાને પરિણામે જ, ઉદ્ભવતાં હોય તો તો એ અસત્ય અને અજ્ઞાનમાંથી છૂટીને સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ શોધી કાઢવો એ ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વજ્ઞાનનું અને ડહાપણનું કાર્ય છે, એટલું જ નહિ પરંતુ તે કાર્ય સૌથી વધારે વ્યવહારૂ, ઉપયોગી અને પ્રત્યક્ષ હોઇ તદ્દન વાસ્તવિક મનાવું જોઇએ. વળી, આપણા માનસમાં, યાને ચિત્તંત્રમાં, જે ગુણોની, અર્થાત્ પ્રકૃતિનાં તત્ત્વોની, લીલા ચાલી રહી છે તેના અજ્ઞાનમય કાર્યમાંથી તે એક અનંત સ્વભાવથી જ પર હોય તો, અને આપણા જીવનનાં સર્વે દુઃખો અને ક્લેશો કેવળ પ્રકૃતિની લીલાને આપણે આધીન છીએ તે કારણે જ ઉદ્ભવતા હોય,— અર્થાત્ શુભ, અશુભ; પાપ, પુણ્ય; જય. પરાજય; હર્ષ, શોક; સુખ, દુઃખ વગેરે દ્વંદ્વોને આપણે આધીન છીએ તે પ્રકૃતિને લીધે એ વિચાર સાચો હોય, તો પછી પ્રકૃતિના ગુણોથી પર થઈ જવું અને તેમનાથી પર રહેલા એક, અનંતની સનાતન શાંતિમાં સ્થિત થવું એ જ વ્યવહારૂ ડહાપણ નથી શું? વળી, વિકારી, વ્યક્તિત્વ પ્રત્યે આસક્ત રહેવાને લીધે આપણે આત્માને વિષે અજ્ઞાન હોઈએ, અને તે અહંતાનાં બંધનને લીધે જ આપણને અંતરમાં શાંતિ પ્રાપ્ત થતી ન હોય,





એટલું જ નહિ પરંતુ આપણે બીજાઓ જોડે, અને જીવનના સર્વ પ્રદેશોમાં પણ, શાંતિથી રહી શકતા ન હોઇએ, તો આપણને જણાશે કે વ્યક્તિત્વથી મુક્ત એવું એક ચૈતન્ય જેમાં એ સર્વ દુઃખ, અજ્ઞાન અને મિથ્યા પ્રયત્નોનો કેવળ અભાવ છે — કારણકે તે ચૈતન્ય પોતે સનાતન અદ્વૈતમાં સ્થિત હોઇ એકસૂરતામય છે,— તેને પ્રાપ્ત કરવું તથા એ દુઃખ-શોક વિનાની એકતાનો સાક્ષાત્કાર કરવો એ જ મનુષ્યના સર્વ પ્રયત્નોનું ધ્યેય થઇ રહે તો તેને આપણી બુદ્ધિ "વ્યવહારૂપણા"નું નામ આપવાની અનુમતિ આપી શકે કે નહિ?

## સર્વ ગુણોથી સ્વતંત્ર અસ્તિત્વ; તેને પ્રાપ્ત કરવાની જરૂર

મન અને શરીરદ્વારા પોતાના સર્વ સંબંધોની અને પ્રયત્નોની ખરી કૂંચી શોધવા માટે મથી રહેલી પ્રકૃતિના કલહથી આપણને પર લઇ જનાર, સર્વગુણોથી મુક્ત એવું અદ્વૈત, વ્યક્તિતાથી પર બિનંગત એવી ચેતના જરૂર અસ્તિત્વમાં છે. પ્રાચીન ઉચ્ચતમ સાક્ષાત્કાર તો એવો પણ છે કે એ સતને પ્રાપ્ત કરવાથી જ — અર્થાત્ તે નિરપેક્ષ, એક, શાંત, આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવાથી જ માનવને ચિરસ્થાયી — કારણકે સ્વયંભૂ - શાંતિ અને આંતર મુક્તિ મળી શકે. એ સત્ આપણા માનસિક અને પ્રાણમય જીવનથી સદા પર રહેલું છે. જ્ઞાનયોગનો પ્રથમ, અને એક અર્થમાં લાક્ષણિક અને તાત્ત્વિક, ઉદ્દેશ એની પ્રાપ્તિ જ છે. પરંતુ

આપણે આગળ જોઇ ગયા છીએ કે એ હેતુ પ્રથમ છે પરંતુ એક માત્ર હેતુ નથી : તે હેતુ આવશ્યક છે છતાં સંપૂર્ણ નથી. સર્વ સંબંધોનો, વ્યક્તિત્વનો, તથા અનેકતાનો ત્યાગ કરીને સંબંધોથી પર, વ્યક્તિત્વથી મુક્ત અને નિરાકાર, એક અનંતને પ્રાપ્ત કરતાં જ માત્ર આપણને શીખવે તો તે જ્ઞાન સંપૂર્ણ ન ગણી શકાય. જ્ઞાનને પરિણામે જીવનના સંબંધોની સમગ્ર લીલાનું, અનેકતાના સમસ્ત વિકારોનું, અને વ્યક્તિઓના પરસ્પર કાર્ય પ્રતિકાર્યનું તથા સંઘટ્ટનું રહસ્ય, તેની ચાવી, આપણને પ્રાપ્ત થવી જોઇએ. વળી જે જ્ઞાન કેવળ માનસિક વિચાર કે ખ્યાલ આપે છે, પરંતુ સાક્ષાત્કાર કિંવા અંગત અનુભવવડે તેને પ્રત્યક્ષ કરી બતાવતું નથી તે ખરૂં જ્ઞાન નથી. એ જ્ઞાનની કુંચી આપણે કાંઇ નકામા શોધી રહ્યા નથી. એ કુંચી શોધીને આપણે વ્યવહારને તે અંતિમ સત્યથી નિયત કરી શકીએ, અનેક વિરોધોની પાછળ આવી રહેલી એકસૂરતાને પ્રાપ્ત કરી શકીએ તે સર્વેના પરિણામરૂપ દુઃખ-શોકને દૂર કરી શકીએ, તેમ જ વિશ્વમાં જે જુદા જુદા પ્રયત્નો થઇ રહ્યા છે તેમની અંતિમ એકતાનો આદર્શ આપણે જાણી શકીએ એ આપણો ઉદ્દેશ છે. આખા વિશ્વનું હૃદય અત્યારે કેવળ શાંતિ જ નહિ પરંતુ સાર્થકતા અને અસરકારક આત્મજ્ઞાનનાં પરિણામો મેળવવા પ્રયત્ન કરી રહ્યું છે. એ સિદ્ધિનો શાંતિ સનાતન પાયો છે, સાર્થકતાનું સ્વભાવિક વાતાવરણ છે.





## ખરો સાક્ષાત્કાર કયો ? : તે એક અનંતની ખૂબી

વળી વિવિધતા, વ્યક્તિત્વ, ગુણ અને સંબંધોની લીલાનું ખરૂં રહસ્ય જે જ્ઞાનમાં પ્રાપ્ત થાય, તે જ્ઞાનમાંથી વ્યક્તિથી સ્વતંત્ર એવી તટસ્થ બિનંગત ચેતના અને વ્યક્તિત્વનું, નિર્ગુણનું, તથા ગુણમાં જે પોતાનો આવિર્ભાવ કરે છે તે સગુણનું અને અસ્તિત્વની એકતા અને અનેક ગુણવાળી અનેકતાની તાત્ત્વિક એકતાનું જ્ઞાન પ્રાપ્ત થવું જોઇએ. એ દ્વંદ્વો વચ્ચે મોટો ભેદ પાડનારૂં જ્ઞાન – આપણી તર્કવાદપ્રધાન વિવેકશક્તિને ભલે ગમે તેટલું યુક્તિપરઃસર જણાય, અથવા તો દ્વૈતના અનુભવને ગમે તેટલું સંતોષકારક લાગે, તો પણ તે કદી પણ અંતિમ જ્ઞાન કહી શકાય નહિ. સર્વ વસ્તુઓની સમગ્રતાથી પર છતાં પણ સર્વને પોતાનામાં સમાવી શકે એ જ ખરૂં અદ્વૈત હોઇ જ્ઞાનદ્વારા તે પ્રાપ્ત થવું જોઇએ. જે એકતા સર્વથી દૂર નાસે, સર્વનો સ્વીકાર કરવાને અશક્ત હોય, સર્વને પોતામાં સમાવી લઈ શકે નહિ તે ખરી એકતા નથી. કારણકે વિરાટમાં પોતાનામાં, અથવા તો પરાત્પર પુરુષ અને વિરાટ વચ્ચે, એવું દુસ્તર દ્વૈત કદી પણ હોઇ શકે નહિ. એવું દ્વૈત આપણને જ્ઞાનથી વિરુદ્ધ લાગે છે. એટલે તે અનુભવ અને આત્મસિદ્ધિથી પણ વિરુદ્ધ જ હોવું જોઇએ. જે સાક્ષાત્કારની પરાકાષ્ઠામાં ઉપર જણાવ્યો તેવો ન તરી શકાય એવો અંતર બે તત્ત્વો વચ્ચે રહી જતો હોય, તથા

તે એ પૈકી એકને સ્વીકારીને બીજાનો ત્યાગ કરવાથી જ તેની સિદ્ધિ થાય તેમ હોય,—અર્થાત્ તે બંને એકતામાં લય પમાડી શકાય તેમ ન હોય,—તો તે સાક્ષાત્કાર અંતિમ નથી એમ સમજવું. ગમે તો વિચારદ્વારા, અથવા તો વિચારથી કે મનથી પર રહેલી દૃષ્ટિદ્વારા, કે પછી જે સાક્ષાત્કારને જ્ઞાનયોગની ઉત્તમોત્તમ દશા તરીકે ગણવામાં આવે છે તેનાદ્વારા, આપણે તે સર્વ તૃપ્તિકર અદ્વૈતને પ્રાપ્ત કરવું જોઇએ છે. તેટલા માટે આપણે સર્વત્ર વ્યાપી રહેલી તે એકતાનો જ વિચાર કરવો જોઇએ, તેનો જ અનુભવ કરવો જોઇએ અને તેમાં જ આપણે જીવન ધારણ કરવું જોઇએ. તે એકનું વિચારમાં, દૃષ્ટિવડે, અને અનુભવમાં જ્ઞાન થતાં આપણને જણાઇ આવે છે કે તે એક છે છતાં પણ અનેકમાં આવિર્ભાવ પામતાં તેની એકતા નષ્ટ થતી નથી; તે ગુણોના બંધનથી મુક્ત છે છતાં, અનંત ગુણોને ધારણ કરી શકે છે; તે પોતાની અંદર સર્વ સંબંધોને ધારણ કરે છે અને તેમને એકત્ર કરે છે છતાં નિરપેક્ષ – કેવળ છે; તે અમુક એક વ્યક્તિરૂપ નથી છતાં સર્વ વ્યક્તિરૂપ છે, કારણકે તે સર્વરૂપ છે અને છતાં તે એક માત્ર સચેતન સત્-તા છે! આપણે જે વ્યક્તિત્વના મથકને આપણે પોતાની જાત ગણીએ છીએ તેને માટે તો પોતાની ચેતનાદ્વારા પરમાત્મા જોડે એકતા સાધીને તેની દિવ્ય પ્રકૃતિને પોતાનામાં પ્રગટાવવી તે આદર્શ ઉચ્ચ અને આશ્ચર્યકારક છતાં સંપૂર્ણ તર્કસિદ્ધ,





તેમ જ સૌથી વધારે ઉપયોગી અને વ્યવહારૂ છે. આપણા વ્યક્તિત્વની,- અને આપણા વિરાટ જીવનની તેજ અંતિમ પૂર્ણતા છે. વ્યક્તિ અને વિરાટ વચ્ચે કાંઇ અપરિહાર્ય વિરોધ નથી : ઉલટું આપણો આત્મા અને વિશ્વનો આત્મા, યાને વિરાટ, એ બંને એક જ છે એવો એકવાર અનુભવ થયા પછી તો તે બંને વચ્ચે સંપૂર્ણ, ગાઢ, એકતા પ્રગટે છે.

## સર્વવ્યાપી સચ્ચિદાનંદ : તેનો સાક્ષાત્કાર

આપણે ઉપર જે વિરોધી દ્વંદ્વો જોયા તે વાસ્તવિક રીતે તો પરાત્પર પુરુષના આવિર્ભાવ માટેના આવશ્યક સંજોગો છે, કારણકે તે પરાત્પર સર્વની પાછળ આવી રહેલો છે એટલું જ નહિ, પરંતુ દેખીતા પરસ્પર વિરોધી સંજોગોમાં પણ સર્વમાં તે વ્યાપી પણ રહેલો છે. એ સર્વેના સામાન્ય ચિન્મય તત્ત્વને વિચારની સગવડ ખાતર સચ્ચિદાનંદ – સત્ ચિત્ અને આનંદ – કહેવામાં આવે છે. એ ત્રણે તત્ત્વો અવિભાજ્ય રૂપે સર્વત્ર આવી રહેલાં છે; તેમાંનું એક પણ છૂટું નથી. તથાપિ આપણા મન અને તેના અનુભવમાં આપણે સચ્ચિદાનંદમાં પણ ભેદ ઉપજાવી શકીએ એટલું જ નહિ પરંતુ તેનાં સ્વરૂપોને ભિન્ન પણ ગણી શકીએ. મન "હું બેભાન હતો" એવો વિચાર લાવી શકે પરંતુ "હું બેભાન છું" એવો અનુભવ કદી પણ ન કરી શકે. વળી તે "હું જિંદગીમાં કોઈ પણ પ્રકારના સુખ

વિનાનો – દુઃખી છું" એવો અનુભવ પણ કરી શકે છે. હવે ખરું જોતાં એ અશક્ય છે; કારણકે આપણી જે વાસ્તવિક સત્‌–તા છે, સનાતન "હું છું" એવી અનુભૂતિ જેના વિષે "તે હતું" એવું કદી પણ કહી શકાય તેમ નથી, તે કદી પણ બેભાન કે ચૈતન્યરહિત હોતી જ નથી. આપણે જે સ્થિતિને બેભાન અવસ્થા, અથવા ચૈતન્યની ગેરહાજરી, ગણીએ છીએ તે સ્થિતિ ફક્ત બીજી સંજ્ઞા અથવા તો જુદી ચેતના છે. અર્થાત્ બેભાન અવસ્થા એટલે બાહ્ય પદાર્થોને પોતાનામાં સ્વીકારનાર આપણી માનસિક ચેતનાની સપાટી ઉપરનું મોજું હેઠળ રહેતી અવચેતનામાં ડૂબકી મારે તે. ઊંડા વિચારમાં ઉતરી ગયા હોઈએ છીએ અને આજુબાજુના સ્થૂલ પદાર્થોનું ભાન હોતું નથી તે વખતે આપણે જેટલા બેભાન હોઈએ છીએ તેટલા જ નિદ્રામાં, મૂર્ચ્છામાં, ઘેનમાં અથવા મૃત્યુમાં પણ બેભાન હોઇએ છીએ. જે માણસે યોગના માર્ગમાં જરા પણ પ્રગતિ કરી હશે તે આ વિચાર સહજ સમજી જશે, — તેને ઉપરના વાક્યમાં રહેલો મર્મ સમજતાં જરા પણ મુશ્કેલી પડશે નહિ, — કારણકે અનુભવથી તે વાત ડગલે ને ડગલે સિદ્ધ થાય છે અસ્તિત્વ અને ચૈતન્ય સાથે છે એ સમજવું તો સ્હેલ છે પરંતુ અસ્તિત્વ અને આનંદનો અભાવ એ બન્ને કદી પણ સાથે ન રહી શકે એ અનુભવવું જરા કપરું છે. આપણે જેને દુઃખ, શોક અને આનંદનો અભાવ ગણીએ છીએ તે ખરું





જોતાં અસ્તિત્વના સ્વાભાવિક આનંદનું જ વિપરિત સ્વરૂપ હોય છે. આપણા દ્વૈતભાવને પરિણામે જ તે જીવનમાં એવાં વિરોધી સ્વરૂપો ધારણ કરે છે, કારણકે આપણા મનમાં તેનું પ્રતિબિંબ પડતાં જ તે વક્ર થઈ જાય છે. પરંતુ એ માનસિક ચૈતન્ય એ કાંઈ આપણું ખરું અસ્તિત્વ નથી. એ તો આપણા અનંત અસ્તિત્વના મહાસાગરની સપાટી ઉપર ઉછળતા ચિત્‌–શક્તિના મોજાંના કુત્સિતરંગી ફીણ જેવું છે, અથવા બહુ બહુ તો, ક્ષણિક મોજાંના મર્યાદિત આકાર જેવું છે. એ અનંત અસ્તિત્વનો સાક્ષાત્કાર કરવા માટે આપણે માનસિક ચૈતન્યની સપાટી ઉપરથી ઊંડાણમાં ડુબકી મારવી જોઇએ. અર્થાત્ ચેતનાની છાછરી સપાટીના અભ્યાસના બંધનમાંથી, આપણા મનની ક્ષુદ્ર ચાલાકીમાંથી – આપણે દૂર જતા રહેવું જોઇએ. — અને જ્યારે એવી ડૂબકી આપણે મારીએ છીએ ત્યારે આપણને જણાય છે કે આપણું માનસિક જીવન કેટલું તો છાછરૂં અને મનના સુખદુઃખના કાંટાઓ કેટલા તો હાસ્ય ઉપજાવે એટલા નિર્બળ, અને એની ધોંચ કેટલી તો આછી હોય છે! એ અનુભવ થયા પછી જ આપણને સત્ એટલે ખરા અસ્તિત્વનો, – ચિત્ એટલે ખરા ચૈતન્યનો અને આનંદ સત્ય આનંદનો સાક્ષાત્કાર થાય છે.

## ચિત્ – ચૈતન્ય એટલે શું ?

ચિત્ કિંવા દિવ્ય ચૈતન્ય એટલે આપણી માનસિક સંજ્ઞા નહિ. માનસિક ચેતના એ તો આપણા ચૈતન્યનું એક રૂપ, તેની નિમ્ન અને પરિમિત ગતિ યાને પ્રકાર છે. યોગમાં જેમ જેમ આપણી પ્રગતિ થાય છે, અને આપણી અંદર તથા અન્ય પદાર્થોમાં રહેતા આત્માને આપણે જાણતા થઇએ છીએ તેમ તેમ આપણને જણાય છે કે વનસ્પતિમાં, ધાતુમાં, પરમાણુમાં, વિદ્યુતના કણમાં તથા જડ સૃષ્ટિના એકેએક પદાર્થમાં ચેતના રહેલી છે. વળી, આપણને એ પણ જણાઈ આવે છે કે ચૈતન્યનાં એ સ્વરૂપો માનસિક ચૈતન્ય કરતાં કોઈ રીતે ઉતરતાં કે હલકાં નથી. ઊલટું કેટલાંક જડ સ્વરૂપોમાં તો તે તદ્દન સપાટી ઉપર આવેલું નથી જણાતું છતાં તે વધારે સમર્થ વેગવાન અને વિશાળ હોય છે. પરંતુ એ સ્થૂલ અને પ્રાણમય ચેતના શુદ્ધ ચિતિની સરખામણીમાં કેવળ પરિમિત અને પામર જેવી લાગે છે. એ બધાં ચૈતન્યનાં નિમ્ન સ્વરૂપો એક, અખંડ, અનંત ચૈતન્યે જ્ઞાનપૂર્વક ધારણ કરેલાં સ્વરૂપો માત્ર છે. આપણી પોતાની અંદર પણ સ્થૂલ અથવા જડ પદાર્થના જેવું જ સ્થૂલ ચૈતન્ય આપણા સ્થૂલ શારીરિક જીવનના પાયામાં આવી રહેલું છે. વનસ્પતિ જીવનના જેવું અવ્યક્ત પ્રાણમય જીવન પણ આપણામાં છે. વળી આપણી આજુબાજુ આવી રહેલી નિમ્ન પ્રાણી સૃષ્ટિના





જેવું ચૈતન્ય આપણામાં રહેલું છે. પરંતુ આપણામાં રહેલી એ બધી ચેતનાની દશાઓ વિવેકબુદ્ધિ તથા વિચારનાં માનસિક કાર્યોની સત્તા તળે એટલી બધી હોય છે કે આપણને માનસિક ચેતના સિવાય બીજી ભૂમિકાઓનું સ્વતંત્ર ભાન સરખું હોતું નથી. આપણી અંદર રહેલી ચૈતન્યની જુદી જુદી ભૂમિકાઓ પોતે શું કાર્ય કરે છે તે યથાર્થ જાણવાને આપણે હમણાં શક્તિમાન થતા નથી, તેથી બધી ભૂમિકાઓ આપણા મન ઉપર જે અપૂર્ણ, ભાંગીતૂટી અસર ઉપજાવે છે તે ઉપરથી જ આપણે મનદ્વારા તેમનું ઉપરચોટિયું જ્ઞાન મેળવીએ છીએ. તો પણ આપણે એટલું જાણીએ છીએ કે આપણામાં પાશવતા અને માનવતા બન્ને રહેલાં છે. પશુત્વ એટલે કેવળ અંધ પ્રેરણા અને આવેશને વશ થઇને જ બુદ્ધિ, વિવેક વગેરેનો ઉપયોગ કર્યા વિના વર્તન કરવાની વૃત્તિ, અથવા ટેવવાળો ભાગ. વળી, આપણામાં વિચારપૂર્વક કાર્ય કરનાર, તેમ જ પોતાની અનુભૂતિને જોનાર બુદ્ધિની શક્તિ પણ રહેલી છે. બુદ્ધિ આપણી અનુભૂતિઓને પોતાની જ્ઞાનજ્યોતિ સહિત સ્વીકારે છે અને કેટલેક અંશે તેમના ઉપર સંયમ સ્થાપન કરે છે, તેમનો ઉપયોગ કરે છે, અને તેમનામાં ફેરફાર કરે છે. માનવમાં રહેલી પાશવતા તેનામાં જે અધોમાનવ અંશ છે તેનાથી ઉપર – ચઢીઆતો – છે. પરંતુ પશુત્વથી પણ ઉતરતું કેવળ વાસનામય ચૈતન્ય પણ માનવમાં છે. તેનું ઘણું ખરૂં વર્તન કેવળ

અંધ પ્રેરણા અને આવેશને લીધે જ થયાં કરે છે જેની ઉત્પાદક ચેતના જાગ્રત ચેતનાની તળે – તલશયી – આવી રહી હોય છે. વળી, એ અધોપાશવ ચેતનાનીયે નીચે એ વાસનામય ભૂમિકાથીયે ઉતરતી ચેતનાની એક ભૂમિકા રહેલી છે. યોગના અસાધારણ અનુભવો તથા જ્ઞાન આપણે જેમ જેમ પ્રાપ્ત કરીએ છીએ તેમ તેમ આપણને જણાય છે કે શરીરની પણ એક પ્રકારની વિશિષ્ટ ચેતના હોય છે. શરીરને પણ ટેવો, અંધ પ્રેરણા, આવેશ, તપઃશક્તિ વગેરે સઘળું હોય છે. એ બધાં આપણા બીજા ભાગોથી નિરાળાં હોવાથી ધારે તો તેઓ આપણા માનસના બીજા વિભાગો સામે વિરોધ પણ કરી શકે છે. આપણા જીવનના ઘણા ખરા વિરોધનું કારણ આપણી ચેતનાની સંકલતામાં તથા ચેતનાના જુદા જુદા અને ભિન્ન પ્રકૃતિ ગુણવાળા લોકોના કાર્ય પ્રતિકાર્યમાં રહેલું છે. કારણકે માનવ પણ ઉત્ક્રાન્તિનું જ પરિણામ હોવાથી તેનામાં છેક સ્થૂલ શરીર અને નિમ્ન પ્રાણથી માંડીને ઊર્ધ્વમાં મન સુધીની ચેતનાની સર્વે દશાઓ આવી રહેલી છે.

### મનથી ઉચ્ચ ચૈતન્યની દશાઓ : વિજ્ઞાન, મન, પ્રાણ વગેરે ચૈતન્યનાં કાર્ય છે.

પરંતુ એ ઉત્ક્રાન્તિ એટલે ખરૂં જોતાં આવિર્ભાવ છે.





એટલે આપણામાં જેમ માનવથી ઉતરતી ચેતનાની ભૂમિકાઓ છે તેજ પ્રમાણે માનવતાથી ઊંચેની ભૂમિકાઓ પણ રહેલી છે. એ ઉન્નત ભૂમિકાઓમાં ચિતિ, વિશ્વની ચિત્–શક્તિ જુદું રૂપ ધારણ કરે છે. ત્યાં તેની પ્રકૃતિ પણ જુદા પ્રકારની હોય છે તેના કાર્ય કરવા માટેના સિદ્ધાંતો, નિયમો અને સાધનો પણ જુદાં હોય છે. વેદવેત્તા ઋષિઓની શોધ પ્રમાણે મનથી પર ऋतमूની અથવા તો, વિજ્ઞાનની ચેતનાની ભૂમિકા આવી રહેલી છે. એ ભૂમિકા તે સત્યની ભૂમિકા : અર્થાત્ સ્વયંજ્યોતિર્મય, અને સ્વયંસિદ્ધ, યાને સત્ય,–સંકલ્પની ભૂમિકા. આપણી માનસિક બુદ્ધિ યાને વિવેક-શક્તિ આપણામાં રહેલા પશુત્વને અને ઇન્દ્રિયજન્ય સંસ્કારોને જેમ નીતિની ભાવનાથી અને બુદ્ધિના કાર્યથી નિયમમાં રાખે છે, તેમ એ ઊર્ધ્વ ચેતના આપણા મનની વિવેક-શક્તિ, લાગણીઓ, આવેશો અને સંસ્કારો વગેરેને સંયમમાં લાવે છે; એટલું જ નહિ પરંતુ તેમનો ઉપયોગ શુદ્ધાં કરે છે. ઊર્ધ્વ ચેતનામાં જ્ઞાનની શોધ કરવાની નથી હોતી, ત્યાં તો જ્ઞાનની સ્વયંપ્રાપ્તિ જ હોય છે. તપઃશક્તિ અને વિવેક-બુદ્ધિ, અંધ પ્રેરણા અને આવેશ, કામના અને ઉપલબ્ધિ, વિચાર અને વસ્તુ એમની વચ્ચે એ ઊર્ધ્વ ચેતનામાં કશો જ ભેદ હોતો નથી. એમાં તો એ સર્વ એકરાગ – સંવાદિ – હોય છે. તેમનું મૂળ, વિકાસ અને સિદ્ધિ એક હોવાને લીધે તેઓ વિરોધી હોતાં નથી, ઉલટાં, સમકાલોત્થ, પરસ્પર

પરિણામકારક હોય છે. પરંતુ એ ભૂમિકાથી યે પર બીજી એવી ભૂમિકાઓ રહેલી છે. જેમાં ચિત્ પોતે આવિર્ભાવ પામે છે – વિશ્વમાં વિવિધ ઘાટ ઘડવા માટે તથા અનુભૂતિ લેવા માટે જે ચિત્–તત્ત્વનો ઉપયોગ કરવામાં આવે છે તેનું આદિ મૂલ અને મૌલિક પૂર્ણતા એ ચિતિમાં છે. એ તત્ત્વમાં આપણી તપઃશક્તિ, જ્ઞાન, સંસ્કાર, અને આપણી બીજી માનસિક શક્તિઓ, તેમજ ઇન્દ્રિયો અને પ્રકૃતિના ગુણો સર્વે, સંવાદિ, સમકાલોત્થ, અને એકરસ થયલા હોય છે એટલું જ નહિ પરંતુ ચેતનાની એક જ સત્–તા અને શક્તિ રૂપ જ હોય છે. સત્યના લોકમાં, યાને ભૂમિકામાં, ચિતિ પોતે જ વિજ્ઞાન થાય છે, તેમ મનોમય ભૂમિકામાં મન પણ તે જ થાય છે અર્થાત્ તપઃશક્તિ, બુદ્ધિ, ઇન્દ્રિયો, લાગણી વગેરે સ્વરૂપો પણ તે જ ધારણ કરે છે. વળી પ્રાણમય કોષમાં તે જ પ્રેરણા, અભ્યાસ, આવેશ વગેરેનું રૂપ ધારણ કરે છે. છતાં તે પોતે તો પોતાને વિષે અજ્ઞાન છે—નિદાન સપાટી ઉપર તો સચેતન નથી — એવું જ આપણને જણાય છે. સર્વ વસ્તુઓ ચિન્મય છે કારણ સર્વ સત્ છે; અર્થાત્ સર્વ પ્રાણી પદાર્થો આદ્ય ચિતિની વિવિધ ક્રિયારૂપ છે કારણકે સર્વ આદ્ય સત્–તાની ક્રિયા માત્ર છે!

### સર્વવ્યાપી આનંદ

આપણે જ્યારે ચૈતન્યના એ મૂળ તત્ત્વને – એ આદ્ય





ચિતિને જાણીએ છીએ, અનુભવીએ છીએ ત્યારે જ આપણને જણાય છે કે તેનું હાર્દ આનંદ છે. આત્માને જાણવો એટલે જ આત્માનંદ માણવો. આત્માનું અજ્ઞાન હોવું એટલે આત્માનંદની શોધ માટેના વધારેઓછા અસ્પષ્ટ પ્રયત્નમાં ગૂંથાવું. ચિત્માં સનાતન આનંદ સ્વયંસિદ્ધ હોય છે અને આપણે આગળ જોઈ ગયા છીએ કે એ ચિત્ સર્વ વિશ્વમાં પદાર્થના આદિ સ્વરૂપે વ્યાપી રહ્યું છે. એટલે આનંદ પણ સર્વવ્યાપી છે એમ સિદ્ધ થાય છે. વિરાટમાં આનંદની પ્રાપ્તિ સહજ છે. પ્રભુ સર્વગુણમય – સગુણ તરીકે, અથવા ગુણાતીત – નિર્ગુણ તરીકે, અથવા તો વ્યક્તિ તરીકે સાકાર, અથવા વ્યક્તિત્વથી પર નિરાકાર સ્વરૂપે સર્વને પોતાનામાં સમાવી દેનાર એક અદ્વૈતરૂપ અથવા એકમાંથી આવિર્ભાવ પામતા અનેકરૂપે – ગમે તે સ્વરૂપે દેખાય તો પણ તે પોતે તો હંમેશાં આનંદમય છે, અને તે પણ સર્વાનંદમય છે! કારણકે તે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આપણે પણ જો આત્માનો સાક્ષાત્કાર કરવો જ હોય અને આપણું સત્ય સ્વરૂપ અને આખું વિશ્વ એ બંનેને આપણે વાસ્તવિક રીતે જાણવું જ હોય તો આપણે પણ એ વિરાટ – સર્વવ્યાપી આનંદને પ્રાપ્ત કર્યે જ છૂટકો છે. વિરાટ આત્મા એટલે સત્ ચિત્ આનંદનું જ સ્વરૂપ, તેથી જ્યાં જ્યાં વિરાટ પોતાનો આવિર્ભાવ કરે છે ત્યાં ત્યાં સત્ હોવાને લીધે ચિત્ પણ હોય છે અને ચિત્ની સાથે આનંદ પણ અનિવાર્ય રહેલો હોય છે.

## અજ્ઞાનનું કારણ : જીવાત્માની શરીર, મન જોડે એકતા

સચ્ચિદાનંદનો જે સ્વભાવ ઉપર વર્ણવ્યો તેને જીવાત્મા પ્રાપ્ત કરી શકતો નથી, કારણકે તે પોતાના અંતિમ સ્વરૂપથી અને વિરાટ આત્માથી પોતાની મેળે જ વિખૂટો પડે છે અને પોતાના સ્વભાવના આકસ્મિક સ્થૂલ લક્ષણો અને સ્વરૂપો તથા પ્રકૃતિ સાથે એકતા કરે છે. પોતાનું મન, પ્રાણ અને શરીર એજ પોતાનું અંતિમ સ્વરૂપ છે એવું તે માની બેસે છે. વળી, શરીર, પ્રાણ અને મનને વિરાટની વિરુદ્ધ ટકાવવાની તે ઇચ્છા રાખે છે એટલું જ નહિ પરંતુ વિરાટ પણ જેનો આવિર્ભાવ છે તેવા પરાત્પર પરમેશ્વરની સામે થઇને પણ તેમને ટકાવવા મથે છે! જ્યારે જીવાત્મા કોઇક ઉચ્ચ ભૂમિકાને ખાતર વિરાટમાં પોતાનું અસ્તિત્વ સ્વીકારે છે અને તેને ટકાવવા પ્રયત્ન કરે છે ત્યારે તેનો પ્રયત્ન યથાર્થ છે. પરંતુ જ્યારે તે વિરાટની વિરુદ્ધ જઇને પોતાની ક્ષણિક ખંડ–ચેતનાને ટકાવવા મથે છે ત્યારે તેનો પ્રયત્ન વૃથા થાય છે. કારણકે એ ખંડ–ચેતના તો વિરાટનો અપૂર્ણ આવિર્ભાવ માત્ર છે. અને એ બધી ખંડ–વ્યક્તિતાઓનું એક ગૂંચળું કરીને જીવાત્મા પોતે એક કૃત્રિમ, માનસિક અહંતા ઊભી કરે છે, તથા પોતે તે છે એવું માનીને તેની સેવા કરે છે, અને તેને જ ખાતર જીવન ધારણ કરે છે. પરિણામ એ થાય છે કે વિરાટપરમાત્મા





જેનો અપૂર્ણ આવિર્ભાવ સમસ્ત જીવન છે તેને ખાતર અહંતા જીવન ધારણ કરતી નથી! એનું જ નામ અજ્ઞાનમય જીવન! એનું જ નામ અહંતાની ગુલામી! પ્રભુની સેવામાં ગાળેલું જીવન એ નથી. એ પતન કેવી રીતે થયું? અને શા માટે થયું? એ પ્રશ્નો ખરી રીતે સાંખ્યમાં જ પૂછાવા જોઇએ, યોગમાં નહિ. યોગમાં તો આપણે દ્વૈતભાવને લીધે ચેતનાની પરિમિતતામાં પડ્યા છીએ એ વસ્તુસ્થિતિ સ્વીકારીને જ આગળ ચાલવાનું છે. એ બંધનને લીધે આપણને આપણા સત્ય સ્વરૂપનું ભાન થતું નથી, અને તેથી જ આપણાં મન, પ્રાણ અને શરીર અજ્ઞાન, અશક્તિ અને દુઃખને વશ છે. અદ્વૈતના સાક્ષાત્કારનો અભાવ એજ આપણા દુઃખનું મૂળ કારણ છે. અદ્વૈતની પ્રાપ્તિ એ સર્વ અપૂર્ણતા દૂર કરવાનો રામબાણ ઇલાજ છે. એ અદ્વૈત વિરાટ જોડે, તેમજ વિરાટદ્વારા જે પરાત્પર પુરુષોત્તમ આવિર્ભાવ પામી રહ્યો છે તેની જોડે, સાધવું જોઇએ. મતલબ કે આપણી પોતાની જાતનો, તેમ જ સર્વ પ્રાણીપદાર્થનો, આત્મા આપણે પ્રાપ્ત કરવાનો છે, એ આત્મા એટલે જ સચ્ચિદાનંદ!

## પ્રકરણ ૧૩ મું

# મનોમય સત્-તાની મુશ્કેલીઓ

### કેવળ સત્ નહિ પરંતુ સચ્ચિદાનંદ

**જ્ઞાનયોગમાં** પ્રથમ તો આપણે મન, પ્રાણ અને શરીરથી પર એવા શુદ્ધ આત્માનો યાને સત્નો સાક્ષાત્કાર કરવો એ મુખ્ય ઉદ્દેશ છે. પરંતુ હવે આપણે તે આદર્શ પૂરતો વિશાળ નથી એમ સ્વીકારવું પડશે, કારણકે આપણે તો આત્માના, યાને બ્રહ્મના, મૂળ પ્રકારોનો અને સચ્ચિદાનંદરૂપ ત્રિપુટીનો સાક્ષાત્કાર કરવાનો છે. બ્રહ્મનું ખરૂં રહસ્ય માત્ર તેના સત્-સ્વરૂપમાંજ સમાઈ જતું નથી, પરંતુ ચિતિ અને આનંદમાં પણ તે રહેલું છે.

### સચ્ચિદાનંદના સાક્ષાત્કારના બે પ્રકારો

વળી, સચ્ચિદાનંદના સાક્ષાત્કારના પણ બે પ્રકારો છે. તે પૈકી એકમાં નીરવ, નિષ્ક્રિય, આત્મભાવમાં નિમગ્ન,





આત્મતૃપ્ત, સત્, ચિત્ અને આનંદનો સાક્ષાત્કાર થાય છે. તે એક, અપૌરુષેય, નિર્ગુણ, વિશ્વની અનંત લીલાથી કાં તો વિમુખ, કાં તો તેના પ્રત્યે ઉદાસીન, કે પછી તેનાથી વિરક્ત હોય છે. બીજામાં પણ તેજ સત્, ચિત્ અને આનંદનો સાક્ષાત્કાર થાય છે. પરંતુ તે મુક્ત, પ્રભુ, અનંત અને શાંતિમાં સ્થિત રહીને ક્રિયામાં પ્રવૃત્ત થાય છે. અને પોતાની સનાતન તપઃ-શક્તિમાંથી અનંત ક્રિયા અને અનંત ગુણોનો પ્રવાહ વહેવડાવે છે. તે પોતાનામાં સર્વ વ્યક્તિઓને ધારણ કરનાર, વ્યક્તિતાથી પર, પુરુષોત્તમ છે. તે પોતાનામાં વિશ્વની અનંત લીલાને આસક્તિ વિના, તેમ જ અતડાપણા સિવાય, ટકાવી રાખે છે. તે પ્રભુ વિશ્વનો સ્વામી હોઇ અનંત જ્ઞાનનાં અને આનંદનાં કિરણોનો અંબાર છે. તે વિશ્વને પોતાના આવિર્ભાવ રૂપે ધારણ કરે છે, પરંતુ વિશ્વ તેને ધારણ કરતું નથી; તે વિશ્વના ઉપર મુક્તપણે સામ્રાજ્ય ચલાવે છે, પરંતુ પોતે વિશ્વથી બંધાતો નથી. ધાર્મિક માણસો જે ઈશ્વરને માને છે તે, યા તો મીમાંસકો જેને સગુણ બ્રહ્મ કહે છે તે, આ નથી. આ તો પરાત્પર પુરુષોત્તમ છે જેમાં વ્યક્તિ અને અવ્યક્તિ, નિર્ગુણ અને સગુણ સર્વેનું સમાધાન થાય છે. તે પોતે તો પરાત્પરરૂપે બન્ને સ્વરૂપોને પોતાનામાં ધારણ કરે છે, અને આવિર્ભાવને અર્થે બન્નેનો ઉપયોગ પણ તે કરે છે. પૂર્ણયોગના સાધકે આ બીજા પ્રકારનો સાક્ષાત્કાર કરવાને પ્રયત્નશીલ થવું જોઇએ.

### મન, પ્રાણ, શરીરને છોડીને પાછાં તેમને સચ્ચિદાનંદમાં ધારણ કરવાં.

હવે, આ દૃષ્ટિબિંદુથી જોતાં આપણને જણાશે કે શુદ્ધ, નિષ્ક્રિય આત્માનો જે સાક્ષાત્કાર મન, પ્રાણ અને શરીરથી પર થવાથી આપણને મળે છે તે કાંઇ અંતિમ સાક્ષાત્કાર નથી. પરંતુ સર્વોત્કૃષ્ટ સાક્ષાત્કારને માટે ઉપયોગી પાયારૂપ છે. આથી કરીને મન, પ્રાણ અને શરીરની અહંતામાંથી છૂટી આત્મા પ્રત્યે પ્રયાણ કરવાની પ્રક્રિયા આપણો આદર્શ સિદ્ધ કરવાને પ્રર્યાપ્ત નથી. આપણે તો વધારે વિશાળ અને વ્યાપક તત્ત્વનો આશ્રય લેવો જરૂરનો છે. જે પ્રમાણે આપણે આપણી અસત્ય અહંતામાંથી અને વિશ્વની ક્રિયામાંથી પાછા ફર્યા અને સ્વયંભૂ ચિન્મય બ્રહ્મને પ્રાપ્ત કર્યો તે જ પ્રમાણે આપણાં મન, પ્રાણ અને શરીરને પણ આપણે બ્રહ્મના સ્વયંભૂ સત્, ચિત્ અને આનંદમાં ફરીથી ધારણ કરવાં જોઇએ. વિશ્વની લીલાથી સ્વતંત્ર એવી શુદ્ધ આત્મ સત્-તાનો જ સાક્ષાત્કાર કરીને આપણે સંતોષ માની લેવો જોઇએ નહિ; પરંતુ સર્વ સત્, સમસ્ત વિરાટ, પણ આપણું જ સ્વરૂપ છે એવો સાક્ષાત્કાર પણ કરવો જોઇએ. વળી કાલ અને દિશાથી સ્વતંત્ર એવું અપૌરુષેય, અનંત ચૈતન્ય એ જ આપણું મૂળ સ્વરૂપ છે એટલું જાણવું બસ નથી પરંતુ કાલ અને દિશામાં, ચેતના શક્તિ જે કાંઈ ઉત્પન્ન કરે છે તેની સાથે





પણ આપણે અદ્વૈત સાધવું જોઇએ. છેવટે આપણામાં અગાધ શાંતિ અને નિષ્ક્રિયતા ધારણ કરવાની શક્તિ ઉપરાંત વિરાટમાં અનંત, મુક્ત આનંદ ભોગવવાની શક્તિ પણ હોવી જોઇએ, કારણકે તે સચ્ચિદાનંદ છે, તે બ્રહ્મ છે. સચ્ચિદાનંદ કાંઈ કેવળ શુદ્ધ શાંતિ સ્વરૂપ જ નથી.

### મનોમય ભૂમિકાની મુશ્કેલીઓ

જો આપણે વિજ્ઞાનમય ચેતનામાં સહેલાઇથી ઉત્થાન કરી શકીએ અને તેમાં આપણી ચેતનાને ધારણ કરી રાખીએ અને ત્યાંથી વિશ્વ, અસ્તિત્વ, ચૈતન્ય, કર્મ, શક્તિનું બહિર્ગમન અને અંતરાભિમુખ ગતિ વગેરેનાં કાર્યોને વિજ્ઞાનની દિવ્ય શક્તિઓવડે જાણી શકીએ, તો ઉપર જે સાક્ષાત્કાર વર્ણવ્યો છે તે પ્રાપ્ત કરી લેવામાં જરા પણ મુશ્કેલી નડતી નથી. પરંતુ માનવ મનોમય પ્રાણી છે; વિજ્ઞાનને તે પહોંચ્યો નથી. એટલે મનનો ઉપયોગ કરીને જ માનવે જ્ઞાન પ્રાપ્ત કરવાનો અને આત્માનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન કરવો પડે છે. વિજ્ઞાનમય ભૂમિકામાંથી તેને જે કાંઈ સહાય મળે તે સ્વીકારે તો પણ તેને શરૂઆત તો મનથી જ કરવી પડે છે. આપણે મનોમય ચેતનામાં રહેનાર છીએ તેટલા માટે જ શરૂઆતમાં આપણને મુશ્કેલીઓ નડે છે, અને યોગમાં પરિમિતતા પણ આવે છે એ બંનેને દૂર કરવાના બે ઉપાયો છે. ૧. પ્રભુની કૃપા, ૨. યોગનો સતત અભ્યાસ.

ઘણું ખરું તો આ બે ઉપાયો સાથે સાથે જ કાર્ય કરતા હોય છે. હવે આગળ વધતાં પહેલાં સંપૂર્ણ જ્ઞાન, સમગ્ર સાક્ષાત્કાર, અને સોળે કળાનો આવિર્ભાવ સિદ્ધ કરવામાં જે મુશ્કેલીઓ નડે છે તેનું આપણે અહિં દિગ્દર્શન કરીશું.

## મનોમય અને વિજ્ઞાનમય ભૂમિકામાં ભેદ

સિદ્ધ થયેલ મનોમય ભૂમિકા અને સિદ્ધ આધ્યાત્મિક ચેતના એ બંને આપણા માનસની વ્યવસ્થામાં જુદી જુદી છે. તે પૈકી પ્રથમ માનુષી છે અને બીજી દિવ્ય છે. એ દિવ્ય ભૂમિકામાં અનંત સત્, અનંત ચિત્, અગાધ આનંદ અને વિજ્ઞાનમય ચેતનાનું અનંત, સર્વગ્રાહી, સદાસફલજ્ઞાન એ ચાર દિવ્ય તત્ત્વો આવી રહેલાં છે. બીજીમાં, મનોમય, પ્રાણ-મય અને અન્નમય ચેતનાનાં ત્રણ માનુષી તત્ત્વો હોય છે. બ્હારની પ્રકૃતિ જોતાં એ બે ભૂમિકાઓ પરસ્પર વિરોધી લાગે છે. વિજ્ઞાનની દિવ્ય ભૂમિકામાં અનંતતા અને અમૃતત્વ છે; માનુષી ભૂમિકામાં જીવન કાળ, દિશા અને રૂપને લઇને પરિમિત થઇ જાય છે. એ મર્ત્ય જીવન અમર બનવાનો પ્રયત્ન કરે છે. પોતાની અંદર જે આવિર્ભાવ પોતે જ પ્રગટ કરે છે તેનો સ્વીકાર કરીને તેનાથી પર રહેનાર અનંત ચેતના તે પ્રભુ. માનવચેતના જડતાની નિદ્રામાંથી મુક્ત થયેલી છતાં પોતે જે કરણો વાપરે છે તેમને વશ હોય છે. વળી, તે શરીરની ચેતનાથી અને અહંતાથી મર્યાદિત હોઇ





બીજા માણસો જોડે પોતાનો સંબંધ કાં તો પ્રેમ અને સહાનુભૂતિવાળો, કે પછી તિરસ્કાર અને વિરોધ રૂપે બાંધે છે. પ્રભુત્વ એટલે અખંડ આત્માનંદ અને અખંડ સર્વાનંદ; ત્યારે મન અને શરીરના માત્રાસ્પર્શોદ્વારા આનંદને માટે આતુરતાપૂર્વક શોધ તે માનવતા. પણ પરિણામે તો તેને સુખ, ઉદાસીનતા, અથવા દુઃખની જ પ્રાપ્તિ થાય છે. પ્રભુમાં સર્વ જ્ઞાન માટે પર્યાપ્ત વિજ્ઞાનની જ્ઞાનશક્તિ અને સર્વ–ક્રિયા–સમર્થ વિજ્ઞાનની તપઃશક્તિ રહેલી છે; ત્યારે માનવમાં જ્ઞાનપ્રાપ્તિ માટે વસ્તુઓનો ટુકડે ટુકડો લઇને છેવટે તેને અવ્યવસ્થિત રીતે એકઠું કરનાર અજ્ઞાન જ્ઞાન પ્રત્યે હાથ પસારતું હોય છે. વળી તેની તપઃશક્તિ પણ કેવળ ક્ષુદ્ર હોઈ તેના જ્ઞાનના પ્રમાણમાં પોતાનો પણ વિકાસ કરવા તે પ્રયત્ન કરે છે. અર્થાત્ તેના અપૂર્ણ અને વિભક્ત જ્ઞાનના પ્રમાણમાં તેને અપૂર્ણ અને પરિમિત તપઃશક્તિ જ પ્રાપ્ત થાય છે. પ્રભુ પોતે એકતામાં સ્થિત હોઈ સર્વ પરાત્પર તત્ત્વોનો તથા સમગ્ર વિશ્વનો માલિક છે; ત્યારે માનવનો આધાર પરિમિત અહંતા ઉપર રહેલો છે, અને ભેદના ઉપર અને ખંડોના ઉપર તથા મુશ્કેલી ભરેલા સાંધાઓ અને જોખમાય એવી એકતા ઉપર તેનું પ્રભુત્વ હોય છે ત્યાં પણ બંધનમાં હોય છે. એટલે કે, પ્રભુત્વ અને માનવતા વચ્ચે એક આડો પડદો આવી રહ્યો હોય એમ લાગે છે; અને તેને

લઈને માનવ પ્રભુત્વને પ્રાપ્ત કરી શકતો નથી એટલું જ નહિ પરંતુ પ્રભુત્વને જાણી સુદ્ધાં શકતો નથી.

### મનથી પર પ્રભુત્વનો સાક્ષાત્કાર

એટલે મનોમય ભૂમિકામાંથી માનવ જ્યારે પ્રભુને પ્રાપ્ત કરવાનો, યાને તેનો સાક્ષાત્કાર કરી પ્રભુમય થવાનો, પ્રયત્ન કરે છે, ત્યારે પ્રથમ તો તેને એ પડદો ખસેડવો પડે છે,— * ઢાંકણું ઉઘાડવું પડે છે. પરંતુ એ ભગીરથ પ્રયત્નમાં માનવ જ્યારે સફળ થાય છે ત્યારે તેને પ્રભુ વિચાર પ્રાણ તથા શરીરની ચેતનાથી ઘણો જ ઊંચે, દૂર આવી રહેલો લાગે છે. માનવ તેને પોતાની કનિષ્ઠ ભૂમિકામાંથી જુવે છે અને તેના પ્રત્યે જવાનો પ્રયત્ન કરવાને ઉત્સુક પણ બને છે. પરંતુ તેની મુરાદ જ્યારે પાર નથી પડતી ત્યારે છેવટે તે પ્રભુને પોતાની નિમ્ન ભૂમિકામાં આવવાને પ્રાર્થના કરે છે, પોતે ભક્ત થઈને રહે છે, અને સાનંદાશ્ચર્ય ભક્તિવડે તેને પૂજે છે. પ્રભુને તે ઉચ્ચામાં ઉચ્ચી ભૂમિકા તરીકે – સ્વર્ગ-લોક, સત્યલોક, કે નિર્વાણ તરીકે – સ્વીકારે છે. અથવા તો તે પ્રભુને પોતાનાથી તદ્દન જુદી જ સત્તા — નિદાન, પોતાના

* ઈશોપનિષદ્‌માં કહ્યું છે, हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्। "સત્યનું મુખ સુવર્ણના પાત્રને લીધે ઢંકાઈ રહ્યું છે."





અત્યારના અહંથી જુદી સત્તા —તરીકે સ્વીકારી તેને પ્રભુ તરીકે કોઈ નામ આપી વ્યક્તિ કે અવ્યક્તિતા તરીકે, સગુણ કે નિર્ગુણ તરીકે, શાંત અને ઉદાસીન કે ક્રિયાત્મક પ્રભુ અને સખા તરીકે સ્વીકારે છે. અર્થાત્, પોતાના વિચાર, સાક્ષાત્કાર કે તેની એક બાજુના દર્શનથી પ્રેરાઈને તે તેને "બ્રહ્મ", "આત્મા", વગેરે નામો આપે છે અને તેની જુદી જુદી વ્યાખ્યાઓ કરે છે: તેને સત્, અસત્, ટાઓ, નિહિલ, શક્તિ, અજ્ઞેય તરીકે પણ ઓળખે છે.

### મનથી સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર: પરિમિતતા

હવે જો આપણે સચ્ચિદાનંદનો મનથી સાક્ષાત્કાર કરવા માગીએ તો આપણે તેને આપણાથી પર, ઉચ્ચ અને એક પ્રકારે આજુબાજુ પણ આવી રહેલો જોઈશું. પરંતુ આપણી અને તેની વચ્ચે ભેદ આવી રહેલો જણાશે, અને તે ભેદ પણ કેવો? અગાધ ખાઈના જેવો ઊંડો અને પ્રત્યક્ષ, જેના ઉપર કોઈ સેતુ નથી યા તો સેતુ બાંધી શકાય તેમ નથી. આપણે અનંત સત્‌ને જાણીએ છીએ, છતાં, તેને જાણનાર આપણું મનોમય ચૈતન્ય તો તેનાથી તદ્દન નિરાળું જ હોય છે. આપણે તેને નથી પ્રાપ્ત કરી શકતા કે નથી તેના સ્વરૂપમાં મગ્ન થઈ શકતા. વળી આનંદપૂર્ણ અનંતતાનો આપણને પોતાના આત્મામાં તેમ જ વિશ્વમાં સર્વત્ર અનુભવ થાય તેટલા માટે આપણે તેને આપણી અંદર

આહ્‌વાન કરીને તેનું અવતરણ કરાવી શકતા નથી. આપણે તે ભૂમા, અપરિમિત અનંત ચેતનાને અને શક્તિને જોઇ શકીએ છીએ ખરા, છતાં આપણું ચૈતન્ય તો તેનાથી વિખૂટું જ રહે છે, ભલે તે અનંતમાં સમાયલું છતાં, પરિમિત, ક્ષુદ્ર, નિરાશામય, તથા પોતાનાથી કંટાળેલું રહે છે. અનંત ચૈતન્યમાં ભાગ લેવાને તે શક્તિમાન નથી હોતું. આપણને સચ્ચિદાનંદમાં અગાધ અને અખંડ આનંદ જણાય છે. પરંતુ આપણે કાં તો અપરા પ્રકૃતિનાં સુખદુઃખનાં રમકડાં જેવા જ રહીએ છીએ કે પછી ઉદાસીન થઇ તે દિવ્ય આનંદમાં ભાગ લેવાને અસમર્થ થઇએ છીએ! સચ્ચિદાનંદમાં પૂર્ણ જ્ઞાન અને તપઃશક્તિની એકતાવાળી વિજ્ઞાનમય ભૂમિકા છે, પરંતુ આપણાં જ્ઞાન અને તપઃશક્તિ બન્ને અપૂર્ણ, અશક્ત અને પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે એકતા સાધવાને પણ અશક્ત રહે છે. અથવા તો ધ્યાનની અવસ્થામાં સાધક એ સ્વરૂપમાં ભાગ પણ લઈ શકે છે. પરંતુ ધ્યાન છૂટતાં જ તે પાછો પોતાની મૂળ સ્થિતિમાં આવી પડે છે, એટલે તેનો સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર પણ અલોપ થઈ જાય છે! અર્થાત્ આપણે પાછા આપણી ક્ષુદ્ર માનવતામાં જઈ પડીએ છીએ!

## મનનો લય

એ ભેદને તો આપણે હરકોઇ ઈલાજે દૂર કર્યે જ છૂટકો છે: તેમાં પણ મનોમય પ્રાણી માટે બે શક્યતાઓ રહેલી





છે. એકમાં તો સાધક મનોમય ભૂમિકામાં રહીને મહાન. સતત, દીર્ઘ, એકાગ્રતાવાળા, સમર્થ પ્રયત્ન કરીને પોતાની ચેતનામાંથી ઉત્થાન કરી પ્રભુને પ્રાપ્ત કરે છે. પરંતુ એ પ્રયત્નમાં તેણે મનોમય ચેતનાને હમેશને માટે, કે નિદાન થોડા સમયને માટે, દૂર કરી દઇ પોતાપણું ગુમાવવું પડે છે,—તેને એ સમાધિમાં લઈ જઇ શકાય છે. એ કારણથી રાજ-યોગ અને બીજા કેટલાક યોગોમાં સમાધિની દશાને અતિ-શય અગત્ય અપાય છે. સમાધિમાં મન પોતાનાં સામાન્ય, સ્થૂલ અને બાહ્ય કાર્યોમાંથી પાછું વળે છે એટલું જ નહિ પરંતુ પ્રથમ બાહ્ય કર્મેન્દ્રિયો અને અસ્તિત્વમાંથી પાછું જઇ અંતરની સૂક્ષ્મ ક્રિયાઓમાંથી પણ તે પાછું ફરીને વિરામ પામે છે. એ સમાધિની દશામાં મનોમય પુરુષને પ્રભુના સાક્ષાત્કારો થાય એ સંભવિત છે. પરંતુ એ બધાનો મૂળ આદર્શ તો એ જ છે કે મનનો તદ્દન ત્યાગ કરી તેનાથી પર થઇ જઇ ઉચ્ચ ચેતનાના સાક્ષાત્કારની સમાધિમાં એવા તો લય પામી જવું કે પછી મનની કે અસ્તિત્વની ભાવના જ બાકી રહે નહિ! પરંતુ એ દશા * વીરલા જ પ્રાપ્ત કરી શકે છે, અને તેમાંથી કોઇક જ પાછા ફરી શકે છે.

* વધારે માહિતી માટે જુઓ જ્ઞાનયોગ ભા. ૨ પ્રકરણ ૧૩મું "સમાધિ"

## સમાધિ દશાના સાક્ષાત્કારની અપૂર્ણતા

મનોમય જાગ્રત અવસ્થાને જ માનસિક ચેતનાની દશા તરીકે સાધારણ રીતે માણસ અનુભવે છે. એટલે આપણી જાગ્રત અવસ્થા અને સૂક્ષ્મ માનસિક ક્રિયાઓનો ત્યાગ કર્યા સિવાય તે ચેતનાની બીજી ભૂમિકાને પ્રાપ્ત કરી શકે નહિ એ ઉઘાડું છે. અને સમાધિ અવસ્થાની જરૂર પણ એટલા માટે જ છે. પરંતુ બધો વખત માનવ સમાધિમાં રહી શકતો નથી. અથવા તો, સાધક સતત પ્રયત્નવડે તે સ્થિતિ ટકાવી રાખે તો પણ શરીરની જરૂરીઆતો ઊભી થતાં તેનો ભંગ થવાનો! અને જેવો તે પાછો મનોમય ભૂમિકામાં આવ્યો કે તુરત પાછો નિમ્ન ચેતનાના અજ્ઞાનને વશ થયો જ જાણવો! એ પ્રમાણે અચૂક થતું હોવાથી જ દેહનો અને તેમાં રહેલા પ્રાણનો સર્વથા ત્યાગ કરવામાં ન આવે ત્યાં સુધી જન્મ-મરણમાંથી પૂરેપૂરો મોક્ષ મળતો નથી એમ કહેવામાં આવે છે. જે યોગીઓ આ માર્ગે વિચરે છે તેમની આગળ સર્વ ઈચ્છાઓ, માનસિક જીવન, વગેરેનો સંપૂર્ણ ત્યાગ કરી જગતથી તદ્દન વિમુખ થઇને વારંવાર વધારે ને વધારે ઊંડી સમાધિનો અભ્યાસ કરવાનો તથા છેવટે એ સમાધિ દશામાં જ શરીરનો ત્યાગ કરવાનો આદર્શ મૂકવામાં આવે છે. એટલે તેઓ બ્રહ્મમાં લીન થઇ જાય છે. મન અને આત્મા વચ્ચે આ જે ભેદ – વિસંવાદ – રહેલો છે તેને લીધે જ ઘણા





ધર્મોમાં અને તત્ત્વજ્ઞાનની પદ્ધતિઓમાં સંસારની છેક નિંદા કરવામાં આવે છે. અને સંસારથી અળગા કોઇ સ્વર્ગમાં કે નિર્વાણની શૂન્યાવસ્થામાં, અનિર્વચનીય પરાત્પરમાં, અનંત સુખની આશાઓ રાખવામાં આવે છે!

## ચૈતન્યનું પરિવર્તન અને મનનું રૂપાંતર

પરંતુ પ્રભુપ્રાપ્તિને માટે પ્રયત્ન કરનાર મનોમય માનવે જાગ્રત અવસ્થામાં શું કરવું? જો એ અવસ્થા મર્ત્ય સ્વભાવની સર્વ નિર્બળતાઓથી જ પૂર્ણ રહેતી હોય, અને જો તે શોક, ભય, કામ, ક્રોધ લોભ, વાસના વગેરેના હૂમલાઓને વશ હોય, તો પછી મૃત્યુ સમયે મનને સમાધિમાં એકાગ્ર કર-વાથી આપણે પ્રભુના અનંત ચૈતન્યમાં સદાને માટે ભળી જઈ શકીશું એમ ધારવું એ બુદ્ધિપુરઃસર નથી. કારણકે એવા માનવની જાગ્રત અવસ્થા તો બૌદ્ધ ધર્મમાં પ્રતિપાદિત "કર્મની સાંકળ," યાને કર્મના પ્રવાહને વશ હોય છે! જો મનોમય જીવન જાગ્રત અવસ્થામાં જુદા જુદા શક્તિપ્રવાહોને ઉત્પન્ન કરે છે તેને તેનું પરિણામ પણ મળવું જ જોઇએ. અગર જો આપણે એના એ જ પ્રશ્નને બીજા દૃષ્ટિબિંદુથી તપાસીશું તો જણાશે કે જીવનમાં મુખ્ય બાબત ચૈતન્યની દશા છે, શારીરિક જીવન તો તેનું પરિણામ માત્ર છે. એટલે ફલિત થાય છે કે માનવ તરીકે તેનામાં અપૂર્ણતા હોય ત્યાં સુધી સ્થૂલ શરીરમાંથી કદાચ નાસી છૂટાય તો પણ તેથી

મનોમય ચેતના કાંઇ દૂર થઈ જાય નહિ! અર્થાત્ સ્થૂલ, મર્ત્ય શરીરનો ત્યાગ કરવાથી મર્ત્ય મનનો કાંઇ ત્યાગ થતો નથી. વળી સંસારનો ત્યાગ કરવાની વૃત્તિ, કે પ્રાણમય જીવન પ્રત્યે ઉદાસીનતા, અથવા સ્થૂલ જીવન પ્રત્યે તિરસ્કારની વૃત્તિ રાખવાથી પણ સંપૂર્ણ અર્થ સરતો નથી. કારણકે એ બધાંએ કાર્યો મનોમય નિમ્ન ચેતનાની ક્રિયાના અને ભૂમિકાનાં પરિણામ રૂપ છે. ઉચ્ચામાં ઉચ્ચો બોધ એ છે કે મુક્તિની માનસિક ઇચ્છાને પણ સાધકે વટાવવી જ જોઇએ. તો જ આત્મા સંપૂર્ણપણે મુક્ત થાય. અર્થાત્ જેમ ધ્યાનની કે સમાધિની અસાધારણ સ્થિતિમાં આપણું મન સચ્ચિદાનંદને પ્રાપ્ત કરે તે જ પ્રમાણે સાધારણ જાગ્રત અવસ્થામાં પણ તેને પ્રાપ્ત કરી શકે એવું મનને આધ્યાત્મિક બનાવી દેવું જોઇએ.

## જ્ઞાની મે જાગ્રત સમાધિ

હવે આપણે મનોમય ભૂમિકાની બીજી શક્યતાનો વિચાર કરીએ. પ્રથમ શક્યતામાં માનવ પોતે આધ્યાત્મિક ભૂમિકામાં ઉત્થાન કરે છે તો આ બીજીમાં માનવ પ્રભુને પોતાનામાં અવતરણ કરવાને અહ્‌વાન કરે છે જેથીકરીને સમગ્ર માનસ પ્રભુના દિવ્ય સ્વરૂપમાં રૂપાંતર પામે, દિવ્ય બને, આધ્યાત્મિક બને. આ કાર્ય શરૂઆતમાં તો મન પોતે જે વસ્તુને જાણતું હોય છે તેને





પ્રતિબિંબિત કરવાથી, કે, જેનું ધ્યાન ધરતું હોય તેને પ્રત્યક્ષ કરવાથી થઇ શકે અને થવું જોઇએ. કારણકે મન તો કેવળ દર્પણના જેવું છે, માધ્યમના જેવું છે. તેની ક્રિયાઓ પૈકી એક પણ તેની પોતાની હોતી નથી. તેનામાં એક પણ ક્રિયા ઉત્પન્ન થતી નથી. સામાન્ય દશામાં જડ વિશ્વના નિયમોને આધીન જે શક્તિ વિશ્વમાં કાર્ય કરે છે તેનું જ પ્રતિબિંબ મનમાં પડે છે. પરંતુ મન જો પવિત્ર, શાંત, સ્વચ્છ, નિષ્ક્રિય થઇને એ સર્વ ક્રિયાઓનો ત્યાગ કરે તથા તેના સર્વ લાક્ષણિક મનોમય વિચારોને અને દૃષ્ટિબિંદુને છોડી દે, તો સ્વચ્છ દર્પણ અથવા તરંગરહિત નિર્મળ જળ પેઠે તેમાં પ્રભુનું પ્રતિબિંબ પડે છે. પરંતુ એટલા ઉપરથી મને સંપૂર્ણપણે પ્રભુને પ્રાપ્ત કર્યા, યા તો તે પોતે દિવ્ય બન્યું એમ માની લેવાનું નથી. છતાં તે પ્રભુના પ્રતિબિંબથી અધિષ્ઠિત રહે છે, જ્યાં સુધી તે શુદ્ધ નિષ્ક્રિય અવસ્થામાં રહે છે ત્યાં સુધી. પરંતુ જો મન પાછું સક્રિય થાય તો મર્ત્ય પ્રકૃતિની અશાંતિમાં પડી જઇને તેને પ્રતિબિંબિત કરે છે, પ્રભુને નહિ. એટલા માટે જ સૌથી પ્રથમ સર્વ બાહ્ય કર્મો અને તે પછી સર્વ આંતર કર્મોનો લય કરવાનો આદર્શ રાખવામાં આવે છે. પરંતુ જ્ઞાનયોગીએ તો જાગ્રત અવસ્થામાં પણ એક પ્રકારની સમાધિમાં રહેવું જોઇએ. જે કર્મો અનિવાર્ય હોય તે સ્થૂલ ઇંદ્રિયોનાં કેવળ યાંત્રિક કર્મો થઇ રહે, અને તેમની ક્રિયામાં આખરે શાંત મન જરા પણ

ભાગ ન લે અને તેમનાં પરિણામ કે લાભની બિલકુલ આશા ન રાખે એ વ્યવસ્થા શક્ય છે.

### પૂર્ણયોગનો આદર્શ

છતાં પૂર્ણયોગને માટે એ આદર્શ પણ પૂરતો સંતોષકારક નથી. પૂર્ણયોગમાં જાગ્રત અવસ્થામાં ફક્ત નિષેધાત્મક અક્રિયતા સ્થાપન કર્યે નહિ ચાલે; તેનું સંપૂર્ણ રૂપાંતર જ થઇ જવું જોઇએ. પ્રભુનું જ્ઞાન આપનારી દિવ્ય ભૂમિકાઓ આપણી મનોમય ચેતનાથી પર છે — અને સામાન્ય રીતે તેમને પ્રાપ્ત કરવા માટે આપણે સમાધિમાં મનનો લય કરવો પડે છે,— તે છતાં આપણા માનસિક જીવનમાં જ મનની સાધારણ સ્થિતિના કરતાં નિરાળી ઉચ્ચ ભૂમિકાઓ આવી રહેલી છે, જે એ દિવ્ય ભૂમિકાની અવસ્થા આપણને પ્રાપ્ત કરાવી શકે છે, જો કે એ ભૂમિકાને આપણી માનસિકતાનો પાસ લાગે છે. અલબત્ત દિવ્ય ભૂમિકાની અનુભૂતિમાં મળે છે તે સઘળું આપણને એ ભૂમિકામાં મળે છે એ ખરું, પરંતુ મનોમય રીતે અને મનોમય રૂપમાં. દિવ્ય મનોમયતાની એ ભૂમિકામાં ઉત્થાન કરવું એ વિકસિત માનવને માટે શક્ય છે અથવા તો, તે ભૂમિકામાંથી આવતા પ્રભાવના પ્રવાહો અને અનુભૂતિઓનો સ્વીકાર કરી આખરે તેમના પ્રત્યે ખુલ્લા થવું, અને સમસ્ત જાગ્રત અવસ્થાનું તેમની દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર કરાવવું એ પણ શક્ય છે. આપણી





પૂર્ણતાને માટે એ ઉચ્ચ દિવ્ય માનસિક ભૂમિકાઓ નિકટનાં સાધનો છે, તેઓ જ એ રૂપાંતર કરાવનાર કરણો છે — અરે! તેની પૂર્ણતાનાં વચલાં ધામ છે!

### મનની પરિમિત દ્વૈતપ્રધાન શક્તિ

પરંતુ એ ભૂમિકાઓને પ્રાપ્ત કરવામાં અથવા તો તેમાંથી કાંઇ પણ અસર ગ્રહણ કરવામાં આપણા મનની પરિમિતતાઓ આપણને નડે છે. પ્રથમ તો આપણું મન અવિભાજ્યના ભાગ કરવાની દુઃસાધ્ય ટેવવાળું છે, તે એક સમયે એક જ પદાર્થના ઉપર એકાગ્રતા કરી શકે છે, અને તે સમયે બીજા સર્વ પદાર્થોનો તે વ્યતિરેક કરે છે અથવા તો તેનો અતિશય પક્ષપાત કરી બીજાઓને કેવળ ગૌણ બનાવી મૂકે છે. દાખલા તરીકે, સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરતાં તે કેવળ સત્ ઉપર જ એકાગ્રતા કરે છે અને તે વખતે ચિત્ અને આનંદ કેવલાદ્વૈતમાં લય પામી ગયેલાં લાગે છે. એ પક્ષપાતી વલણને લીધે જ કૈવલાદ્વૈતમત અસ્તિત્વમાં આવ્યો. અથવા તો, તે કેવળ ચિત્ - સ્વરૂપના ઉપર જ બધો ભાર મૂકશે, અને સત્ અને આનંદને ગૌણ અગત્ય આપશે; અનંત, પરાત્પર ચિત્ - શક્તિના ઉપર તેમનો આધાર છે એમ અનુભવશે. એવા સાક્ષાત્કારની અતિશયતાને પરિણામે જ તંત્રની ઉત્પત્તિ થઇ શક્તિપૂજાનો પ્રચાર થયો! વળી, મન દિવ્ય આનંદના સ્વરૂપમાં જ મગ્ન

થઇ જાય છે ત્યારે સત્ અને ચિત્ બન્ને તેમાં લય પામી જાય છે, અને પરિણામે બૌધમતના નિર્વાણની શોધ કરનાર સાધકની સ્થિતિ તેને પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે મનની પરિમિતતાઓ સાધકને નડે છે. વળી એટલેથી જ પતી જતું નથી. વિજ્ઞાનની ભૂમિકાનાં જ્ઞાન, પ્રેમ અથવા તપઃશક્તિના સ્વરૂપમાંથી સચ્ચિદાનંદનું કોઈ પણ સ્વરૂપ તેના મનમાં આવતાં સાધકની દૃષ્ટિ આગળથી બિનંગત, અક્ષર, સચ્ચિદાનંદનું સ્વરૂપ લગભગ, યા તો તદ્દન, લય પામી જાય છે અને ઇષ્ટદેવતાનો તેને અનુભવ થાય છે; એ ઇષ્ટદેવતાનો સાક્ષાત્કાર સાધકને જુદા જુદા ધર્મોના સાક્ષાત્કાર પ્રત્યે દોરે છે, અને પ્રભુ જોડેનો તેનો સંબંધ બન્યો રાખવા કોઈ પરંધામ યા તો * દિવ્યલોકની પ્રાપ્તિ કરાવે છે. હવે. જે સાધકનો અંતિમ હેતુ કોઇ પણ પ્રકારે સંસારમાંથી છૂટી જવાનો હોય છે તેને તો સાક્ષાત્કારની એ ભૂમિકા સંતોષકારક નીવડે છે. કારણકે ઉપર જણાવેલાં તત્ત્વોમાંથી હરકોઇ એક સ્વરૂપનો, યાને તત્ત્વનો આશ્રય લઇને પોતાના મનની દિવ્ય ભૂમિકાઓમાંથી કોઇ એકમાં સ્થિર થઇને યા તો પોતાની જાગ્રત અવસ્થાનો કાબુ તેમને લેવા દઇને, સાધક એ તત્ત્વમાં, – પ્રભુના એ સ્વરૂપમાં,– પોતાના મનનો લય સાધી શકે

* વેદમાં એ જ ભૂમિકાઓને સદ્મ્, ગૃહ, ક્ષય, ધામ, દમ, ભૂમિ, ક્ષિતિ, વગેરે નામો આપવામાં આવ્યાં છે.





છે, યા તો, એકાગ્રતાપૂર્વક તેને પોતાનામાં ધારણ કરી શકે છે.

## દ્વૈત-અદ્વૈતને સામટાં ધારણ કરવાની શક્તિ

પરંતુ પૂર્ણયોગના સાધકે તો સચ્ચિદાનંદનો સંપૂર્ણ અને સર્વગ્રાહી સાક્ષાત્કાર કરવો જોઇએ, અને તેથી તેણે તો સર્વ પ્રકારના સાક્ષાત્કારોનો સમન્વય કરવો ઘટે. અહિં આપણને મનની સૌથી મોટામાં મોટી મુશ્કેલી નડે છે. એ મુશ્કેલી એકતા અને અનેકતાને, અદ્વૈત અને દ્વૈતને, એકી વખતે ધારણ કરવાની અશક્તિની છે. શુદ્ધ અનંતના, અથવા ચૈતન્યસ્વરૂપ સત્ કે જે આનંદસ્વરૂપ પણ છે તેના સાક્ષાત્કાર સુધી પહોંચી જવું કાંઈ બહુ મુશ્કેલ નથી. વળી મન પોતાના અદ્વૈતના અનુભવ પ્રસારીને તેને સમગ્ર વિરાટમાં સર્વવ્યાપી કરે જેથી કરીને પ્રત્યેક પદાર્થ, શક્તિ, ક્રિયા વગેરેમાં તેનો જ આવિર્ભાવ દેખાય, અથવા તો, સત્, ચિત્, અને આનંદસ્વરૂપ આખા વિશ્વને પોતાનામાં સમાવી રહેલ હોઈ સર્વ પદાર્થની આજુબાજુ તે વ્યાપી રહેલ છે, અને ક્રિયામાત્રને તે જ ઉત્પન્ન કરે છે, એવો સાક્ષાત્કાર પણ શક્ય છે. આ બધા અનુભવોને સંવાદિ બનાવવાનું કાર્ય મનને ઘણું જ કઠણ લાગે છે, છતાં પણ તે પોતાનામાં અને સર્વ પદાર્થમાં વ્યાપી રહેલા, અને સર્વને પોતાનામાં સમાવનાર સચ્ચિદાનંદને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ આ વિશ્વ સમસ્ત સચ્ચિદાનંદ સ્વરૂપ છે એવો સાક્ષાત્કાર ઉપર જણાવેલા અનુભવો

જોડે બંધબેસતો – સંવાદિ – કરવો, અને સર્વ પદાર્થ, પ્રાણી, ક્રિયા, રૂપ વગેરે પણ તેજ છે એમ અનુભવવું એ મનને માટે વસમું છે. ઉપર ગણાવેલો પ્રત્યેક સાક્ષાત્કાર મન છૂટેછૂટો પ્રાપ્ત કરી શકે છે; તે એક અનુભવ કરી બીજાને પહોંચતાં તેનો ઇન્કાર કરતું જાય છે, અને એકને નિમ્ન અને બીજીને "ઉચ્ચ" ચેતના કહે છે પરંતુ તે પૈકી એક્કેયને ગુમાવ્યા વિના સર્વેને એકતામાં લય પમાડવા, અને કોઇનો પણ ત્યાગ કર્યા વિના તેમને સંવાદિ બનાવવા એ જ મનની મોટામાં મોટી મુશ્કેલી છે.

---




## શ્રીઅરવિંદનાં છેલ્લાં પુસ્તકો :

૧. યોગ પર દીપ્તિઓ 0–૧૦–0
('Lights on Yoga'નો અનુવાદ)

૨. યોગસાધનાના પાયા ભાગ ૧લો 0–૧૦–0
('Bases of Yoga'નાં ત્રણ પ્રકરણોનો અનુવાદ)

૩. મા ('Mother'નો અનુવાદ) 0–૮–0

## પૂર્ણયોગનું સાહિત્ય :

૧. પૂર્ણયોગનો જ્ઞાનયોગ • ભાગ ૧ ૧–૪–0

૨. પૂર્ણયોગનો જ્ઞાનયોગ • ભાગ ૨ ૧–૪–0

૩. પૂર્ણયોગનવનીત • ભાગ ૧ ૧–૪–0
(કર્મ, જ્ઞાન, ભક્તિનાં પ્રકરણોનાં પૃથક્કરણોનો સંગ્રહ)

૪. પૂર્ણયોગનવનીત • ભાગ ૨ ૧–0–0
(આત્મસિદ્ધિ અને વિજ્ઞાનનાં પ્રકરણોનાં પૃથક્કરણોનો સંગ્રહ)

લખો : શ્રીઅરવિંદ કાર્યાલય • આણંદ

# પા • રિ • જા • ત

પ્રો. બ. ક. ઠાકોરના પ્રવેશક સહિત

ગુજરાતના જાણીતા કવિ શ્રી પૂજાલાલનાં
૧૨૧ ચૂંટેલાં કાવ્યોનો દળદાર સંગ્રહ

વિષયની, શૈલીની, પ્રયોગોની વિવિધતા; અભ્યાસપૂર્ણ ટિપ્પણ અને સુંદર પ્રવેશક આ પ્રકાશનને અર્વાચીન કવિતામાં અનોખું સ્થાન અપાવે છે.

: આપની નકલ મેળવવા આજે જ લખો :

કિંમત રૂ. ૨

**શ્રીઅરવિંદ કાર્યાલય • આણંદ**

This book may be kept a fortnight.

B
133
.G5P8-1

પુરાણી, અંબાલાલ
[illegible] યોગ.

| Signature | Issue Date |
| --- | --- |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

B
133
.G5P8-1

B
132.V3
.G5-1

BK-3115

× × × × હમણાં કેળવાયલા વર્ગનું માનસ પૂર્વ અને પશ્ચિમના આદર્શો, વિચારો અને મતમતાંતરોને લઈને ગડભાંગમાં પડી જાય એ બનવાજોગ છે. આવે સમયે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના સિદ્ધાંતોનું શ્રીઅરવિંદનું એકીકરણ ખાસ કરીને માર્ગદર્શક થઈ પડવાનો સંભવ છે, એવું અમારૂં માનવું છે. અને એવું માનીનેજ અનેક શંખો ફૂંકાઇ રહ્યા છે તેમાં શ્રીઅરવિંદના ગ્રંથોનો શંખધ્વનિ ઉમેરવાની અમે હિંમત કરી છે. × × વળી, અત્યારે માનવજાતિને જોઇએ છીએ તે શાસ્ત્રો, સંપ્રદાયો કે એકદેશીય મીમાંસાની પદ્ધતિઓ નહિ પરંતુ સર્વ શાસ્ત્રોની શુષ્ક વિધિઓનાં, સર્વ ધર્મોનાં આગ્રહી અને પરિમિત મંતવ્યોનાં, તથા સર્વ સંપ્રદાયોના વાડાઓનાં તથા સર્વ પ્રકારની એકદેશીયતાનાં બંધનોને વટાવીને સમન્વયયુક્ત અને અનુભવસિદ્ધ જ્ઞાન માનવજાતિને આપી શકે એવી વિશાળ આધ્યાત્મિકતાની જરૂર છે. એ જરૂર કદાચ શ્રી અ ર વિં દ નાં પુસ્તકોના પ્રચારથી પૂરી પડે એ શક્ય લાગે છે.